દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 02 જાન્યુઆરી, 2025 | પોષ સુદ ત્રીજ | વિક્રમ સંવત 2081 08

ભગવાનને પ્રેમ કરી ધર્મમય માર્ગે આગળ વધો





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પ્રેમ એટલે મારો માલિક મારે માટે જે કરે એ મારે કબૂલ. ગોપીઓને શ્રીકૃષ્ણ પ્રત્યે છે, એવો નિર્વ્યાજ પ્રેમ જે પ્રગટ કરાવે એનું નામ ધર્મ અને ધર્મ એટલે જે આપણને ગમે તે અન્ય માટે કરીએ તે

મનુષ્યનો પરમ ધર્મ એ છે કે જેનું આચરણ કરવાથી તેનામાં પ્રેમ થાય અને તે પ્રેમ ભગવાનમાં થાય તે ભક્તિ અને ભક્તિ કેવી હોવી જોઈએ તું જે કરે એ કબૂલ, હેતુ વગરની, ભયને કારણે કે લોભને કારણે ભજે એમ નહીં. અહેતુક - ગોપીઓએ જેમ નિર્વ્યાજ પ્રેમ આપ્યો. પ્રેમ કરો તો પ્રેમ કર્યા પછી કારણ પણ બતાવવું નહીં. કારણ બતાવવાથી પ્રેમનો મહિમા ઘટે છે. જો તું મને પ્રેમ કરે તો હું આમ કરું, એ માણસ વેપારી છે. એક જગ્યાએ મેં કૃષ્ણનું ચિત્ર જોયું હતું. એની નીચે લખ્યું હતું. 'Don't try to understand me. just love me!' કેટલું સરસ! 'મને સમજવાની કોશિશ ન કરો, ફકત મને પ્રેમ કરો.'

તેમને સમજવાની કોશિશ કરીએ એમાં મોટી તકલીફ છે. કોણ સમજ્યું છે? કૃષ્ણને સમજવા ગયેલા મોટા-મોટા મહાનુભાવોએ ગોથાં ખાધા છે. આ ગૂંચવણ એવી છે જેનો હલ જ નથી. કૃષ્ણને સમજવા સરળ નથી. સમજાય જ નહીં. જન્મે જેલમાં અને કામ કરે મુક્તિ આપવાનું. એક બાજુ ગોપીઓના ચીર હરે અને બીજી બાજુ દ્રૌપદીના ચીર પૂરે, એક બાજુ અર્જુનને યુદ્ધમાં લડવા માટે પ્રેરે અને બીજી બાજુ પોતે રણમેદાનમાંથી મુઠ્ઠીઓ વાળીને ભાગે, રણછોડની તો વાત જ ન્યારી! એને સમજવા મુશ્કેલ એટલે જાણે આપણા ભલા માટે જ ન કહેતા હોય કે, 'મને સમજવાની કોશિશ ન કરો, ફક્ત મને પ્રેમ કરો.'

રાધાને કોઈએ પૂછ્યું કે, 'તને કૃષ્ણ પર આટલો પ્રેમ કેમ છે?' રાધા કહે છે કે, 'મને જે ગમે છે તે કૃષ્ણ કરે છે માટે.' 'એમ! તને શું ગમે છે?' તો રાધા કહે છે કે, 'એ જે કરે છે એ બધુંય મને ગમે છે.' કદાચ દુઃખ આવે તો એનો પ્રસાદ.

હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહીં. ભગવાનને પ્રેમ કરે અને શરત મૂકે, 'માળા કરું છું એટલે દુઃખ ન આવવું જોઈએ.' આવા જ્યારે આગ્રહો આવે ત્યારે એ પ્રેમ, ભક્તિ નથી. પ્રેમ એટલે મારો માલિક મારે માટે જે કરે એ મારે કબૂલ. ગોપીઓને શ્રીકૃષ્ણ પ્રત્યે છે, એવો નિર્વ્યાજ પ્રેમ જે પ્રગટ કરાવે એનું નામ ધર્મ.

કહેવાય છે કે -

હરિ ભજન બિના સુખ-શાંતિ નહીં.

મારું મન બીજે ચકરાવા લેશે, પણ અંતે થાકવાનું. એને નિરાંત કયારે થશે? જ્યારે તારી પાસે આવશે. એના સિવાય શાંતિ નથી.

ચાહે ધર્મ હો, પૂજા, પ્રવચન, કથા શ્રવણ, સત્સંગ હો એ બધું 'સ્વ'માં સ્થિર થવાના સાધન છે. આપણે જ્યારે કોઈને પ્રેમ કરીએ છીએ તો તેને સ્વમાં અપવાની લઈએ છીએ, ઘૃણા કરીએ છીએ તો સ્વથી દૂર થઇ જઇએ છીએ. સ્વયંને ગુમાવી દઈએ છીએ.

નફરતના ઝેરને મિટાવી દે, અમૃતથી ભરી દે તે ધર્મ અને તે પ્રેમ સર્વને માટે થઇ જાય, પ્રાણીમાત્રને માટે થઇ જાય. ચેતના જેમ જેમ વધતી જાય, તેમ તેમ પ્રેમ પ્રાણીમાત્ર માટે થતો જાય અને પ્રેમ જ્યારે અનંત થઇ જાય ત્યારે તેનું નામ જ સંતત્વ. એટલે જ કહ્યું છે :

પ્રેમ જ્યારે અનંત હો ગયા, રોમ-રોમ સંત હો ગયા,
દેવાલય હો ગયા બદન, હૃદય તો મહંત હો ગયા.

ખૂબ સુંદર પંક્તિઓ છે. ચોવીસ કલાક પ્રેમથી ભર્યા રહો અને એ શકય છે. ચોવીસ કલાક નફરત કરવી અશક્ય છે, ચોવીસ કલાક શાંત રહેવું શક્ય છે, પ્રેમ કરવો શક્ય છે.

એક યુવાન આચાર્ય રામાનુજાચાર્ય પાસે ગયો અને કહ્યું, 'મુજે ભગવાન સે મિલના હૈ મહારાજ!' રામાનુજાચાર્યે કહ્યું કે, 'પહલે મુઝે યહ બતાઓ તુમને કભી કિસીસે પ્રેમ કિયા હૈ?' ઉસ આદમીને કહા, 'નહીં, મૈંને પ્રેમ નહીં કિયા.' એ ગભરાયો. એને થયું એ મને પૂછે છે કે તું કોઈની સાથે પ્રેમમાં પડ્યો છે કે નહીં? રામાનુજે ત્રીજી વાર કહ્યું કે, 'તુમ યાદ કર લો, ઠીક સે યાદ કર લો તુમને કભી કિસી સે ભી પ્રેમ કિયા હૈ?' ઉસ આદમીને કહા, 'નહીં મહારાજ! મેરા વિશ્વાસ કીજિયે, મૈંને કભી કિસીસે પ્રેમ નહીં કિયા. મૈં ઇતના ગિરા હુઆ નહીં હૂં, મૈંને કભી કિસી સે પ્રેમ નહીં કિયા.'

ત્યારે રામાનુજે કહ્યું કે, 'યદિ તુમને જીવન મેં કિસી કો પ્રેમ કિયા હોતા, તો મૈં જાન લેતા કે તેરે ભીતર મેં કહીં પ્રેમ કા અંગારા પડા હૈ, તો મૈં ઉસ અંગારે કો પ્રેમ મેં પરિવર્તિત કર સકતા થા. મૈં યહ પ્રેમ કે અંગારે કી આગ બના સકતા થા. ઈસ પ્રેમ કી આગ મેં તેરા અહં જલ કર ભસ્મ હો જાતા ઔર તેરા 'મૈં' મિટ જાતા ઔર તૂ પરમાત્મા કો પા જાતા, લેકિન જબ તક તેરા 'મૈં' બના હુઆ હૈ, તબ તક તૂ પ્રભુ કો ઉપલબ્ધ હો નહીં સકતા ક્યોંકિ,

જબ મૈં થા તો પ્રભુ નહીં, અબ પ્રભુ હૈ તો મૈં નહીં,
પ્રેમ ગલી અતિ સાંકરી, તામે દો ના સમાઈ.

જબ તૂને કિસીસે પ્રેમ કિયા હી નહીં, તો મૈં તુઝે કૈસે મદદ કર સકતા હૂં? પ્રેમભકિત કા યહ માર્ગ હૈ ઔર જબ ચેતના કા વિકાસ હોતા જાતા હૈ, ધર્માચરણ હમ કરતે હૈં, તો ચેતના કા વિકાસ હોતા હૈ તો હમારા પ્રેમ અનંત કી ઓર બહતા ચલા જાતા હૈ, પ્રેમ જબ અનંત હો ગયા, રોમ રોમ સંત હો ગયા.'


જેનાથી અભ્યુદય થાય, જીવનનો સર્વાંગી વિકાસ થાય, નિશ્રેયસની પ્રાપ્તિ થાય એનું નામ ધર્મ અને આ ક્ષેત્ર, આ શરીર ધર્મને માટે મળ્યું છે.

શરીર અધર્મ કરવા માટે નથી. જે આપણને ન ગમે તે બીજા સાથે ન કરવું તે ધર્મ. જેનાથી અંતરાત્મા ડંખે એ પાપ. શાસ્ત્રોએ જે કરવાનું કહ્યું છે તે ન કરવું એ પાપ અને જે કરવાનું કહ્યું છે તે કરવું તે ધર્મ.

સદા સહાયરૂપ બનતી સમજણ!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આજે જગત આખાને ભારતના ભવ્ય ઇતિહાસનો ખ્યાલ છે કે ભગવાન શ્રીરામચંદ્રના વનવાસમાં માતા કૈકેયી નિમિત્ત બન્યાં હતાં. ભગવાન શ્રીરામચંદ્ર વનવાસ પૂરો કરી, લંકાવિજય કરીને, અયોધ્યા પાછા પધાર્યા, ત્યારે તેમના સ્વાગત માટે કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી, ત્રણેય માતાઓ ઉપસ્થિત હતાં. શ્રીરામચંદ્ર ભગવાન પહેલાં કૈકેયીને પગે લાગ્યા! કૈકેયી જરા સંકોચ પામી ગયાં, ત્યારે શ્રીરામે કહ્યું કે, 'માતા! ક્ષોભ પામશો નહીં, તમે મને વનવાસ આપવામાં નિમિત્ત થયાં, તે તો મારા ઉપર આપનો મોટો ઉપકાર છે. એમાંથી મને કેટકેટલું જાણવા મળ્યું?

હે માતા! પિતાનો સ્નેહ કેવો કે મારા ગયા પછી તરત તેઓએ દેહ મૂકી દીધો. ભરત જેવો ભાઈ કેવો કે તેને રાજગાદી મળતી હતી, છતાં તેણે તેનો ત્યાગ કરી દીધો. સીતાની શોધ કરનારા હનુમાનજીના બળનું મને જ્ઞાન થયું. વાનરપતિ સુગ્રીવના મૈત્રીભાવનો મને પરિચય થયો. પત્નીને ઘેર મૂકી મારી સેવામાં રહેલા ભાઈ લક્ષ્મણની ભક્તિનો મને પરિચય થયો. અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલ સીતાના પતિવ્રતાપણાની મને અને વિશ્વને પ્રતીતિ થઈ. વળી, રાવણ સાથેના યુદ્ધમાં મારા બાહુબળનો મહિમા મને સમજાયો અને દુશ્મન કેવો હોય, તેના વૈરીભાવનો પણ પરિચય થયો. આ બધું તમારા ચરણની કૃપાથી જ મને જાણવા મળ્યું છે.'

ભગવાન શ્રીરામ પાસે ફરિયાદ કરવા માટે કેટલી સામગ્રી હતી! તેઓ કહી શક્યા હોત કે, 'માતા! તારી દુર્મતિના લીધે કેટલા બધા લોકો દુઃખી થયા છે, તેની તને જાણ છે? તારા લીધે મારે ચૌદ વર્ષ સુધી વનમાં ભટકવું પડ્યું, પિતા દશરથનું મૃત્યુ થયું. સીતાને અસુરોનો ત્રાસ સહેવો પડ્યો. રાવણ સાથેના યુદ્ધમાં લાખો વાનરોનું મૃત્યુ થતાં લાખો વાનરીઓ વિધવા બની ગઈ. લક્ષ્મણને પોતાની પત્ની ઊર્મિલાનો વિયોગ થયો. ભરતને જંગલમાં રહેવું પડ્યું...' અને આ વાતો સો ટકા સાચી હતી.

જોકે ભગવાન શ્રીરામે માતા કૈકેયીને આ યાદી ન ગણાવી. તેમણે ઘટેલી ઘટનાને હસતે મુખે સ્વીકારી, એમાં રહેલાં સવળાં પાસાંઓ ઉપર મીટ માંડી. મહાપુરુષોના જીવનમાં આ જ જોવા મળે છે કે તેઓ નકારાત્મક પરિસ્થિતિઓમાં પણ સકારાત્મક અભિગમ રાખે છે.

કોઈ પણ પરિસ્થિતિ કે ઘટનાને બે દૃષ્ટિકોણથી જોઈ શકાય છે - સવળી રીતે અથવા અવળી રીતે. એટલે જ કેટલાક લોકો દુનિયામાં એવા હોય છે કે જેમને સવળી પરિસ્થિતિમાં પણ અવળું જોવાની ટેવ પડી ગઈ હોય છે. આવાને દુનિયાની કઈ તાકાત સુખી કરી શકે?

પ્રમુખસ્વામી મહારાજે દિલ્હી ખાતે મંદિર બનાવવા માટે 1971થી જમીન શોધવી શરૂ કરી હતી. અંતે 1985માં સરકારે સંસ્થાને પાંચ એકર જમીન મંદિર માટે ફાળવી. ભક્તોમાં આનંદનું મોજું ફરી વળ્યું, પરંતુ થોડા સમય પછી, કોઈ કારણોસર સરકારે જાહેરાત કરી કે, 'જે જગ્યા મંદિર માટે ફાળવવામાં આવી હતી, ત્યાં હમણાં કોઈ વિકાસ કરવાનો નથી માટે જમીન પાછી લઈ લેવામાં આવે છે.' સરકારે ડિપોઝિટ તરીકે ભરેલા પાંચ લાખ રૂપિયા પણ પરત કરી દીધા!

હરિભક્તો આ સમાચાર સાંભળીને દુઃખી થઈ ગયા, કારણ કે છેલ્લા ચૌદ વર્ષથી મંદિર માટે જમીન શોધાતી હતી અને માંડ-માંડ આ જમીન મળી હતી. પ્રમુખસ્વામી મહારાજને આ સમાચાર મળ્યા તે સમયે તેમણે હરિભક્તોને કહ્યું : 'ભગવાનની કૃપાથી પૈસા પાછા મળ્યા એ કેટલી મોટી વાત કહેવાય! ભગવાનને મોટી જગ્યામાં બેસવું હશે માટે આ નાની જમીન સરકારે પાછી લઈ લીધી. આપણે ભગવાનનું ઘર બનાવવા માટે જમીન શોધવા હવે વધારે મથવું પડશે, તો ભગવાનની વધુ પ્રાર્થના, ભક્તિ કરવાનો અવસર મળશે!' સંજોગો ગમે તેવા અણગમતા હોય, મનની સ્થિરતાને ડોલાવી નાખનારા હોય, પણ તેમાં સવળી સમજણ આપણને સદા સહાયરૂપ બનતી રહે છે.

આપણામાંથી કેટલા લોકો એવા હશે, જેમને કોઈના દ્વેષના કારણે ચૌદ વર્ષનો વનવાસ થયો હોય? કેટલા લોકો એવા હશે, જેમણે ખરીદેલી જમીન આંચકી લેવામાં આવી હોય? આવા પ્રશ્નોનો સામનો તો આપણે ક્યારેય કરવો નથી પડતો. આમ પણ પરિસ્થિતિનું નિયમન આપણા હાથમાં નથી, તો શા માટે આકળા-ઉતાવળા થઈ જીવ બાળવો? પરિવારમાં, નોકરી-ધંધામાં, અરે! રોજબરોજનાં જીવનમાં જે કંઈ થોડીઘણી અવળી પરિસ્થિતિઓ આવે, ત્યારે આપણે પણ સવળી સમજણના સૂરો વહાવી જીવનને આનંદમય બનાવીએ.

સ્વર્ગની માટી ક્યાં?

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

એક સ્કૂલમાં શિક્ષક વિદ્યાર્થીઓને ખૂબ સરસ રીતે ભણાવતા. શૈક્ષણિક જ્ઞાન તો સરસ આપતાં, સાથે-સાથે વ્યાવહારિક જ્ઞાન પણ સુંદર રીતે આપતા. એક વાર પોતાનો વર્ગ પૂર્ણ થતાં તેમણે વિદ્યાર્થીઓને એક કાર્ય કરવાનું કહ્યું, 'આવતી કાલે સૌ વિદ્યાર્થીઓએ સ્વર્ગની માટી લઈને અહીં આવવાનું છે.'

શિક્ષકની વાત સાંભળી વિદ્યાર્થીઓ મૂંઝાયા કે સ્વર્ગની માટી તો સ્વર્ગમાં હોય, પૃથ્વી પર ક્યાંથી મળે? પણ કોઈએ સામે પ્રશ્ન ન કર્યો.

બીજા દિવસે શિક્ષક વર્ગમાં આવ્યા અને કહ્યું, 'ગઈ કાલે મેં તમને સ્વર્ગની માટી લાવવાનું કહ્યું હતું, જે વિદ્યાર્થી લાવ્યા હોય, તે ઊભા થાય.' બધા બેઠા રહ્યા, પણ એક વિદ્યાર્થી ઊભો થયો.

એના પર ક્રોધિત થઈ શિક્ષક બોલ્યા, 'બતાવ, ક્યાં છે સ્વર્ગની માટી?' વિદ્યાર્થીએ દફ્તરમાંથી ડબ્બી કાઢીને આપી, તો શિક્ષક વધારે ક્રોધિત થયા, 'મૂર્ખ, સ્વર્ગ તો મૃત્યુ પછી મળે, હું મજાકમાં કહેતો હતો. મને એમ કે બધા ખાલી હાથે આવશે, પણ તું લાવ્યો. સાચું બોલ, ક્યાંથી આ માટી લાવ્યો?'

'થોડા દિવસો પહેલાં તમે જ સમજાવેલું કે સ્વર્ગ તો માતાનાં ચરણોમાં છે, તો ખેતરમાં કામ કરતી મારી માતાના પગમાં જે માટી ચોંટેલી હતી, તે હું લઈને આવ્યો છું. સાહેબ, આને સ્વર્ગની માટી જ કહેવાય ને?' માતૃભક્ત વિદ્યાર્થીના ઉત્તરથી શિક્ષક નિરુત્તર થઈ ગયા.

યથાર્થ અનુભૂતિથી જીવન પરમાત્મામય બની જાય

જીવનમાં કોઈ પણ કાર્યમાં સંશય ઊભો થાય તો તે દૂર કરવો અત્યંત આવશ્યક છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ આત્માનું અવિનાશપણું આત્માનું સ્વરૂપ સખા અર્જુનની સમક્ષ પ્રગટ કરી રહ્યા હતા. પરમાત્માએ અર્જુનને જે જ્ઞાન આપ્યું તેનાથી તેનો મોહ દૂર થયો. એ ભગવાનના માર્ગે ચાલવા તૈયાર થયો. આપણો મોહ પણ એ જ રીતે દૂર થાય અને આપણે પ્રભુએ દર્શાવેલા માર્ગે વધીએ.

એ જન્મતો નથી એ મરતો નથી. જે રીતે સૂર્યનો ઉદય નથી થતો, અસ્ત થતો નથી. સૂર્ય માત્ર છે. તે રીતે ન આત્માનો જન્મ થાય છે, ન મૃત્યુ થાય છે. માત્ર આત્મા છે. એક અસ્તિત્વ માત્ર છે. તેને ભગવાન બીજી રીતે સમજાવે છે. ભગવાન અનેક તર્ક આપે છે. પણ તર્ક એવી રીતે કરવા જોઈએ કે શાસ્ત્રનો નિષેધ ન થાય અને શ્રીકૃષ્ણ તથા શાસ્ત્રો એ રીતે સાંભળવા કે તર્કનો નિષેધ ન થાય.

શાસ્ત્રનું શ્રવણ એ રીતે કરવું કે તર્કનો નિષેધ ન થાય અને તર્ક એ રીતે કરવા કે શાસ્ત્રનો નિષેધ ન થાય. તર્કમાં તમે શાસ્ત્રને જ ખોટા માની લો, તો તર્કમાં ખામી છે. સંશય કરવાનો સૌને અધિકાર છે. સંશય કોઈ ગલત ચીજ નહીં હૈ, પણ સંશય થાય પછી એને રાખી ન મૂકાય, યે ગલત ચીજ હૈ. સંશય જો માણસ રાખી મૂકે તો 'સંશયાત્મા વિનશ્યતિ'. સંશય કરવાનો અધિકાર છે, પણ દરેક સંશય સમાધાન માટે લાલાયિત હોવો જોઈએ. જિસ સંશય મેં સમાધાન કી પ્યાસ નહીં હોતી, વહ સંશય ધીરે ધીરે સિદ્ધાંત કા રૂપ લે લેતા હૈ ઔર સંશય કો સિદ્ધાંત સમજને કી ભૂલ મત કરના, વરના જીવન નષ્ટ હોગા.



જિનકે પાસ બુદ્ધિ હૈ ઔર જો લોગ બુદ્ધિ કા ગલત ઉપયોગ કરતે હૈ, ઉનમેં સંશય હોના સ્વાભાવિક હૈ, પણ સંશયને રાખી નહીં મૂકવાનો. સંશય શાસ્ત્રો સમજવામાં તમારી મદદ કરે. તુમ્હેં આગે બઢાયે, તુમ્હારી યાત્રા કો ઔર આગે લે જાય ઔર યદિ યે સંશય તુમ્હારી યાત્રા કો આગે બઢાને મેં મદદ નહીં કરતા, બલ્કિ તુમ્હારી યાત્રા હી જિસકે દ્વારા સ્થિર હો જાય, રુક જાય તો યહ સંશય તુમ્હારા મિત્ર બનકર નહીં, દુશ્મન બનકર આયા હૈ, ઐસા સમજના. સંશય મિત્ર બનકર આયે જો હમારી સહાયતા કરે. એટલા માટે સંશય થાય તો કોઈ સંત સમક્ષ પ્રગટ કરી દેવો.

ભારદ્વાજ નિવેદન કરતે હૈં, યાજ્ઞવલ્કય સે, 'મહારાજ! અપના સંશય મૈં આપકે આગે નિવેદન કર રહા હૂં. લેકિન ઉસ વકત ભય ઔર લાજ દોનોં કા અનુભવ હો રહા હૈ. ભય ઈસલિયે કહીં આપકે મન મેં ઐસા ન હો કિ મૈં આપકી પરીક્ષા કરને કે લિયે યહ પ્રશ્ન પૂછ રહા હૂઁ ઔર લજ્જા ઈસલિયે કિ

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



પરમાત્માએ અર્જુનને જે જ્ઞાન આપ્યું તેનાથી તેનો મોહ દૂર થયો. એ ભગવાનના માર્ગે ચાલવા તૈયાર થયો. આપણો મોહ પણ એ જ રીતે દૂર થાય અને આપણે ઈશ્વરમાર્ગે ચાલીએ

મેરે પ્રશ્ન કો સુનકર શાયદ આપ યહ સોચે, ઈતને વર્ષો સે પ્રયાગ મેં રહકર જો તપસ્યા કર રહા હૈ ઉસ ભારદ્વાજ કે મન મેં ભી ઈતના સાધારણ પ્રશ્ન ઉઠ સકતા હૈ?' ક્યોંકિ પ્રશ્ન કૌન સા પૂછને જા રહે હૈં? 'રામુ કવન પ્રભુ પૂછઉ તોહી' રામ કૌન હૈ? ભારદ્વાજ જેવા ઋષિને ખબર ન હોય?

તેઓએ કહ્યું કે હું લજ્જા અનુભવું છું, પરંતુ એ પણ સમજું છું કે -

'જો ન કહઉ બડ હોઈ અકાજા' (બાલકાંડ. 44/8)

મેરા સંશય અગર મૈં તુમ્હારે આગે રખતા નહીં હૂઁ, પ્રસ્તુત નહીં કરતા હૂઁ તો મેરા કાર્ય સિદ્ધ નહીં હોતા, મેરા હેતુ સિદ્ધ નહીં હોતા. હેતુ કયા હૈ? રામ કો જાનના, પ્રગટ કરના.

જો હમારી સાધના મેં હમેં મદદ કરે, શાસ્ત્ર સમજને મેં હમારી મદદ કરે, હમારી યાત્રા કો આગે બઢાયે. જિન સંશયોં સે, તર્કો સે હમારી યાત્રા રુક જાતી હૈ, વહ સંશય હમારા દુશ્મન બનકર આયા હૈ, ઉસે પ્રેમ મત કરના.

શ્રોતાઓ કો સંશય કરને કા અધિકાર હૈ. વાસ્તવ મેં શ્રોતાઓને શિષ્ય સે, અનુયાયિઓં સે, સંશય કરને કા અધિકાર છીન લિયા હૈ, તબ શાસ્ત્રો કી ગંગા, ગંગા નહીં રહી. તે બંધિયાર ખાબોચિયાં જેવી થતી જાય છે. આ શાસ્ત્રો વહેતી ગંગા છે. રામકથા મંદાકિની, ભાગવત ભાગીરથી બંધિયારપણું આવી જાય ધર્મના ક્ષેત્રમાં રૂઢિવાદિતા આવી જાય, પછી ખોખલા કર્મકાંડ રહી જશે. નિષ્પ્રાણ જિસસે હમેં અપની સાધના મેં ઉતના ફાયદા નહીં. જબ કી ઈશ્વર એક અનુભૂતિ કા નામ હૈ, માન્યતા કા નામ નહીં હૈ. અનુભૂતિ વિના આનંદ નહીં આવે.

સાધના ઈસલિયે શાંતિ, આનંદ નહીં દેતી, પ્રસન્નતા સે ભર નહીં દેતી. લોકો પૂજા કરે છે તે જાણે કપડાં ધોતાં હોય એમ. જેમ બીજા કામો થાય તેમ પૂજા થાય? કોઈ ફરક નહીં? જબ તક ઈશ્વર હમારે લિયે માન્યતા બના હુઆ હૈ ઔર નાસ્તિકતા ઔર આસ્તિકતા જ્યાદા કર કે દોનોં માન્યતા લોગોં મેં હૈ, જો કહતા હૈ મૈં આસ્તિક હૂઁ યહ ભી એક માન્યતા હૈ ક્યોંકિ માનને કે બાદ ઉસને જાનને કા પ્રયત્ન નહીં કિયા, જાનને કા મતલબ અનુભૂતિ કી ઓર અગ્રેસર નહીં હુઆ. તો ઉસકે લિયે ઈશ્વર બોજ બન જાયેગા, ઢોતા રહેગા વહ લેકિન ઉસે આનંદ નહીં મિલેગા. આપણે કેરીનો કરંડિયો લઈએ અને એ ઊંચકવા માટે મજૂર કરીએ તો એ ખભા પર કરંડિયો ઊંચકીને આપણા ઘરે આવે છે, પરંતુ કેરી ખાવાની મજા તો જેણે કેરી ખરીદી છે, તેને મળે. ઊંચકનારને તો પૈસા મળે. આ રીતે ઈશ્વર કેવળ જ્યાં સુધી માન્યતા છે, ત્યાં સુધી અનુભૂતિ થતી નથી.

તમામ સંશયોને દૂર કરવામાં આવે અને યથાર્થ અનુભૂતિ થાય ત્યારે જીવન પરમાત્મામય બની જાય.

સ્વજનની સાચી વ્યાખ્યા


આજે લુહાર અને સોનીની દુકાનવાળાનાં પ્રસિદ્ધ દૃષ્ટાંતથી શરૂઆત કરીએ. લુહારની દુકાનમાંથી આખો દિવસ અવાજ જ આવ્યા કરે. સોનીની દુકાનમાંથી લેશમાત્ર અવાજ નહીં! તેથી એક વાર સોનાએ લોખંડને પૂછ્યું કે, 'ભાઈ! તું આખો દિવસ કેમ બૂમાબૂમ કરે છે? તને જેમ હથોડાના ઘા વાગે છે, તેમ મને પણ ઘા વાગે છે. એટલું સહન નથી કરી શકતો?' ત્યારે લોખંડે સૌને વિચારતાં કરી મૂકે એવો જવાબ આપ્યો કે, 'તને તો પારકાં મારે છે તેથી સહન થાય છે, પણ અમને તો અમારા જ સ્વજન ઘા મારે, પછી શેં સહન થાય?...' સમજાયું? ટૂંકુંચ પણ સરળ ગણિત છે...

હજી એક વાત જાણીએ... આજથી આશરે ત્રણ દાયકા પહેલાંની, અમેરિકાની આ ઘટના છે. એક વ્યક્તિએ પ્રસાર માધ્યમો દ્વારા એવી જાહેરાત કરી કે, 'હું કેલિફોર્નિયાથી લઈને છેક ન્યૂયોર્ક સુધી આખું અમેરિકા પગપાળા ચાલીને સફર કરવાનો છું.' આખા દેશમાં આ વાતની ચર્ચા ચાલી. આટલી લાંબી, આશરે 3000 માઈલની સફર એકલો વ્યક્તિ કરશે! તે પણ પગપાળા! સૌના આશ્ચર્ય વચ્ચે ખરેખર તે વ્યક્તિએ જાહેરાત પ્રમાણે કરી બતાવ્યું! 85 દિવસની સફરને અંતે તે ન્યૂયોર્ક પહોંચ્યો, ત્યારે ઘણાબધા તેનું સ્વાગત-અભિવાદન કરવા માટે તૈયાર હતા. અમુક પત્રકારોએ જ્યારે તેને આ વિશિષ્ટ સફર બાબત પ્રશ્ન પૂછ્યો કે, 'સફર દરમિયાન તમને સૌથી વધારે વિઘ્નરૂપ શું બન્યું હતું?' ત્યારે તેણે આશ્ચર્ય થાય તેવો જવાબ આપ્યો: 'આ લાંબી મુસાફરી દરમિયાન મને નદી, પર્વત, રણ, ખેતરો, ખાડા-ટેકરા કે જંગલો એટલા નથી નડ્યા, જેટલી મને મારા બૂટમાં ભરાઈ ગયેલી રેતી વિઘ્નરૂપ બની છે!' હવે સમજાયું?

લોખંડને તેનાં પરિવારજન તરફથી મળતો ત્રાસ અસહ્ય થઈ રહે છે; કોઈ સાહસી દોડવીરને તેના બૂટની રેતી વિઘ્નરૂપ થઈ પડે છે. એમ આપણું અણછાજતું વર્તન, આપણો વિચિત્ર સ્વભાવ આપણા સ્વજનોને ખૂંચી જાય તો વાંક કોનો? આપણા જીવન, પરિવારમાં આપણને કોણ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



નડતરરૂપ થાય છે, એ શોધવાનું નથી... પણ 'મારું વર્તન, અસ્તિત્ત્વ, મારો સ્વભાવ કોઈને નડતરરૂપ નથી થતાં ને?' એનો તપાસ તો ચોક્કસ કરી શકાય તેમ છે.

ગુજરાતી સાહિત્યની એક કવિતા છે : 'એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને...' પોતે સુગંધિત ફૂલ બનીને જીવન જીવી જનારને બે ફાયદા થતા હોય છે. પહેલો : 'એને પોતાને જ જીવન જીવવાની મજા આવે.' અને બીજો : 'પોતાની આસપાસના લોકોને પણ તેની સાથે જીવવાની મજા આવે.' એક મનુષ્ય હોવા છતાં કેમ આપણે બીજાને નડતરરૂપ થઈએ? પરિવારરૂપી બગીચામાં આપણી શું ભૂમિકા છે? અન્યોને નડતરરૂપ થતા એક કાંટાની કે પોતાને અને અન્યને સુગંધથી ભરી દેતાં ફૂલની? નક્કી આપણે કરવાનું છે.

વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ 93 વર્ષની વયે તીર્થધામ સારંગપુરમાં વિરાજમાન હતા ત્યારની વાત છે. તે સમયે પ્રમુખસ્વામીની તબિયતને ધ્યાનમાં રાખીને પ્રાથમિક મેડિકલ વ્યવસ્થા સારંગપુરમાં જ કરવામાં આવી હતી, પરંતુ કોઈ વિશેષ સારવારની જરૂર પડે તો અમદાવાદ કે નજીકના શહેરમાંથી સત્સંગી ડોક્ટર્સ સ્વામીની સેવામાં હાજર થતા.

એક દિવસ એક સેવક સંતને ખભાનો દુઃખાવો ઊપડ્યો. તેમની પરિસ્થિતિ એવી હતી કે, 'જો સારવાર કરાવવા જાય તો તેઓ સેવા ન કરી શકે અને સારંગપુરમાં રહે તો સારવાર થવી શક્ય નહોતી.' પથારીમાં બેઠાં-બેઠાં પણ પ્રમુખસ્વામી સેવક સંતની મૂંઝવણ પારખી ગયા. અચાનક તેઓ સંતોને ફરિયાદ કરવા માંડ્યા કે, 'મને પગમાં દુખે છે.' પ્રાથમિક તપાસમાં કંઈ વિશેષ જણાયું નહીં. છતાં તેમણે ફરિયાદ ચાલુ રાખી, ત્યારે સૌને આશ્ચર્ય થયું કે ક્યારેય પોતાના દુઃખ બાબતે ફરિયાદ ન કરનારા સ્વામી કેમ આમ કહે છે?

અમદાવાદથી તરત એક નિષ્ણાત ડોક્ટર આવ્યા. તેમણે તપાસ કરી, પણ કંઈ વિશેષ જણાયું નહીં. થોડી વારે સ્વામીએ ડોક્ટરને ભલામણ કરી કે, 'અમારા એક સંતને ખભે તકલીફ છે, તેમની પણ તપાસ કરી આપશો!' ત્યારે તે સંતને ખ્યાલ આવ્યો કે 'પ્રમુખસ્વામી મહારાજે કોઈ દિવસ નહીં અને આજે ફરિયાદ કરી, ડોકટરને બોલાવ્યા, તે મારા માટે કર્યું!'

કહ્યા વિના પણ વેદના જાણી જાય, તે સ્વજન... જણાવ્યા વિના પણ દુઃખ ખાળી દે, તે સ્વજન... માંગ્યા વિના પણ સ્નેહ-વાત્સલ્ય સમાં અમૃત પીવડાવે, તે સ્વજન...

પ્રમુખસ્વામી મહારાજ જેવા સત્પુરુષોએ જગતથી વિરક્ત હોવા છતાં સાચા સ્વજનની વ્યાખ્યા શીખવી. આપણે પણ પરિવારમાં નિઃસ્વાર્થ, નિરપેક્ષ સ્નેહ વહેંચીને સૌના પ્યારા સ્વજન બનીએ.

વાત કરવાની કળા

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

સિંહ અને સિંહણ બંને શાંતિથી વાર્તાલાપ કરી રહ્યાં હતાં. વાતમાંથી વાત નીકળતાં સિંહણે પ્રેમથી સિંહને કહ્યું, 'વનરાજ, મારી વાત તમને નહીં ગમે, પણ સાચું જણાવું છું. તમારા મોંમાંથી ખૂબ જ દુર્ગંધ આવે છે.'

સિંહને ગમ્યું નહીં, પણ 'મેડમ'નું સાંભળવું તો પડે જ. હજી બે-ત્રણ વ્યક્તિ પાસે ખાતરી કરાવવાનું મન થયું. તરત જ ઘેટું મળ્યું. ઘેટાને બોલાવીને પૂછ્યું, 'મારાં મોંમાંથી દુર્ગંધ આવે છે?' ઘેટું ભોળું હતું. તેણે વાસ્તવિકતા જણાવી દીધી. 'જી વનરાજ, ખૂબ જ દુર્ગંધ આવે છે. ખરેખર સહન કરવી અઘરી છે.' ઘેટું આટલું જ બોલ્યું. સિંહને ખૂબ ક્રોધ આવ્યો અને તેને મારી નાખ્યું.

બપોરે વરુ મળ્યું. સિંહે વરુને પણ એ પ્રશ્ન કર્યો. જોકે વરુને ઘેટાના સમાચાર મળી ગયા હતા, તેથી તેણે કહ્યું કે, 'ના, ના. સહેજે દુર્ગંધ આવતી નથી, મને તો સુગંધ આવે છે.' સિંહને વરુની વાતથી સમજાઈ ગયું કે આ ખોટા વખાણ કરી મારી મજાક કરે છે અને તરત તેને પણ મારી નાખ્યું.

સાંજે શિયાળ મળ્યું. સિંહે શિયાળને પણ એ જ પ્રશ્ન કર્યો. શિયાળને ઘેટાના અને વરુના સમાચાર મળ્યા હતા. તેણે ઉત્તર આપ્યો 'રાજન! મને તો છેલ્લા 15 દિવસથી શરદી થઈ છે, એટલે કોઈ ગંધ હું પારખી જ નથી શકતો.' કહી શિયાળ તરત આગળ ચાલવા લાગ્યું.

ક્યારે, કોની સામે, કઈ રીતે વાત કરવી? આ કળા જેની પાસે હોય, તે ક્યારેય દુઃખી થતો નથી.

જીવન સંયમિત બને તો ઊર્ધ્વગતિ થાય

આપણા શાસ્ત્રોમાં સંયમની વાત કરવામાં આવી છે. વાણી સહિતની ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાની વાત છે. રાસલીલાની કથા પહેલાં વરુણ વિજયની કથા છે. વરુણ જીભના દેવતા છે. જીભને જીતવાની વાત છે. બીજી બધી ઈન્દ્રિયોનો સંયમ હજી થોડો સરળ છે. તમે કરી શકો, પણ બે ઈન્દ્રિયો - જિહ્વા અને ઉપસ્થ - આ બે ઈન્દ્રિયોનો સંયમ બહુ કઠણ છે. સાધુને માટે પણ. આ જે કથા છે તે વરુણ વિજયની એટલે જિહ્વાના સંયમ અને રાસ પંચાધ્યાયી એટલે ઉપસ્થને જીતવાની વાત છે, કામને જીતવાની વાત છે.

જીભને બે રીતે જીતવાની - સ્વાદમાં અને વાદમાં. ખોટા વાદમાં પડવું નહીં. સ્વાદ અને વાદથી જીભને બચાવવી એ વાત અને રાસ પંચાધ્યાયીમાં કામને જીતવાની વાત છે, જનનેન્દ્રિયો પર વિજયની વાત છે. જ્યારે એ ઊર્જા નીચે તરફ વહે, ત્યારે બીજા જીવને પેદા કરે છે, પણ એની એ જ ઊર્જાની જો ઊર્ધ્વ ગતિ થાય ત્યારે તે પરમબ્રહ્મ સાથે રમણ કરવા લાગે છે. ઊર્ધ્વ ગતિ થાય તો એ શિવને પામે. આ વાક્ય વાંચવું જેટલું સરળ છે, જીવવું એટલું જ કઠિન છે. તેને માટે જ ધર્મમય માર્ગ દર્શાવવામાં આવ્યો છે. ગુરુજનોની કૃપા, ગુરુવચનના પાલનથી તે તરફની ઊર્ધ્વ ગતિનો માર્ગ અગ્રેસર બને છે.

આપણે ત્યાં નદીઓ પણ ઉત્તરવાહિની હોય છે અને એટલા માટે જ એનું મહત્ત્વ છે. આ ઊર્જા પણ ઉત્તરવાહિની થાય અને પરમાત્માને મળે. રસાનુભાવ એ રાસ છે. ભગવાન રસસ્વરૂપ છે. એ રસનો જેને અનુભવ થાય એના જીવનમાં આનંદ થાય છે. એ રસના અનુભવથી આનંદમત્ત રહે.



ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભક્તિમાર્ગમાં જેને રાસ કહેવાય છે, એને જ યોગમાર્ગમાં સમાધિ કહેવામાં આવે છે. જ્ઞાનમાર્ગીઓ માટે તુરીય અવસ્થા આ જ છે. રાસ એ પુષ્ટિમોક્ષ છે. જ્ઞાનીઓનો મોક્ષ છે. પુષ્ટિમાર્ગમાં એ રાસ છે. કથામાં આવે છે કે ભગવાને દિવ્ય શૃંગાર કર્યો. અનેક જીવો જે ભગવાનને મળવા અને ભગવાનમાં ભળવા ઉત્સુક છે એને બોલાવીને રાસલીલા કરવા માટે પ્રભુએ મન કર્યું, યોગમાયાનો આશ્રય કરીને. ભગવાન સાથે સંયોગ કરાવનારી જે માયા છે તે યોગમાયા છે. ભગવાને વૃંદાવનમાં આવી બંસીનાદ કર્યો. નાદ બ્રહ્મ છે. વેણુમાં કામબીજને ભગવાને પ્રગટ કર્યું. તેથી એ નાદ સાંભળતાં ગોપીઓમાં કામ પ્રગટ થયો, પણ એ કામ કૃષ્ણ વિષયક છે.

ભક્તિમાર્ગમાં કામને વાળવાની વાત છે, મારવાની નહીં. કૃષ્ણમાં કામ થાય, કામનો વિષય કૃષ્ણ બને. વેણુનો આ નાદ એવો છે જે સકામને નિષ્કામ કરે અને નિષ્કામને કૃષ્ણકામ કરે. સંસારની કામનાઓથી જે યુક્ત છે એવા સકામને નિષ્કામ કરે છે વેણુનાદ અને સંસારની કામનાઓથી મુકત થયેલા નિષ્કામ હોય, એને આ વેણુનાદ કૃષ્ણકામ કરે છે, એને કૃષ્ણની કામના થાય. જેમ કાંઈ શીખવાની જરૂર નહોતી, તો પણ શુકદેવ ભાગવત ભણ્યા, કૃષ્ણ કામ થયા. નાદ સાંભળી ગોપીઓ નીકળી.

હું રે સૂતી'તી મારા શયનભુવનમાં,
સાંભળ્યો મોરલીનો નાદ, મોરલી ક્યારે વગાડી?
ખમ્મા મારા નંદજીના લાલ, મોરલી ક્યારે વગાડી?

એક અદમ્ય આકર્ષણ થયું અને ગોપીઓ નીસરી. કોઈ લીંપણ કરતી હતી, કોઈ ઘરની સફાઈ કરતી હતી, કોઈ રસોઈ કરતી હતી એ બધું મૂકીને દોડી. કૃષ્ણની વેણુ સંભળાઈ અને બધું છોડી ગોપીઓ ભાગી. વેણુ ગમે ત્યારે સંભળાય. કોઈએ એને રોકી નહીં? પરિવારજનોએ રોકવાની કોશિશ કરી, પણ જેનું મન ગોવિંદમાં લાગી ગયું છે એને કોઈ રોકી ન શકે અને નીકળી. ગમે ત્યારે વાંસળી સંભળાય.

એનો નશો જુદો જ હોય છે. પછી તો જનાયે તૃણ સમ – તરણ સમ જગત બાદશાહી.

કોઈ સત્તા, સંપત્તિ, કીર્તિ, કામિની, વળગણ રહે જ નહીં. જેને-જેને જ્યાંથી વૈરાગ્ય થયો તે ત્યાંથી નીકળી ગયા.

કયું તત્ત્વ છે, જે એમને ખેંચે છે? આ ગોપીઓની પ્રવજ્યા છે. કૃષ્ણના વેણુનાદથી ખેંચાઈને આવે. એને કોઈ સાધુ થતો, દીક્ષા લેતો રોકી ન શકે. સંસારીઓ માટે આ અટવી હશે. ભવાટવી, પણ નિઃસ્વાર્થ પ્રેમીઓ માટે તો આ વૃંદાવન છે. ગોપીઓ વૃંદાવનમાં ગઈ. હજારો ગોપીઓ ત્યાં જઈને કૃષ્ણ પાસે ગઈ ત્યારે શ્રીકૃષ્ણે તેમને સમજાવ્યા કે સંસારમાં તમારું જે કર્તવ્ય છે તે કરો. પરિવારજનોની સેવા કરો. નીતિમય જીવન જીવો, ધ્યાન ઈત્યાદિ દ્વારા મન જે પ્રકારે મારામાં લાગે છે તે રીતે દૂર રહીને મારામાં લાગે છે, તેવું ઘણી વાર નજીક રહીને નથી લાગતું.

આપણે એમ કહીએ કે જ્ઞાનનો માર્ગ તલવારની ધાર પર ચાલવા જેવો મુશ્કેલ છે, તો પ્રેમનો માર્ગ –

હરિનો માર્ગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને,
પ્રથમ પહેલા મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને!

અહીં તો પોતાના હાથે 'સિર કાટે અને ભોય ધરે અને તા પર મેલે પાવ.' એ ચાલે. અહંકારને પોતાના પગ તળે કચડી નાખવાનો હોય છે. યહ પ્રેમપંથ છે. માણસ સળગી જાય, સમાપ્ત થઈ જાય.

આમ, જીવન જ્યારે સંયમમય બની જાય ત્યારે ઊર્ધ્વગતિ થાય છે. જરૂર છે, ગુરુકૃપા અને અનન્યાશ્રયની.

સ્વયંમાં 'સજ્જનતા'નો સૂર્યોદય

સામાન્ય રીતે મોટા ભાગના લોકો પોતાનામાં 'માનવતા' કે 'સજ્જનતા' અપનાવવાનો પ્રયત્ન કરતાં રહેતાં હોય છે; તેને પામવા માટે વિવિધ પ્રેરણાસ્રોતનો આશરો લે છે, પણ માનવતા, સજ્જનતા, જ્યાંથી આવી છે, એવા ભગવાન અને સંત જ્યારે પૃથ્વી ઉપર આપણા જેવા માનવ થઈને પધારે છે, ત્યારે તેમનું વર્તન જ આપણને માનવતા કે સજ્જનતા શીખવી જતું હોય છે.


વાત છે ભગવાન શ્રીરામની, જ્યારે વનયાત્રા દરમિયાન તેઓ ગંગા કિનારે શૃંગવેરપુરના નિષાદરાજ 'ગુહ'ને મળ્યા હતા. ગુહે ફળ, ફૂલ, કંદની ભેટ ધરી ભગવાન શ્રીરામને દંડવત્ પ્રણામ કર્યા. તેના પ્રેમને નીરખતાં ભગવાને ગુહને પાસે બેસાડી તેના ક્ષેમ-કુશળ પૂછ્યા. ગુહે પોતાના નગરમાં પધારીને સેવાનો લાભ આપવા ભગવાનને વિનંતી કરી, ત્યારે પ્રભુ શ્રીરામે પ્રેમસભર પ્રત્યુત્તર આપ્યો : 'મિત્ર! તારો પ્રેમ અદ્ભુત છે, પણ પિતાની આજ્ઞાથી મારે હમણાં વનમાં જ નિવાસ કરવાનો હોવાથી, તારા નગરમાં નહીં આવી શકું.'

ભગવાન શ્રીરામે વનવાસી ગુહને પોતાના મિત્ર કહ્યા! પોતાની નજીક બેસાડ્યા! આ જોઈ સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિવેચકો કહે છે કે રામરાજ્યનો પ્રારંભ અહીંથી જ થઈ ગયો હતો; જ્યાં રાજા અને પ્રજા પરસ્પરના મિત્ર બની રહે. જ્યાં રાજા નાની વ્યક્તિને પણ પોતાની સમીપ બેસાડે, તેના ખબરઅંતર પૂછે અને તેને પ્રેમ કરે તે જ રામરાજ્ય.

ભગવાનને મન કોઈ નાનું-મોટું નથી. સૌને તેઓ સમાનભાવે પ્રેમ આપે છે. એ જ રીતે સંતોની પણ આ જ પ્રકૃતિ હોય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ મોડાસા ગામે બિરાજમાન હતા. તેમના સાંનિધ્યમાં જાહેર સત્સંગસભા યોજાયેલી. આ પ્રસંગે પોશીના વિસ્તારમાં રહેતા આદિવાસી ભક્તો પણ પ્રમુખસ્વામી મહારાજનો લાભ લેવા દોડી આવેલા. તે જોઈ પ્રમુખસ્વામી મહારાજને તેમને મળવાની ઈચ્છા થઈ, પરંતુ પૂર્વ આયોજિત જાહેરસભા

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

નિશ્ચિત હતી. વળી શહેરના શ્રેષ્ઠીઓ, મહાનુભાવો પણ આ સભામાં ઉપસ્થિત રહે, તે સ્વાભાવિક હતું. પ્રમુખસ્વામી મહારાજને આ સભામાં હાજર રહેવું જ પડે તેમ હતું. તેમાં આદિવાસીઓ કઈ રીતે પ્રમુખસ્વામી મહારાજ સુધી પહોંચી શકે? પરંતુ જ્યાં પ્રેમ હોય ત્યાં માર્ગ મળી જ જાય. સ્વામીએ વ્યવસ્થાપક સંતને કહ્યું, 'આદિવાસી ભાઈઓની અલગ સભા આપણા ઉતારાની સામે કરાવો. ત્યાં એક સંતને કથા કરવા મોકલો. આ સભા પછી હું ત્યાં આવું છું. એવી વ્યવસ્થા કરજો કે આદિવાસી સિવાય શહેરના હરિભક્તો વગેરે ત્યાં કોઈ સભામાં બેસે નહીં, કારણ કે મારે સૌ આદિવાસી ભાઈઓને ખાસ મળવું છે.'

જાહેરસભામાં શહેરવાસીઓને પ્રસન્ન કરી પ્રમુખસ્વામી મહારાજ તરત આદિવાસીઓની સભામાં પધાર્યા. આ સભામાં ધર્મ-નિયમ સંબંધી બળપ્રેરક વાતોને અંતે તેમણે પોતાની ભાવના વ્યક્ત કરી: 'મારે ખાસ તમને મળવું હતું એટલે આ સભા ગોઠવી છે. મોટી (જાહેર) સભામાં તમને મળાય તેમ નહોતું. અહીં આપને નજીકથી મળાય, વાત થાય, કારણ હું તમારા ગામ સુધી આવી શકું તેમ નથી, પણ તમે આવ્યા છો તો સહેજે મળી શકાય ને! આદિવાસી એટલે 'આદિ' એવા ભગવાનની સમીપમાં રહેનારા તમે કહેવાઓ...' પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતની આ ભાવના સૌ વનવાસીઓના હૈયાને હલાવી ગઈ, તેમની આંખે હર્ષાશ્રુનાં તોરણો બંધાઈ ગયાં.

એટલામાં પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા, 'હવે વારાફરતી નજીક દર્શને આવો.' કહી સ્થાનિક સંતને કહ્યું, 'મને એક-એકનો પરિચય કરાવતાં જજો.' બસોથી વધુ આદિવાસીઓને વ્યક્તિગત મળીને પ્રમુખસ્વામી મહારાજે તેમનો પરિચય મેળવ્યો, માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને સૌને પ્રસાદ પણ અપાવ્યો. આદિવાસી ભાઈઓ તેમના સુધી પહોંચી શકે કે નહીં, પણ પ્રમુખસ્વામી મહારાજ તેમના સુધી પહોંચી ગયા!

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે : 'વિદ્યા-વિનય સંપન્ન બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં કે ચાંડાલમાં, પંડિતોની દૃષ્ટિ સમાન હોય છે.' (અધ્યાય 5, શ્લોક 18) અહીં પંડિતનો અર્થ 'જ્ઞાનીપુરુષ' છે. ભગવાનના સ્વરૂપનું જેને યથાર્થ જ્ઞાન થયું છે તેવા જ્ઞાની એટલે કે પંડિત, સૌમાં ભગવાનના દર્શન કરે છે તેથી તેઓ સાહજિક રીતે સમતાથી વર્તી શકે છે.

'માનવતા' કે 'સજ્જનતા'નું પહેલું લક્ષણ એ જ કે તે વ્યક્તિમાં વિનમ્રતા જન્મે, તેને વ્યક્તિ પ્રત્યે લેશમાત્ર ઘૃણા ન હોય, સૌમાં ભગવાનનાં દર્શન થતાં હોય. આપણે સૌનો આદર કરીને સ્વયંમાં જ 'સજ્જનતા' અને 'માનવતા'નો સૂર્યોદય કરીએ...

ગાયના દૂધનો પ્રભાવ

વર્ષો પૂર્વેની સત્ય ઘટના છે. ગાંધીજીની ઉપસ્થિતિમાં રાજકીય અગ્રણીઓની મીટિંગમાં સત્યાગ્રહ આંદોલન સંબંધી વિચારણા કરવાની હતી, પણ જે રિપોર્ટના આધારે વિચારણા કરવાની હતી, તે રિપોર્ટ ફાઈલોના ઢગલામાં હોવાથી મળતો ન હતો.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

ઘણું શોધ્યા પછી પણ તે ન મળ્યો, ત્યારે ગાંધીજીએ રાજેન્દ્રબાબુને કહ્યું, 'તમે તો રિપોર્ટ વાંચેલો છે ને અને તમારી યાદશક્તિ જોરદાર છે. તેથી તમને જે યાદ હોય, તે થોડુંઘણું બોલો.'

રાજેન્દ્રબાબુએ ગાંધીજીને વિનમ્ર શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો, 'મને લગભગ આખો રિપોર્ટ યાદ જ છે. આપ જણાવો તો ફરીથી આખો લખાવી દઉં.' ગાંધીજી સાથે સૌએ હા કહી, એટલે રાજેન્દ્રબાબુ રિપોર્ટ લખાવવા બેઠા. સાથે એક-બે કર્મચારીઓએ ફાઈલના ઢગલામાં એ રિપોર્ટ શોધવાનું પણ ચાલુ રાખ્યું.

લગભગ દોઢ પેજ જેટલો રિપોર્ટ લખાયો હશે, ત્યારે જ તેની મૂળ કોપી મળી. બંને કોપીને સરખાવી તો બંને ખરેખર શબ્દશઃ સમાન હતી.

આ જોઈ જવાહરલાલ નહેરુએ રાજેન્દ્રબાબુને કહ્યું, 'તમારું મગજ તો જોરદાર છે, આવું ધારદાર મગજ કેવી રીતે બનાવ્યું...?'

રાજેન્દ્રબાબુ પણ હાજરજવાબી હતા. તેમણે જવાહરલાલને કહ્યું, 'આ ભેજું માંસાહારથી નહીં, પણ આર્ય દેશના શાકાહારથી-ગાયના દૂધથી બનાવ્યું છે.' જવાહરલાલ ચૂપ થઈ ગયા.

વિવેકપૂર્ણ વાણી, સાત્ત્વિક અન્નથી મન શુદ્ધ થાય

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ભગવાન કેવી રીતે ઈન્દ્રિયોને વિષયોથી દૂર રાખવી એ સમજાવે છે. ઈન્દ્રિયોને એના વિષયોથી પ્રયાસપૂર્વક દૂર રાખીશું એટલે વિષયો તો દૂર થઈ ગયેલા દેખાશે, પણ વિષય રસમાં જે આસક્તિ છે. તે રસ હજી મટ્યો હોતો નથી. તે કેવી રીતે મટી શકે?

નિરાહારનો એક અર્થ કર્યો - ઈન્દ્રિયોનો આહાર. એટલે વિષયોને તે તરફ ન જવા દેવા. મતલબ કે ઈન્દ્રિયોને એ તરફ ન જવા દેવી. આહારનો અર્થ ભોજન કરવું, તો નિરાહારનો અર્થ ભોજન ન કરવું, ભૂખ્યાં રહેવું! આપણે ભૂખ્યાં રહીએ એટલે મન નબળું પડે, મન નબળું પડે એટલે ઈન્દ્રિયો પણ વિષયો તરફ નહીં જાય તો એ સમય જબ બીમારી કે કારણ યા ભૂખા રહને કે કારણ કોઈ અતિ કમજોર હો જાતા હૈ, તબ ઉસકા મન વિષયોં કી ઓર નહીં જાતા, ઉસકી ઈન્દ્રિયાઁ ભી વિષયોં કી ઓર નહીં જાતી. તો ઉસસે યહ સમજ લેના કિ મેરે વિષય મિટ ગયે હૈ? ન વિષયાસક્તિ હૈ. ખરેખર તો વિષયને આપણે ભોગવીએ છીએ કે વિષયો આપણને ભોગવે છે? ભોગો નથી ભોગવાતા, ભોગવવાવાળો જ ભોગવાઈ જાય છે.

માણસ બીડી પીએ છે કે બીડી માણસને પીએ છે? કહે છે કે એક સિગરેટ છથી આઠ મિનિટનું આયુષ્ય ઓછું કરી નાખે છે. તો એને તો નુકસાન થાય, એની આજુબાજુવાળાને પણ નુકસાન કરે છે. માણસ ભોગો નથી ભોગવતો, ભોગો માણસને ભોગવે છે. જ્યારે માણસ ભૂખ્યો હોય, કમજોર હોય એ સમયમાં વિષયો હકીકતમાં એને ભોગવવામાં યોગ્ય સમજતા નથી. વિષયોને સ્વાર્થની પૂર્તિ માટે એ વ્યક્તિ અયોગ્ય લાગે છે. માટે વિષયો દૂર રહે છે.

જેવું પારણું કરીએ, ખાવાનું શરૂ કરીએ, જેવી ઈન્દ્રિયો મજબૂત બને એટલે વળી પાછું મન એ તરફ જવાનું. કારણ? વિષયોમાં જે આસક્તિ છે. એ કંઈ મટી નથી.

વિષયા વિનિવર્તન્ને નિરાહારસ્ય દેહિનઃ

ઉદ્દાલક ઋષિ તેના પુત્ર શ્વેતકેતુને સમજાવે છે. ઉપનિષદમાં કથા છે કે મન છે તે અન્નમય છે. પ્રાણ છે તે જલમય છે અને વાણી છે તે તેજમય છે. ઉપનિષદમાં ખૂબ સુંદર ચર્ચા આવે છે. વાણી છે તે તેજોમય છે. વાણીનો સંબંધ તેજ સાથે. તેજ એટલે અગ્નિ સાથે, એટલે મુખના દેવ કોણ છે? અગ્નિ. વાણી તેજોમય છે.

પ્રાણ જલમય છે અને મન અન્નમય છે. એટલે 'જેવું અન્ન એવું મન.' એટલે શ્વેતકેતુ પૂછે છે કે, 'પ્રાણ જલમય છે એ બરાબર, વાણી તેજોમય છે એય બરાબર, પણ મન અન્નમય કેવી રીતે હોય? વાણી તો બોલે. અન્નથી જ બધું બને છે. ખાધેલાં અન્નના ત્રણ ભાગ છે. સ્થૂળ, મધ્ય અને સૂક્ષ્મ. એમાં સ્થૂળ ભાગ મળમૂત્ર બની નીકળી જાય છે. મધ્ય ભાગથી સાત ધાતુ બને છે અને સૂક્ષ્મ ભાગથી મન બને છે.

પેલાને સમજાતું નથી. આ વાત બુદ્ધિમાં ઊતરતી નથી એટલે બહુ સરસ રીતે સમજાવી છે. પિતા કહે, 'એમ કર બેટા! દસ દિવસ ઉપવાસ કર. નિરાહાર રહે, માત્ર જળ પીજે અને પ્રાણ જળમય છે. એટલે તારા પ્રાણ નહીં જાય, મન અન્નમય છે, તો અન્ન નથી લેવાનું તારે. એટલે ઉપવાસ કરવાથી તને ખબર પડશે કે મન અન્નમય છે કે નહીં?' એટલે છોકરો અનુભૂતિ કરવા માટે કેવળ જળ પીને દસ દિવસ ઉપવાસ કરે છે. ઈન્દ્રિયો શિથિલ થઈ જાય છે. ચાલી શકતો નથી.



દસમો દિવસ આવે છે. પિતા એની પાસે આવે છે અને કહે છે, 'પેલા વેદોમાં ભણાવ્યા હતા, તેના પાંચ શ્લોક બોલ.' માથું ધુણાવે છે, 'પિતાજી નહીં થાય, નહીં યાદ આતા.' બીજા દિવસે પારણા કર્યા. ખીર ખાધી અને પછી કહ્યું, 'બેટા બોલ! હવે પેલા મંત્રો!' અને તે ફટાફટ બોલવા માંડ્યો. પછી કહ્યું કે, 'હવે સમજાય છે કે અન્ન સે મન હોતા હૈ.' તો જબ વ્યક્તિ ભોજન નહીં કરતા, ભૂખા રહતા હૈ તો લગતા હૈ કિ મન મર ગયા. કુછ યાદ નહીં હૈ, સ્મૃતિ નહીં હૈ.

અન્ન કે સૂક્ષ્મ ભાગ સે મન બનતા હૈ, જબ આદમી નિરાહારી બનતા હૈ તો લગતા હે મન મર ગયા હૈ. ઈન્દ્રિયાઁ કમજોર હો ગઈ હૈ. વિષય ભોગ ભોગના ચાહે તો ભી ભોગ નહીં સકતા ઔર લગતા હૈ વિષય અબ રહે હી નહીં, તો ઈસ સ્થિતિ મેં લગતા તો ઐસા હી હૈ કિ વિષય દૂર હો ગયા હૈ. હા, દૂર જરૂર હો ગયા હૈ, લેકિન વિષયોં મેં જો આસક્તિ હૈ વો અભી દૂર નહીં હુઈ. જેવો આહાર કરવા માંડો, ખાવાનું ખાવા માંડો એટલે મન પાછું વિષયો તરફ દોડવા માંડે. વિષયાસક્તિ ક્યારે જશે? તો કહે,

'પરમના સાક્ષાત્કારથી, પરમાત્માના સાક્ષાત્કારથી. ઘણા લોકોએ અર્થ કર્યો છે કે વિષયો તો જતાં રહે છે, પણ રસ રહે છે તો રસનો અર્થ. ભોજન રસ. ઘણાને ખાવામાં રસ હોય ને? અને રસનો સ્વાદ ક્યાં હોય છે? જીભમાં. આ જીભને જીતવી બહુ કઠણ છે. બહુ મુશ્કેલ છે. એટલા માટે સંતોએ કહ્યું છે કે એ છે તો લુલી, પણ એને જીતવી બહુ કઠણ છે, જીભમાં હાડકું નથી ને! જિસને ઈસકો જીત લિયા ઉસને સબકો જીત લિયા.

માટે, બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવાથી તેઓ આપણને વિવેકપૂર્ણ માર્ગ દર્શાવે છે, જેનાથી આપણે વિષયોને કાબૂમાં કરી શકીએ છીએ. સૌથી મહત્ત્વની વાત આપણે વાણી પણ એવી બોલવાની છે, જે સત્ય હોય અને પ્રિય પણ હોય. આ અત્યંત કપરું કાર્ય છે. જીવનમાં જીભ ઉપર કાબૂ આવે તો વાણી વિવેકપૂર્ણ તો બને જ. અન્ન પણ સાત્ત્વિક જ લેવાય, તો મન પણ શુદ્ધ અને આધ્યાત્મિક પ્રગતિના પંથે લઈ જવામાં સહાયક બનશે.

...ત્યારે સમજવું કે પ્રભુને આપણામાં વિશ્વાસ છે

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



એક એવી મહાસત્તા, જેની પાસે આખી દુનિયાને ઝુકાવી દેવાની ક્ષમતા છે! એક એવી માનવ કોમ, જે વિજ્ઞાનના જોરે આ પૃથ્વી પર ચાહે તે કરી બતાવવા સમર્થ છે! એક એવી લોકશાહી, જ્યાં સૌથી વધુ પૈસા, વૈભવ અને હોશિયારી દેખાડવા માટેના તમામ સાધનો, ઉપાયો અને અનુકૂળતા છે! પરંતુ જાણો છો? તેના એક વારના ઉદ્‌ગારો કેવા હતા? તો વાંચો : 'અમે કશું કરી શકીએ તેમ નથી, તેથી અવકાશમાં ગયેલા આપણા ત્રણ આવકાશયાત્રીઓ માટે હું મારા અમેરિકા દેશને ઘૂંટણિયે પડી ભગવાનને પ્રાર્થના કરવા માટે વિનંતી કરું છું.'

આ શબ્દો અમેરિકા દેશના એક સમયના રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સનના છે. કારણ, તા.11-4-1970ના રોજ અમેરિકાએ છોડેલા સમાનવ-યાન એપોલો-13માં પૃથ્વીથી દૂર, અવકાશમાં કંઈક યાંત્રિક ખામીના કારણે ભયાનક અકસ્માત થયો હતો. આ મુશ્કેલીમાંથી ઉગરવા માટે દરેક નાગરિકને પ્રાર્થના કરવાની વિનંતી કરવામાં આવી હતી. આખો દેશ પ્રાર્થનામાં જોડાયો. મુશ્કેલીમાં ફસાયેલા એ અવકાશયાત્રીઓ બચી ગયા! આ મિશનના અલાર્મ સિસ્ટમ એન્જિનિયર 'જેરી વુડ્રિલે' આ પછી પોતાના લેખમાં સ્વીકાર કરેલો કે 'મિશનનો બચાવ કેવળ પ્રાર્થનાથી જ થયો છે.'

હા, તમારી પાસે બધું જ હોય (એવું માનતાં હો), છતાં જીવનમાં ક્યારેક એવી પરિસ્થિતિઓ ઊભી થાય અને કહે : 'દિખા દે બચ્ચા, તુઝ મેં કિતના હૈ દમ?' ઈતિહાસે એવા અનેક મહાનાયકોને જોયા છે કે જે આનો જવાબ આપવા જતાં અંદરથી ભાંગી પડ્યા હોય, હિંમત ખોઈ બેઠા હોય, પરંતુ ઉપરોક્ત પ્રસંગમાં જોયું એમ તે સૌ પાર પડી ગયા છે, જેમણે શ્રદ્ધાનો દીપક પોતાના હૃદયમાં બુઝાવા દીધો નથી.

શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરવી, ભગવાનને શરણે જવું એ કાયરતાનું લક્ષણ નથી, એ તો પ્રભુની પ્રસન્નતાનું પાનેતર ઓઢી લેવાની સુવર્ણ તક છે! પ્રાર્થના કરવી, ભગવાનમાં વિશ્વાસ રાખવો એ અંધશ્રદ્ધા નથી, એ તો શ્વાસે-શ્વાસે આપણને સતત નવું જીવન આપનારા પરમાત્માને પોતાના કરી લેવાનો લ્હાવો છે!

ગુજરાતીમાં એક કવિતા છેઃ 'વમળોની વચ્ચે નૈયા મુજ હાલક-ડોલક થાજો; શ્રદ્ધા કેરો દીપક મારો કદીયે નવ ઓલવાજો...' પણ પ્રશ્ન એ થાય કે જીવનના સુખ-દુઃખરૂપી વમળોમાં આપણી હાલક-ડોલક થતી નૈયાને કઈ રીતે શ્રદ્ધાથી ટકાવી રાખવી?

અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના એ પ્રમુખના જીવનમાંથી. 1985માં ભગવાન સ્વામિનારાયણના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો જન્મદ્વિશતાબ્દી મહોત્સવ ગુજરાતમાં અમદાવાદ ખાતે આ વર્ષે ઊજવાશે તેવી જાહેરાતો થઈ ચૂકી હતી. પરંતુ આયોજકો અવઢવમાં હતા. કારણ ચોમાસું નિષ્ફળ ગયું હતું. ઠેર-ઠેર પાણીની તંગી ઊભી થઈ હતી. શું કરવું?

સમાજના અમુક માણસોની સલાહ હતી કે ઉત્સવ ન કરવો. તે સમયે પ્રમુખસ્વામી મહારાજે વડીલ સંતો તથા ટ્રસ્ટીઓ સાથે મીટિંગ કરી. નિર્ણય લેવાયો કે, '59 દિવસોને બદલે 4-5 મુખ્ય દિવસ જ ઉત્સવ ઊજવવો.' આ નિર્ણયથી સૌ રાજી થયા, પરંતુ મીટિંગ બાદ ઊભા થતાં-થતાં સ્વામીશ્રી એટલું બોલ્યા : 'મને શ્રદ્ધા છે કે વરસાદ પડશે. અમે રોજ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.' ખરેખર, આવા વિશ્વાસ સાથે થયેલી પ્રાર્થનાના પરિણામે ઉત્સવનાં થોડાં અઠવાડિયાં પૂર્વે જ ખૂબ વરસાદ પડ્યો, ગુજરાતની પ્રજાને રાહતનો શ્વાસ મળ્યો. આખરે ઉત્સવ પણ 59 દિવસનો થયો.

હા, અંતરના સાચા ભાવથી કરેલી પ્રાર્થનાનું પરિણામ નિશ્ચિતપણે મળે જ છે. આપણે પ્રાર્થના દ્વારા એમ ઈચ્છીએ છીએ કે, 'હંમેશાં મારું ધાર્યું થાય.' પણ ક્યારેક આપણું ધાર્યું ન થવા દેનાર ભગવાન તો એમ જ ઈચ્છે છે કે 'મારે શરણે આવેલાનું ભલું થાય.' આપણું ધાર્યું કર્યા બાદ શું ભલું-ભૂંડું થવાનું છે તેની ક્યાં ખબર છે?

એક વાત સમજવા જેવી છે. ભગવાન આપણી પ્રાર્થના સાંભળે છે ત્યારે તેઓ આપણાં શ્રદ્ધા-વિશ્વાસને વધારે મજબૂત બનાવે છે. જ્યારે એ આપણી પ્રાર્થના સાંભળવામાં વાર લગાડે છે, ત્યારે આપણી ધીરજને વધારે છે અને જ્યારે એવું લાગે કે પ્રભુ આપણી પ્રાર્થના નથી જ સાંભળતા, ત્યારે સમજવું કે પ્રભુને આપણામાં વિશ્વાસ છે કે જે-તે પરિસ્થિતિ કે મૂંઝવણનો સામનો કરવાની ક્ષમતા આપણામાં છે, તેથી હમણાં સહાયની જરૂર નથી!

ચાલો, વિપરિતતામાં પણ ભગવાનમાં શ્રદ્ધા, પ્રાર્થના જ જીવન મૂડી છે તે પાઠને હૃદયસ્થ કરીએ.

મક્કમ મનોબળ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

એક બાળક ખૂબ ગરીબ હતો. આર્થિક વિકટ પરિસ્થિતિનાં કારણે બાળપણથી જ તેને મજૂરીનાં કામમાં જોડાવું પડ્યું. એક વાર તેને રોમના રજવાડામાં મજૂરીનું કામ સોંપાયું. તેણે વડાપ્રધાનની ખુરશીને પોલિશ કરવાની હતી. બાળક ખુરશીને પણ ઝીણવટભરી રીતે પોલિશ કરતો હતો. પોલિશ કરતાં ઘણો સમય લાગ્યો, તો તેનો મિત્ર બોલ્યો, 'ક્યારનો શું એકની એક ખુરશીને ઘસઘસ કરી રહ્યો છે. તું તો એટલી બધી મહેનત કરે છે કે જાણે તારે પોતાને જ આ ખુરશી ઉપર બેસવાનું ન હોય!'

મિત્રની વાત સાંભળી બાળકના હાથ પોલિશ કરતાં અટકી ગયા. આંખો બંધ કરી તે વિચારવા લાગ્યો કે, 'શું ખરેખર મારે પોતાને જ આ ખુરશી ઉપર બેસવાનું છે...?' અને અંતઃકરણે તરત જવાબ આપ્યો, 'હા, એક દિવસ તારે બેસવાનું જ છે.' બાળકે મિત્રને કહ્યું, 'તું ભલે મજાક કરતો હોય, પણ એ મજાકને મેં ગંભીરતાથી લીધી છે. એક દિવસ એવો આવશે કે હું આ ખુરશી ઉપર બેઠો હોઈશ.'

મિત્ર જોરથી હસતાં બોલ્યો, 'વાહ, આજનો 'પોલિશ' કરનારો આવતી કાલનો 'પ્રધાન...!' શું આ શક્ય છે?' અને બાળકે મક્કમતાથી કહ્યું, 'જે તને આજે શક્ય નથી લાગતું, એ હું આવતી કાલે મારા મનોબળથી તને શક્ય કરી બતાવીશ.'

ખરેખર, મક્કમ મનોબળથી સમય જતાં તે બાળક ઈટાલીનો વડાપ્રધાન મુસોલીની બન્યો.

નિત્ય સત્સંગથી અધ્યાત્મમાં પ્રગતિ શક્ય બને

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



આપણે સજ્જનો, સંતોનો સંગ કરતાં રહેવાનું છે. શાસ્ત્રોનું શ્રવણ કરતાં રહેવાનું છે. જેનાથી મન સત્ત્વશીલ બને

જીવનમાં નિત્યકર્મનું મહત્ત્વ છે. દરરોજ આપણે 15થી 20 મિનિટ પ્રાર્થના, ધ્યાન, સત્સંગ માટે ફાળવવાની છે. આ બધો મનનો ખોરાક છે. જેનાથી ઈન્દ્રિયો પર નિયંત્રણ કેળવી શકાય. એ પ્રકારનો વિશિષ્ટ અભ્યાસ છે. જેને કરવાથી આપણે યથાર્થ નિગ્રહ કરી શકીએ. બાળકોને જેમ વારંવાર શીખવવું પડે છે. અભ્યાસમાં જેમ આવર્તન જરૂરી છે, તેમ આપણે પણ સતત સજ્જનો, સંતોનો સંગ કરતાં રહેવાનું છે. શાસ્ત્રોનું શ્રવણ કરતાં રહેવાનું છે. જેનાથી આપણું મન સત્ત્વશીલ બની રહે.

ભગવાન અર્જુનને સમજાવે છે કે ઈન્દ્રિયોને જીતવી એટલી સરળ નથી. હે અર્જુન! વિષયોની આસક્તિનો તેને કારણે યત્ન થઈ રહ્યો છે. એટલે પ્રયત્નશીલ બન. શેનો પ્રયત્ન છે? ઈન્દ્રિયોને વિષયોમાંથી હટાવવાનો જે પ્રયત્ન કરી રહ્યા છે તેવો પુરુષ. કેવો પુરુષ? પાછો જેવો-તેવો નહીં વિપશ્ચિતઃ – બુદ્ધિમાની પુરુષ. ઉસકે ભી મન કો યહ પ્રમાથીનિ ઈન્દ્રિયાં હર લેતી હૈ.


મતલબ તમે ગમે તેટલી મહેનત કરો ઈન્દ્રિયોને વિષયોથી હટાવવાની. જબ કિ ઈન્દ્રિયોં મેં આસક્તિ હૈ, ઈન્દ્રિયો મેં જો રસ હૈ વો મિટા નહીં હૈ ઔર ઈન્દ્રિયોં કો વિષયોં સે નિકાલને કા કિતના હી પ્રયાસ ક્યોં ન કરેં? કિતની હી ચેષ્ટા કર્યો ન કરેં? નિષ્ઠા સે કરો, નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરો, બુદ્ધિપૂર્વક પ્રયાસ કરો.

આપણે ગમે તેટલા બુદ્ધિમાન હોઈએ, પણ ઈન્દ્રિયો કેવી છે? પ્રમાથીનિ – પ્રમદાન સ્વભાવવાળી. ઈન્દ્રિયાઁ બડી બલવાન હૈ. ગમે તેટલો વિદ્વાન પુરુષ હોય, પણ ઈન્દ્રિયો તેના મનને હરી લે છે. ગમે તેટલો વિદ્વાન હોય એની વિદ્વતા ત્યાં ધોવાઈ જાય છે. એટલે ઈન્દ્રિયાઁ ચલી જાતી હૈં ઔર ઈન્દ્રિયાઁ મન કો ખીંચ જાતી હૈં. મન ભી જબ ઈન્દ્રિયોં કે પીછે પીછે ચલા જાતા હૈ, તો ઐસે વિદ્વાન, બુદ્ધિમાન પુરુષ કી બુદ્ધિ ભી ચલી જાતી હૈ ઔર મન જો કરતા હૈ, ઉસકા અનુમોદન કરને લગતી હૈ બુદ્ધિ. ફિર અંધકાર છા જાતા હૈ. ક્યોં? ક્યોંકિ સત્યાસત્ય નિર્ણય કરનેવાલી તો બુદ્ધિ હી હૈ. વો હી જબ ઉસકે સાથ નહીં, તો ફિર અબ ક્યા રહા? એટલે માણસ ગમે તેટલો વિદ્વાન હોય, પણ ઈન્દ્રિયો બહુ બળવાન છે.

ઈન્દ્રિયાઁ મન કો ખિંચ જાયેગી, મન જાયેગા તો ફિર બુદ્ધિ મન કા અનુમોદન કરેગી ઔર ઈન્દ્રિયાઁ જો કર રહી હૈ, ઉસ પર સિક્કા લગાયેગી. ઈસમેં કયા બુરાઈ હૈ? ઉસકા વિવેક જો હૈ ના, વો ધૂંધલા હો જાતા હૈ ઔર તબ બુરાઈ મેં અચ્છાઈ દેખતી હૈં બુદ્ધિ. તો ફિર પતન કા દ્વાર ખુલ જાતા હૈ.

તાનિ સર્વાણિ સંયમ્ય યુકત આસીત મત્પરઃ।
વશે હિ યસેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા॥ (શ્રી. ભ. ગી. 2/61)

ભગવાને ઈન્દ્રિયોની પ્રબળતા તો બતાવી. પણ ઈન્દ્રિયોને વશ કરવી હોય તો શું કરવું? ઈન્દ્રિયો



વશ થઈ શકે, નોટ ઈમ્પોસિબલ બટ ઈટ ઈઝ વેરી ડિફિકલ્ટ. તો શું કરવાનું? તો કહે છે કે સાધકની સંપૂર્ણ ઈન્દ્રિયો વશ થઈ, એક બાકી રહેશે તો શું થઈ ગયું? આંખ જાય તો એમાં શું વાંધો છે? ના, એ છીંડું રહી જશે.

હોડીની અંદર એક જ છિદ્ર છે તો એમાં શુ થવાનું છે? ના, હોડીમાં એક પણ છિદ્ર ન ચાલે. એવું ન વિચારાય. 'તાની સર્વાણિ સંયમ્ય' બધી જ ઈન્દ્રિયોને વશમાં કરીને સ્થિત હોવે. મતલબ ધ્યાન મેં બૈઠે. બધી ઈન્દ્રિયોને વશમાં કરીને સમાહિત ચિત્ત થયેલો. સમાધિત થયેલો કોણ છે? જેણે બધી જ ઈન્દ્રિયોને વશ કરી લીધી છે એવો પુરુષ મત્પરઃ – પરમાત્માને પરાયણ થઈને સ્થિર થાય, ધ્યાનમાં બેસે અને જ્યારે કૃષ્ણનું ધ્યાન કરીએ ત્યારે સમજવાનું કે હી ઈઝ ઓલવેઝ વિથ અસ. ઈન્દ્રિયો ગમે તેટલી બળવાન કેમ ન હોય, પણ શ્રીકૃષ્ણ કરતાં વધારે બળવાન નથી ને? ભગવદ્ પરાયણ થઈ ભગવાનનું ધ્યાન ધરીએ, તો અંતે ભગવાન મદદ કરે છે અને પેલી ઈન્દ્રિયો મનને ખેંચી જતી નથી. દીવો કરો એટલે અંધારું જાય, પણ અંધારાને ધકકો મારવાથી અંધારું જતું નથી.

ભગવદ્ પારાયણ થઈને ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરવાનું અને બધી ઈન્દ્રિયોને, સર્વ ઈન્દ્રિયોને વશ કરવાની અને એવી રીતે ભગવદ્ પારાયણ થઈને જે સ્થિત થાય અને જેની ઈન્દ્રિયો આ પ્રમાણે પોતાના વશમાં છે, તેની બુદ્ધિ સ્થિર થાય. એટલે બુદ્ધિને સ્થિર કરવા માટે ઈન્દ્રિયોને વશમાં કરવી જ પડે. ઈન્દ્રિયોને વશમાં રાખવા માટે ભગવદ્ પારાયણ થઈને ભગવદ્ ધ્યાન કરવું પણ એટલું જ જરૂરી છે.

એટલા માટે કથા વગેરે છે, જેના દ્વારા ભગવાનની લીલાઓ, સ્વરૂપ વગેરે બધું સમજાય. તેથી ભગવાનમાં અનુરાગ થાય, અનુરાગ થાય એટલે મન ભગવાનમાં જાય, એટલે ઈન્દ્રિયો ગમે તેટલી બળવાન હોય તો પણ મનને હરી ન શકે અને તો એ રીતે મન જેનું શ્રીકૃષ્ણમાં લાગેલું છે તેવો પુરુષ બધી જ ઈન્દ્રિયોને વશ કરી લે છે. પછી ભગવદ્ પારાયણ થઈને ધ્યાનમાં બેસે છે. જેની ઈન્દ્રિયો પોતાને વશ છે, તેની બુદ્ધિ સ્થિર થઈ જાય છે.

એ માટે આપણે નિત્ય સત્સંગ કરતાં રહીએ. સંતો અને ભગવાનની કથાનું નિત્ય શ્રવણ કરીએ. તો મન પણ સ્થિર રહે અને જીવનની અધ્યાત્મિક દિશામાં પ્રગતિ શક્ય બને.

એનું નામ મહાપુરુષ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



એક જાણીતી અને સમજવા જેવી કટાક્ષ કથા છે. એક વડીલ રેલવે-સ્ટેશન ઉપર ટ્રેનની રાહ જોતાં બેઠા હતા. સમયનો સદુપયોગ કરવા તેઓ રામાયણનો ગ્રંથ વાંચતા હતા. ત્યાં એક જુવાનિયો આવ્યો. નવપરિણીત પત્ની સાથે તે પણ આ જ ટ્રેનમાં નીકળવાનો હતો.

કાકાને જોઈને તે બોલ્યો : 'શું કાકા તમે પણ? જમાના સાથે થોડા 'અપડેટ' થાવ... રામાયણમાં શું વાંચવાનું? હં...' એમ છણકો કરીને બાજુમાં બેઠો. એટલામાં ટ્રેન આવી અને ભારે ભીડ થઈ. તેમાં હજુ તો બધા ચડે-ન ચડે. એટલામાં તો ટ્રેન ઊપડી.

ગીરદીમાં ફરી તે કાકા અને યુવાન ભેગા થઈ ગયા, પણ આ વખતે યુવાન ટેન્શનમાં હતો, કારણ કે ભારે ભીડમાં એ તો ચડી ગયો, પણ એની પત્ની રહી ગયેલી! કાકા પળવારમાં સઘળું સમજી ગયા; ધીરેથી બોલ્યા : 'ભઈલા! રામાયણ વાંચ્યું હોત તો તને ખબર હોત કે પુષ્પક વિમાનમાં ચડતી વેળાએ રામજીએ સીતાજીને પહેલાં ચડાવ્યાં હતાં અને પછી પોતે ચડ્યા હતા!' યુવાન શું બોલે?

પ્રસંગ નાનો છે, પણ રામાયણમાંથી મળતો આ બહુ મોટો બોધપાઠ છે. માત્ર ભગવાન રામ જ નહીં, દરેક મહાપુરુષોના જીવનમાં આ બાબત સ્પષ્ટપણે જોવા મળે છે કે તેઓ હંમેશાં બીજાનો વિચાર કરે છે.

એક વખત ચીનના સમ્રાટે મહાત્મા કન્ફ્યુશિયસને પૂછ્યું, 'સૌથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહે : 'તમે. કારણ કે તમને સત્ય જાણવાની જિજ્ઞાસા છે.' ત્યારે સમ્રાટે બીજો પ્રશ્ન પૂછ્યો : 'મારાથી મહાન કોણ?' કન્ફ્યુશિયસ કહે, 'હું, કારણ કે હું સત્યને ચાહું છું.' સમ્રાટે આગળ પૂછ્યું કે, 'તમારાથી મહાન કોણ?' ત્યારે કન્ફ્યુશિયસે દૂર એક જગ્યાએ કૂવો ખોદી રહેલી એક વૃદ્ધા તરફ ઈશારો કરીને કહ્યું કે, 'તે વૃદ્ધા મહાન છે. કારણ કે જે વ્યક્તિ અન્ય લોકોના લાભ ખાતર પરિશ્રમ કરે છે, તે બધા કરતાં શ્રેષ્ઠ છે.'

એક વાર નડિયાદમાં પ્રમુખસ્વામી મહારાજની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. તેઓ રથમાં બિરાજ્યા હતા. તડકાને કારણે સડકો તપી રહી હતી. કેટલાક સંતો નગરયાત્રામાં પગપાળા પણ જોડાયેલા. એમાં એક સંત પાસે પગરખાં નહોતાં, તેથી ખુલ્લા પગે દાઝતાં-દાઝતાં તેઓ ચાલી રહેલા. અચાનક તેમના નામની બૂમ પડી. તેમણે પાછળ વળીને જોયું તો પ્રમુખસ્વામી મહારાજ ચાલુ શોભાયાત્રામાં એમના માટે પોતાની મોજડી તે સંત તરફ ફેંકીને કહી રહ્યા હતા, 'પહેરી લો! ઉઘાડા પગે ન રહેવું. આંખો દઝાય, આંખોનું તેજ ઘટી જાય.' તેમણે મોજડી પહેરી લીધી. બે-ચાર મિનિટ પછી અણસાર આવ્યો કે આ તો સ્વામીએ પોતાની મોજડી આપી છે. તેથી તરત કાઢી નાંખી. સ્વામી ફરી કહેઃ 'પહેરી લો! એ કંઈ હાથમાં ઝાલવા થોડી આપી છે?'

માત્ર 'હું' જ નહીં, 'હું'ની આસપાસનાનો વિચાર આવે ત્યારે જીવન ખરેખર મહાન બનતું હોય છે.

વળી, એક વખત આણંદ પાસેના પેટલાદ ગામમાં પ્રમુખસ્વામી મહારાજના વરદહસ્તે નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થવાની હતી. આ પ્રસંગે સ્થાનિક લોકોએ શોભાયાત્રા યોજી હતી.

પ્રમુખસ્વામી મહારાજ માટે સફેદ ઘોડાની બગી તૈયાર કરી હતી. નગરયાત્રા આગળથી ચાલવાની શરૂ થઈ, પણ સ્વામીની બગીના ઘોડા સહેજ પણ ચાલે નહીં. બગીવાળો ઘોડાને ચાબુક મારવા લાગ્યો. સ્વામીથી આ સહન થયું નહીં. બગીવાળાને રોકતાં તેઓ કહેવા લાગ્યા, 'ભાઈ, ઘોડા ન ચાલે તો વાંધો નહીં, પણ એને મારશો નહીં.' કહી સાથેના સંતોને કહેવા લાગ્યા, 'ચાલો, આપણે નીચે ઊતરીને ચાલવા માંડીએ...'

એક વ્યવસ્થાપક કહે, 'બાપા! આ તો આપની શોભાયાત્રા છે, આપ ચાલતાં જાવ એ સારું ન લાગે.' સ્વામી કહે, 'તો ઘોડાને માર પડે એ સારું લાગે છે?' કહેતાં સ્વામી બગીમાંથી ઊતરી ગયા. પોતાને કારણે મૂંગા પશુ દુઃખી થાય એ પ્રમુખસ્વામી મહારાજને ક્યારેય પરવડતું નહીં.

જેમની નગરયાત્રાઓ નીકળતી હોય તે નહીં, પણ જે નગરયાત્રા જેવાં સન્માનોની વચ્ચે પણ અન્યનો વિચાર કરી શકે, તેનું નામ મહાપુરુષ.

આપણે આખો દિવસ આપણા જ વિચારો કરતાં હોઈએ છીએ. પણ ભગવાન રામ કે પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષો આપણને શીખવે છે કે પહેલા બીજાનો વિચાર કરવો. આપણે કારણે બીજાને તકલીફ પડે એવું શું કામ થવા દેવું?

આપણી આસપાસના લોકો, પરિવારજનો છે તો આપણું અસ્તિત્વ છે. જો એ લોકો ન હોય તો આપણે એકલા શું કરી લેવાના?

આપણે એ મહાપુરુષોની જેમ આપણને સાથ આપનારાઓનો, સ્વજનોનો વિચાર કરીએ... સૌની સાથે નિઃસ્વાર્થ લાગણીઓથી જોડાઈને જીવન-મંગલ કરીએ.

સરળતા ને વિનોદિતા

'સંવાદિતા પ્રગટ કરવા માટે સૌ વસ્તુઓમાં સરળતા સર્વોત્તમ છે.'
શ્રી માતાજી

શ્રી માતાજીના વિધાન મુજબ, સરળ રહેવાથી સંવાદિતા પ્રગટ થાય છે અને સામેનાનાં મન પર એની સીધી અસર થાય છે. સંવાદિતા એટલે સામેની વ્યક્તિના વિચારો જાણવા અને પરસ્પરના વિચારોમાં ઐક્ય સાધવાનો પ્રયત્ન કરવો.

સરળતા ઊભી કરે છે સ્વયંભૂ આધ્યાત્મિકતા. આધ્યામિકતા કંઈ ધાર્મિકતાના આંડબરો કે દેખાવોથી આવતી નથી.

ધર્મનિષ્ઠ વ્યક્તિની ઓરા અને આભા જ એવાં હોય છે કે તેના સંસર્ગમાં આવનારને તેનો પાસ જાણે-અજાણે લાગી જ જાય છે. ધાર્મિકતા મોટા થોથાં વાંચવાથી કે ધાર્મિક પ્રવર્ચનો સાંભળવાથી નથી આવતી, એ તો આવે છે વ્યક્તિના વાણી અને વર્તનથી. સરળતા ધાર્મિક્તાનો અરીસો છે એમ કહી શકાય.

સરળતા વયક્તિના હાસ્ય અને આનંદીપણાથી પણ પ્રગટ થતી હોય છે. હાસ્ય વ્યક્તિના ગુણ ઉજાગર કરીને પ્રગટવું જોઈએ. ટીકાત્મક હાસ્ય, જેની ટીકા થઈ હોય તેના મનમાં હાસ્યકાર પ્રત્યે અભાવ જન્માવે છે. બીજાને હસાવનારે પહેલાં તો પોતાની ખૂબીઓ અને ખામીઓ પ્રત્યે અંગુલીનિર્દેશ કરી હાસ્ય પ્રગટાવવું જોઈએ.

હાસ્ય અને વિનોદીપણાથી સરળતા આવે અને સંવાદિતા સ્થપાય એવું જગત બની રહો.

- તુષાર દેસાઈ

જીવનમાં સઘળું મા થકી જ પ્રાપ્ત થાય છે

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ભારતીય પરંપરામાં સંસ્કારનું મહત્ત્વ છે. તેમાં પણ ગર્ભસંસ્કાર પણ અતિ-મહત્ત્વના છે, પરંતુ આ બધાની સાથે એક જોડાય છે અને તે છે, મા. પરામ્બા, જગદંબાથી માંડીની જન્મદાત્રી માતા સુધીની વાત તેમાં થઈ જાય. એટલે કે દૃશ્ય જગતથી અદૃશ્ય જગતમાં જે મા છે, તેને આપણે નમસ્કાર કરીએ છીએ.

પેટમાં પોઢીને સાંભળેલી,
બાળે રામ લક્ષ્મણની વાત

બાળક માના ઉદરમાં હોય, ત્યારથી તેને તાલીમ આપી શકાય. એક શાસ્ત્રનું સત્ય છે, બીજું ધર્મનું સત્ય છે અને ત્રીજું વિજ્ઞાનનું સત્ય છે. હું તો કહું છું કે વિજ્ઞાન અને ધર્મ એકબીજાનાં વિરોધી ન હોઈ શકે, કારણ કે બંને સત્યના શોધક છે. ફરક એટલો છે કે એક માનીને ચાલે છે અને બીજો ચાલીને માને છે.

ધર્મનાં ક્ષેત્રનાં લોકો સત્યને માનીને, સ્વીકારીને ચાલે છે. જ્યારે વિજ્ઞાન માન્યતાના આધારે ચાલતું નથી તે પહેલાં પ્રયોગ કરે છે. પછી તે ચાલીને માને છે. વિજ્ઞાનનાં ક્ષેત્રમાં કોઈ સત્ય અંતિમ સત્ય હોતું નથી. નહીં તો રિસર્ચની આખી યાત્રા અટકી જાય. જોકે વિજ્ઞાન અને ધર્મ ખોજ તો સત્યની જ કરે છે.

મળી ન હરિને મા, તે દી' પરમેશ્વર જોને પશુ થયાં,
પણ ઈ જાયો જશોદા કે'વાણો બેઠો કાગડા

રામ અને કૃષ્ણનાં જેટલાં મંદિરો છે અને એનાં જેટલાં આરાધકો છે, એટલા મંદિરો કુર્મનાં અને વરાહનાં નથી. એ પણ અવતાર છે અને અવતાર જ નહીં, દશાવતાર જે મુખ્ય છે એમાં એની ગણતરી થઈ છે. છતાં જ્યારે-જ્યારે માને માધ્યમ બનાવી ઈશ્વર આ જગતમાં પ્રગટ થયો છે, ત્યારે–ત્યારે ઈશ્વર વિશેષ પૂજાયો છે. કંઈક વિશેષ છે મા માં. રામાવતારમાં પણ એક માથી ભગવાનને સંતોષ ન થયો, તે ત્રણ મા રાખી અને ત્રણ મામાંથી એક પણ માને ઓછી ન થવા દીધી. બાપા એકલા જતા રહ્યા ભગવાનનાં વિયોગમાં, પણ ત્રણ મામાંથી એક માને પણ ઓછી ન થવા દીધી.

જનની કેરું જોર રાઘવને રહેતું સદા
તેથી એણે માને ન કીધી મોર, કર્યો પિતાને કાગડા.

માના વિચાર અને પિતાના ચરિત્રનો સંગમ. કૃષ્ણાવતારમાં પણ એને એકથી સંતોષ ન થયો. કૃષ્ણાવતારમાં પણ ત્રણ. યશોદા, રોહિણી અને દેવકી. એ ત્રણેયનો ઉલ્લેખ તો ભાગવતમાં આવે જ છે. એટલે ભગવાન પણ જ્યારે-જ્યારે માને માધ્યમ બનાવીને આ સંસારમાં આવ્યા છે, ત્યારે તે વિશેષ પૂજાય છે.

સાચું કહ્યું છે, બાળક એટલે માતાનાં વિચાર અને પિતાનાં ચરિત્રનું પ્રતિબિંબ અને એટલા માટે બાળક જ્યારે ઉદરમાં હોય છે, ત્યારે માનાં વિચારો કેવા હોય છે? તેનું આપણે ત્યાં બહુ મહત્ત્વ છે. તેથી જ આપણે ત્યાં સગર્ભાવસ્થામાં માતાઓ રામાયણ, ભાગવત, જેવાં ગ્રંથો વાંચે, પ્રસન્ન રહે એવું બધું કરતી હોય છે. માતૃબીજ શુદ્ધ નહીં હોય, તો માણસ મૂર્ખ થશે. પિતૃબીજ શુદ્ધ નહીં હોય, તો માણસ ચરિત્રનો શિથિલ થશે. એટલે માના વિચાર



અને પિતાનાં ચરિત્રનું પ્રતિબિંબ છે બાળક.

કોઈકે સાચું જ કહ્યું છે કે, 'માનો ખોળો દુનિયાની સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી છે. ત્યાંથી જે સાચું શિક્ષણ અને સંસ્કાર મળે છે, તે ગમે તે યુનિવર્સિટીની ડિગ્રીની તોલે ન આવી શકે.' ભલે ગમે તેવી પ્રખ્યાત યુનિવર્સિટીની ડિગ્રી લઈને આવ્યા હોય, પણ માએ જે સંસ્કાર આપ્યા હોય તેની તોલે કોઈ ડિગ્રી ન આવી શકે. આપણી ચાર સંસ્કારપીઠો છે, જે વ્યક્તિને સંસ્કારી બનાવે છે. એ ચાર સંસ્કારપીઠોમાં સૌથી પહેલી સંસ્કારપીઠ છે માની કૂખ, પછી પિતાનું કુળ, ત્રીજી ગુરુકુળ અને ચોથી પીઠ વ્યાસપીઠ.

વિજ્ઞાની જો ધર્મનો અનાદર કરે અથવા ધાર્મિક લોકો જો વિજ્ઞાનમાં શ્રદ્ધા ન ધરાવે, તો કેટલી વિચિત્રતા અને તેમાં કેવી વિસંગતી દેખાય? જે ખરેખર થોડોક ચિંતનની દૃષ્ટિથી સ્વસ્થ છે તે માને ભલે નહીં, પણ અનાદર તો નહીં જ કરે. મને તો ડૉકટર મિત્રોને મળવાનું થાય તો તેઓ કહેતા હોય છે. કે અમે તો ભગવાનની રચનાનાં નિરંતર સંપર્કમાં છીએ. કેવી અદ્ભુત રચના છે લોહીનાં પણ કેટલાં ગ્રૂપ છે! ઘણી વાર ધર્મનાં ક્ષેત્રમાં રહેલા ધર્મગુરુની શ્રદ્ધા કરતાં એવા વૈજ્ઞાનિકની શ્રદ્ધા વધારે સ્વસ્થ હોય છે. આત્મ સ્વીકૃતિમાંથી સ્ફૂરે તે શ્રદ્ધા.

બુદ્ધિ વધી – શુદ્ધિ ઘટી

મા નિષેધાત્મક શબ્દ છે, પણ બીજા અર્થમાં નેતિ–નેતિ છે. તે એટલા માટે ભગવાનને ગમે તેટલા વર્ણવવાની કોશિશ કરો તો પણ કોઈ શબ્દ ત્યાં પહોંચી શકતો નથી. શબ્દો છે, શાસ્ત્રો છે તે બધા ઈશ્વર તરફ ઈંગિત છે. અંતે તો શબ્દની પેલે પાર અનુભૂતિનો જે પ્રદેશ છે, એમાં કોઈક સાધક સાધના કરતો હોય તો પહોંચે છે. એટલે મા માત્ર માટીનો પિંડ જ નથી બંધાતો, પણ ભાવનાત્મક પિંડ તૈયાર થતો હોય છે. જ્યારે બાળક માનું દૂધ પીએ. એ દૂધ એટલે માના પ્રેમનું પદાર્થમાં રૂપાંતરણ અને તેથી મા દૂધ જ નથી પીવડાવતી, તે પ્રેમ પીવડાવે છે અને પછી જે ભાવાત્મક શરીર એક ઈમોશનલ બોડી તૈયાર થાય એમાં કેટલી શુદ્ધિ હોય?

આજે બુદ્ધિ વધી છે, પણ શુદ્ધિ ઘટી છે, એને લીધે માણસ હેરાન થાય છે. બુદ્ધિ વધી એટલે સાધનો વધ્યા. માણસ કરોડપતિ થયો છતાં દુઃખી હોય છે. પૈસા હોય એટલે આપણે દુઃખી ન થઈએ એવું નહીં. બધા પ્રકારની સુવિધા ખરીદી લીધી હોય એ લોકો સુખચેનથી દુઃખી થતા હોય પણ શુદ્ધિ નથી ત્યાં શાંતિ નથી, અને શાંતિ નથી ત્યાં સુખ નથી.

આમ, જીવનમાં સંસ્કાર, શાંતિ, સંતોષ સઘળુ મા થકી જ પ્રાપ્ત થાય છે

દાનની શ્રેષ્ઠ રીત

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



મહાભારત કાળની આ વાત છે. મુદગલ નામના એક ઋષિ શિલોંછવૃત્તિથી રહેતા હતા. એટલે કે ખેતરમાંથી દાણા લેવાઈ જાય ત્યાર બાદ વેરાઈને પડી રહેલા અનાજના કણ-કણને વીણી તેનાથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. ઘણી વાર અનાજ પૂરતું ન પણ મળે, ત્યારે ઉપવાસ કરતાં.

એક વાર ઘણા દિવસના ઉપવાસ પછી થોડું અનાજ મળ્યું. તેમાંથી તેમણે સાથવો બનાવ્યો, પરંતુ સાથવો જમવા જતા હતા, ત્યાં જ એક અતિથિ બ્રાહ્મણ પધાર્યા. આથી અતિથિ બ્રાહ્મણને તેમણે પ્રસન્ન મને, સદ્ભાવથી સાથવો આપી દીધો. અતિથિ બ્રાહ્મણે સાથવો જમીને જ્યાં ચળું કર્યું, તે સ્થાને એક નોળિયો આવીને આળોટ્યો. આમ કરવાથી શરીરના જે ભાગે ભાવથી અર્પણ થયેલા એ સાથવાના વધેલા કણ અને જળ અડ્યા તે અડધો ભાગ સોનાનો થઈ ગયો!

હવે નોળિયાને લાલચ લાગી કે 'મારું આખું શરીર સોનાનું કરી નાખું.' તેથી તે પાંડવો દ્વારા ચાલી રહેલા રાજસૂય યજ્ઞમાં ગયો. આ યજ્ઞમાં પાંડવોએ એકવીસ હજાર બ્રાહ્મણોને જમાડ્યા હતા. તે બ્રાહ્મણોએ જમીને છાંડેલા અનાજ પર આ નોળિયો આળોટ્યો, પણ તેનું શરીર સોનાનું ન થયું. કારણ કે મુદગલ ઋષિએ જે ભાવથી અનાજ આપેલું તેવો ભાવ પાંડવોનો નહોતો. પછી શ્રીકૃષ્ણના કહેવાથી જ્યારે એક ભક્તને, સાચા ભાવથી જમાડ્યો, ત્યારે ત્યાં આળોટવાથી નોળિયો સંપૂર્ણ સોનાનો થયો. આમ, દાન કે સમર્પણમાં તેની પાછળની ભાવના મુખ્ય બની રહે છે.

કઠોપનિષદમાં ગુરુ શિષ્યોને દીક્ષાંત આદેશ આપતાં કહે છે, 'श्रद्धया देयम् अश्रद्धया अदेयम्' 'જે કંઈ આપવું તે શ્રદ્ધાથી આપવું, અશ્રદ્ધાથી નહીં' અર્થાત્ દાનકર્મ શ્રદ્ધાથી, ભાવથી કરવું.

એક સામાજિક અસ્તિત્વ ધરાવવાને નાતે આપણે સૌ દાનધર્મમાં વિશ્વાસ ધરાવીએ છીએ. પરંતુ દાન કરવા પાછળ સાચી ભાવના આપણને સત્પુરુષોમાંથી શીખવા મળે છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઉકાઈમાં છાત્રાલય ચલાવાય છે.

એક વાર પ્રમુખસ્વામી મહારાજ મુલાકાતે પધારેલા. છાત્રાલયનું નિરીક્ષણ કરતાં-કરતાં તેમણે વ્યવસ્થાપકોને પૂછ્યું, 'બાળકોને સવારે નાસ્તામાં શું આપો છો?' 'બટાકા-પૌંઆ, ચણા, દૂધ વગેરે.' 'દૂધ કેવું આપો છો?' 'પાઉડરનું.' 'બધાને ભાવે છે?' 'કોઈને ન ભાવે તો ન પીએ.'

આ સાંભળતા પ્રમુખસ્વામી મહારાજ દિલગીર થતાં કહે, 'આપણે ગાય કે ભેંસનું દૂધ આપવું. છોકરાઓનું શરીર બગડે તેવું ન કરવું. ખોરાક સારો મળે, શરીર સારું રહે, અભ્યાસ સારો કરે અને સંસ્કાર સારા મળે. આ બધાનું ધ્યાન રાખવું. એ માટે ખર્ચ થાય તો વાંધો નહીં.'

ત્યાર બાદ બાળકોના ઓરડાઓમાં ઓઢવા માટે મૂકેલા ધાબળા જોઈને સ્વામીજીએ કહ્યું, 'આ ધાબળા ટાઢ હરે તેવા ફક્કડ છે. પણ તેને ખોળિયાં કરાવી દેવાં, જેથી બાળકો ઓઢે ત્યારે તેમની કોમળ ચામડી છોલાઈ ન જાય.'

ભૂજમાં ભૂકંપ બાદ તરત જ શહેરમાં રાહતકાર્યો પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી શરૂ થઈ ગયાં હતાં. ફૂડપેકેટ્સ તૈયાર થઈ રહેલાં ત્યારે પ્રમુખસ્વામી મહારાજ તેની કાર્યવાહી જોવા પધારેલા. દરેક પેકેટમાં 150 ગ્રામ ગાંઠિયા અને 75 ગ્રામ બુંદી મૂકવામાં આવતી હતી. તે જોઈ તેમણે સૂચન કર્યું: 'આમાં બે આથેલાં મરચાં પણ મૂકજો. ખાવામાં સારું લાગે ને!'

તે પછી રાહત-રસોડાનો, અન્નક્ષેત્રનો આરંભ થયો. તૈયારીમાં જોડાયેલા સંતને પ્રમુખસ્વામી મહારાજે સૂચના આપેલી: 'અનાજ બરાબર સાફ કરીને જ દળાય તેની ખાસ કાળજી રાખજો. કાંઈ કચરો-કાંકરા રહી ન જાય.'

શ્રીમદભગવદગીતાના સત્તરમા અધ્યાયમાં દાનનો મહિમા કહ્યો છે. તેમાં આપવાની ભાવના અને પાત્રને આધારે દાનના ત્રણ ભેદ વર્ણવ્યા છે - તામસદાન, રાજસદાન તથા સાત્ત્વિકદાન. પ્રત્યુપકારની અપેક્ષા વિના, નિઃસ્વાર્થભાવે કરવામાં આવતું દાન સાત્ત્વિકદાન કહેવાયું છે. પ્રમુખસ્વામી મહારાજનું દાનકર્મ સાત્ત્વિક તો ખરું જ, પણ સાથોસાથ નિર્ગુણ પણ બની રહેતું, કારણ કે તેઓ જે ક્રિયા કરતા તે ભગવાનની પ્રસન્નતા માટે જ કરતા.

સત્પુરુષોના જીવનમાંથી બોધપાઠ લઈને દાન આપીએ. દાન કરવું તે સારી વાત છે, પણ પરિશુદ્ધ ભાવનાથી, આત્મીયતાપૂર્વક, પ્રેમપૂર્વક અને ભગવત્પ્રસન્નતા માટે થતું હોય તે શ્રેષ્ઠ વાત છે.

ઘા જેવા નહીં, ઘી જેવા

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

ડો. અબ્દુલ કલામનાં બાળપણની ઘટના છે. એક દિવસ પિતા-પુત્ર બંને ભોજન લેવા બેઠા. અબ્દુલનાં માતા ખૂબ જ થાકેલાં હતાં. માતાએ રોટલી બનાવીને પીરસી. અબ્દુલે જોયું તો રોટલી થોડી બળેલી હતી. તેમને એમ કે પિતાજી હમણાં માતા ઉપર ક્રોધિત થશે, પણ કંઈ જ ફરિયાદ કર્યા વિના તેમણે ભોજન કરી લીધું.

ભોજન કરીને ઊભા થતા હતા, ત્યારે માતા બોલી, 'આજે બહુ થાકેલી હતી ને, એટલે રોટલી બરાબર ન બનાવી શકી. એ માટે હું માફી માંગુ છું.' પિતા બોલ્યા, 'ના, ના, રોટલી તો ભાવે એવી હતી. મેં પેટ ભરીને ભોજન કર્યું છે.'

માતા ગઈ, એટલે અબ્દુલે પિતાને પૂછ્યું, 'રોટલી ખરેખર તો બળેલી હતી, તો તમે 'ભાવે એવી હતી' એવું કેમ કહ્યું?'

'બેટા, એક મહત્ત્વની વાત તું સમજી લેજે, કે રોટલી એવી કંઈ બળેલી ન હતી અને કદાચ બળેલી હોય, તોય તેનાથી આપણા પેટમાં અથવા આંતરડા પર ડાઘ કે ઉઝરડા નથી પડતા, જ્યારે આવા અવસરે ક્રોધ કરવામાં આવે-કડવા શબ્દો બોલવામાં આવે, તો તેનાથી હૃદય ઉપર ઉઝરડા અવશ્ય પડે છે.'

સહેજ અટકીને પિતા બોલ્યા, 'ઘરનું આટલું બધું કામ કરીને તારી માતા થાકી ગઈ છે, ત્યારે તેને ઘા કરે, એવા નહીં, પણ ઘી જેવા મુલાયમ મલમની-શબ્દોની જરૂર હોય છે અને બીજી મહત્ત્વની વાત એ છે કે, રોજ જે સારી અને ગરમ રોટલી ખવડાવે, તેનાથી ક્યારેક અજાણતાં બળેલી રોટલી આવે, તો આપણે એનો પણ પ્રેમથી સ્વીકાર કરવો જોઈએ.'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન

ગુરુવાર | 13 ફેબ્રુઆરી, 2025 | મહા વદ એકમ | વિક્રમ સંવત 2081 08

જ્યાં ધર્મ છે, ત્યાં વિજય થાય છે

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવન એક સંઘર્ષ છે અને વિજય ત્યાં જ થાય છે, જ્યાં સત્ય છે, ધર્મ છે. મહાભારતનું યુદ્ધ પણ આ જ કહે છે. તેને માટે આખી ભગવદ ગીતા રચાઈ. અર્જુનના વિષાદથી ગીતાનો આરંભ થાય છે. ગીતાનો આરંભ તો મહાભારતમાં જ છે. ગીતા મહાભારતના અંતર્ગત જ છે.

ધૃતરાષ્ટ્રનાં પુત્રો તે ધાર્તરાષ્ટ્રો અને પાંડુના પુત્રો તે પાંડવો. એક બાજુ ધૃતરાષ્ટ્રના પુત્રોની સેના- કૌરવ પક્ષની સેના. કૌરવ શબ્દ સમજવા જેવો છે. કુરુનાં વંશમાં થયા તે કૌરવો. જેમ રઘુના વંશમાં રામ થયા તેમ રાઘવ. યદુના વંશમાં થયા કૃષ્ણ તે યાદવ અને કુરુના વંશમાં થયા માટે તે બધા કૌરવો. આમ તો પાંડવો પણ કુરુવંશમાં જ જન્મેલા છે. એટલે એ લોકો પણ કૌરવો જ કહેવાય, પણ આપણે એમ સમજીએ છીએ કે જે ધૃતરાષ્ટ્રનાં પુત્રો છે, તે કૌરવો અને યુધિષ્ઠિર વગેરે પાંડવ, જે પાંડુનાં પુત્રો છે, પણ એવું નથી. એ પણ કુરુવંશમાં જ જન્મેલા છે.

આપણે સમજીએ છીએ કે પાંડુના પુત્રો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ. એ પાંડુનાં પુત્રો તે પાંડવો અને ધૃતરાષ્ટ્રનાં પુત્રો એટલે કૌરવો. કુંતી અને માદ્રીનાં પુત્રો તે પાંડવો.

બંને સેના સામસામી આવી છે. કયું ક્ષેત્ર છે? કુરુક્ષેત્ર. જે કુરુ રાજા થયા હતા, તેમનું નામ એની સાથે જોડાયેલું છે. તેમણે અહીં અનેક યજ્ઞ કર્યા હતા. તે ધર્મક્ષેત્ર છે. આ 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ' કુરુક્ષેત્રે ત્યાં બધા આવેલા, યુયુત્સવઃ સમવેતા એટલે આવેલા, ભેગા થયેલા.

યુદ્ધની તૈયારી થાય છે. કુરુક્ષેત્રમાં સેના આવી ખડકાણી છે. એક બાજુ અગિયાર અક્ષૌહિણી સેના અને બીજી બાજુ પાંડવોની સાત અક્ષૌહિણી સેના છે. કુલ મળીને અઢાર મહાભારતની અંતર્ગત રહેલી ગીતાના અધ્યાય ને અઢાર વેદ. વ્યાસમુનિએ ઘણાં પુરાણોની રચના કરી છે. પુરાણો કેટલા? અઢાર.



દુનિયામાં કૌરવો વધારે છે. પાંડવો ઓછા છે. આ રેશિયો છે દરેક કાળે. દુનિયામાં દુર્જનો વધારે છે અને સજ્જનોની સંખ્યા ઓછી છે. આ સર્વકાલીન સત્ય છે

સામસામી સેના આવીને ખડકાણી છે. કૌરવોની સેના અને પાંડવોની સેના. પાંડવોની સાત અક્ષૌહિણી નાની સેના, કૌરવોની અગિયાર અક્ષૌહિણી મોટી સેના.

ધાર્તરાષ્ટ્રો અને હતરાષ્ટ્રોની વચ્ચે જ આ યુદ્ધ છે અને દુનિયાની અંદર ક્ષેત્રનાં જ આ યુદ્ધની નહીં, થાય છે.

ધૃતરાષ્ટ્ર એટલે જે રાષ્ટ્રને, સત્તાને પચાવી બેઠેલો છે, જેણે રાષ્ટ્ર આંચકી લીધું છે, તે ધૃતરાષ્ટ્ર અને હતરાષ્ટ્ર કોને કહેવાય? જે રાષ્ટ્રથી, સત્તાથી વંચિત થઈ ગયેલા, જે રાષ્ટ્રથી હરાઈ ગયેલા છે, જેનું રાષ્ટ્ર લઈ લેવામાં આવ્યું છે તે. પાંડવો કોણ? હતરાષ્ટ્ર અને કૌરવો કોણ? ધૃતરાષ્ટ્ર. એકના હાથમાંથી છીનવાઈ ગયા છે અધિકાર, સત્તા અને સંપત્તિ અને એકે અધિકાર, સત્તા અને સંપત્તિ છીનવી લીધી છે તે. દુનિયામાં સંઘર્ષનું કારણ આ જ છે.

ભેગા થયા છે યુદ્ધની ઈચ્છાથી. કૌરવો સો છે. પાંડવો પાંચ છે. આ એ જ કાળનું સત્ય નહીં, દરેક કાળનું સત્ય છે. દુનિયામાં કૌરવો વધારે છે. પાંડવો ઓછા છે. આ રેશિયો છે દરેક કાળે. દુનિયામાં દુર્જનો વધારે છે અને સજ્જનોની સંખ્યા ઓછી છે. આ સર્વકાલીન સત્ય છે.

એક કથા એવી છે કે ઉત્તરાનો બાળક મરેલો જન્મ્યો એટલે પાંડવો પોતાના વંશને વધારનાર બાળક અને તે મૃત જન્મ્યો. એટલે પાંડવો દુઃખી થયા. ત્યાં શ્રીકૃષ્ણ આવે છે અને હાથમાં પાણી લઈને કહે છે, 'જો હું કુરુક્ષેત્રનાં મેદાનમાં યુદ્ધમાં, જો હું નિષ્પક્ષ રહેલો હોઉં, ના મેં કૌરવોનો પક્ષ લીધો હોય, ના મેં પાંડવોનો પક્ષ લીધો હોય માત્ર સત્યનો જ પક્ષ લીધો હોય, તો એના સત્યથી આ બાળક જીવતો થાય.'

નવાઈ લાગે ને! જ્યારે કૃષ્ણ આમ બોલે છે. કૃષ્ણે કોનો પક્ષ લીધો છે? સત્યનો. ધર્મનો પક્ષ લીધો છે. અંધકાર ઉપર હંમેશાં પ્રકાશનો જ વિજય થાય. બીજી વાત સમજજો. પ્રકાશ અને અંધકારમાં બળવાન કોણ? પ્રકાશ જ. જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ આવી શકે. પણ જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર આવી શકે નહીં.

એક વાર અંધકાર ભગવાન પાસે ગયો. ભગવાન મને ન્યાય આપો. મારી ફરિયાદ છે. ભગવાને કહ્યું, કોના વિરુદ્ધ? પેલાએ કહ્યું, પ્રકાશ વિરુદ્ધ. ભગવાન કહે, તું કોણ છે? તો કહે, હું અંધકાર. શું ફરિયાદ છે? પેલો કહે, આ પ્રકાશ મને બહુ હેરાન કરે છે. હું નિરાંતે સવારે સૂતો હોઉં, ત્યાં પ્રકાશ આવીને મને ભગાડે. મને સુખે ઊંઘવા નથી દેતો.

ભગવાને કહ્યું, 'સારું, તું ફરિયાદી છે. મારે પ્રકાશને પણ સાંભળવો પડે. એક કામ કર અંધકાર! પ્રકાશને તું બોલાવી લાવ. અંધકાર કહે, એ કઈ રીતે બને? હું પ્રકાશને કેવી રીતે લાવું? એ આવે એટલે મારે ભાગવું પડે. ભગવાન કહે. સારું હું બોલાવીશ.

એક વાર ભગવાનને પ્રકાશ મળ્યો. ભગવાને કહ્યું, 'પ્રકાશ, કૈસે હો? આપકી વિરુદ્ધ મેરી કોર્ટ મેં કેસ આયા હૈ. મેરી વિરુદ્ધ? હા ભાઈ, તારી વિરુદ્ધ. પ્રકાશે કહ્યું. મારી વિરુદ્ધ કોણે ફરિયાદ કરી છે? ભગવાને કહ્યું કે. તારી વિરુદ્ધ અંધકારે ફરિયાદ કરી છે. પ્રકાશે કહ્યું, અંધકાર કૌન હૈ? મૈં તો ઉસે પહચાનતા હી નહીં. આ જ સત્ય છે. અંધકાર પ્રકાશને ઓળખે છે, પણ પ્રકાશ અંધકારને ઓળખતો નથી. આજે પણ ભગવાનની કોર્ટમાં આ કેસ પેન્ડિંગ છે. કારણ કે બે સાથે હાજર થઈ શકતા જ નથી.

એટલે કે હંમેશાં જ્યાં ધર્મ છે ત્યાં વિજય થાય છે.

ઉતાવળમાં પણ આટલું તો કરજો


એક ઘરમાં એક વૃદ્ધ વ્યક્તિ માંદા છે; ઉધરસ ખાય છે, શરીર તાવથી ધગધગે છે અને કંઠમાં શોષ પડે છે. ધાબળો ઓઢીને પથારીમાં પડેલા એ અશક્ત વૃદ્ધ સામેથી તેનો દીકરો પસાર થાય છે; તેને ઉતાવળ છે ઓફિસ જવાની. વૃદ્ધ આજીજી કરે છેઃ 'બેટા! પાણી...' ઘરની બહાર નીકળતો પુત્ર ઘડીભર થંભે છે, પિતા સામે પણ જુએ છે, પરંતુ મોં મચકોડીને ત્યાંથી નીકળી જાય છે. ઓશિયાળા થઈ ગયેલા એ વૃદ્ધ પિતા પાસે આ પરિસ્થિતિને આંસુભરી આંખે સ્વીકારવા સિવાય બીજો કોઈ રસ્તો નથી! શું થાય? જેવું વાવ્યું હોય તેવું જ લણવું પડે ને!

એ પથારીવશ પિતાને યાદ આવે છે, વીસ વર્ષ જૂની ઘટના. એ દિવસે પિતાને ઉતાવળ હતી ઓફિસે જવાની. તૈયાર થયેલા પિતા પાસે તેનો પુત્ર આવ્યો અને ગણિતના દાખલાની ગૂંચવણ ઉકેલી આપવા વિનંતી કરી. પણ પિતાએ તુચ્છકારથી વળતી સંભળાવી દીધી કે, 'હું તારા માટે નવરો નથી...' આ જ ઘટના એ વૃદ્ધ પિતાના આંસુ બનીને અત્યારે વહી રહેલી.

પૃથ્વી પરના મોટા ભાગના મનુષ્યોને સંતાનના વાલી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું હોય છે, પરંતુ જે જાગૃત નથી હોતા તે સાચી માતા કે સાચા પિતા બનવાને બદલે માત્ર સગવડો પૂરી પાડનાર 'કેર-ટેકર' તરીકે રહી જતાં હોય છે. એટલું જ નહીં, કેટલાંક તો એટલા બેજવાબદાર થઈ જાય છે કે સંતાનોના સંસ્કારની જાણે તેમને પડી જ નથી.

પૂણે શહેરની આ સત્યઘટના છે. નવપરિણીત યુગલ હતું. પતિ-પત્ની બંને સારું ભણેલાં, તેથી સ્વાભાવિક રીતે બંનેને લગ્ન પહેલાંથી ગામડાંનું ઘર છોડીને મોટા શહેરમાં 'જોબ' કરવા આવવાનું થયું હતું. લગ્ન બાદ તેમને ઘેર દીકરીનો જન્મ થયો. પતિનાં મા-બાપ તો ગામડે રહેતાં હતાં. એટલે આ 'સુશિક્ષિત' વાલીઓએ નિર્ણય કર્યો કે, 'આપણે નોકરીએ જઈએ તેટલા સમય પૂરતું દીકરીને કોઈક 'બેબી-સીટર હોમ'માં મૂકીએ. સાંજે પાછા આવીએ ત્યારે ઘરે લાવીશું.' સમય

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

વીતતાં દીકરી બોલતી થઈ. હવે તે ઘરમાં અપશબ્દો બોલવા માંડી! અસભ્ય વાતો કરવા માંડી! માતા-પિતાને આશ્ચર્ય થયું. તપાસ કરતાં ખબર પડી કે બાળકીના કુમળા માનસ પર કહેવાતા 'બેબી-સીટર હોમ'ના કામદારોની વાતો સાંભળીને એવા સંસ્કાર પડી ગયા હતા!

હવે મા-બાપને ભાન થયું કે સંતાનને જન્મ આપી દેવા માત્રથી મા-બાપ નથી થઈ જવાતું. સંતાનને તમારી જરૂર છે; તમારા સમયની જરૂર છે. શું પૈસા કમાવા એટલા અગત્યના છે કે તમારું સંતાન જ ગૌણ થઈ જાય? વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મવરૂપ પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'જો તમે બાળકોને સંસ્કાર નહીં આપો, તો તમારે સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વારો આવશે! પ્રમુખસ્વામી મહારાજ એક વાર મુંબઈમાં વિરાજમાન હતા. તેમને મળવા માટે અનેક મુલાકાતીઓ કતારમાં ઊભા હતા. દરેકના પ્રશ્નો સાંભળી, તેનું માર્ગદર્શન તેમણે આપવાનું હતું. એ પછી કેટલીક તાકીદની મીટિંગોમાં સ્વામીએ ઉપસ્થિત રહેવાનું હતું, તેથી થોડી ઉતાવળ પણ હતી. આવા વ્યસ્ત કાર્યક્રમમાં એક મુલાકાતી સાથે આવેલા બાળકે પોતાની હથેળીમાં માળા રાખીને પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ ધરતાં કહ્યું: 'બાપા! આ માળા પ્રસાદીની કરી આપો ને.' સ્વામીએ માળા પર પોતાનો હાથ મૂકી પ્રસાદીભૂત કરી. બાળક બોલ્યો : 'એમ નહીં. એક માળા ફેરવીને પ્રસાદીની કરી દો.'

બાળકની વાત સાંભળી સૌના મન ઊંચા થઈ ગયા. 'અત્યારે ઉતાવળ છે, એમાં આ ક્યાં વચ્ચે આવ્યો?' પરંતુ સ્વામીએ પાછળની ગિરદી કે આગળની મીટિંગોને ન ગણકારતાં બાળકનું મન સાચવી લીધું. માળા ફેરવ્યા બાદ બાળકના ગળામાં પહેરાવી ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો. આ દૃશ્ય જોનારાના આશ્ચર્યનો પણ પાર ન રહ્યો - 'આટલી મોટી સંસ્થાના ધણીનો, આટલા વ્યસ્ત કાર્યક્રમ ધરાવનારાનો, એક બાળકની સામાન્ય લાગણી-માંગણી પ્રત્યે કેટલો પ્રેમ અને ધીરજભર્યો પ્રતિભાવ!

હા, પૃથ્વી પરના જીવમાત્ર પ્રભુનું સંતાન છે એમ જાણનારા પ્રમુખસ્વામી મહારાજ પાસે સૌ માટે સમય હતો! અતિ વ્યસ્ત હોવા છતાં, જો પ્રમુખસ્વામી મહારાજ દરેક માટે સમય ફાળવી શકતા હોય, તો શું આપણે સંતાન માટે સમય ન ફાળવી શકીએ? જો આપણને ખ્યાલ હોય, કે મારું સંતાન મારું ભવિષ્ય છે, પ્રભુના પ્રસાદ સમા એ સંતાનના જીવનમાં સંસ્કારસિંચનની મારી મહત્ત્વની ફરજ છે, તો સમય ચોક્કસ ફાળવી શકીએ.

જેવી દૃષ્ટિ તેવો વિચાર

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

રવીન્દ્રનાથ ટાગોરની વિનંતીથી મહાત્મા ગાંધીજી શાંતિનિકેતન આવ્યા. બીજા દિવસે સવારે બંને બગીચામાં ફરવા નીકળ્યા. સવારનો સમય... પક્ષીઓનો મધુર કલરવ... સૂર્યના નાજુક કિરણો વાદળોની આરપાર થઈ ગુલાબની કોમળ કળીઓ પર બાજેલા ઝાકળ બિંદુઓને ચમકાવી રહ્યા હતા... દૃશ્ય ખરેખર આહ્લાદક હતું.

રવીન્દ્રનાથ અને ગાંધીજી બંને ફરતાં ફરતાં ગુલાબના છોડ પાસે આવી ઊભા રહ્યા. છોડ ઉપર રહેલા ગુલાબને જોઈ રવીન્દ્રનાથ બોલ્યા, 'આ ગુલાબની કળી પર પડતા સૂર્યકિરણોને જોઈ મને તો કવિતાની સ્ફુરણા થઈ જાય છે!'

ગાંધીજી ધારી-ધારીને ગુલાબને જ જોતા રહ્યા.

રવીન્દ્રનાથે પૂછ્યું, 'આ જોઈ તમને શું વિચાર આવે છે?'

ગાંધીજી બોલ્યા, 'હું તમારા જેવો કવિ તો નથી, પણ આ ગુલાબની કળી જોઈ મને વિચાર આવે છે કે, ભારત દેશનું એક-એક બાળક આ ગુલાબની કળીની જેમ ખીલીને ચોમેર સુવાસ પ્રસારિત કરે, તો કેવું સારું! પ્રત્યેક ગુલાબ ખીલે છે અને અંતે ખરે પણ છે, પણ મધ્યના સમયમાં ખૂશ્બુ પ્રદાન પણ કરે છે, તેથી જ ગુલાબના છોડની અને ગાર્ડનની મહત્તા છે. મારા દેશના પ્રત્યેક બાળકો સચ્ચરિત્રની સુવાસ પ્રદાન કરે, તો ભારત દેશ રૂપી બગીચો કેવો મઘમઘતો થઈ જાય!'

એક જ ગુલાબની કળી જોઈ બે ભિન્ન વ્યક્તિ કેવા ભિન્ન-ભિન્ન વિચાર કરી શકે છે!

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 20 ફેબ્રુઆરી, 2025 | મહા વદ સાતમ | વિક્રમ સંવત 2081 08

અકર્મણ્યતા ભગવાન શ્રીકૃષ્ણને સ્વીકાર્ય નથી

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



સેવા એટલે સ્નેહનું ક્રિયામાં રૂપાંતરણ, સ્તુતિ એટલે સ્નેહનું શબ્દમાં રૂપાંતરણ, શબ્દોમાં પ્રગટ થયેલો સ્નેહ સ્તવન છે. ક્રિયામાં પ્રગટ થયેલો પ્રેમ સેવા છે, સેવા એટલે પ્રભુ પ્રદત્ત સામર્થ્યનો સર્વ જન હિતાય સદ્દુપયોગ કરીએ તે. રાવણ પાસે સંપત્તિ હતી, સત્તા હતી, જબરદસ્ત બુદ્ધિ હતી, એની પાસે શક્તિ હતી, પણ એણે એનો દુરુપયોગ કર્યો. એટલે રાવણ પરમ વિદ્વાન હોવા છતાં રાક્ષસ કહેવાયો. જાણકારી માણસને રાક્ષસ બનાવી શકે છે. સામર્થ્ય પણ વ્યક્તિને અસુર કરી શકે છે. આવું બને છે અને એટલા માટે આપણી પાસે વિવેક હોવો જરૂરી છે.

વિવેક હશે તો કોઇ પણ પ્રકારના સામર્થ્યને તમે પ્રસાદ માનશો અને તેનો સર્વજન હિતાય સદ્દુપયોગ કરશો. તો જેની પાસે જે છે તેનાથી સેવા કરે. ભગવદ કાર્યમાં વિતાવેલી એક–એક ક્ષણ દુર્લભ છે. તેથી નીતિપૂર્વક સંપત્તિનું સર્જન કરો અને ભગવદ્ કાર્ય માટે એનું સમર્પણ કરો.

યશ, ભોગ અને નાશ આ ત્રણ ગતિ ધર્મની છે. કાં તો તમે એનો સદ્દુપયોગ કરીને યશ કમાવ, કાં તો તમે એનો ભોગ કરો, ભોગવો. પૈસો ખર્ચવો જોઇએ, એ ખર્ચાય અને રૂપિયો ફરતો થાય, તો ઇકોનોમીને કોઇ ને કોઇ રીતે ફાયદો થાય.

દેહમાં બ્લડ સર્ક્યુલેશન બરાબર ચાલવું જોઇએ અને દેશમાં મની સર્ક્યુલેશન બરાબર ચાલવું જોઇએ. બ્લડ સર્ક્યુલેશન બરાબર હશે, તો વ્યક્તિનું સ્વાસ્થ્ય જળવાશે. મની સર્ક્યુલેશનથી આર્થિક સ્વાસ્થ્ય જળવાય. રૂપિયો ફરતો રહેવો જોઇએ, લોહી ફરતું રહેવું જોઇએ, માણસ ફરતો રહેવો



'કર્મણ્યેવાધિકારસ્તે...' શ્લોકનો અર્થ સામાન્યતઃ લોકો એવો કરે છે કે તું કર્મ કરતો રહે. એનું ફળ નહીં માગવાનું

જોઇએ. 'ફરે તે ચરે, બાંધ્યું ભૂખ્યું મરે.' આ ચિંતકો, પ્રવચનકારો, વક્તાઓ થોડા વર્ષ બોલવાનું બંધ કરી દે. જુઓ! જે કૂવામાંથી કોઇ પાણી ભરીને લઇ જતું ન હોય તેની જેવી દશા થાય એવી એના મગજની દશા થઇ જશે, બંધિયાર થઇ જશે.

બંધિયાર કૂવાના પાણીમાં કેટલો કચરો આવે, ગંદકી આવે એવું થઇ જાય. થોડા દિવસ બોલવા ન મળે, થોડા દિવસ અવસર ન મળે. તો ગમે તે રીતે ચાહે બોલીને, ચાહે લખીને, શિલ્પકાર હોય તો પોતાની વિધાથી પણ એણે પોતાની જાતને વહેવા દેવાની છે. બહતે રહો, ચલતે રહો, 'ચરૈવેતિ, ચરૈવેતિ..' ઉપનિષદોનો પણ એ જ સંદેશ છે.

પાની બાઢે નાવ મેં, ઘર મેં બાઢે દામા
દોનો હાથ ઉલેચિયે યહી સજ્જન કા કામા

માણસ પણ ઘરમાં બેઠા બેઠા કોહવાઇ જાય. 'એન આઇડલ્સ માઇન્ડ ઇઝ ડેવિલ્સ હોમ.' એવું કહેવાય છે અંગ્રેજી ભાષામાં અને એનું સાવ તળપદી ભાષાંતર. 'નવરો બેઠો નખ્ખોદ વાળે.' પૈસો પણ પડ્યો રહેશે તો કોહવાઇ જશે. પડ્યા ન રહો. બસ, ભગવદ્ ગીતામાં પણ ભગવાન અકર્મણ્યતા પર આક્રોશ ઠાલવે છે. અકર્મણ્યતા શ્રીકૃષ્ણને બિલકુલ સ્વીકાર્ય નથી. કર્મ કરતાં રહો.

આભના થાંભલા રોજ ઊભા રહે, વાયુનો વીંઝણો રોજ વાયે, ઉદય અને અસ્તના દોરડા પર રોજ નટ બની વિરાજ મહાલે, ભાગતી ભાગતી પડી જતી પડી જતી રાત સૂર્યને હાથ ન આવે.

એમ કર્મવાદી બધાં કર્મ કરતાં રહે, એહને ઊંઘવું કેમ ફાવે? પ્રકૃતિના પ્રત્યેક તત્ત્વને તમે જુઓ તો સૌ પોતાપોતાના કર્મમાં લાગ્યા છે. અકર્મણ્યતા નહીં, શ્રીકૃષ્ણ કહે છે, 'માતે સંગોકર્મણી' કર્મના ફળમાં આસક્તિ ન હોવી જોઇએ, એમ કર્મ ન કરવામાં પણ તમારી રુચિ ન હોય, 'મારે કંઇ નથી કરવું.' એ પણ ખોટી વાત છે.

'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' આ શ્લોકનો અર્થ સામાન્ય રીતે લોકો એવો કરે છે કે તું કર્મ કરતો રહે. એનું ફળ નહીં માગવાનું. એવું નથી. તમે કર્મ કરો તો તમારા કર્મનું ફળ શા માટે ન ઇચ્છો? અને ઇચ્છો તો તેમાં કોઇ વાંધો નથી. નિષ્કામ કર્મ કરો તો બહુ સારું છે, પણ એક મજૂર, મજૂરી કરી તેનું મહેનતાણું માગે, તો તેને અધિકાર છે. એટલા માટે જ આપણાં શાસ્ત્રોમાં નિષ્કામ અને સકામ બંને પ્રકારના કર્મની વાત છે.

તમારું કર્મ સકામ પણ હોઇ શકે, તમારો યજ્ઞ સકામ પણ હોઇ શકે. ફેર એટલો છે કે નિષ્કામ કર્મમાં ક્યાંક કોઇથી ભૂલ થાય. નિષ્કામ કર્મ માણસ ક્યારે કરે? નકરો પ્રેમ હોય, બસ, એનાથી કદાચ ભૂલ થાય તો માણસ હસીને કહે, 'કાંઇ વાંધો નહીં.' નિષ્કામ ભક્તિમાં કંઇ વાંધો નથી, પણ જો સકામ કર્મ હોય તો સાવધાની રાખવી પડે. તમે જેને પગાર આપો છો અથવા જે પગારની અપેક્ષાથી તમારું કામ કરે છે તેની પાસેથી તમારી એક અપેક્ષા હોય, એ ભૂલ કરે તે ન ચાલે, એક વાર માફ કરો, બે વાર કરો વારંવાર ભૂલ કરે તો તમે એને નોકરીમાંથી કાઢી મૂકો.' તો કર્મ સકામ પણ હોઇ શકે, કર્મ નિષ્કામ પણ હોઇ શકે પણ તમે કર્મ કરો એનું ફળ તમને મળે.

'કર્મણિ એવતે અધિકારઃ' એનો અર્થ છે કર્મ કરવામાં તમારો અધિકાર છે. અહીં અધિકારનો અર્થ છે સ્વતંત્રતા. કર્મ કરવામાં તું સ્વતંત્ર છે, પણ યાદ રાખજે! કર્મ કરવામાં જ – કર્મણિ એવ તે અધિકારઃ – કર્મ કરવામાં જ તું સ્વતંત્ર છે – મા ફલેષુ – તેના ફળમાં નહીં.

મતલબ તું જેવાં કર્મ કરીશ તેનું તેવું ફળ તને મળશે અને એ તારે ભોગવવું પડશે. એના ફળમાં તું સ્વતંત્ર નથી. મેં વાવ્યો હોય બાજરો અને હું ઘઉંની અપેક્ષા રાખું તે કેમ ચાલે! જેણે જેવું કર્મ કર્યું હશે તેને તેનું એવું ફળ મળશે. માટે કર્મ કરતી વખતે તું સાવધાન રહે કારણ કે દરેક સ્વતંત્રતા સાથે જવાબદારી જોડાયેલી છે.

વરસાદ તો પડે જ છે, પણ મનપાત્રનું શું?

અમદાવાદના એક સુખી-સંપન્ન પરિવાર ઉપર અચાનક આભ તૂટી પડ્યું. બાપ-દાદાના સમયથી કમાયેલી મૂડી બેંકના જે લોકરમાં રાખવામાં આવી હતી, તે લોકરની ચાવી જ ગાયબ હતી! પરિવારે તિજોરીથી માંડીને માળિયા સુધી બધે જ તપાસ કરી. ત્યાં જ ઘરના ફોનની ઘંટડી રણકી. ઘરમાલિકે ફોન ઉપાડ્યો, સામેથી અવાજ આવ્યો, 'હલ્લો! હું બેંકમાંથી અક્ષય બારોટ વાત કરું છું...' અને ઘરમાલિકનું હૃદય ધબકારો ચૂકી ગયું.


તેણે પોતાના સૂકા ગળે ભયનો ઘૂંટડો ભર્યો, 'જી, સાહેબ!' 'અરે અંકલ! મને સાહેબ ન કહેશો, હું તો બેંકનું લોકર ડિપાર્ટમેન્ટ સંભાળતો સામાન્ય કર્મચારી છું. તમે હમણાં જ બેંકમાં આવી ને મને મળો.' અક્ષયની વાત સાંભળતાં જ ઘરમાલિક પહોંચ્યા બેંકમાં અને સીધા લોકર-રૂમના કાઉન્ટર પર જઈને ઓળખાણ આપી.

એ યુવાન ઊભો થયો અને ઘરમાલિકને સાથે લઈ તેમના લોકર પાસે પહોંચ્યો. અક્ષય કહે, 'સાહેબ! તમે સવારે અહીં સામાન મૂકવા આવ્યા હતા, ત્યારે ચાવી ભૂલી ગયા હશો. લોકરના દરવાજે ચાવી લટકતી જોઈને મેં તરત તમને ફોન કર્યો. તપાસ કરી લેજો લોકરમાં બધું હેમખેમ છે ને?' ચાવી જોઈને ઘરમાલિકના જીવમાં જીવ આવ્યો. તેમણે લોકરમાં તપાસ કરી. બધું યથાવત હતું. તેમણે આશ્ચર્ય અને પ્રશ્નાર્થથી અક્ષય સામે જોયું, ત્યારે અક્ષય બોલ્યો, 'સાહેબ! હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું, પ્રમુખસ્વામી મહારાજનો શિષ્ય છું. તેમની આજ્ઞાનુસાર પારકા ધનને મારે અડાય પણ નહીં.' ઘરમાલિક આ યુવકની સત્યનિષ્ઠા-પ્રામાણિકતા જોઈને આશ્ચર્યમુગ્ધ બની ગયા, આવી યુવા પેઢીના ઘડવૈયા સંતને તે વંદી રહ્યા.

સનાતન શાસ્ત્રોમાં જીવન-મૂલ્યોનું અમૂલ્ય જ્ઞાન છુપાયેલું તો છે જ, પરંતુ સાચા સંત તેને ઉજાગર કરીને વ્યક્તિ-વ્યક્તિના જીવન સુધી પહોંચાડે છે. જો કોઈની પાસેથી તમે અણહકનું

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



કશું ન લીધું, તો એ દાન આપ્યા બરાબર જ છે! અજાણી અને પારકી વસ્તુને હાથ ન લગાવવાની વાત જે સંસ્કૃતિમાં થતી હોય, ત્યાં કો'કનું છીનવી-લૂંટી લેવાનું બને જ ક્યાંથી? ભારતનો આ જ ભવ્ય વારસો છે! સનાતન-પરંપરાના આધુનિક આચારસંહિતા શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં શાસ્ત્ર-લેખક મહંત સ્વામી મહારાજે કહ્યું છે :

नैवाऽन्यस्वामिकं ग्राह्यं तदनुज्ञां विना स्वयम्।
पुष्पफलाद्यपि वस्तु सूक्ष्मचौर्यं तदुच्यते॥३२॥

અર્થાત્ 'પુષ્પ, ફળો જેવી વસ્તુ પણ તેના ધણીની પરવાનગી વગર ન લેવી. પરવાનગી વગર લેવું તે સૂક્ષ્મ ચોરી કહેવાય છે.' (સ.દી.32) અહીં તો પૂછ્યા વગર લેવું તેને પણ ચોરી જ કહેવામાં આવી! આપણું માનવ-મન કેવું છે? તેને જ્યાંથી 'શોર્ટકટ' મળતો હોય. અરે! 'શોર્ટકટ' નહીં, 'શોર્ટેસ્ટ કટ' મળતી હોય તે બાજુ જવા જ લલચાય. તેને તો મફતના પૈસા મેળવવા જ ગમે, પરંતુ પુષ્પ-ફળ જેવી સામાન્ય વસ્તુ પણ ચોરી ન કરવાનો શિષ્ટાચાર શીખવે છે – આપણાં મંદિરો!

1982-1983માં મુંબઈમાં સ્વામિનારાયણ મંદિરનું બાંધકામ ચાલી રહેલું. મંદિરના નિર્માણ માટે દાન સ્વરૂપે યુવકો પસ્તી ભેગી કરી રહેલા (પસ્તી વેચીને ભેગા થયેલા રૂપિયા મંદિર નિર્માણમાં વાપરી શકાય તે માટે). આ સેવામાં મનીષ નામનો કિશોર પણ જોડાયેલો.

એક ઘરેથી પસ્તીની થપ્પી લાવ્યા પછી તેને ગોઠવતા સમયે પસ્તી વચ્ચેથી તેને 40,000 રૂપિયા લાધ્યા. આટલી મોટી રકમ જોઈને કોઈનું પણ મન લલચાઈ જાય. પરંતુ મનીષના મન-હૃદયમાં પ્રામાણિકતાના સંસ્કાર સિંચાયેલા. તેણે જે જગ્યાએથી પસ્તી મેળવી હતી તે ઘરે જઈને માલિકના હાથમાં આ રકમ સોંપી દીધી! માલિક તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. આવા પ્રામાણિક નાગરિકો ત્યારે જ મળે, જ્યારે વિચારોમાંથી ચૌર્યવૃત્તિનું બાષ્પીભવન થઈ ગયું હોય.

આપણા શાસ્ત્રોમાં 'सत्यं वद – સાચું બોલો' 'धर्मं चर – ધર્મનું આચરણ કરો' વગેરે વિભાવનાઓ કહેવા-લખવામાં આવી જ છે; તે વિભાવનાઓને આપણે સાંભળતાં-સમજતાં આવ્યા છીએ. જરૂર છે – તે વિચારો-વિભાવનાઓને આચરણમાં મૂકવાની. આપણી સંસ્કૃતિમાં, આપણી આસપાસ સદ્દગુણો અને સદવિચારોનો વરસાદ તો પડી જ રહ્યો છે. આપણા મનરૂપી પાત્રમાં એ વરસાદને ઝીલીને જીવન સદાચારી બનાવવાનું આપણા હાથમાં છે.

મોબાઈલ ક્યારે અપાય?

હમણાં એક સત્ય ઘટના સાંભળી. એક દંપતીનો એકનો એક દીકરો. દંપતી નાનપણથી જ આર્થિક વિકટ પરિસ્થિતિમાં પસાર થયેલું. હવે તેઓ સુખી થયાં. ધાર્યા કરતા ઘણી સંપત્તિ મળી. તેમની એક જ ઈચ્છા કે, જે સુખ-સગવડ અમારાં માતા-પિતા તરફથી અમને નથી મળી, એ સુખ-સગવડ એકના એક બાળકને આપવી.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

આ ભાવનાથી બાળપણથી બાળકે જે માંગ્યું, તે તેને આપતાં રહ્યાં. તેઓ માનતાં હતાં કે, અમારાં માતા-પિતાએ જે ઉદારતા નથી રાખી, તે અમારે દીકરા માટે રાખવી જ છે. તેમને ખ્યાલ નહોતો કે આ ઉદારતા નહીં, પણ મોટી મૂર્ખતા છે...!

દીકરો 14 વર્ષનો થયો. હવે તે કોઈના પણ નિયંત્રણમાં રહેતો જ ન હતો. બહુ સમજાવ્યો, પણ એ નફ્ફટ થઈ ગયો હતો.

એક દિવસ માતાને ખ્યાલ આવ્યો કે દીકરો મોબાઇલમાં ન જોવા જેવા દૃશ્યો જુએ છે, તો ક્રોધિત થઈ તેની પાસેથી મોબાઇલ લઇ લીધો.

બસ, મોબાઈલ હાથમાંથી ગયો, એવો દીકરો ગાંડો થયો. મુક્કા મારી બારીના કાચ તોડી નાખ્યા, બેટથી ટીવી તોડી નાખ્યું. પછી દોડતો રસોડામાં ગયો અને મમ્મીને મારી નાખવા છરી લઈને આવ્યો. જોકે માતાએ બૂમાબૂમ કરતાં પાડોશીઓ આવી ગયા અને માતા બચી ગઈ.

નાના બાળકોને પરિપક્વતા પૂર્વે મોબાઇલ અપાય, તો કેવું દુષ્પરિણામ સર્જાય, તે આપણે જ સમજવા જેવું છે.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 27 ફેબ્રુઆરી, 2025 | મહા વદ ચૌદશ | વિક્રમ સંવત 2081

આંતરિક વિકારો દૂર કરવા ગુરુજનની આવશ્યકતા છે

સત્કર્મમાં જેની નિષ્ઠા હોય, અનેક વિઘ્નો આવે, લોકો અનેક નડે છતાં સત્કર્મ નિષ્ઠાથી કરતાં હોય તેની સાથે ભગવાન હોય

જીવનમાં એક માણસ એવો રાખજો. જે તમને કડવું સત્ય કહેવાનો અધિકાર ધરાવતો હોય. તમારું કલ્યાણ થશે. શ્રીકૃષ્ણે પણ પોતાના જીવનમાં એવા કેટલાક માણસો રાખ્યા હતા. તમારા ભલા માટે પ્રેમથી ઠપકો આપી શકે એવો કોઈક માણસ હોવો જોઈએ.

જ્યારે અસુરો ઉપદ્રવ કરે છે, ત્યારે પહેલો ઘા યજ્ઞ પર કરે. યજ્ઞ બંધ કરાવે એટલે દેવતાઓ ભૂખ્યા રહે. એક-એક કથાઓ પુરાણોમાં એવી છે કે દેવો અને દાનવોએ જ્યારે સમુદ્રમંથન કર્યું અને અમૃત નીકળ્યું. ભગવાને એ અમૃત દેવોને પાઈ દીધું, દૈત્યોને છેતર્યા, મોહિની રૂપ લીધું. દૈત્યોને અમૃત ન મળ્યું. દેવતાઓ અમૃત પીને અમર થઈ ગયા. હારે, પણ મરે નહીં. દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી.

દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા એટલે મરેલા દૈત્યોને પાછા જીવતા કર્યા અને દેવતાઓ અમૃત પી ગયા એટલે કોઈ દિવસ મરે નહીં, નબળા પડી ગયા, સાવ હાલી ન શકે તેવા થઈ ગયા, પણ મરે નહીં કારણ કે અમૃત પી ગયા એટલે અમર છે. એનો મતબલ માણસની અંદરની સારપ ક્યારેક નબળી પડી જાય, પણ સાવ મરતી નથી. પરાસ્ત થાય, કમજોર હો સકતી હૈ, વહ અચ્છાઈ પરાસ્ત હો સકતી હૈ, લેકિન સમાપ્ત નહીં હો સકતી. બીજી બાબત દુર્ગુણો એટલે કે દૈત્યો યુદ્ધમાં મરી જાય છે. એમણે તો અમૃત પીધું નથી. કેટલીય એવી કથાઓ છે કે દેવતા અને દાનવોના યુદ્ધમાં દેવતાઓએ દાનવોને ખતમ કરી નાખ્યા. રામે રાવણને માર્યો.

પાછા જીવતા થશે તો? ના, એનો ગુરુ બેઠો છે, જેની પાસે સંજીવની વિદ્યા છે. આપણે પણ નિરાંતે બેસવાનું નથી, આપણી અંદરના દુર્ગુણો ખતમ થાય, મરી જાય એટલે નિરાંત કરી સૂઈ જવાનું નથી. એનાય ગુરુ પાસે સંજીવની વિદ્યા છે. એ પાછા સંજીવની વિદ્યાથી એને જીવતા કરે.


આપણને થાય કે આપણો અહંકાર મરી ગયો, પણ ના, કેટલીક ઘટનાઓ એવી ઘટે કે આપણો અહંકાર મરી ગયો હોય તેવું લાગે, પણ તે પાછો જીવતો થાય છે. આપણને થાય કે આપણી અંદરના વિકારો, કામવાસના મરી ગઈ. કેમ? ઉપવાસ કર્યા એથી કામવાસના મરી ગઈ, પણ ના, એ પાછી જીવતી થશે. થોડુંક ખાવાનું ચાલુ કરો અને શરીરમાં તાકાત આવે એટલે પાછી કામવાસના જાગ્રત થશે. આ વાતને ભગવાને ગીતામાં બહુ સરસ રીતે વર્ણવી છે.

વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ।
રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે॥

જો નિરાહાર રહતા હૈ ઉસકી વિષય-વાસના નિકલ જાતી હૈ, લેકિન વિષયોં મેં જો રસ હૈ, રુચિ હૈ, વહ સમાપ્ત નહીં હોતી. 'પરં દૈવા નિવર્તતે 'બસ, આ તો દૃષ્ટાંત છે. એ જ રીતે જે નિરાહાર રહે તેના વિષયો જતા રહે છે, પણ વિષયો પ્રત્યેની જે આસક્તિ છે તે નથી જતી. એ તો પરમનો સાક્ષાત્કાર થાય. કોઈક મોટો રસ હાથમાં આવે, બ્રહ્માનંદ જેના જીવનમાં આવે તેને વિષયાનંદ તુચ્છ લાગે. મોટી વસ્તુ હાથમાં આવે એટલે નાની વસ્તુ છૂટી જાય. બ્રહ્માનંદ હાથ લાગ્યો તેનો વિષયાનંદ જતો રહે.



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



કહેવાનો અર્થ એ છે કે દેવતાઓ એટલે કે જે સદ્ગુણો છે તે અમર છે, મરતા નથી. માણસની અંદરની સારપ સમાપ્ત થતી નથી, એ કમજોર થઈ શકે, પરાસ્ત થઈ શકે પણ સમાપ્ત ન થઈ શકે, કારણ કે એ અમર છે. માણસની અંદરના દુર્ગુણો સમાપ્ત થઈ શકે છે અને સમાપ્ત થઈ જાય તો નિરાંતે બેસવાનું નથી, કારણ કે એ પાછા જીવતાં પણ થઈ શકે છે! આ કથા છે.

એટલે આ બધા રાક્ષસો જ્યારે પેદા થાય અને એનું કામ ચાલુ કરે એટલે પહેલું કામ શું કરે? યજ્ઞ બંધ કરાવો. સત્કર્મ બંધ કરાવો. જે સત્કર્મ કરે તેને ત્રાસ આપો. જે સારા કામ કરતો હોય તેને નડો. તેના હવનમાં હાડકાં નાખો. વિશ્વામિત્ર યજ્ઞ કરતા હતા અને એમના હવનમાં હાડકાં નાખી યજ્ઞને અભડાવનારા પેલા રાક્ષસો યજ્ઞ પૂરો નહોતો કરવા દેતા. પછી વિશ્વામિત્ર રામ પાસે ગયા.

આવા જે યજ્ઞ કરતા હોય, સત્કર્મમાં જેની નિષ્ઠા હોય, આટઆટલા વિઘ્નો આવે, લોકો આટઆટલા નડે છતાં સત્કર્મ નિષ્ઠાથી કરતાં હોય તેની સાથે ભગવાન હોય. રામ-લક્ષ્મણ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરવા જાય છે. આ યજ્ઞ બહુ મહત્ત્વનો છે. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે, 'અર્જુન! કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ છે કારણ કે કર્મ વગર તારા જીવનનો નિર્વાહ નહીં થાય, તારા શરીરની યાત્રા નહીં ચાલે એટલા માટે જનક જેવા જ્ઞાનીઓ પણ કર્મ કરતા રહ્યા છે.'

કર્મમાં જ તારો અધિકાર છે. એના ફળમાં નહીં, અહીં અધિકાર શબ્દનો અર્થ લેવાનો છે, સ્વતંત્રતા. કર્મમાં તારો અધિકાર છે મતલબ કર્મ કરવામાં તું સ્વતંત્ર છે, પણ યાદ રાખજે, કર્મ કરવામાં જ તું સ્વતંત્ર છે તેના ફળમાં નહીં. મતલબ તું જેવા કર્મ કરીશ તેનું તેવું ફળ તને મળશે અને એ ભોગવવા માટે તું બંધાયેલો છે, કારણ કે તારાં કર્મની જવાબદારી તારી પોતાની છે. વહાલા! આપણા સુખ અને દુઃખનો કોઈ દાતા નથી. એના નિર્માતા આપણે પોતે છીએ. આપણા જ કર્મથી આપણે સુખી કે દુઃખી છીએ.

ભારતીય સંસ્કૃતિમાં અવતારો સજોડે કેમ સ્થપાય છે?

ભારતીય સનાતન પરંપરામાં ભગવાનના વિભૂતિ સ્વરૂપોની સ્થાપના જ્યાં-જ્યાં કરવામાં આવે છે, ત્યાં મહદ્‌અંશે જોયું હશે કે અવતારોની સ્થાપના યુગલ-સ્વરૂપે કરવામાં આવે છે. શ્રીરામનું મંદિર હોય તો ત્યાં સીતા-રામનું યુગલ-સ્વરૂપ હોય; શ્રીકૃષ્ણનું મંદિર હોય તો ત્યાં રાધા-કૃષ્ણનું યુગલ-સ્વરૂપ હોય; ક્યાંક લક્ષ્મી-નારાયણ ભગવાન, ક્યાંક શિવ-પાર્વતી, તો ક્યારેક વિઠ્ઠલ-રૂક્માઈના વિભૂતિ સ્વરૂપો પધરાવવામાં આવે છે. આ તમામ સ્થાનોએ આપણે દર્શન કર્યા હશે, પ્રાર્થનાઓ પણ કરી હશે અને ક્યાંક આપણી પ્રાર્થના-માનતાઓ ફળી પણ હશે, પણ શું ક્યારેય એ પ્રશ્ન થયો છે કે હિન્દુ સંસ્કૃતિમાં હંમેશાં વિભૂતિ સ્વરૂપોને સજોડે જ કેમ સ્થાપવામાં આવે છે?

એનું કારણ એ છે કે જે યુગલ-સ્વરૂપો પધારાવ્યાં હોય, એ બેની વચ્ચે ભક્ત અને ભગવાનનો સંબંધ હોય છે. પાર્વતીજી ભક્ત અને શિવજી ભગવાન; સીતાજી ભક્ત અને શ્રીરામ ભગવાન; રાધિકાજી ભક્ત અને શ્રીકૃષ્ણ ભગવાન. વિશેષતા એ છે કે ઉપરોક્ત તમામ ભક્તો માત્ર ભક્તો જ નહીં, પરંતુ જે-તે વિભૂતિ સ્વરૂપોના આદર્શ ઉપાસકો હતા.

ભારતીય સનાતન પરંપરાનો આ જ સિદ્ધાંત છે - સ્વામિનારાયણ સંપ્રદાયમાં. સ્વામિનારાયણ મંદિરોમાં પણ સ્વામી અને નારાયણ કહેતાં અક્ષર અને પુરુષોત્તમની યુગલમૂર્તિઓ પધરાવવામાં આવતી હોય છે. અક્ષર એ ભક્ત અને પુરુષોત્તમ એ ભગવાન. સ્વામિનારાયણના ઉપાસકો હોય તે



જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



એવી વિભાવના કરે કે 'મારે સ્વામીરૂપ, અક્ષરરૂપ, બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવાની છે.'

પરમ શાંતિ અને પરમ સુખના માર્ગે ચાલનારા માટે પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક ઉત્તરાધિકારી અને વર્તમાન પ્રમુખ મહંત સ્વામી મહારાજે સ્વહસ્તે આધુનિક સમયના આચાર-શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'ની રચના કરી છે. ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર એવા મહંત સ્વામી મહારાજ સ્વયં આ શાસ્ત્રના પહેલા જ શ્લોકમાં 'સ્વામિનારાયણ' શબ્દનો અર્થ ઉપરોક્ત સનાતન સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને સમજાવે છે:

स्वामिनारायणः साक्षाद् अक्षरपुरुषोत्तमः। सर्वेभ्यः परमां शान्तिम् आनन्दं सुखमर्पयेत्॥१॥

'સ્વામિનારાયણ ભગવાન એટલે કે સાક્ષાત અક્ષરપુરુષોત્તમ મહારાજ, સર્વને પરમ શાંતિ આનંદ અને સુખ અર્પે.' (સ.દી. 1)

પહેલાં બે ચરણમાં જ તેઓ જણાવે છે કે 'સ્વામિનારાયણ ભગવાન એટલે કે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ'. બીજી એક મહત્ત્વની બાબત આ શાસ્ત્રના પહેલા જ શ્લોકમાં દૃશ્યમાન થાય છે - પ્રાર્થના. મહંત સ્વામી મહારાજે શાસ્ત્રનો પ્રારંભ જ સર્વહિતકારી પ્રાર્થનાથી કર્યો છે: '... સર્વને પરમ શાંતિ, આનંદ અને સુખ અર્પે' કેટલી વિશાળ, ઉદાત્ત પ્રાર્થના!

આપણે કોઈ કાર્યનો પ્રારંભ ભગવાનને પ્રાર્થના કરીને કરીએ, ત્યારે સમજી લો કે, 'આપણે સ્વયં ભગવાનને આપણી સાથે આ કાર્યમાં જોડાવાનું આમંત્રણ આપીએ છીએ.'

કોઈ પણ કાર્ય સફળતાથી પાર પાડવા બુદ્ધિબળ, શરીરબળ અને મનોબળની જરૂર પડે. શરીરબળ કે બુદ્ધિબળ તો આપણે એકત્રિત કરી શકીએ, પણ કાર્યમાં વિઘ્નો આવે ત્યારે ઘણા મનોબળ ખોઈ બેસે છે. એવા સમયે વ્યક્તિને વિશ્વાસ હોય કે 'ભગવાન મારી સાથે છે, એમના બળથી આ કાર્ય પાર પડવાનું છે.' તો ક્યારેય મનોબળ હારવાનો વખત આવતો નથી.

સત્સંગદીક્ષા શાસ્ત્રના પ્રથમ શ્લોકમાંથી પ્રેરણા લઈને આપણે પણ પ્રત્યેક સુકાર્ય માર્ગે પ્રાર્થના સાથે પ્રશસ્ત થઈએ.

ખેડૂતનો દૃષ્ટિકોણ

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

એક ખેડૂત પોતાનાં ખેતરમાં માત્ર મકાઈનો પાક લણતો. એની મકાઈ એટલી સારી હતી કે કૃષિ મેળાવડામાં પ્રતિવર્ષ સારો પાક લણવા માટે તેને સર્વપ્રથમ નંબર અપાતો. આનાથી તેને ઇનામ પણ સારું મળતું.

ખેડૂતનો સ્વભાવ ખૂબ ઉદાર હતો. તેના આસપાસના ખેડૂતો તેનું બિયારણ માંગતા અને તે ઉદારતાથી આપતો. પોતાની પાસે વધુ હોય, તો દૂરનાને પણ આપતો. જોકે પાડોશીઓને તો તે ના ન જ કહેતો.

ફરી વાર્ષિક કૃષિ મેળાવડામાં તેને જ ઇનામ મળ્યું, તો અનેક રિપોર્ટરોએ તેનો ઇન્ટરવ્યૂ લીધો. સૌનો પ્રશ્ન એ જ હતો કે, 'તમે તમારું શ્રેષ્ઠ બિયારણ તમારા પાડોશી ખેડૂતોને પણ છૂટથી કેમ આપો છો? આમાં તમારા પ્રતિસ્પર્ધી ઊભા થશે, એવું નથી લાગતું? આ હૃદયની ઉદારતા વિના શક્ય જ નથી.'

ખેડૂતે ઉત્તર આપ્યો, 'તમને આમાં મારી ઉદારતા દેખાય છે. ખરેખર આમાં મારી ઉદારતા નથી, પણ મારો અંગત સ્વાર્થ જ છે. પવનનાં કારણે આજુબાજુનાં ખેતરોમાંથી પરાગરજ ઊડીને મારાં ખેતરમાં આવવાની જ છે, એને તો કોઈ અટકાવી શકવાનું નથી. હવે સમજો, જો એમનું બિયારણ હલકી કક્ષાનું હશે, તો મારો પાક પણ નબળો થશે. તેથી તેમનું હું ભલું કરું છું. તે સાથે મારું ભલું પણ સ્વયંભૂ થઈ જાય છે!'

જીવનનાં નાનાં-મોટાં ક્ષેત્રમાં આપણે બીજાને મદદરૂપ થઈએ છીએ, ત્યારે ખરેખર તો આપણે આપણને પોતાને જ મદદરૂપ થતાં હોઈએ છીએ.

મનને મિત્ર બનાવો

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



માનવી શબ્દ બહુ મહત્ત્વનો છે. મન છે, તે માનવી. વિચારવાન, વિવેકવાન. મન જ બંધન અને મોક્ષનું કારણ છે. માનવ નામના પ્રાણીએ જીવનને વિસંવાદી કરીને, પ્રકૃતિને પણ વિક્ષિપ્ત કરી દીધી છે. આ માટે જરૂરી છે, પ્રેમ. આજે સમાજમાં સાચો પ્રેમ ખૂટી રહ્યો છે. મનથી સૌને પોતાના માનો. ભગવાનમાં મન લાગી ગયું તો સર્વત્ર પ્રેમપૂર્ણ દૃષ્ટિ અને સમભાવ જન્મશે.

તેનાથી વિરુદ્ધ જે વ્યક્તિમાં તમને દોષ દેખાશે, તેનાથી વૈરાગ્ય થશે. એટલા માટે શરીરના અને સંસારના દોષ પ્રગટ કરવામાં આવ્યા છે. એ દોષ દ્વારા શરીર કે સંસારની નિંદા કરવાનો આશય નથી, પણ આપણી આસક્તિ મટે એ આશય છે. આપણને વૈરાગ્ય થાય.

સુર નર મુનિ વર સબ કી યહ રીતિ,
સ્વાર્થ લાગી કરે સબ પ્રીતિ

સુર, નર, મુનિ સબ કી યહી રીતિ. સ્વારથ લાગી કરે સબ પ્રીતિ. બધા સ્વાર્થનાં સગાં છે આવું કહેવામાં સામેવાળામાં આપણને આસક્તિ ન રહે એ ભાવ છે, પણ એનું રીએક્શન થાય, તો સામેવાળામાં આપણને દ્વેષ થાય. રાગ કરતાં દ્વેષ આવે. રાગ મટી જાય એ હેતુ છે. આદિ શંકરાચાર્ય કહે છે. 'પૈસા ચલા ગયા, સંપત્તિ ચલી ગઈ, ફિર કૈસા પરિવાર?' માણસ રીટાયર થાય પછી પરિવારવાળાનો તેના પ્રત્યેનું વલણ બદલાઇ જાય. પહેલાં તો કામે જવાનું હોય. તો સમયસર એની થાળી પીરસાઈ જતી હોય! પછી તે કહે કે હવે જમવાની કેટલી વાર? તો કહે તમારે ક્યાં ક્યાંય જવાનું છે? બેસો ને મૂંગા થોડી વાર! અમારે બીજા કામ હોઈ કે નહીં? પતિ કમાતો હોય, ત્યારે ઓફિસથી સાંજે ઘરે આવે ત્યારે ધરતી ધમધમતી હોય! પત્ની બહાર હોય. તો પાછી આવી જાય અને માગ્યા વગર પાણીનો ગ્લાસ મળી જાય. રીટાયર્ડ થયા પછી પતિ બહારથી આવે તો કોથળા થઈને આવો, ઘરમાં આવો તો આજુબાજુમાં કોઈ હોય નહીં. છોકરાને પૂછે કે તમારી મમ્મી કયાં ગઈ? તો કહે પાડોશમાં ગયા. બોલાવવા મોકલો તો એ બબડતી આવે કે તમને તો અમારું સુખ પણ સહન થતું નથી. અમે બાજુમાં ગયાં નથી અને તમે બોલાવવા મોકલ્યા નથી. પછી ત્રણ વાર પાણી માગે તો ઢોળાતું ઢોળાતું આવે. પૈસા ગયા પછી પરિવાર શાનો અને તત્ત્વનું જ્ઞાન થયું પછી સંસાર શાનો? ફિર સંસાર નહીં રહતા, ફિર તો બ્રહ્મ હી રહતા હૈ. તો દોષદષ્ટિપૂર્વક વૈરાગ્ય થાય.



મનને ભગવાનમાં લગાડવાની કોશિશ કરો અને ન લાગે તો પણ ચિંતા ન કરો, આ નિમિત્તે પાંચ-દશ મિનિટ પલાંઠી વાળી, આંખ બંધ કરી બેસો

રુચિ ન રહે, તમને તાવ આવે ત્યારે ખીર ભલે બને, પણ તેમાં રુચિ ન રહે. તમને જેમાં રુચિ નથી, એ વસ્તુનો તમે ત્યાગ કરશો. કેટલાકને સંસારમાં રુચિ નથી તેથી સંસારથી વૈરાગ્ય થયો છે અને ભગવાનમાં જેને પ્રીતિ થઇ એને સંસારથી વિરક્તિ થઈ. ગોપીઓને ભગવાનમાં પ્રેમ થયો તેથી સંસારથી વિરક્તિ થઈ. આ વૈરાગ્ય હશે તો મન સંસારમાં ભટકતું અટકશે અને પછી અભ્યાસ દ્વારા એ ભગવાનમાં લાગશે અને લાગેલું રહેશે. થોડી વાર સંસારની અને શરીરની અનિત્યતાનો વિચાર કરવો. મન ભટકતું બંધ થાય એ માટે મનને ભગવાનમાં લગાડો.

બે સંતો મળ્યા એટલે એક સંત કહે કે, 'મન સોયની અણી ઉપર રાઈનો દાણો જેટલી વાર ટકે એટલી વાર પણ ભગવાનને છોડીને જાય તો પાપ લાગે.' બીજો સંત કહે, 'બાપજી, આટલી કઠણ વાત કરી દીધી! બહુ મોટી વાત કરી દીધી.' એણે એમ કહ્યું કે, 'રાઈનો દાણો જેટલી વાર સોયની અણી ઉપર ટકી જાય, એટલી વાર જો મન ભગવાનમાં લાગી જાય તો બધા પાપ મટી જાય.' મનને ભગવાનમાં લગાડવાની કોશિશ કરો અને ન લાગે તો પણ ચિંતા ન કરો, આ નિમિત્તે પાંચ-દશ મિનિટ પલાંઠી વાળી, આંખ બંધ કરી બેસો. મન ભગવાનમાં નહીં લાગે તો એને ચોરી કરવાની આદત છે, તમારાથી મન નહીં લાગે, તો એ ચોરી કરીને લઈ જશે.

ભગવાન મન-મોહન છે, ચિત્તચોર છે. ક્યારેક તેઓ જ કૃપા કરીને, મનની ચોરી કરીને એ લઈ જશે. તમે પ્રયત્ન તો કરો. મનની સાથે બહુ લડશો નહીં, મન મિત્ર છે, એને મિત્ર બનાવો, શત્રુ નહીં. એને પ્રેમથી સમજાવો. વિચારો અમને બહુ હેરાન કરે છે. જ્યારે અમે ભજન કરીએ, ધ્યાન કરીએ. વિચારો એટલા માટે હેરાન કરે છે કેમ કે વિચારોમાં આપણે ઈન્વોલ્વ થઈએ છીએ. આવતાં-જતાં વિચારો સારા હોય કે ખરાબ - માથાકૂટ મૂકો. તમે માત્ર દષ્ટા બનીને જોયા કરશો તો મજા આવશે! પછી તમે જોશો કે મન સ્વયં સાફ હો ગયા. એટલા માટે સાક્ષીભાવ કેળવવાની વાત છે.


જેનો જેટલો વિશેષ વૈરાગ્ય તે શ્રીમદ્ ભાગવતમાં વિશેષ અધિકારી. શાપ થયો અને રાજા પરીક્ષિતને વૈરાગ્ય થયો. આ શાપ, શાપ નથી વરદાન છે. રાજા પરીક્ષિતે ભગવદ્ કથા માટે થઈને બધું જ છોડ્યું અને પછી શુકદેવજીએ દ્વિતીય સ્કંધથી કથાનો આરંભ કર્યો. અધિકારી શિષ્યને અધિકારી ગુરુ આપોઆપ મળે છે. તેને શોધવા જવા પડતા નથી. અધિકારી શિષ્ય થવાનું છે. શુકદેવજીને બોલાવવામાં નથી આવ્યા. કથા માટે વિનંતી કરવામાં નથી આવી. રાજા પરીક્ષિત અધિકારી શિષ્ય બન્યા. તેમનામાં મુમુક્ષુ ભાવ જાગ્યો અને શુકદેવજી અચાનક ત્યાં પ્રગટ થયા.

આપણામાં જ્યારે મુમુક્ષુ ભાવ આવે, ત્યારે અધિકારી સદ્ગુરુ આ જ રીતે આપણા જીવનમાં પ્રગટ થઈ જતા હોય છે. ભગવાન મોકલી આપે. અરે! ભગવાન શું મોકલી આપે? ભગવાન ખુદ જ આવી જાય! ભગવાન હી ગુરુ હૈ ઔર ગુરુ હી ભગવાન હૈ.

મન ભગવાનને અર્પણ કરી દો. તેને મિત્ર બનાવી દો, તમારું જીવન પ્રેમપૂર્ણ બની જશે.

જેને પુરવાર કરવા વૈજ્ઞાનિકો હજુ મથી રહ્યા છે

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ઊઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી; તેને રે દેખીને ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી...

પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનના પરમહંસ, ગુજરાતી સાહિત્યમાં અજોડ યોગદાન આપનાર, વૈરાગ્યમૂર્તિ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લિખિત ઉપદેશ પદની આ પંક્તિની પાછળ સુંદર કથા છુપાયેલી છે. ઘણા સમય પહેલાં આરબ દેશમાં બાજંદ નામે રાજા થઈ ગયો. કહેવાય છે કે, તેના પિતા એના માટે અઢળક સંપત્તિ છોડી ગયા હતા. તે મોટો અને સમૃદ્ધ રાજા હતો.

એક વાર તે લશ્કર સહિત અરબસ્તાનના રણપ્રદેશોમાંથી પસાર થતો હતો. અચાનક તેનું લશ્કર ચાલતું અટકી ગયું. બાજંદે તપાસ કરાવી, ત્યારે એને કહેવામાં આવ્યું કે 'ઊંટ મર ગયા હૈ!' બાજંદને આશ્ચર્ય થયું, 'યહ મરના ક્યા હોતા હૈ?' તે મરી ગયેલા ઊંટ પાસે આવ્યો; ઊંટને જગાડવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ ઊંટ ઊઠે જ નહીં.

કોઈકે કહ્યું : 'ઊંટ નહીં ઊઠેગા, વહ મર ગયા હૈ...' બાજંદે આશ્ચર્યથી પૂછ્યું : 'ઊંટ કે પાંવ હૈ, ગરદન હૈ, પીઠ હૈ, પૂંછ હૈ, ઊંટ કા સર હૈ; ઈસ મેં મર ક્યા ગયા હૈ?' ત્યારે કોઈક અનુભવીએ રાજાને જવાબ આપ્યો : 'સાહબ! ઊંટ કા શરીર તો હૈ, પર રૂહ નિકલ ગઈ હૈ!' બાજંદને ફરી આશ્ચર્ય થયું, 'અરે ભાઈ! યહ રૂહ ક્યા હોતી હૈ?' ફરી એને જવાબ મળ્યો, 'હમારે શરીર કે અંદર આત્મા હોતી હૈ, જિસકે કારણ હમારા શરીર ચલતા હૈ. અગર આત્મા નિકલ ગઈ તો કામ તમામ... બાજંદજી! પૂરી દુનિયા મેં જો ભી સાંસ લે રહા હૈ, એક ન એક દિન ઉસકા યહ હાલ હોના તય હૈ.'

રાજા બાજંદને ચાનક ચડી ગઈ. રાજ-પાટ, સુખ-સાહ્યબીનો ત્યાગ કરીને રાજા બાજંદ ભગવાનની ભક્તિ કરવા ફકીર બની ગયો!

કેટલી મોટી વાત છે! બાજંદે દોમ-દોમ સાહ્યબીને પળવારમાં છોડી પ્રભુભક્તિ માટે!!! દર વખતે આવો ત્યાગ અને વૈરાગ્ય આપણા જેવાથી કદાચ ન પણ થઈ શકે, પરંતુ જે વિચારથી રાજા બાજંદ નીકળી પડ્યો, એ વિચાર પામવા જેવો તો ખરો!

આખી દુનિયામાં પળે-પળે અને સ્થળે-સ્થળે રોજ અનુભવાય છે, છતાં દેખાતી નથી, એવી આ વાત છે! તો પણ જેને પુરવાર કરવા વૈજ્ઞાનિકો હજુ પણ મથી રહ્યા છે, એવી આ વાત છે! જો એક વાર સમજાઈ જાય, તો મનુષ્ય જન્મનો અને મનુષ્ય દેહનો હેતુ શું છે, એની આપણને ખબર પડી જાય, એવી આ વાત છે!

મહંતસ્વામી મહારાજ શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં લખે છે :

देहोऽयं साधनं मुक्तेर्न भोगमात्रसाधनम्।
दुर्लभो नश्वरश्चाऽयं वारंवारं न लभ्यते॥२॥

'આ દેહ મુક્તિનું સાધન છે, કેવળ ભોગનું સાધન નથી. દુર્લભ અને નાશવંત એવો આ દેહ વારંવાર મળતો નથી.' (સ.દી.2)

કોઈ કહેશે કે, 'મનુષ્ય પાસે બુદ્ધિ છે.' બરાબર. માણસ બુદ્ધિથી પોતાની સુખ-સગવડનો વિકાસ કરે છે; પણ શું એ બધું ઊભું કરીને, એ જન્મ-મરણના ચક્રમાંથી છૂટવાનો છે? એક જિંદગી પૂરી થઈ, એટલે ફરી જ્યાંથી શરૂઆત કરી હતી, ત્યાંથી એકડા ગણવાના, ફરી દુનિયાના કાવા-દાવા શીખવાના, પાછી એવી જિંદગી જીવવાની. 'આપણો દેહ જડ છે અને દેહને ચલાવનારો આત્મા/જીવ દેહથી જુદો છે.' એવું પરમ સત્ય આપણા ભારતીય શાસ્ત્રોમાં આજથી હજારો વર્ષો પૂર્વે લખાઈ ગયું છે! આજથી 5000 વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં તો કહી જ દીધું છે :

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति
नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि
देही॥२-२२॥

જેમ વ્યક્તિ નવાં વસ્ત્રો પહેરે છે, જૂનાંને છોડી દે છે, તેવી જ રીતે આત્મા જૂના અને નકામા ભૌતિક દેહને છોડીને, નવા ભૌતિક શરીરને સ્વીકારે છે. (ગી.2/22) આપણને જે મનુષ્ય દેહ મળે છે, તે વારંવાર આ રીતે વિવિધ શરીરો ધારણ કરવાના ચક્રમાંથી છૂટવા માટે મળે છે! આપણને મળેલો મનુષ્ય દેહ ભગવાનની ભક્તિ કરવા, મુક્તિ પામવા માટેનું ઉત્તમ સાધન છે.

માતા પાસેથી મળ્યો જોશ!

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

ઈ.સ. 1780માં અંગ્રેજો સાથે હૈદર અલીએ મા ભોમની રક્ષા માટે યુદ્ધ કર્યું. જોકે અંગ્રેજો પાસે આધુનિક શસ્ત્રો અને વિશાળ સેના હોવાનાં કારણે હૈદરની સેનાનો પરાજય લગભગ થવા આવ્યો. આ જોઈ અંગ્રેજોએ તોપના ગોળા ચલાવ્યા, એટલે હૈદર માનસિક રીતે વધુ હતાશ થયો.

હૈદરનાં સો વર્ષનાં માતાને સમાચાર મળ્યા કે હવે તેનું સૈન્ય લાંબુ ટકે તેમ નથી, તો પાલખીમાં બેસીને ચાલું યુદ્ધે હૈદરને મળવા આવ્યાં.

હૈદરને આ સમાચાર મળતાં તે માતા પાસે આવ્યો. માતાએ જોશ સાથે હૈદરને માત્ર એટલું જ કહ્યું, 'બેટા! પરાજિત પુત્રનું મુખ જોવામાં મને રસ નથી અને અંગ્રેજો સામે શરણાગત થઈને પાછો આવે, એવા પુત્રને મારે રાખવો નથી. એટલે અહીં જ તારું મુખ અંતિમ વાર જોવા આવી છું. પરાજિત થાય તો મરી જજે, પણ મને મુખ બતાવવા ન આવતો.' આટલું કહી માતા તરત ત્યાંથી પાલખીમાં જ પાછાં ફર્યાં.

જઈ રહેલાં માતાને પુત્રએ જોરથી એટલું જ કહ્યું, 'માતા! તમારા આશિષ મારી સાથે છે. એનાથી વધારે મારે બીજું કંઈ જોઈતું નથી. હું તમારો દીકરો છું, એટલે જતાં-જતાં મારી વાત પણ સાંભળી લો, 'હું મૃત્યુને વરીશ, પણ અંગ્રેજો સાથે સમાધાન તો નહીં જ કરું.' માતાના બે વાક્યથી પુત્રમાં જોરદાર જોશ આવ્યો. હૈદરના જોશથી સમસ્ત સેના પણ જોશમાં આવી ગઈ. મરણિયા બનીને સૌએ યુદ્ધ કર્યું અને વિજયધ્વજ લહેરાવી દીધો.

સર્વાંગી વિકાસથી પૂર્ણતા મળશે



ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

બીજાએ પોતાના માટે શું કર્યું છે, એ વિચારવાને બદલે આપણે એમ વિચારવું જોઈએ કે આપણે બીજા માટે શું કરી શકીએ છીએ. અન્ય માટે કંઈક કરવાથી આનંદ અનુભવાય છે. આ આનંદ એટલે પ્રભુપ્રાપ્તિ

જીવનમાં પણ એકાંગી વિકાસ પૂર્ણતા નથી અપાવતો. સર્વાંગી વિકાસ દ્વારા જ જીવન પૂર્ણતાને પામે છે. આપણે ત્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – એમ ચાર પુરુષાર્થને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ચાર આશ્રમનું પણ પોતાનું આગવું મહત્ત્વ છે. એટલે કે એકાંગી નહીં, પરંતુ સર્વાંગી વિકાસનું સવિશેષ મહત્ત્વ છે.

આપણે જો ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીશું, તો એમાં વિજ્ઞાન અને ધર્મ બંનેને લાભ થશે. ધર્મ જો વિજ્ઞાન વિનાનો હશે, તો એની પાસે આંખ હશે, પરંતુ પાંખ નહીં હોય. જો વિજ્ઞાન પાસે ધર્મની આંખ નહીં હોય, તો તે દિશાશૂન્ય થઈ જશે, તેથી વિકાસ ઓછો અને વિનાશ વધારે થશે. વિજ્ઞાન અને ધર્મના સમન્વયથી સંપૂર્ણ સ્વસ્થ મનુષ્યનું નિર્માણ સંભવ બનશે.

આપણા ધર્મમાં તમને વિજ્ઞાનનો વિરોધ થતો ક્યાંય જોવા નહીં મળે. વિજ્ઞાન અને ધર્મના સમન્વયવાળી વિચારધારાના પરિણામે આર્યભટ્ટ જેવા વૈજ્ઞાનિક આચાર્ય ભારતમાં જન્મ્યા છે. વિજ્ઞાનનાં ક્ષેત્રમાં આપણા ઋષિમુનિઓએ જે શોધ કરી હતી, તે ધર્મના માધ્યમથી જ પ્રચલિત થઈ હતી.

આજે ધર્મનું જે રૂપ જોવા મળે છે, તે થોડું વિચિત્ર લાગે છે. આપણાં બાળકો જ્યારે તીર્થયાત્રાએ જાય છે, ત્યારે કેટલાંક સ્થળોએ સ્વચ્છતા જોવા મળતી નથી. બલકે એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે આપણે આપણાં તીર્થસ્થળોને સ્વચ્છ રાખ્યાં નથી. જો આપણે ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીશું, તો તેનાથી વિજ્ઞાન અને ધર્મ બંનેને લાભ થશે.

સાંદીપનિ મંદિર વિજ્ઞાન અને ધર્મના સમન્વયનું એક પ્લેટફોર્મ બને, ધર્મ અને વિજ્ઞાનના સમન્વય દ્વારા મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ થાય એવી ઇચ્છા છે. સાંદીપનિ વિદ્યાનિકેતન શિક્ષણને કેન્દ્રમાં રાખીને કાર્ય કરી રહ્યું છે. તેમાં આપણે અધ્યાત્મને જોડી રહ્યા છીએ કેમ કે વર્તમાન યુગમાં શિક્ષણનો મહિમા સર્વોચ્ચ છે અને કેળવણી પ્રાપ્ત કરનારાં વિદ્યાર્થીઓ આપણી સંસ્કૃતિ, આપણાં મૂલ્યો અને આપણો જે વારસો છે, તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી જાણે-સમજે.

સાંદીપનિ મંદિરની સાથે 'સાંદીપનિ સાયન્સ ગેલેરી' ઉપર પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે. જેથી આપણા ઋષિ-મુનિઓએ વિજ્ઞાનનાં ક્ષેત્રમાં જે કાર્ય કર્યું છે, તેને જોવા-જાણવાનો મોકો, આ પ્રદર્શનના માધ્યમથી આપણી યુવા પેઢીને મળે અને વિજ્ઞાનને સમજવાની વિશાળ તક તેમને પ્રાપ્ત થાય.

એ જ રીતે મહત્ત્વની વાત એ છે કે વ્યક્તિ વિજ્ઞાન અને આધ્યાત્મનો સમન્વય તો સ્વીકારે, સાથે જ માનવીય મૂલ્યોને પણ ભૂલે નહીં. વ્યક્તિએ વ્યક્તિને પ્રેમ કરવો જોઈએ. એક મનુષ્ય, બીજા મનુષ્યને માત્ર ઉપયોગિતાની નજરે જોવા માંડે તો એ બરાબર નથી. તેથી આપણે ઉપયોગિતા સાબિત કરવી પડશે.

ઉપયોગી થવા માટે માત્ર ત્રણ ગુણ આત્મસાત્ કરવા જેવા છે. 1. પ્રેમ : પ્રેમ દ્વારા પ્રભુને ઉપયોગી થઈએ. 2. ત્યાગ : ત્યાગથી આપણે આપણને ઉપયોગી બની શકીએ છીએ. 3. સેવા : સેવા દ્વારા આપણે સંસારને ઉપયોગી થઈ શકીએ.

જો આપણે પ્રેમી બનીશું તો ત્યાગી બની શકીશું. જો આપણે પ્રેમી અને ત્યાગી બંને ગુણો અપનાવીશું, તો આપોઆપ સેવક બનતાં વાર નહીં લાગે. જો આપણા જીવનમાં આ ત્રણ ગુણો આત્મસાત્ કરી શકીશું, તો જીવન સફળ થઈ જશે.

તાત્પર્ય એ છે કે આપણે બીજાને માટે પણ કંઈક વિચારીએ. કંઈક તેઓને આપીએ. આપણા માટે બીજાએ શું કરવું જોઈએ, એવું વિચારવાને બદલે આપણે બીજા માટે શું કરી શકીએ છીએ તેનો વિચાર કરવો જોઈએ. આપણે પોતાના વિશે વિચારીએ છીએ, બીજાના વિશે ક્યારેય વિચારતાં નથી. પતિ વિચારે છે કે મારી પત્નીએ આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ. જ્યારે પત્ની વિચારે છે કે પતિએ મારા માટે આ કરવું જોઈએ, તે કરવું જોઈએ.

બીજા માટે મારે શું કરવું જોઈએ, એ આપણે વિચારવું જોઈએ. જ્યારે આ રીતે જીવતાં શીખી જઈશું, તો જોજો! માણસો તમારા માટે મરે છે કે નહીં? એવું ક્યારેય ન વિચારશો કે તમને શું મળશે? બીજા માટે કંઈ કરવાથી તમને કંઈ નથી મળતું એવું નથી, કેમ કે ભગવાન તમને તમારી જરૂરિયાત મુજબનું જ આપશે, ભગવાને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વચન આપ્યું છે કે 'તે પ્રાપ્નુવન્તિ મામેવ' – એટલે કે તમારું ભગવાન સાથે મિલન થાય છે.

ભગવાન સાથેનાં મિલનનો અર્થ છે, જીવનમાં શાંતિ મળવી. જીવનમાં આનંદ જ આનંદ. મસ્તી જ મસ્તી. જો તમારા જીવનમાં નિખાલસ મસ્તી હોય, તો એ પ્રભુપ્રાપ્તિ બરાબર છે. આ નિજાનંદ અન્યને ઉપયોગી થઈએ એનાથી પણ મળે છે, તેથી બીજાને ઉપયોગી થવાનું પણ અવશ્ય યાદ રાખવું. બીજા શબ્દોમાં, જીવનમાં આનંદ હોય, નિજાનંદ હોય, તે ખૂબ જ ઉચ્ચ બાબત બની રહે છે. સર્વાંગી વિકાસ અપનાવીશું તો જીવન યથાર્થ પૂર્ણતાને પ્રાપ્ત થશે.

હીરો ઘોઘે જઈ આવ્યો, ડેલે હાથ દઈ આવ્યો

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રમુખસ્વામી મહારાજના ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ એક વાર્તા કહેતા.

"ભાવનગરમાં એક હીરો ભગત હતો. તે એક શેઠને ત્યાં નોકરી કરતો. એક દિવસ શેઠે તેને કહી રાખ્યું કે 'હીરા, આવતી કાલે સવારે તારે ઘોઘા બંદરે જવાનું છે.' હીરાએ શું કામ જવાનું છે? ત્યાં જઈને શું કરવાનું છે? કોને મળવાનું છે? તે કશું જ પૂછ્યું નહીં. શેઠને એમ કે નીકળતા પહેલાં પૂછશે તો ખરો ને! પણ બીજે દિવસે સવારે ઊઠીને હીરો તો શેઠને મળ્યા વગર જ બાર ગાઉ દૂર ઘોઘા બંદરે જઈ પહોંચ્યો. પણ ત્યાં જઈ શું કરવાનું છે એ ન સૂઝયું. એટલે હીરાએ ગામના ડેલાને હાથ અડાડ્યો અને સંતોષ માની લીધો કે 'શેઠના કહ્યા પ્રમાણે આપણે ઘોઘા બંદર જઈ આવ્યા!' વિચારી તે પાછો આવ્યો.

તે શેઠ પાસે પહોંચ્યો તો શેઠે પૂછ્યું : 'તારે ઘોઘે જવાનું હતું ને?' હીરાએ કહ્યું : 'શેઠજી! હીરો તો ઘોઘે જઈ આવ્યો અને ડેલે હાથ દઈ આવ્યો...' શેઠ માથે હાથ દેતાં બોલ્યા : 'ભાઈ! તને ડેલે હાથ અડાડવા માટે મોકલ્યો હતો? કામ કરવાનું હતું, એ તો કર્યું નહીં...'

ભગવાને આપણને મનુષ્ય દેહ આપ્યો છે, તો પૈસા કમાવા, બંગલા કરવા, યશ મેળવવો તે બધું ભલે કરીએ, પણ જો ભગવાનની ભક્તિ કરવાની રહી જાય, તો હીરો ઘોઘે જઈ, ડેલે હાથ દઈ આવ્યો, તેના જેવું થાય.'

આજકાલ ઘણા લોકો પોતાના જીવનનો હેતુ શોધવા પ્રયત્ન કરતાં હોય છે. 'હું કેમ પૃથ્વી પર આવ્યો છું? મારે શું પામવાનું છે?' એવા વિચારો ઉપર લોકો મનોમંથન કરતાં હોય છે - જે સારી વાત કહેવાય, પણ ભારતીય શાસ્ત્રોમાં આ પ્રશ્નોના ઉત્તર મળી જ ચૂક્યા છે. મહાવિદ્વાન વ્યાસજી લખે છે કે : आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः। इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणो हरिः॥

'વેદ-વેદાંતાદિ સકળ શાસ્ત્રોનું મંથન કરીને વારંવાર વિચાર કર્યા બાદ, એક વસ્તુ જ સારી રીતે નિષ્પન્ન કરી શક્યો છું, કે શ્રીહરિ, નારાયણ ભગવાન ધ્યાન-ભક્તિ કરવા યોગ્ય છે.' (લિંગપુરાણ : 7/11/2)

આ જીવનની જવાબદારીઓમાંથી છૂટવાની છટકબારી નથી કે 'સંસાર છોડીને, હિમાલયમાં જઈને સાધના જ કરો...' એવી કોઈ અતિશયોક્તિની પણ વાત નથી. આ તો હકીકતને જાણી રાખી. તે પ્રમાણે જીવનના લક્ષ્યો નક્કી કરવાની વાત છે. મહંતસ્વામી મહારાજ, સ્વરચિત આચારસંહિતા 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં લખે છે :

लौकिको व्यवहारस्तु देहनिर्वाहहेतुकः।
नैव स परमं लक्ष्यम् अस्य मनुष्यजन्मनः॥३॥

લૌકિક વ્યવહાર તો દેહના નિર્વાહ માટે છે. તે આ મનુષ્ય જન્મનું પરમ લક્ષ્ય નથી. (સ.દી. 3)

એવું કહે છે કે, 'મહત્ત્વની બાબત એ છે કે મહત્ત્વની બાબત મહત્ત્વની રહેવી જોઈએ!' આંખ કરતાં ગોગલ્સ મહત્ત્વનાં ન થવાં જોઈએ. ગળું અગત્યનું છે, હાર નહીં. એ જ રીતે મોક્ષ થવો આપણા માટે મહત્ત્વનો છે. તેનું જતન થાય તે રીતે વ્યવહાર થવો જોઈએ.

नाशाय सर्वदोषाणां ब्रह्मस्थितेरवाप्तये। कर्तुं
भगवतो भक्तिम् अस्य देहस्य लम्भनम्॥४॥
सर्वमिदं हि सत्सङ्गाल्लभ्यते निश्चितं जनैः।
अतः सदैव सत्सङ्गः करणीयो मुमुक्षुभिः॥५॥

સર્વ દોષોને ટાળવા, બ્રહ્મસ્થિતિને પામવા અને ભગવાનની ભક્તિ કરવા આ દેહ મળ્યો છે. આ બધું સત્સંગ કરવાથી અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી મુમુક્ષુઓએ સદાય સત્સંગ કરવો. (સ.દી. 4-5)

મહંત સ્વામી કહે છે કે, 'કોઈ આંબો છાંયડો આપે, પાંદડાં આપે, લાકડાં આપે, પણ જો તે કેરી ન આપે તો લોકો કહેઃ 'આંબો ફળ્યો નહીં.' કેરી વિના આંબાનો જન્મ નિષ્ફળ ગણાય. ભલે તેનો છાંયડો શીતળતા આપે. તેનાં પાંદડાંથી બનેલાં તોરણ ઘરની શોભા વધારે. તેનાં કાષ્ઠ બળતણના કામમાં આવે, પણ કેરી મળે તો જ આંબો સાર્થક. એ જ રીતે દોષો ટાળવા, બ્રહ્મસ્થિતિ પામવી અને ભગવાનની ભક્તિ કરવી તે કામ બીજા દેહથી ન બને. તે તો એક મનુષ્યદેહે જ સંભવે.

બાળપણની મહાનતા

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

બાળ રમણિકની પાઠશાળામાં પતાસાંની પ્રભાવના થઈ. રમણિક પતાસાં લઈને ઘરે આવ્યો. એ પોતાનાં સ્થાને મૂકી રમવા ચાલ્યો ગયો. રમણિક બહાર ગયો, એટલે નાના ભાઈએ સિફ્તતાથી પતાસાં ખાઈ લીધાં.

થોડા સમય પછી રમીને રમણિક ઘરે આવ્યો. તેણે જોયું, તો સમજી ગયો કે નાના ભાઈએ પતાસાં ખાઈ લીધાં હશે. તેણે પિતાજીને ફરિયાદ કરી, 'નાનો ભાઈ મારા પતાસાં ખાઈ ગયો.' પિતાએ તેને કહ્યું, 'તું પણ તેના ખાઈ લે. મને ફરિયાદ શા માટે કરે છે? તમારે કંઈ પણ હોય તો અંદર-અંદર સમજી લેવાનું. ફરિયાદ લઈને મારી પાસે નહીં આવવાનું.'

સાંભળી રમણિક નારાજ થઈ ગયો. પિતાએ કારણ પૂછ્યું તો તેણે કહ્યું, 'તમે તો કેવા પિતા છો. જેણે પૂછ્યા વિના પતાસાં લેવાની-ચોરી કરવાની ભૂલ કરી, એને તો કંઈ કહેતાં નથી.'

'તારે એ જોઈતું હોય, તો હું ભાઈને ઠપકો આપું.'

'ના, એવો મારો ઉદ્દેશ નથી. એણે પૂછ્યાં વિના પતાસાં લીધાં, એની ફરિયાદ હતી, પણ મને એવી જ ભૂલ કરવાનું કહો છો, એથી દુઃખ થાય છે.'

પિતાજી બોલ્યા, 'બેટા! હું તારી પરીક્ષા લેતો હતો અને મને આનંદ છે કે તું પરીક્ષામાં પાસ થયો છે. નાનાંને સામેથી આપવાની ઉદારતા અને પોતાનાથી ભૂલ ન થાય, એવી ભાવના તને મહાન બનાવશે.'

આ રમણિક સમય જતાં કલિકુંડ તીર્થોદ્ધારક આચાર્ય વિજય રાજેન્દ્રસૂરીશ્વર મહારાજ બન્યા.

ભગવાન કૃપા કરે, ત્યારે જીવન્મુક્ત તરફ અગ્રેસર થવાય

જીવન જીવતાં-જીવતાં પણ મોક્ષપ્રાપ્તિ શક્ય છે. જ્યારે ભગવાનની અહેતુક કૃપા થાય ત્યારે સર્વ શક્ય બને છે. કૃષ્ણ એટલે પરબ્રહ્મ, પણ અહીં પોતાનું અભોક્તાપણું સાબિત કરવામાં એનું બ્રહ્મપણું પ્રગટ થઇ ગયું અને માએ જ્યારે એને પ્રણામ કર્યા એટલે કૃષ્ણને થયું કે, 'તો... તો... લીલાની મજા બગડી જાય. હવે મારી મા મને ખોળામાં નહીં બેસાડે, સિંહાસન પર બેસાડશે. હવે મારા માથે હાથ નહીં મૂકે, મને હાથ જોડશે. ઠપકો નહીં આપે, ખીજાશે નહીં, હવે સ્તુતિ કરશે.'

એટલે ભગવાને વળી પાછી પોતાની માયાને કામે લગાડી. યશોદામાતાને બધું ભુલવાડી દેવા માટે કૃષ્ણ ભગવાને પોતાની વૈષ્ણવી માયાનો પ્રયોગ કર્યો અને માયાને યશોદા પાસે આવવું હોય, તો મર્યાદાથી આવવું પડે. વૈષ્ણવોને મોહ કરાવે તેવી વૈષ્ણવી માયા. તો એ મોહ પણ ભગવદ્વિષયક હોય છે. વૈષ્ણવી માયા વૈષ્ણવને આસક્તિ કરાવે, તો એ આસકિત ભગવદ્ વિષયક હોય છે અને ભગવાનમાં થયેલી આસક્તિનું નામ તીવ્ર ભક્તિ છે.

મોહ ભગવદ્ વિષયક હોય. યશોદામાતા પહેલાંની જેમ જ ખોળામાં લઇ કૃષ્ણને વહાલ કરવા લાગ્યાં, કારણ કે પેલા જ્ઞાન ઉપર પડદો પડી ગયો. એટલે કૃષ્ણને નિરાંત થઇ કે હવે બરાબર! એટલા માટે ભાવદૃષ્ટિથી માયાના પણ ત્રણ ભેદ કર્યા છે. વિમુખજન મોહિની, સ્વજનમોહિની અને સ્વમોહિની.

ભગવાનથી વિમુખોને મોહિત કરનારી, સંસારની અંદર જે ભટકાવનારી માયા છે, એ



શ્રીમદ્ ભાગવતની કથામાં દેવો, અસુરો, માનવો સૌનો પ્રવેશ છે. માનવોને પ્રેમ આપી ભગવાને અનુગ્રહ કર્યો છે

વિમુખજન મોહિની માયા છે. એનું બીજું નામ માયા એ સ્વજન મોહિનીમાયા છે, એ વિદ્યા માયા છે અને એક ભગવાનને પોતાને મોહિત કરનારી જે માયા છે. ભગવાન પણ મોહિત થાય છે, એ સ્વમોહિત માયાનું નામ છે, રાધા. કૃષ્ણને મોહિત કરનારી રાધા તે સ્વમોહિની માયા છે.

દ્રોણ નામના વસુપ્રવર અને તેની ધરા નામની પત્ની જ ગૌસેવાના ફળ સ્વરૂપે નંદ-યશોદા બનીને આવ્યા છે અને ભગવાન તેમને ત્યાં આવીને આ લીલાઓ કરી રહ્યાં છે. એક વાર ભગવાને માટલું ફોડ્યું. મહી ઢોળાયા અને માએ કૃષ્ણને દોરડાથી બાંધ્યા ખાંડણિયા સાથે. દામોદર લીલા થઇ.

આ પ્રેમબદ્ધ ભગવાનનાં દર્શન છે. ભક્તના પ્રેમને કારણે જ્યારે ભગવાન કૃપા કરે છે, ત્યારે ભક્ત મુકત થાય છે. પછી ભગવાને યમલાર્જુનનો ઉદ્ધાર કર્યો, તે રુદ્રના અનુચર હતા. કુબેરના પુત્ર હતા, દેવ ઋષિ નારદના શાપથી એ બંને વૃક્ષ યોનિમાં આવ્યા હતા.

ભગવાને એ બંનેનો ઉદ્ધાર કર્યો. પછી તો ગોકુળ છોડી નંદગામ વસાવ્યું. ભગવાને વાછરડા ચારવાની લીલા કરી. એમાં એક વાર વાછરડાનું રૂપ લઇને આવેલા વત્સાસુરનો ભગવાને ઉદ્ધાર કર્યો.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



વૈષ્ણવોની ટોળીમાં વૈષ્ણવોનું રૂપ લઇ ઘણાં ઘુસી જાય. ભગવાને વત્સાસુરનો નાશ કર્યો. પછી ભગવાને યમુનાજીના કિનારે બકાસુરનો ઉદ્ધાર કર્યો. પેલો વત્સાસુર એ મોહ છે, તો આ બકાસુર દંભરૂપ છે. ગીતાની ઊંચી-ઊંચી ભાષામાં વાતો કરે એ દંભ છે. બકાસુરની બે ચાંચ - લોભ અને અસત્ય. ભગવાને એને ચીરી નાખ્યો. લોભ પાપનો બાપ છે અને અસત્ય સ્વયં મહાપાપ છે. પાપના કારણોને ભગવાને સમાપ્ત કર્યા પછી અઘાસુર રૂપી પાપનો નાશ કર્યો. પછી ભગવાને બ્રહ્માજીને પરાસ્ત કરીને બ્રહ્માજીના મોહને દૂર કર્યો.

શ્રીમદ્ ભાગવતની કથા તમે સાંભળો તો એમાં દેવો, અસુરો, માનવો સૌનો પ્રવેશ છે. માનવોને પ્રેમ આપી ભગવાને એના પર અનુગ્રહ કર્યો. દાનવોને, અસુરોને મારી તેમના પર અનુગ્રહ કર્યો, પણ દેવોમાં કયારેક પણ અપલક્ષણ આવે. બ્રહ્માજીને મોહ થયો છે, ઇન્દ્રને અભિમાન થયું હતું. ભગવાને આ બધા દેવતાઓને પરાસ્ત કરી, આસુરીભાવની નિવૃત્તિ કરી અને દેવ પર અનુગ્રહ કર્યો.

બ્રહ્માજી જ્યારે વાછરું અને છોકરાને હરીને લઇ ગયા, ત્યારે ભગવાને સંકલ્પ માત્રથી એવા જ વાછરું અને છોકરા બનાવ્યા. બનાવ્યા શું, ભગવાન પોતે બન્યા! બ્રહ્માની સૃષ્ટિ કરતાં આ સૃષ્ટિ વિલક્ષણ છે.. બ્રહ્માજીને પોતાની ભૂલ સમજાઇ, ત્યારે બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી.

ભગવાન હવે ગાયો ચરાવતા થયા. ગોપાષ્ટમી વ્રજમાં બહુ મોટા પાયે ઊજવાય છે. ગોનો એક અર્થ ઇન્દ્રિય પણ થાય છે. હવે ગોપાલ થવાનું. એટલે ઇન્દ્રિયોનો સંયમ શીખવવામાં આવે.

કેટલાક અસુરો ધેનુકાસુર હોય, પ્રલંભાસુર હોય એનો ઉદ્ધાર દાઉજી કરે છે. દાઉજી એટલે સંકર્ષણ. એ આત્મવિદ્યાનું રૂપ છે. ધેનુકાસુર એટલે પ્રલંભાધ્યાસ અને અંતઃ કરણાધ્યાસ. આ વેદાંત જ છે ભાગવતથી જ મટે. દેહાધ્યાસ મટી જાય પછી અંતઃકરણાધ્યાસ રહે. અંતઃકરણાધ્યાસ પણ આત્મવિદ્યાથી મટે છે.

દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ અને અંતઃકરણાધ્યાસ એટલે અંતઃકરણમાં આત્મબુદ્ધિ એટલે હું મન છું, હું ચિત્ત છું એટલે આત્મવિદ્યા દ્વારા જ અંતઃકરણાધ્યાસ પણ મટે. ભગવાને કાલિનાગનો નાશ નથી કર્યો. નિગ્રહ કર્યો.

આમ, નિષ્ઠાપૂર્વક સન્માર્ગે આગળ વધીશું તો યથાર્થ જીવન્મુક્ત તરફ અગ્રેસર બની શકીશું.

જવાબ મેળવવા અકબરે ગોકુળ આવવું પડ્યું...

અકબરે એક વખત બીરબલને પૂછ્યું : 'બીરબલ, ખુદા-ભગવાન કઈ રીતે આપણને મળે?' ઘણું વિચાર્યા પછી પણ ચતુર બીરબલ અકબરને ઉત્તર આપી ન શક્યા. આખરે બીરબલની દીકરી મદદે આવી! તે કહે : 'આ પ્રશ્નનો ઉત્તર મારા ગુરુ વિઠ્ઠલનાથજી આપી શકશે.' પણ ગુરુ વિઠ્ઠલનાથજી રહે ગોકુળમાં.

બીરબલ ગુરુજીને મળવા ગયા, અકબરનો પ્રશ્ન કહ્યો. ત્યારે વિઠ્ઠલનાથજી બોલ્યા : 'આ પ્રશ્નનો જવાબ હું જરૂર આપીશ, પણ જવાબ મેળવવા માટે અકબરે સ્વયં ગોકુળ આવવું પડશે.' અકબરે ગુરુજીનો સંદેશો મળતાં જ ગોકુળ માટે પ્રસ્થાન કર્યું - 'આવા ઓલિયા સંત-ફકીરનાં દર્શન થાય, તો ભાગ્ય ઉઘડી જાય.'

અકબરે આવીને વિઠ્ઠલનાથજીને પ્રશ્ન પૂછ્યો : 'ખુદા-ભગવાન કઈ રીતે આપણને મળે?' ગુરુ વિઠ્ઠલનાથજીએ જવાબ વાળ્યો : 'આજે તમે જે રીતે મને મળ્યા, તે રીતે!' અકબરને મૂંઝવણ થઈ! અંતે વિઠ્ઠલનાથજીએ ફોડ પાડ્યો : 'જહાંપનાહ, તમને મળવા મેં હજાર પ્રયત્ન કર્યા હોત, તો પણ મળી શકત નહીં... પણ તમે મને મળવાની ઇચ્છા કરી કે તરત જ આપણું મિલન થઈ ગયું! બસ, એ જ રીતે ભગવાનની ઇચ્છા અને કૃપાથી જ ભગવાન આપણને મળે છે.'

આપણે સૌ કેટલા ભાગ્યશાળી છીએ! કે, આપણું કલ્યાણ કરવા માટે, સાક્ષાત્ ભગવાન આપણી વચ્ચે, આપણા જેવા થઈને પધારે છે... આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે!

ઘણાને પ્રશ્ન થાય કે 'ભગવાન તો પોતાના ધામમાં બેઠાં-બેઠાં જ આપણું કલ્યાણ કરવા માટે સમર્થ છે; ભગવાન સર્વ કર્તા-હર્તા છે, જે ધારે તે ઉપર બેઠા-બેઠા જ કરી શકે... તો પૃથ્વી ઉપર શા માટે આવે?' પણ થોડી શ્રદ્ધા અને પ્રેમ સાથે જો આ પરિસ્થિતિને આંકવામાં આવે તો સમજાશે.

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ પોતાના ઉપદેશ ગ્રંથ 'વચનામૃત'માં કહે છે : 'ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે કે જે ભગવાન વિશે અતિશય પ્રીતિવાળા ભક્ત હોય, તેની ભક્તિને આધીન થઈને તેને સુખ દેવા માટે જેવી ભક્તની ઇચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે. પછી જેવા-જેવા પોતાના ભક્તના મનોરથ હોય

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



તે સર્વે પૂરા કરે છે,

ભક્ત સ્થૂળ ભાવયુક્ત છે અને દેહધારી છે, માટે ભગવાન પણ સ્થૂળ ભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને ભક્તને લાડ લડાવે છે અને પોતાના સામર્થ્યને છુપાવીને ભક્ત સાથે પુત્રભાવે અથવા સખાભાવે વર્તે છે અથવા સગાંસંબંધીને ભાવે વર્તે છે, તેથી ભક્તને ભગવાનની મર્યાદા રહેતી નથી. પછી જેવી એ ભક્તને ઇચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે. માટે પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે અને ધર્મનું સ્થાપન પણ કરે છે.' (વચનામૃત કારિયાણી પ્રકરણ 5)

ભગવાન અવતાર ધારણ કરે છે અને આપણા જેવા થઈને, આપણી વચ્ચે પધારીને આપણું પરમ હિત કરે છે! મહંતસ્વામી મહારાજ આજના આધુનિક યુગમાં પણ વ્યવહાર અને અધ્યાત્મ બંને ક્ષેત્રે માર્ગદર્શન આપે એવી સુંદર સ્વરચિત આચારસંહિતા, 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં લખે છે :

सत्सङ्गः स्थापितस्तस्माद् दिव्योऽयं परब्रह्मणा।
स्वामिनारायणेनेह साक्षादेवाऽवतीर्य च॥६॥

પરબ્રહ્મ સ્વામિનારાયણે આ લોકમાં સાક્ષાત્ અવતરીને આ દિવ્ય સત્સંગની સ્થાપના કરી. (સ.દી. 6)

सत्सङ्गस्याऽस्य विज्ञानं मुमुक्षूणां भवेदिति। शास्त्रं
सत्सङ्गदीक्षेति शुभाऽऽशयाद् विरच्यते॥७॥

આ સત્સંગનું જ્ઞાન મુમુક્ષુઓને થાય એવા શુભ આશયથી 'સત્સંગદીક્ષા' નામનું શાસ્ત્ર રચવામાં આવે છે. (સ.દી. 7)

કળિયુગમાં ભગવાને આ પૃથ્વી ઉપર પધારીને જ સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી છે. શ્રીકૃષ્ણ ગીતામાં જે 'ધર્મ સ્થાપન' વાત કરે છે, તે ધર્મ જ 'સત્સંગ-મુમુક્ષુઓની પરમ મોક્ષગતિનો રાજમાર્ગ!'; સત્સંગનું શુભ જ્ઞાન થાય તે માટે મહંત સ્વામી મહારાજે 'સત્સંગદીક્ષા' શાસ્ત્રની રચના કરી છે. આપણે ભગવાનના અવતરણનો હેતુ જાણ્યો, ભગવાન સત્સંગનું સ્થાપન કરે છે તે જાણ્યું. 'સત્સંગ' એટલે શું તે જાણીશું પછીના લેખમાં.

પ્રામાણિકતા વેચાય?

એક ગરીબ સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો. યુવાવસ્થામાં તે વિધવા થઈ. તેને એક બાળક. તેણે વિચાર્યું કે બાળક માટે હું બીજાં લગ્ન નહીં કરું, બાળકને ભણાવી મોટો કરીશ.

તે બહેને બોર વેચવાનું શરૂ કર્યું. ઓછા ભાવે અને સારી ક્વોલિટીના બોર વેચે, એટલે ઘણા વેચાય. કેટલાક લોકો સહાનુભૂતિ બતાવે, તોય તે સ્વાભિમાની સ્ત્રી પોતાના ઉપર કોઈનો અહેસાન ચડવા ન દે. બોર વેચવાથી તેને જે કમાણી થતી, તેમાંથી પુત્રને ભણાવીને કલેક્ટર બનાવ્યો.

પુત્ર ક્લેક્ટર બની પોતાનાં કાર્યમાં રત થયો, એટલે માતાને ઘણી ખુશી થઈ. જોકે એ ખુશી લાંબો સમયના ન ટકી. પ્રામાણિકતાના પાઠ શીખવ્યા પછી પણ તે પ્રામાણિક તો ન જ રહ્યો.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

અપ્રામાણિકતાના કારણે અલ્પ સમયમાં તે ઘણા રૂપિયા કમાયો, લગ્ન પણ થયાં. ઘરવાળી પણ તેને તેવી જ મળી, તેથી તેના જીવનમાં અપ્રામાણિકતા વધવા લાગી. એક જ વર્ષમાં ગાડી, બંગલો અને ઘણી સંપત્તિનો તે સ્વામી બન્યો.

માતા દુઃખી થતી, પણ એક અક્ષર ન બોલતી. પુત્ર કલેક્ટર થયા પછી પણ તેનું બોર વેચવાનું કામ તો ચાલુ જ રહ્યું. એક દિવસ પુત્રએ માતાને કહ્યું, 'મા, હું કલેક્ટર બની ગયો છું. હવે તું બોર વેચવાનું કામ છોડી દે અને મારી સાથે શહેરમાં લહેરથી રહે.'

એ જ વખતે બોરનો ટોપલો વેચવા માટે માથે મૂકતાં માતા બોલી, 'બેટા, હવે તો બોર વેચવાનું મારું કામ બંધ નહીં જ થાય, કારણ કે પ્રામાણિકતા વેચવા કરતા બોર વેચવા મને વધુ સારા લાગે છે.'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 27 માર્ચ, 2025 | ફાગણ વદ તેરશ | વિક્રમ સંવત 2081 08

વિવેક જાગૃત થાય ત્યારે નિત્યનો સંયોગ થશે

અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પંડિતાઃ॥
(શ્રી. ભ. ગી. 2/11)

'અ'કાર ભગવાનનું રૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે અક્ષરોમાં 'અ'કાર હું છું અને તેથી 'અ'કારથી આરંભ કર્યો છે. એટલે ગીતાનો આરંભ અહીંથી થયો છે.

'અશોચ્યાનન્વશોચસ્ત્વં' શોક નહીં કરવાનો. તું શોક કરે છે અને પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે અને પંડિતોની ભાષા બોલે છે, જ્ઞાનીઓની ભાષા બોલે છે, પણ અર્જુન! જેના પ્રાણ જતાં રહે છે અથવા જેના પ્રાણ હજી જતાં રહ્યાં નથી અર્થાત્ જે મરી ગયેલાં છે અને જે મરી જવાનાં છે તેનો પંડિતો શોક કરતાં નથી.

પંડિત કોને કહેવાય? જેની બુદ્ધિ પ્રજ્ઞા થઈ ગઈ છે. બુદ્ધિમાં સદ્-અસદ્વસ્તુનો વિવેક થયો છે. પ્રજ્ઞા-વિવેકાધિષ્ઠ બુદ્ધિને પ્રજ્ઞા કહે છે. જેનામાં જ્ઞાન પ્રકાશિત થયું છે, જેનામાં તેવી પ્રજ્ઞાપ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે-શોક ન કરવા યોગ્યનો તું શોક કરે છે અને પંડિતોની ભાષા બોલે છે, પણ જ્ઞાનીઓ એ છે, જે ગયેલાઓનો કે જવાના છે, તેમનો શોક નથી કરતા.

આ સંસાર અને સંસારથી સંબંધિત શરીર, પ્રાણીઓ અને પદાર્થો કોઈ પણ નિત્ય નથી. આ સંસાર પરિવર્તનશીલ છે. જે આવે છે, તે જાય છે. જે જાય છે, તે આવે છે. એટલે અર્જુન, પંડિતો શોક નથી કરતાં.

ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ
ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્॥
(શ્રી. ભ. ગીતા. 2/12)

હું ને તું આ કાળમાં છીએ અને પહેલાં નહોતા એવું નથી. પહલે તૂ નહી થા, યહ રાજા લોગ નહી થે, મૈં નહી થા, ઐસા નહી હૈ, પર આજ હમ હૈ તો હમેશા કે લિએ રહેંગે. ઐસા ભી નહી હૈ.

શરીરને અને સંસારને સંબંધ છે. એટલા માટે એ નિત્ય નથી. એટલા માટે શરીરની અંદર જે રીતે

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા આવે ને જાય. એવી જ રીતે આત્મા આ શરીરમાં આવે છે ને જાય છે. ઈસલિયે જો ધીર પુરુષ હૈ. 'ધીરસ્તત્ર ન મુહ્યતિ' – જે ધીર પુરુષ છે, તે એમાં મોહિત થતો નથી.

શ્રીમદ્ ભગવત ગીતામાં ઠાંસી-ઠાંસીને વેદાંત ભર્યું છે અને ઉપનિષદ એટલે વેદાંત અને આ ઉપનિષદનું દૂધ છે વેદાંત. માટે કહે છે કે વેદાંત સાંભળવા માટે ચાર વસ્તુની જરૂર છે. પહેલી વાત 'નિત્યા નિત્ય વસ્તુ વિવેક.' વિવેકનો અર્થ છે જ્ઞાન. નિત્ય વસ્તુ શું છે, અનિત્ય વસ્તુ શું છે, તેનું જ્ઞાન. શરીર અનિત્ય છે અને આત્મા નિત્ય છે. સંસાર અનિત્ય છે અને પરમાત્મા નિત્ય છે. નિત્યાનિત્ય વસ્તુ વિવેક-નિત્યાનિત્યના વિવેકનું જ્ઞાન થશે એટલે શું થશે? જે અનિત્ય વસ્તુ છે તેનો વિયોગ થશે અને જે નિત્ય વસ્તુ છે તેનો સંયોગ થશે.

આપણે ફસાઈએ છીએ અનિત્યમાં, આપણે નાતો જોડ્યો છે શરીરમાં, સંસારમાં, દેહ પણ અનિત્ય છે. સંસાર પણ અનિત્ય છે. નાતો અનિત્ય



સંસાર અને સંસારથી સંબંધિત શરીર, પ્રાણીઓ અને પદાર્થો કોઈ પણ નિત્ય નથી. આ સંસાર પરિવર્તનશીલ છે

સાથે જોડીએ છીએ અને નિત્ય શાંતિ, સુખ, પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ, તે કેમ બને? બીજું – ઈહામૂત્રફલ ભોગ વિરાગઃ

ઈહ–અમૂત્ર ઈહ એટલે આ લોકના – અમૂત્ર એટલે પરલોકના ફલ–સુખ–મને સ્વર્ગનું સુખ મળે એટલે પરલોકના સુખની અને મને ઈહલોકની એટલે કે આ લોકના સુખના ફલ ભોગ-વિરાગઃ ફળ ભોગવવાની ઈચ્છા ન રહે. દુઃખની માનું નામ ઈચ્છા

કહેવાનો અર્થ દઢ વૈરાગ્ય–આ લોક અને પરલોકના સુખોને ભોગવવાની ઈચ્છાનો ત્યાગ. દઢ વૈરાગ્ય. સુખને ભોગવવાની ઈચ્છામાં જ દુઃખને ભોગવવાનું નિમંત્રણ છુપાયેલું છે, કારણ કે સુખ નિરવંધ્ય નથી.

ષડ્ સંપત્તિ જેને દૈવી સંપતિ કહે છે ગીતા. ઈન્દ્રિયોનો સંયમ હોય, મનનો સંયમ હોય અને ચોથી વસ્તુ મુમુક્ષતા–મુક્તિ માટેની પ્યાસ. આ ચાર વસ્તુ હોય ત્યારે વેદાંત શ્રવણનો અધિકાર પ્રાપ્ત થાય છે. અહીં ભગવાન કૃપા કરીને અર્જુનને સંભળાવી રહ્યાં છે.

અધિકારનો અર્થ છે યોગ્યતા. એનામાં યોગ્યતા નિર્માણ કરી રહ્યાં છે. અર્જુન, જે રીતે શરીરમાં અવસ્થાઓ આવે છે, તેમ આત્મા આ શરીર ધારણ કરે છે અને છોડે છે. પાંચ વિષય - શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ. પાંચ ઈન્દ્રિયોનાં પાંચ વિષય. જ્યારે કાન સાંભળે છે, ત્યારે ઈન્દ્રિય અને વિષયનો યોગ થાય છે. આ સંયોગથી સુખ-દુઃખ થાય છે. ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સુખ અને દુઃખ આ બધું ઉત્પતિ અને વિનાશશીલ છે.

માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખદુઃખદાઃ
આગમાપાયિનોऽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત॥
(શ્રી. ભ. ગીતા 2/14)

આ બધા અનિત્ય છે. ઉત્પન્ન થાય છે અને વિનાશશીલ છે, તેનો શોક ન કરાય. આ બધા દ્વંદ્વો જે ઉદભવે છે તેને તું સહન કર. તેના માટે હે અર્જુન! શોક ન કર. જે ધીર પુરુષને આ ઈન્દ્રિયોના પદાર્થોના વિયોગથી અળગા કરતા નથી તે જ મોક્ષને યોગ્ય છે.

યં હિં ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ
સમદુઃખસુખં ધીરં સોऽમૃતત્વાય કલ્પતે॥
(શ્રી. ભ. ગીતા 2/15)

આમ, ગુરુ અને ભગવદ્ સત્સંગથી વિવેક પ્રાપ્તિ થાય છે અને આવો વિવેક સન્માર્ગે દોરે છે.

માણસ જીવનથી કંટાળશે ત્યારે...

7-8 વર્ષના બાળકને પૂછવામાં આવ્યું, 'તું રમવા કેમ જાય છે? સ્કૂલમાં કે સોસાયટીમાં તારા મિત્રોને ચીડવે છે કેમ?' 'બસ, મઝા આવે...' બાળકે હસતાં-હસતાં બંને પ્રશ્નોનો ઉત્તર ત્રણ જ શબ્દોમાં આપ્યો!

15-16 વર્ષના કિશોરને પૂછવામાં આવ્યું, 'આખો દિવસ મોબાઈલ મચડ્યા કરે છે; કંટાળો નથી આવતો?' 'ના રે! ગેમ રમવાની, વિડીયો જોવાના... બહુ મઝા આવે!'

28-30 વર્ષના યુવાનને પૂછવામાં આવ્યું, 'ભાઈ! તું આખો દિવસ નોકરી-ધંધાની મહેનત કરે છે, શેના માટે?' યુવાને ઉત્તર આપ્યો, 'થોડા સમય પહેલાં લગ્ન થયાં છે; પૈસા કમાઈશ, બંગલો બનાવીશ...' ત્યાં બીજો પ્રશ્ન આવ્યો, 'આ બધું શેના માટે કરવાનું?' યુવાને થોડું વિચારીને જવાબ આપ્યો, 'બસ, મઝા કરીશું...'


46-47 વર્ષના આધેડને પૂછવામાં આવ્યું, 'તમારી અડધી જિંદગી પૂરી થઈ; છતાં તમે મહેનત કરો છો. કેમ?' 'શું કરીએ ભાઈ! કુટુંબની જવાબદારી છે, આપણે મહેનત કરીશું, તો ઘરના બધા સુખ-શાંતિથી રહી શકશે. ભવિષ્યમાં સંતાનો પણ સુખી થશે ને આપણે પણ સુખ-ચેનથી જીવી શકીશું...'

72-75 વર્ષના દાદાને પૂછવામાં આવ્યું, 'દાદા! આ દાંત ગયા ને ચોકઠું બેસાડ્યું છે, પચાવવા માટે હરડે લેવી પડે છે... તોય તમારે પિત્ઝા ખાવા છે?' દાદાએ ઉત્તર વાળ્યો, 'દીકરા!બીજું કાંઈ તો રહ્યું નથી. હવે આટલી તો મઝા માણી લઈએ...'

આશ્ચર્યની વાત એ છે કે પૃથ્વીના કોઈ પણ ખૂણે વસતી, કોઈ પણ દેશ, કોઈ પણ પ્રકારની માન્યતા કે અભ્યાસ ધરાવતી વ્યક્તિને ઉપરનો વાર્તાલાપ લાગુ પડે છે. જીવનના કોઈ પણ કાળમાં, કોઈ પણ અવસ્થામાં, જે એક વસ્તુ આપણે શોધતા હોઈએ છીએ, તે છે - સુખ, શાંતિ... (જેને ઘણા લોકો 'મઝા, આનંદ, મોજ, લહેર...' વગેરે નામથી પણ ઓળખે છે.) આના પરથી એક વાર્તા યાદ આવી! કોઈ શાસ્ત્રોમાં ઉલ્લેખ મળતો નથી, પણ વાર્તા રસપ્રદ છે :

ભગવાને બ્રહ્માને સૃષ્ટિ રચવા આજ્ઞા કરી, ત્યારે બધું જ સર્જન કર્યા પછી બ્રહ્માએ 'માનવ'ને સર્જ્યો. માનવને જોઈ ભગવાન

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ખુશ થઈ ગયા. અંતે બ્રહ્માએ ભગવાનને વિનંતી કરી, 'માનવને તમે જીવન તો આપ્યું, જીવનપાથેય પણ આપો.' ભગવાને લક્ષ્મીજી પાસે પોતાની ઝોળી મગાવી અને તેને ઊંધી વાળી. તેમાંથી આંસુ-હાસ્ય, પ્રેમ-ગુસ્સો વગેરે ભાતભાતનું નીકળ્યું.

આ બધું ભગવાને બ્રહ્માને આપવા માંડ્યું, પણ એક વસ્તુ તેમણે પોતાના પગ તળે સંતાડી. બ્રહ્મા તો બધું લઈને, ખુશ થઈને ગયા. પણ લક્ષ્મીજી જોઈ ગયાં હતાં કે ભગવાને પગ તળે કંઈ છુપાવ્યું છે. તેમણે ભગવાનને પૂછ્યું, 'પ્રભુ! તમારા પગ નીચે કઈ વસ્તુ દબાવી, જે બ્રહ્માને ન આપી?' ભગવાને બતાવ્યું કે, 'આ સુખ-શાંતિ છે.' પછી બોલ્યા, 'માણસ જ્યારે જીવનથી કંટાળશે ત્યારે સુખ-શાંતિની શોધ કરતો મારી પાસે આવશે!'

એટલે જ મહંતસ્વામી મહારાજ, આજના આધુનિક યુગમાં પણ વ્યવહાર અને આધ્યાત્મ બંને ક્ષેત્રે માર્ગદર્શન આપે એવી સુંદર સ્વરચિત આચારસંહિતા 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં લખે છેઃ

सत्यस्य स्वात्मनः सङ्गः सत्यस्य परमात्मनः।
सत्यस्य च गुरोः सङ्गः सच्छास्त्राणां तथैव च॥८॥
विज्ञातव्यमिदं सत्यं सत्सङ्गस्य हि लक्षणम्।
कुर्वन्नेवंविधं दिव्यं सत्सङ्गं स्यात् सुखी जनः॥९॥

સત્ય એવા આત્માનો સંગ કરવો, સત્ય એવા પરમાત્માનો સંગ કરવો, સત્ય એવા ગુરુનો સંગ કરવો અને સચ્છાસ્ત્રનો સંગ કરવો એ સત્સંગનું સાચું લક્ષણ જાણવું. આવો સત્સંગ કરનાર મનુષ્ય સુખી થાય છે. (સ.દી. 8-9)

સત્સંગ શબ્દ સત્ અને સંગ એ બે શબ્દોની નીપજ છે. તેમાં સત્ એટલે સત્ય. જે સર્વત્ર, સર્વ માટે, ત્રણેય કાળમાં બદલાય નહીં, એકરૂપ રહે તે સત્ય કહેવાય. મહંત સ્વામી જણાવે છે કે જેના વડે આપણું શરીર ચાલે છે તે આપણો આત્મા, જગતના પરમપિતા પરમાત્મા, એને પોતાનામાં ધારણ કરનાર બ્રહ્મસ્વરૂપ ગુરુ અને સત્શાસ્ત્ર એ ચાર પરમ સત્ય છે. એમનો 'સંગ' કરવામાં આવે ત્યારે આપણે સુખી થઈ શકીએ છીએ. અહીં 'સંગ' એટલે સાથે રહેવું. ભગવાનનું સતત અનુસંધાન રાખવું.

અજ્ઞાનતાથી દુઃખ

એક પરિવાર વર્ષોથી જંગલમાં રહે. જંગલમાં રહેવાનાં કારણે પરિવાર શહેરથી સર્વથા અપરિચિત હતો. બહારની દુનિયામાં શું ચાલે છે, તેની તેમને કંઈ જ ખબર ન હતી.

શહેરથી આવેલા એક યુવાનના આગ્રહથી પરિવારનો યુવાન શહેરમાં ફરવા ગયો. પ્રથમ વાર જંગલની બહાર નીકળ્યો હોવાથી દુનિયા તેને અજબ-ગજબ લાગતી. બજારમાં ફરતાં-ફરતાં તેણે મોટી સાઈઝના અરીસાની ખરીદી કરી. અરીસો એટલો મોટો હતો કે તેમાં સંપૂર્ણ શરીરનું પ્રતિબિંબ દેખાતું.

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્યવિજય

જંગલમાં આવી યુવાને અરીસો ઘરના એક ઓરડામાં રાખ્યો. શહેરીકરણથી દૂર રહેતાં હોવાથી પરિવારજનોને અરીસા વિશે કંઈ જ માહિતી ન હતી. થોડા સમય પછી યુવાનની પત્ની એ ઓરડામાં ગઈ. ત્યાં તેણે અરીસામાં તેણે પોતાનું પ્રતિબિંબ જોયું અને રડતી-રડતી પોતાની સાસુ પાસે જઈને ફરિયાદ કરી કે, 'શહેરમાં જઈ તમારો દીકરો તો બીજી વહુ લઈ આવ્યો છે.'

આ સાંભળી સાસુ ઓરડામાં ગયાં. અરીસા સામે ઊભા રહ્યાં અને તે પણ રડવા લાગ્યાં. આંગણામાં બેઠેલા દીકરાને બૂમો પાડી રડતાં-રડતાં બોલ્યાં, 'શહેરમાં જઈ તું બીજી ઘરવાળી ભલે લાવ્યો, પણ આવી સાવ ઘરડી કેમ લાવ્યો?'

કથા ભલે કાલ્પનિક હશે, પણ અજ્ઞાનતાથી કેટલું નુકસાન થાય, તે સમજવા જેવું છે.

ભક્તિ અને પ્રેમગાથાનો સંગમ : માધવરાયનો મેળો

મેળો એટલે હળવું-મળવું. પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલા સ્થળે ભેગા થવું. ગુજરાતમાં લગભગ 1500થી વધુ મેળા ભરાય છે. સૌરાષ્ટ્રના ત્રણ મેળા પ્રસિદ્ધ છે. (1) ગિરનારની ગોદમાં યોજાતો મહાશિવરાત્રીનો ભવનાથનો મેળો (2) ઋષિપંચમીએ યોજાતો તરણેતરનો મેળો (3) ઘેડની ફળદ્રુપ ભૂમિ પર આવેલા પોરબંદરના માધવપુરમાં યોજાતો માધવરાયનો મેળો.

સોરઠની ધીંગી ધરામાં, અરબી સમુદ્રને કિનારે અનેક તીર્થસ્થાનોથી વીંટાઈને બારેમાસ વાયરાના વાયે લીલીછમ હરિયાળીથી હિલોળા લેતું માધવપુર યાત્રીઓને સદાય હર્ષોલ્લાસથી આવકારતું અડીખમ ઊભું છે. માધવરાયનો મેળો ચૈત્ર સુદ નોમ (રામનવમી)થી ચૈત્ર સુદ તેરસ એમ પાંચ દિવસ યોજાય છે.

રુક્મિણી હરણની કથા : પૌરાણિક કથા અનુસાર, વિદર્ભ દેશના અધિપતિ ભીષ્મક રાજાની પુત્રી રુક્મિણીનાં લગ્ન તેમના ભાઈ રુક્મીએ શિશુપાલ સાથે નક્કી કર્યા હતા. આ વાતની રુક્મિણીને જાણ થતાં તેમણે શ્રીકૃષ્ણને એક પ્રેમપત્ર લખીને જણાવ્યું કે તેઓ પોતાના મન, વચન અને કર્મથી પોતાનું સર્વસ્વ શ્રીકૃષ્ણને આપી ચૂક્યાં છે. શ્રીકૃષ્ણએ વિદર્ભના કુંદનપુર જઈને રુક્મિણીનું હરણ કર્યું અને માધવપુર ખાતે શ્રીકૃષ્ણ-રુક્મિણીનાં ગાંધર્વ વિવાહ થયાં. આ વાતનો ઉલ્લેખ શ્રીમદ્ ભગવતના દશમ સ્કંધમાં જોવા મળે છે. આ રુક્મિણીનાં પિતા ભીષ્મક અરૂણાચલ પ્રદેશની મિશ્મી આદિજાતિનાં હતા તથા દિબાંગ ખીણ જિલ્લામાં રોલિંગ પાસે આવેલા ભીષ્મકનગરનો ઉલ્લેખ કલ્કી પુરાણમાં જોવા મળે છે.

લગ્નવિધિ : ચૈત્ર સુદ નોમ, દશમ અને અગિયારસ - એમ ત્રણ દિવસ વરણાગી (ફૂલેકું) નીકળે છે. બારસના દિવસે વરઘોડો રુક્મિણીના પિયર 'રુક્મિણી મઠ' ખાતે આવે છે. આ બારસના દિવસે 'કડછા મેર' મેળામાં જોડાય છે અને મેળો તેની પૂર્ણ કક્ષાએ જામે છે. હજારો ભાવિકોની હાજરીમાં અનેરા આનંદ અને કીર્તનોની રમઝટ વચ્ચે શાસ્ત્રોક્ત વિધિ અને વેદોક્ત મંત્રોચ્ચાર સાથે શ્રીકૃષ્ણ-રુક્મિણી



માધવપુરનો મેળો સરદાર પટેલે જોયેલા અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરતી ભારત સરકારની એક યોજનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે

અગ્નિની સાક્ષીએ લગ્નગ્રંથિથી જોડાય છે. આ મેળાનું લગ્નગીત આજે પણ આપણી લગ્ન સંસ્કૃતિ સાથે જોડાયેલું છે...

'માધવપુરનો માંડવો ને, જાદવ કુળની જાન,
પરણે રાણી રુક્મિણી, જ્યાં વર દુલ્હા ભગવાન...'

માધવરાયજીનું જૂનું મંદિર પુરાતત્વના અવશેષ રૂપે આજે પણ સચવાયેલું છે. સોલંકી-ઢબના આ (ચૌલુક્ય શૈલી) ભગ્ન મંદિરનું નિર્માણ આશરે તેરમી-ચૌદમી સદીમાં થયું હતું. માધવરાયના આ ભગ્ન મંદિરના (મૂળ મંદિર) ગવાક્ષમાં વેણુગોપાલ ગોવર્ધનધારી વિષ્ણુની એક વિરલ મૂર્તિ છે. ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાને વ્યક્ત કરતી આ પ્રતિમા આઠ હાથ ધરાવે છે. આવી મૂર્તિ ભારતમાં બીજે ક્યાંય નથી.

હાલના મંદિરનો જીર્ણોદ્ધાર પોરબંદરના રાણા વિકમાતજી અને રૂપાળીબાઈએ ઈ. સ. 1840માં કરાવ્યો હતો. આ મંદિરમાં 16 સ્તંભ છે. આ તમામ 16 સ્તંભયુક્ત મંડપને 'સિંહ-મંડપ' કહેવાય છે. સૌરાષ્ટ્રના વિખ્યાત બહારવટિયા મુળુ માણેક અને જોધા માણેક અહીં આવીને પ્રાચીન મંદિર પર ભગવાન શ્રીકૃષ્ણની ધજા ફરકાવી ગયેલા તેવી કથા પણ પ્રચલિત છે. માધવપુરમાં કપિલ મુનિની દેરી, ગણેશજાળું (જમણી સૂંઢવાળા ગણપતિ), ગદાવાવ, બ્રહ્મકુંડ, રેવતી કુંડ, ચોબારી (બલરામના રેવતીજી સાથે લગ્ન થયાં તે સ્થળ) મહાપ્રભુજીની 84 બેઠકો પૈકીની 66મી બેઠક વગેરે પ્રાચીન સ્થળો અહીં આવેલા છે અને ઘણા ભાવિક યાત્રાળુઓ અહીં દર્શન કરવા આવે છે.

માધવપુર (ઘેડ)નો મેળો ભારતની ઉત્તર-પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિને એક તાંતણે બાંધે છે તથા ઉત્તર-પૂર્વના રાજ્યોને ભારતના મુખ્ય પ્રવાહમાં લાવવાનો એક સન્માનીય પ્રયાસ છે, કારણ કે આ મેળામાં ગુજરાતની સંસ્કૃતિની સાથે-સાથે ઉત્તર-પૂર્વના લોકનૃત્યો, ગીતો વગેરેની પ્રસ્તુતિ કરવામાં આવે છે. એટલું જ નહીં, આ મેળામાં તે રાજ્યોના મુખ્યમંત્રીઓ તથા રાજ્યપાલોને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવે છે.

આમ, માધવપુરનો મેળો સરદાર પટેલે જોયેલા અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરતી ભારત સરકારની યોજના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની પરિકલ્પનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે.

'સૌમ્ય સલૂણી શશીમુખી અહીં રુક્મિણી હરિ હરી લાવ્યા,
ને હરિયાળી વનરાઈ વચ્ચે લગ્ન-માંડવા રોપાવ્યા;
એ મંડપના અવશેષે વાગે આ ઘટનાના હજીએ ઘુંઘૂર,
છે બિંદુ પણ સોરઠ- સિન્ધુનું મોતી મનહર માધવપુર.'

- હેપી ભેંસદડિયા

જીવન આપનાર જ શીખવી શકે

એક વખત નારદમુનિ શ્રીકૃષ્ણ ભગવાન પાસે આવ્યા. તેમણે પ્રશ્ન પૂછ્યો, 'સત્સંગનું ફળ શું?' 'નારદજી! તમારા પ્રશ્નનો ઉત્તર તો આ નરકમાં પડેલો મોટો કીડો છે, તે આપશે.' ભગવાને સહજતાથી કહ્યું.

નારદજી નરકમાં રહેલા કીડા પાસે ગયા. તેમણે કીડાને પ્રશ્ન પૂછ્યો : 'કીડા! સત્સંગનું ફળ શું?' અને જવાબ આપવા કીડાએ નારદજી સામે જોયું, ત્યાં જ તે મરી ગયો! નારદજીને પ્રશ્નનો ઉત્તર ન મળ્યો. એટલે પાછા ભગવાન પાસે આવ્યા. તેમણે ભગવાનને કહ્યું કે, 'મારા પ્રશ્નનો ઉત્તર તો ન મળ્યો અને કીડો મરી ગયો. માટે આપ તે પ્રશ્નનો ઉત્તર આપો.'


ભગવાને કહ્યું : 'જુઓ, પેલા માળામાં હમણાં જન્મેલું પોપટનું બચ્ચું છે. તેને તમે પૂછો. એ તમને સત્સંગનું ફળ બતાવશે.' ભગવાનના આદેશથી અને પ્રશ્નના સમાધાનની આશાથી નારદજીએ પોપટનાં બચ્ચાં પાસે આવ્યા અને પ્રશ્ન પૂછ્યો : 'સત્સંગનું શું ફળ?' પોપટનાં બચ્ચાંએ આંખ ઉઘાડીને નારદજી સામે જોયું, ત્યાં તેની આંખ બીડાઈ ગઈ અને મરણ પામ્યું!

નારદજી ગભરાઈને વિચારવા લાગ્યા કે, 'શું સત્સંગનું ફળ મરણ હશે? જેને આ પ્રશ્ન પૂછું છું તેનું મરણ જ થાય છે.' તેઓ ભગવાન પાસે આવી કહેવા લાગ્યા : 'તમારે મને સાચી વાત કહેવી હોય તો કહો, કારણ કે જેને પૂછું એના પ્રાણ જ જાય છે. આ તો મારા માથે હત્યા ચોંટે છે. માટે મારે તમારી સલાહ માનવી નથી.'

ભગવાને કહ્યું, 'નારદજી! તમારે જો ખરી વાત જાણવી હોય, તો પેલું ગાયનું વાછરડું હમણાં જ જન્મ્યું છે. તેને પૂછશો તો તમારા મનનું સમાધાન થશે.' નારદજી વાછરડા પાસે આવ્યા. ધીરેથી તેને પૂછ્યું : 'સત્સંગનું ફળ શું?' નારદજીની સામે જોતાં જ વાછરડું ધરતી પર ઢળી પડ્યું. નારદજી અત્યંત નિરાશ થઈ ગયા. તે ત્યાંથી સીધા ભગવાન પાસે દોડી આવ્યા. ભગવાને તેમને શાંત કર્યા. પછી કહ્યું : 'તમારા પ્રશ્નનો ઉત્તર હવે તમને ચોક્કસ મળશે. આ નગરના રાજા પાસે જાવ. હમણાં જ તેને ત્યાં પુત્ર જન્મ્યો છે. તેને તમે પૂછશો એટલે જરૂર સમાધાન મળી જશે.'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



નારદજીએ કહ્યું : 'અત્યાર સુધીમાં કીડાને, પોપટને અને વાછરડાને પૂછ્યું અને તેમના પ્રાણ ગયા. હવે જો રાજા પાસે જાઉં ને રાજપુત્ર મરે તો મારું આવી જ બને. મારે હવે સત્સંગનું ફળ જાણવું નથી.'

ભગવાન નારદજીને કહેવા લાગ્યા : 'નારદજી! તે રાજપુત્ર સત્સંગનું ફળ અવશ્ય કહેશે અને મરશે પણ નહીં; તમે ત્યાં જાવ.'

નારદજી હિંમત રાખીને રાજાને ત્યાં પહોંચ્યા. રાજપુત્રને પ્રશ્ન પૂછ્યો : 'ભાઈ, સત્સંગનું શું ફળ છે?' આ સાંભળતાં જ બાળકને વાચા ફૂટી! નારદજી સામે હસીને બોલ્યો : 'નારદજી, હજી તમે સત્સંગનું ફળ શું છે તે સમજ્યા નથી? તમે મને પહેલાં પ્રશ્ન પૂછ્યો, ત્યારે હું કીડો હતો. તેમાંથી પોપટનું શરીર પામ્યો. ત્યાં પણ તમારાં દર્શનથી મુક્ત થઈને વાછરડો થયો. ત્યાંથી છૂટીને રાજાના ઘરમાં જન્મ્યો છું! તમારા જેવા સત્પુરુષનાં દર્શન-માત્રથી એક પછી એક ઉત્તમ દેહને હું પામ્યો છું! અહીં પણ મને તમારાં દર્શન થયાં છે, તો મારું જીવન સાર્થક થઈ ગયું. ફક્ત દર્શનનો જ આવો પ્રભાવ હોય, તો હંમેશાં જેમને સંતોનો સંગ કરવાનું, ભગવાનની કથા સાંભળવાનું વ્યસન હોય, તેમની વાત જ શી કરવી?'

અંતે નારદજીને 'સત્સંગનું ફળ શું?' તેનો ઉત્તર મળી ગયો... 'સત્સંગથી જીવ-પ્રાણીમાત્રની ઊર્ધ્વગતિ થાય છે!!!'

મહંતસ્વામી મહારાજ સ્વરચિત આચારસંહિતા 'સત્સંગદીક્ષા'માં લખે છે :

सत्यस्य स्वात्मनः सङ्गः सत्यस्य परमात्मनः।
सत्यस्य च गुरोः सङ्गः सच्छास्त्राणां तथैव च॥८॥
विज्ञातव्यमिदं सत्यं सत्सङ्गस्य हि लक्षणम्।
कुर्वन्नेवंविधं दिव्यं सत्सङ्गं स्यात् सुखी जनः॥९॥

સત્ય એવા આત્માનો સંગ કરવો, સત્ય એવા પરમાત્માનો સંગ કરવો, સત્ય એવા ગુરુનો સંગ કરવો અને સચ્છાસ્ત્રનો સંગ કરવો એ સત્સંગનું સાચું લક્ષણ જાણવું. આવો સત્સંગ કરનાર મનુષ્ય સુખી થાય છે. (સ.દી. 8-9)

મુઝસે બુરા ન કોય

ગામમાં એક યુવાને કોઈ ગુનો કર્યો. એ ગુનાનો દંડ આપવા પંચાયત મળી. યુવાન સામાન્ય પરિવારનો હતો, એટલે પંચાયતના સભ્યો તેને દંડ કરવા તૈયાર થઈ ગયા. કદાચ પ્રતિષ્ઠિત અને સમૃદ્ધ ઘરનો કોઈ નબીરો હોત, તો સૌ આટલા કઠોર ન થાત!

ગામના એક સમજદાર અને વૃદ્ધ વ્યક્તિ એ પંચાયતની બેઠકમાં ન ગયા. પંચાયત મળી, પણ વડીલ ન દેખાતા તેમને બોલાવવા એક સેવકને મોકલ્યો. સેવકે વૃદ્ધનાં ઘરે આવીને કહ્યું, 'દાદા, જલદી આવો, પંચ તમારી રાહ જુએ છે.'

પંચનાં સૂચનથી વૃદ્ધ ત્યાં જવા ઊભા થયા.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

જોકે તેમણે પોતાના ખભા ઉપર એક પાણી ભરેલું માટલું મૂક્યું. માટલામાં નાનું કાણું હતું, તેમાંથી પાણી ધીરે ધીરે ટપકતું હતું.

વૃદ્ધ માટલા સાથે પંચ પાસે પહોંચ્યા, તો પંચે તેમને પૂછ્યું, 'તમે ખભા ઉપર આ પાણી ભરેલું માટલું લઈને કેમ આવ્યા?' વૃદ્ધ બોલ્યા, 'આ ઘડામાં મારાં પાપ છે, પણ એ મને દેખાતાં નથી, છતાં હું બીજાનાં પાપની સજા આપવા આવ્યો છું.'

વૃદ્ધની વાત સાંભળી પંચના લોકોને સંકોચ થયો અને ગુનેગાર યુવાનને બીજી વાર ભૂલ ન કરવાનું સમજાવી માફી આપી.

આપણે કંઈ ખોટું કરીએ, તો સજા સ્વીકારવા તૈયાર નથી હોતાં, પણ બીજું કોઈ હોય, તો બાકી ન રાખીએ. 'ગુનેગારને દંડ થવો જોઈએ.' એ ખરું, પણ 'હું કેટલો ગુનેગાર છું?' એ ક્યારે વિચારીશું?

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન

ગુરુવાર | 10 એપ્રિલ, 2025 | ચૈત્ર સુદ તેરશ | વિક્રમ સંવત 2081 08

મુશ્કેલીમાં ગુરુ માર્ગદર્શક બની સાચો માર્ગ સૂચવે છે

ક્રોધ એ કમજોરી ગણાય છે. જ્યારે ક્રોધ મનુષ્ય પર સવાર થાય છે, ત્યારે મનુષ્યને તે નુકસાન પહોંચાડે છે. ક્રોધ કમજોરીનું પ્રતીક છે. જે સંયમી છે, જેઓ ક્રોધના સ્વામી છે. તે ક્રોધને પણ કાબૂમાં કરી લે છે. ક્રોધ તેમના વશમાં હોય છે, એ ક્રોધના વશમાં નથી હોતા. ક્રોધ તો તેનું સાધન છે. તે ક્રોધનું સાધન નથી બનતા, પણ જ્યારે ક્રોધ તેના પર સવાર થઈ જાય છે, ત્યારે તે કમજોરીનું પ્રતીક બને છે.

મહાભારતના યુદ્ધમાં કૌરવ પક્ષે શલ્યે સારથિનું કામ કર્યું અને પાંડવ પક્ષે કૃષ્ણે એવું કામ કર્યું કે જ્યારે કર્ણના રથનું પૈડું જમીનમાં ખૂંપી ગયું અને તે તેને બહાર કાઢી રહ્યો હતો, ત્યારે કૃષ્ણે અર્જુનને કહ્યું કે, 'માર અર્જુન માર!' થોડી ક્ષણ માટે અર્જુન ખચકાયો કે મને શ્રીકૃષ્ણ શું કહી રહ્યા છે?

આવા સમયે મારવાનો? હવે કર્ણે પણ પરશુરામ પાસેથી કપટપૂર્વક વિદ્યા શીખી હતી અને પરશુરામે ક્રોધ કરીને કર્ણને શાપ દીધો હતો કે, 'ઠીક છે, તેં મારી સાથે છળકટ કરી વિદ્યા શીખી છે, પરંતુ જે સમયે તને આ વિદ્યાની સૌથી વધારે જરૂર પડશે, તે સમયે તું આ વિદ્યા ભૂલી જઈશ.' ખરી રીતે તો ગુરુની સુશ્રુષા, સેવા નિષ્કપટ ભાવથી કરવી જોઈએ, પણ અહીં કપટ છે.

કર્ણની સેવાભાવના શ્રેષ્ઠ હતી કે પરશુરામ જ્યારે કર્ણના ખોળામાં માથું રાખીને સૂતા હોય અને એક ભમરો કર્ણની જાંઘ પર આવીને બેસે. અરે, ભમરો આમતેમ ઊડે તો પણ આપણે આડાઅવળા થઈ જતાં હોઈએ છીએ, પણ અહીં તો જરા પણ હલવાનું નથી. જો જરાક પણ હલે, તો ગુરુજીની ઊંઘ ઊડી જાય અને ભમરાએ સાથળમાં છેદ કરવાનું શરુ કર્યું. છતાં કર્ણ ન હલ્યો કે ન ચલ્યો. તેને થયું કે જો હું સહેજ પણ હલીશ, તો મારા ગુરુજીની ઊંઘ ઊડી જશે.

ધીમે ધીમે છેદ કરવાને કારણે લોહીની ધારા વહેવા લાગી. પરશુરામને તેનો સ્પર્શ થયો, જાગી

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ગયા. 'આ શું થયું?' જોયું તો ભમરાએ છેદ કર્યો છે અને ત્યાંથી લોહીની ધારા વહી રહી છે. આ જોઈને ગુરુજી પ્રસન્ન થવા જોઈએ કે આવી તારી ગુરુ નિષ્ઠા, પરંતુ અહીં તો પરશુરામ ગુસ્સે થયા અને બોલ્યા, 'બોલ, તું કોણ છે?'

પરશુરામ બ્રાહ્મણ સિવાય કોઈને પણ વિદ્યા શીખવતા નહોતા. તેઓ કહે, 'તું કોઈ બ્રાહ્મણ ન હોઈ શકે, કારણ કે બ્રાહ્મણ આટલી પીડા સહન ન કરી શકે. બ્રાહ્મણ લોહી વહેતું ન જોઈ શકે.' છેલ્લે જ્યારે ખબર પડી કે કર્ણે સેવા-સુશ્રુષા તો ખૂબ નિષ્ઠાથી કરી છે, પરંતુ તે ક્ષત્રિય હોવા છતાં કપટપૂર્વક બ્રાહ્મણ બની મારી પાસે ભણ્યો છે, તો તેને શાપ આપ્યો.

આ વાત અહીં સાકાર થાય છે.

કર્ણના રથનું પૈડું પૃથ્વીમાં ખૂંપી ગયું. તેણે શલ્યને કહયું, 'શલ્ય! કંઈક કર.' શલ્યે કહ્યું કે, 'મારું કામ રથ ચલાવવાનું છે, રથનું પૈડું બહાર કાઢવાનું નથી. હું રથ ચલાવવા માટે નિયુક્ત થયો છું.' આપણી સરકારી ઓફિસોમાં પટાવાળા હોય છે. તેમાંથી કેટલાકની વર્તણુક આવી હોય છે.



જે સજ્જન હોવા છતાં દુર્જનતાની રક્ષા કરે, એવા લોકોને પહેલા દૂર કરવા જોઈએ, એ મહાભારતકાલીન સત્ય છે

ઓફિસર કહે કે, 'પાણી આપજે.' તો પટાવાળો કહે છે કે, 'તે કામ મારું નથી, આ કામ મારી ફરજમાં આવતું નથી.' કુરુક્ષેત્રના મેદાનમાં શલ્ય એવો સારથિ છે, જે કર્ણને સહયોગ આપતો જ નથી. મનોમન કર્ણને ગુસ્સો આવી રહ્યો છે કે મેં આ કેવા સારથિને નિયુક્ત કર્યો છે? આ માણસે તો મને હેરાન-પરેશાન કરી મૂક્યો છે!

જેને પોતાના સારથિનું ગૌરવ નથી અને ઊલટો તે એમ કહી રહ્યો છે કે, 'જ્યારે મરવાની ઈચ્છા હોય ત્યારે કહેજો, ત્યારે અર્જુન પાસે લઈ જઈશ.' સામેના પક્ષમાં લોકો પ્રત્યે જો આવો ભાવ હોય, તો જુસ્સો તૂટી જ જવાનો. કર્ણ પોતે રથનું પૈડું કાઢવા માટે નીચે ઊતર્યો. હથિયાર રથમાં હતા. નિશસ્ત્ર બની એ રથનું પૈડું બહાર કાઢી રહ્યો હતો, ત્યારે જ કૃષ્ણે અર્જુનને કહ્યું, 'માર!' અર્જુને કહ્યું, "આ સમયે મારું? આ તો ધર્મ ન કહેવાય.'

કૃષ્ણ કહે છે, 'ધર્મ શું છે અને શું નથી, તે તું મારા પર છોડ અને માર. તેં તો કહ્યું છે ને કે, 'કરિષ્યે વચનં તવા' તો 'ઇટ્સ એન ઓર્ડર!' ધર્મની રક્ષાની જવાબદારી શું તમે લોકોએ જ લીધી છે?' ક્યારેક-ક્યારેક કોઇ સજ્જન માણસોને ધર્મની આણ દઈને અધર્મ એનું કામ કાઢી લે છે. તેને ધર્મના સોગંદ આપીને બિલકુલ નિઃશસ્ત્ર કરી દે છે.

દુર્જન પક્ષે સજ્જન શ્રીકૃષ્ણ આમ તો પૂરા વ્યવહારુ છે. દુર્યોધનને સૌથી છેલ્લે માર્યો, પણ દુર્યોધનની રક્ષા કરવા માટે જે તત્પર હતા - એ કર્ણ હોય, દ્રોણ હોય કે ભીષ્મ - તેને પહેલા માર્યા. ખરેખર આ બધા સજ્જન હતા. ભીષ્મ, દ્રોણ, કર્ણ આ બધાની પાસે કોઈ ને કોઈ સદગુણો છે. તેઓ સજ્જન છે, પણ એ સજ્જનતા દુર્જનતાની રક્ષામાં રોકાયેલી છે. તે સજ્જનતા દુર્જનતાનું રક્ષાકવચ બનીને બેઠી છે. તેથી જ્યારે એ દુર્જનતાનું રક્ષાકવચ બનીને બેઠી છે, તો પહેલા તેનો વધ કરાય અને અંતમાં દુર્યોધનનો.

એ બધા પ્રતિ શ્રીકૃષ્ણને અતિ સ્નેહ છે, તેમનું સમ્માન કરે છે, પણ પહેલા એમને દૂર કરવા પડે. એ સજ્જન જરૂર છે, પણ દુર્જનતાની રક્ષા માટે કામ કરી રહ્યા છે. દુર્જનતાની રક્ષા માટે જે સજ્જનતાનું કામ કરી રહ્યા છે, તેમને ખત્મ કરવા જરૂરી બની જાય છે. આ મહાભારત કાળનું સત્ય છે. જીવનમાં પણ સાચા ગુરુ મળી જાય, તો મુશ્કેલીમાં પણ સાચો માર્ગ સૂચવે છે.

આ એક સારી ટેવ પાડવા જેવી ખરી...


આપણી સૃષ્ટિમાં જીવમાત્રને 'ટેવ' પડી જતી હોય છે... કોઈકને બીડી પીવાની ટેવ હોય, તો કોઈકને વાતો કરવાની ટેવ હોય (ઘણા પ્રયત્નો પછીય એ ચૂપ ન રહી શકે!); કોઈકને બેઠાં-બેઠાં પગ હલાવવાની ટેવ હોય, તો કોઈકને વાતે-વાતે ગાળો બોલવાની ટેવ હોય... અને એક ટેવ તો આજકાલના જમાનામાં બધાને જ છે - રિંગ કે નોટિફિકેશન વાગ્યું હોય કે નહીં, પણ વારે-વારે ખિસ્સામાં હાથ નાખીને મોબાઈલ મચડવાની ટેવ... એ તો બધાને જ પડી ગઈ છે! ઉપર જણાવેલી/ન જણાવેલી તમામ ટેવોમાંથી કઈ ટેવ આપણને શિષ્ટ-સંસ્કારી બનાવે છે અને કઈ ટેવ આપણી જિંદગી બગાડે છે? કે પછી અમુક ટેવથી આપણા જીવનમાં કંઈ ફરક નથી પડતો... એ તો આપણે જાતે જ તપાસ કરવી પડે...

મુદ્દો એ છે કે આપણને સુટેવ પાડવાની અથવા પડેલી કુટેવને જીવનમાંથી કાઢવાની સ્વતંત્રતા મળી છે. એટલે વિવેકી થવું કે અવિવેકી, સુટેવ પાડવી કે કુટેવ ધારણ કરીને રખડવું... એ નક્કી કરવાનો અધિકાર તો ભગવાને આપણને આપ્યો છે. આપણે નક્કી કરવાનું છે કે 'મારે કઈ ટેવ રાખવી છે?'

એક ગામમાં ઘણા ચોર રહેતા હતા - સમજોને આખું ચોરનું જ ગામ! તેમાંથી એક ચોરને એવી ટેવ કે સાધુ પાસે બેસવા આવે, સત્સંગ કરે! સાધુએ એને ઘણી વાર કહેલું કે આપણે ખોટાં કામ ન કરવાં. ચોરને પણ ચોરી છોડવાની ઈચ્છા ખરી... પણ રહી ન શકે! છતાં તેણે બીજી એક સારી ટેવ રાખેલી - સત્સંગ કરવા જવાની. એક વાર ચોર સત્સંગ કરવા જતો હતો, ત્યારે રસ્તામાં પગમાં કાંટો વાગ્યો અને પગ સૂજી ગયો. તેથી તે રાત્રે એ ચોરી કરવા ન જઈ શક્યો અને સત્સંગ કરવા જ રોકાયો. જ્યારે બીજા બધા ચોરોએ એ રાત્રે રાજાનો ખજાનો ફાડ્યો અને રૂપિયા, ઘરેણાં લઈ આવ્યા. બધાએ અંદરો-અંદર બધું વહેંચી લીધું, પણ આ 'સત્સંગી ચોર'ને કશું મળ્યું નહીં. તેથી તેના ઘરના માણસો અને

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



સગાંવહાલાં તેને વઢવા લાગ્યાં કે 'તું સત્સંગ કરવા ગયો, કાંટો વાગ્યો અને ચોરીએ ન ગયો તેમાં આપણું ભૂંડું થયુ. આપણને પૈસા ન મળ્યા.'

હજી તો વાત ચાલતી હતી, એવામાં રાજાનું લશ્કર ચોરોનું પગેરું શોધતું ગામમાં આવી ચડ્યું અને બધા ચોરોને શૂળીએ ચડાવવા લઈ ગયા. બધા ચોરોની સાથે-સાથે જેને કાંટો વાગ્યો હતો, તે ચોરનેય સિપાઈઓએ ઉપાડ્યો. તે વખતે ગામના લોકોએ અને સાધુએ રાજા પાસે જઈને સાક્ષી પૂરી કે, 'ખજાનામાં ચોરી થઈ ત્યારે આ ચોરી કરવા નહોતો ગયો. તેને તો કાંટો વાગ્યો હતો.' આ સાંભળીને રાજાએ તેને છોડી મૂક્યો અને બીજાને સજા થઈ!

આ વાર્તા કહીને પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ કહે છે કે 'જે વ્યક્તિ સત્સંગ કરે છે, તેને તો શૂળી જેટલું દુઃખ હોય તે કાંટે મટે છે.' પછી ચોરને સત્સંગનો મહિમા સમજાયો અને ચોરી કરવાનું છોડીને એ પ્રામાણિકતાથી મહેનત કરવા લાગ્યો... તેણે સત્સંગ કરવાની ટેવ પાડી હતી, તેથી જાણે-અજાણે પણ તેની રક્ષા થઈ.

એટલે જ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ, સ્વરચિત આચાર સંહિતા, 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં લખે છે:

कुर्वन्नेवंविधं दिव्यं सत्सङ्गं स्यात् सुखी
जनः॥९॥

આવો દિવ્ય સત્સંગ કરનાર મનુષ્ય સુખી
થાય છે. (સ.દી. 9)

આપણા જીવનમાં એવી ઘણી ટેવો હશે, જે અનિચ્છાએ પણ પડી ગઈ હશે... તો ચાલો, એવી નુકસાનકારક ટેવો છોડીને, સત્સંગ કરવાની એક સારી ટેવ સામે ચાલીને પાડીએ; જેનાથી આપણી બંને રીતે રક્ષા થાય - દેહની રક્ષા અને આત્માની પણ રક્ષા!

મૃત્યુ આવે તે પહેલાં

મુંબઈનો એક યુવાન વ્યાપારમાં કરોડો રૂપિયા કમાયો, પણ સગા ભાઈ સાથે ભાગ વહેંચવામાં ઝઘડો થયો. ઝઘડો એટલો વધ્યો કે તેણે સગા ભાઈ સામે જ કોર્ટમાં કેસ કર્યો.

ક્યારેય ઉપાશ્રયમાં નહીં આવનાર એ યુવાન એક દિવસ મિત્રના આગ્રહથી પ્રવચનમાં આવ્યો. પ્રવચનમાં એ દિવસે ક્ષમાપનાની વાત સાંભળી તે વિચારવા લાગ્યો કે, તુચ્છ સંપત્તિ ખાતર સગા ભાઈ ઉપર કેસ! વિષવેલડીને કોઈ પણ રીતે દૂર કરવાનો નિર્ણય કર્યો.

તેણે તરત પોતાના વકીલને ફોન કર્યો કે, હું

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

તમારી ઓફિસે આવું છું. આપણે કોઈ પણ રીતે કેસ પાછો ખેંચવો છે. પેપર્સ તમે તૈયાર કરી રાખો.' શીઘ્ર કોર્ટકેસની વિધિ પતાવીને એ યુવાન ભાઈના ઘરે સામેથી પહોંચ્યો. એ વખતે ભાઈ બહારગામ ગયો હતો, તેથી ફોન કરીને હૃદયથી ક્ષમાયાચના કરી.

વર્ષોનો વૈરાગ્નિ આજે શાંત થયો. તે સમયે શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવાના ભાવ જાગ્યા. તે જ દિવસની સાંજની ટિકિટ લઈ પાલીતાણા પહોંચ્યો. યાત્રા કરીને સાંજે ધર્મશાળામાં આવ્યો, ત્યારે અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો અને મૃત્યુ પામ્યો.

મૃત્યુ આવે તે પહેલાં વેરના અનુબંધને આપણે સમાપ્ત કરીએ.

'સચ્ચિદાનંદ' સ્વરૂપને પામવા પરમ શાંત બનવું જરૂરી

શ્રીમદ્ ભાગવત ફલ ભી હૈ ઔર સાધન ભી હૈ. શ્રીમદ્ ભાગવત પ્રમેય ભી હૈ ઔર પ્રમાણ ભી હૈ. સાધારણતયા સાધન ઔર ફલ યહ દોનોં અલગ-અલગ હોતે હૈં, લેકિન શ્રીમદ્ ભાગવત સાધન ભી હૈ ઔર ફલ ભી હૈ. ભગવદ્ રૂપી સાધન કો અપનાઓગે, તો ક્યા મિલેગા? ભાગવત મિલેગા. યાનિ તુમ ભાગવત હો જાઓગે. ભાગવત કા મતલબ હોતા હૈ ભગવાન કા ભક્ત. પ્રહલાદ, નારદ, પુંડલિક યહ સબ ભાગવત પુરુષ હૈ. તો ભાગવત હી સાધન હૈ, ભાગવત હી ફલ હૈ.

ભગવદ્ પરાયણ બનને કે લિએ ભાગવત પારાયણ હૈ. જીવન જબ તક સંસાર-પરાયણ રહતા હૈ, સંસાર દુઃખરૂપ હૈ. અતઃ જીવન દુઃખો સે યુક્ત રહતા હૈ. હમ અપને જીવન કો દુઃખરૂપ ક્યોં બનાતે હૈં? સંસારાસક્તિ. સંસાર-પરાયણતા જીવન કો દુઃખયુક્ત કરતી હૈ.

સંસારમાંથી સુખ મળી શકે નહીં. એ છે જ દુઃખરૂપ અને ત્યાં જે સુખ દેખાય છે, તો તે સાચું નથી. ક્યાંક ક્યાંક તમે પોતે સુખરૂપ છો. સંસારમાં ક્યારેક કોઈક જગ્યાએ, કોઈક વસ્તુમાં, કોઈક વ્યક્તિમાં તમારા જ સુખનું તમને પ્રતિબિંબ દેખાય અને આપણે અજ્ઞાનવશ તેને સંસારનું સુખ માની લઈએ છીએ.

અનુભવીઓએ કહ્યું છે કે, 'સંસારીનું સુખ એવું, ઝાંઝવાના જળ જેવું'. ઝાંઝવામાં જળ દેખાય છે, હોતું નથી, એમ સંસારમાં સુખ દેખાય છે, હકીકતમાં છે નહીં. શા માટે દેખાય છે? ક્યાંક કોઈક પરિસ્થિતિ, પદાર્થ કે કોઈક વ્યક્તિ સાથે ટ્યુનિંગ થઈ ગયું. એટલે તમને તમારા જ સુખનું પ્રતિબિંબ એમાં દેખાય છે.

વાસ્તવ મેં યહ તુમ્હારા અપના સુખ હૈ. ભાગવત સમજાતા હૈ તુમ હો હી સુખરૂપ. તુમ ભગવાન કે અંશ હો. ભગવાન હૈ 'આનંદ સિંધુ સુખરાશિ.' સ્વરૂપ સે હી શાંત. 'શાંતાકારં ભુજગશયનં. પદ્મનાભ સુરેશં' કૈસે હૈ ભગવાન? જો આનંદ સિંધુ, જો સુખ રાશિ હૈ. જિનકી કૃપા કે સિકર માત્ર સે ત્રિલોક સુખી હો જાતા હૈ. એક બાલદી પાની કી ભરી હો, ઉસ મેં હાથ ભીગોયા ઔર ભીગે હાથ કો બાહર નિકાલા. કરાંગુલિઓં કે અગ્રભાગ પર એટલે કે આંગળીના ટેરવાં પર પાણીના ટીપાં બાઝેલા હશે. ઝટકો દઈને હાથ છંટકોરો તો વહ જો જલ કી બુંદ હૈ, વહ કઈ છોટે સિકરોં મેં બિખર જાયેગી.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ઈસી પ્રકાર સે ભગવાન તો કૃપાસિંધુ હૈ, લેકિન ઉસ કૃપાસિંધુ કે એક સિકર માત્ર સે ત્રિલોક સુખી હો જાતા હૈ. 'સો સુખધામ' વે જો સુખ કે ધામ હૈ, ઉનકા નામ હૈ શ્રીરામ. સકલ સંસાર કો શાંતિ પ્રદાન કરનેવાલે ભગવાન હૈ. આવા ભગવાનનો અંશ છે જીવ, તે અંશી છે. ઈશ્વર અંશ જીવ અવિનાશી. નિયમ એવો છે કે જે ગુણ અંશીમાં હોય, એ જ ગુણ અંશમાં હોય.

ઈશ્વર અંશ જીવ અવિનાશી
ચેતન અમલ સહજ સુખરાશિ॥

આમાં જે સહજ વિશેષણ છે, તે બહુ મહત્ત્વનું છે. ભગવાન અવિનાશી છે તેથી ભગવાનનો અંશ જીવ પણ અવિનાશી છે. ચેતન હૈ. જડ નહીં હૈ. અમલ– મલ રહિત હૈ. નિર્મલ નહીં અમલ. આત્મા કભી મલયુક્ત નહીં હો સકતા.

યહ જો ચૈતન્ય હૈ, વહ અમલ હૈ. મન મૈલા હો સકતા હૈ. ઈસલિએ મન કો ધોના પડતા હૈ. નિર્મલ કરના પડતા હૈ.



સુખ તો માણસની અંદર જ રહેલું છે અને તે એને બહાર શોધતો ફરે છે

ભગવદ્ કથા આદિ સાધનોં કે દ્વારા મન કી શુદ્ધિ કરની પડતી હૈ. મન મૈલા હો સકતા હૈ લેકિન આત્મા કભી મૈલી નહીં હો સકતી. આત્મા અમલ હૈ. આત્મા સુખની ખાણ છે. સુખી થવા માટે બીજું કંઈ નથી કરવાનું. એ સહજ સુખરાશિ છે.

આનંદ માટે બીજું કશું નથી કરવાનું. તમે આનંદ સ્વરૂપ જ છો. શાંતિ માટે કોઈ મથામણ, માથાકૂટ, મહેનત કરવાની જરૂર નથી. તમે સ્વરૂપથી જ શાંત છો. શાંતિ સ્વભાવ નથી, શાંતિ સ્વરૂપ છે. સ્વભાવ બદલાઈ શકે, કારણ કે પ્રકૃતિ પરિવર્તનશીલ છે. સ્વભાવ આજે હોય તેવો સંભવ છે કે આવતી કાલે ન રહે. શાંતિ સંપત્તિ નથી, શાંતિ સદગુણ નથી, શાંતિ સ્વભાવ નથી, શાંતિ સ્વરૂપ છે. રહેશે ગુમાવશો શક્ય છે. સ્વભાવના રૂપે રહેશે તો બદલાશે. સદગુણ રૂપે રહેશે.

સંપત્તિ રૂપ સે હી શાંત હૈ. તમે અત્યારે જે કરો છો, તે બંધ કરો, બાકી સ્વભાવથી તો તમે શાંત જ છો. હાથે કરી પેટ ચોળી પીડા ઊભી કરો છો. અશાંત તો તમે થાવ છો. તો 'મૌકો કહાં ઢૂંઢે રે બંદે, મૈં તો તેરે પાસ રે.'

સુખ અને શાંતિ પણ આમ જ કહે છે. આદમી જબ સુખ કો ઢુંઢતા હૈ, શાંતિ કો ઢુંઢતા હૈ, તો ઐસા લગતા હૈ જૈસે સક્કર મીઠાશ કા ઢુંઢને નિકલી, જૈસે અગ્નિ ગરમી કો ઢુંઢને નિકલી, જૈસે ઠંડી શીતલતા કો ઢુંઢને નિકલી. પાણી જાણે ભીનાશને શોધવા નીકળ્યું. એટલે બ્રહ્માનંદજીએ ગાયું કે :

મૃગનાભિ મેં કસ્તુરી, સુંઘે વહ ઘાસ ગંદી ગંદી,
દુનિયા સભી હૈ અંધી, સમજે નહીં ઈશારા.
નજરોં સે દેખ પ્યારે... ક્યા રૂપ હૈ તુમ્હારા.

'મૃગનાભિ મેં કસ્તુરી.' કસ્તુરી મૃગ કી નાભિ મેં હૈ હી, લેકિન વહ ગંદી ઘાસ સુંઘતા હૈ, તેને એમ થાય કે આ સુગંધ ક્યાંથી આવે છે? ગંદા ઘાસને સુંઘે છે કે કસ્તુરીની સુગંધ અહીંથી આવે છે? સુગંધ ક્યાંથી આવે છે?

સુખ તો માણસની અંદર જ પડેલું છે, પણ તે સંસારના વિષયોમાં સુખને શોધે છે. ગંદુ ઘાસ સુંઘે અને એ મૃગલો ભટકી-ભટકીને, સુગંધ માટે દોડી-દોડીને મરી જાય છે, એ કસ્તુરીની સુગંધ એની અંદર જ પડેલી છે.

માણસ પણ સુખની શોધમાં ભટકી-ભટકીને મરી જાય છે. જિંદગી પૂરી થઈ જાય છે, પણ અજ્ઞાનને કારણે એને ખબર નથી કે જે સુખની શોધમાં તું ભટકે છે, તે તો તું જ છે. (ક્રમશઃ)

'દીક્ષા'નો અર્થ 'સંસાર છોડવો' એ જ થાય?

સામાન્યતઃ કોઈ વ્યક્તિ સંસારનો ત્યાગ કરે, ભગવા અથવા સફેદ વસ્ત્ર ધારણ કરે, ત્યારે કહેવામાં આવે છે કે એણે 'દીક્ષા ગ્રહણ કરી.' બરાબર છે, સંસારના મોજ-શોખ કે સુખ-સાહ્યબીનો ત્યાગ કરીને અધ્યાત્મપંથે નીડરતાથી ડગ માંડનારા એ અધ્યાત્મવીરો સાચે જ 'દીક્ષા ગ્રહણ' કરીને આત્મ-કલ્યાણ, સમાજ-કલ્યાણ અને દેશ-કલ્યાણ માટે કટિબદ્ધ થાય છે!

અહીં પ્રશ્ન થાય કે 'શું સંસાર છોડીને ચાલી નીકળેલા જ દીક્ષા ગ્રહણ કરી શકે? 'દીક્ષા ગ્રહણ' કરવાનો અર્થ માત્ર 'સંસાર છોડવો' એટલો જ થાય? કે 'દીક્ષા'ની અન્ય વિભાવનાઓ પણ છે?

સ્વામિનારાયણ સંસ્થાના મહંતસ્વામી મહારાજ, આધુનિક યુગની આચાર-સંહિતા સમાન સુંદર સ્વરચિત શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં જણાવે છે :

दीक्षेति दृढसङ्कल्पः सश्रद्धं निश्चयोऽचलः।
सम्यक् समर्पणं प्रीत्या निष्ठा व्रतं दृढाश्रयः॥१०॥

'દીક્ષા એટલે દઢ સંકલ્પ, શ્રદ્ધા સહિત એવો અચળ નિશ્ચય, સમ્યક્ (સંપૂર્ણ) સમર્પણ, પ્રીતિપૂર્વક નિષ્ઠા, વ્રત અને દઢ આશરો.' (સ.દી. 10)

અહીં જે વાત થઈ છે, એ અધ્યાત્મમાર્ગે આ તમામ બાબતોની કેળવણીની વાત છે. એનો અર્થ કે ભગવાનનો આશરો કરનાર મુમુક્ષુ 'દીક્ષા ગ્રહણ' કરી શકે છે!

અહીં પહેલો ગુણ જણાવાયો છે - જે દીક્ષા ગ્રહણ કરે એના મનમાં 'દઢ સંકલ્પ' હોય. પાર્વતીએ ભગવાન શિવને પામવા માટે 3-3 જન્મ સુધી કરેલા ભક્તિ-પુરુષાર્થને કોણ નથી જાણતું? સતીએ તો મનમાં દઢ સંકલ્પ કર્યો હતો કે 'કોટી જન્મ લગ રગડ હમારી, વરું શંભુ કે રહું કુંવારી...' ભગવાનને પામવા માટે આવો દઢ સંકલ્પ થાય ત્યારે સાચા અર્થમાં 'દીક્ષા ગ્રહણ' કરી કહેવાય...

દીક્ષા માટે બીજી વાત છે - 'શ્રદ્ધા સહિતના અચળ નિશ્ચય'ની. આપણે રામાયણમાંથી શબરીને તેમની ભક્તિ માટે યાદ કરીએ છીએ, પરંતુ તેમના જીવનનો વિચાર કરીએ તો તેમની શ્રદ્ધા સામે અચૂક માથું ઝુકાવવું પડે. બાળપણમાં શબરીને કહેવામાં આવ્યું હતું કે 'એક દિવસ ભગવાન તારા

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ઘરે આવશે...' અને તેમની શ્રદ્ધા જુઓ!

80-80 વર્ષ સુધી તેઓ રોજ પોતાના ઘરનું આંગણું વાળતાં રહ્યાં; રોજ જંગલમાંથી ફળ લાવતાં રહ્યાં - એક જ આશાએ કે 'આજે મારા રામ આવશે!' તેમને રામ 'ભગવાન છે!' એવો નિશ્ચય હતો. સાથે શ્રદ્ધા પણ હતી કે 'રોજ મારી ભક્તિને ભગવાન સ્વીકારે જ છે.' આવો શ્રદ્ધા સહિતનો નિશ્ચય દઢ થાય, ત્યારે 'દીક્ષા ગ્રહણ' કરી કહેવાય.

દીક્ષાનો ત્રીજો અર્થ છે - 'સમ્યક્ સમર્પણ.' અર્થાત્ તન, મન અને ધનથી ભગવાન પ્રત્યે સંપૂર્ણ સમર્પણ! ભગવાન સ્વામિનારાયણના વખતમાં, ગામ ચાનગઢના રણછોડ મહારાજ હતા. તેમની આર્થિક સ્થિતિ કફોડી હતી. છતાં રણછોડ ભક્તે જાણ્યું કે 'ભગવાન સ્વામિનારાયણ લોક કલ્યાણાર્થે મંદિર બનાવી રહ્યા છે.' ત્યારે તેઓ ભગવાન પાસે પહોંચી ગયા અને પોતાની મરણ મૂડી સમાન તેર દોકડા ચરણોમાં મૂકીને સર્વસ્વ સમર્પણ કરી દીધું!

દીક્ષાનો ચોથો અર્થ છે - 'પ્રીતિપૂર્વકની નિષ્ઠા.' પોતાના ગુરુ, ઈષ્ટદેવ પ્રત્યે અચળ નિષ્ઠા હોય કે ભગવાન સિવાય બીજી કોઈ ન જોઈએ; ભગવાન સિવાય બીજે ક્યાંય માથું ન નમે. ભગવાનમાં પ્રીતિપૂર્વક નિષ્ઠા કેવી હોય? પવનસુત, અંજનીપુત્ર હનુમાનજી જેવી!

યુદ્ધ જીત્યા પછી હનુમાનની સેવાથી પ્રસન્ન થઈને, સીતાજીએ પોતાના ગળામાંથી મોતીનો નવલખો (નવ લાખની કિંમતનો) હાર કાઢીને ઉપહારરૂપે હનુમાનને આપ્યો! હનુમાને તેનો સ્વીકાર તો કર્યો, પણ તેઓ હારમાંથી એક-એક મોતી કાઢતા ગયા અને ફેંકતા ગયા! સીતા તો હેરત જ પામી ગયાં. ત્યારે હનુમાને જણાવ્યું, 'મૈયા! જેમાં રામ નથી, એનું મારે કોઈ કામ નથી..' હનુમાનની અનન્ય નિષ્ઠા જોઈને સીતા પણ તેમને વંદી રહ્યાં.

દીક્ષાનો પાંચમો અર્થ છે - 'દઢ આશ્રય.' ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ભગવાનનો આશરો ન છૂટે, વિશ્વાસ ન તૂટે, 'મારી સાથે જે પણ થાય છે તે ભગવાનની ઈચ્છાથી, મારા ભલા માટે જ થાય છે.' એવો દઢ આશરો થઈ જાય ત્યારે 'દીક્ષા ગ્રહણ' કરી કહેવાય...

ઘોડાની વફાદારી

મુઘલ બાદશાહ કુત્બુદ્દીન ઐબકે મારવાડના રાજા કર્ણસિંહને યુદ્ધમાં પરાજિત કરી, તેની સંપત્તિ હડપી લીધી. કર્ણસિંહની પાસે શુભ્રક નામનો સુંદર ઘોડો હતો. કુતુબુદ્દીનને એ ગમી ગયો. તેણે તેને પોતાની સવારી માટે રાખી લીધો.

કર્ણસિંહને બંદી બનાવી કુત્બુદ્દીન પોતાના વતન પહોંચ્યો. ત્યાં તેણે કર્ણસિંહને ફાંસી આપવાનો નિર્ણય જાહેર કર્યો. જન્નતબાગમાં ફાંસીની બધી તૈયારી કરવાનો હુકમ પણ આપ્યો. બધી તૈયારી થઈ, એટલે શુભ્રક ઘોડા ઉપર બેસી એ જન્નતબાગ આવ્યો.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

ત્યાંનું વાતાવરણ જોતાં શુભ્રકને ખ્યાલ આવી ગયો કે અત્યારે પોતાના પ્યારા રાજાને ફાંસી આપવાની છે. વફાદાર ઘોડો પોતાના માલિકની ફાંસી ઈચ્છતો ન હતો. તેણે જોરથી કૂદકો મારી કુત્બુદ્દીનને નીચે પાડ્યો અને એ ઊભો થાય, તે પૂર્વે તો શુભ્રકે તેને ખૂબ માર્યો. એના ગળા ઉપર પગના જોર-જોરથી પ્રહારો કરવા લાગ્યો. થોડી જ વારમાં કુત્બુદ્દીન મૃત્યુ પામ્યો. લોકો કંઈ સમજે, એ પહેલાં તો શુભ્રક ફાંસીના માચડા પાસે ઊભેલા પોતાના માલિક પાસે ગયો અને તેમને પોતાની પીઠ ઉપર બેસાડી ત્યાંથી રવાના થઈ ગયો.

મહારાણા પ્રતાપના ચેતક ઘોડાની વફાદારી પ્રસિદ્ધ છે, પણ ફારસી ગ્રંથમાં આલેખાયેલા કર્ણદેવના શુભ્રક ઘોડાની વફાદારી અલ્પ પ્રસિદ્ધ છે. આવી વફાદારી આપણે પણ જીવનમાં કેળવીએ.

ઇશ્વર અંશ જીવ અવિનાશી, ચેતન, અમલ, સહજ સુખરાશિ

આપણે પરિસ્થિતિઓના ગુલામ છીએ, વ્યક્તિઓના ગુલામ છીએ, વસ્તુઓના ગુલામ છીએ. ભગવાન સુખરાશિ છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



તુમ હો હી સુખરૂપ. પણ ક્યારેક પરિસ્થિતિ સાથે ટ્યુનિંગ થઇ જાય એટલે આપણને એ પરિસ્થિતિ સુખરૂપ લાગે, ક્યારેક કોઇ વ્યક્તિ સાથે મનનું ટ્યુનિંગ થઇ જાય એટલે આપણને એ વ્યક્તિ સુખરૂપ લાગે. મન એ ટ્યુનિંગનું બટન છે. કોઇક વસ્તુ સાથે ટ્યુનિંગ થઇ જાય એટલે તે વસ્તુ સુખરૂપ લાગે, પણ એ સુખ કોઇ વસ્તુમાં, વ્યક્તિમાં, પરિસ્થિતિમાં નથી. એ સુખ તો તમે પોતે જ છો. માત્ર ટ્યુનિંગ થઇ ગયું. જો એ વસ્તુ સુખરૂપ હોત, એ વસ્તુમાં જ સુખ હોત, તો તે વસ્તુ આજે સુખ આપે અને કાલે કેમ એ ને એ જ વસ્તુ દુઃખ આપે?

આજે આ વ્યક્તિ સુખ આપે અને કાલે કેમ તે જ વ્યક્તિ દુઃખનું કારણ બને? પરિસ્થિતિ આજે સુખરૂપ લાગે, તો કાલે પછી કેમ દુઃખરૂપ લાગે? વરસાદ આવે તો ખેડૂતોને મજા આવી જાય. છાપાંવાળાં પણ લખે કે, 'કાચું સોનું વરસે છે.' 'જગતનો તાત આનંદમાં' પછી વરસાદ બંધ જ ન થાય તો? એ જ પરિસ્થિતિ દુઃખ આપે ને! હવે તો વરસાદ ખમૈયા કરે તો સારું! ધરતી તપતી હતી, ખેતરને પાણીની જરૂર હતી, મોલાત સુકાતી હતી, તેમાં વરસાદ વરસ્યો એટલે એ પરિસ્થિતિ સાથે મનનું ટ્યુનિંગ થઇ ગયું, એટલે સુખ મળ્યું. પછી એકધારો વરસાદ વરસ્યો એટલે મનનું ટ્યુનિંગ બગડી ગયું.

ન પરિસ્થિતિ મેં સુખ હૈ, ન વ્યક્તિ મેં, ન વસ્તુ મેં, સુખ તો તુમ્હારે ભીતર હૈ. જીવ સહજ સુખરાશિ હૈ. આટલું જો જગતના માણસોને સમજાઇ જાય તો આ રૂપિયા માટે જે આંધળી દોટ મૂકીએ છીએ, તે બંધ થઇ જાય. રૂપિયા લૂંટી-લૂંટીને મોટી-મોટી મ્હેલાતું બાંધનારાને એમ થાય કે બંગલામાં સુખ છે. સુખ બંગલામાં પણ નથી અને સુખ ઝૂંપડામાં પણ નથી. તમારા મનનું ટ્યુનિંગ જ્યાં થઇ જાય, ત્યાં તમને સુખ દેખાય છે.

સુખરૂપ તુમ હો. આ બધાની પાછળ ભાગવાની જરૂર નથી. જબ તક તુમ્હારા સુખ કિસી વ્યક્તિ વિશેષ, વસ્તુ વિશેષ યા પરિસ્થિતિ વિશેષ કે આધીન હૈ, તબ તક તુમ ગુલામ હો. 'સ્વામીજી' સંન્યાસીને કહેવાય કારણ કે તે આ ગુલામીમાંથી છૂટી ગયા છે. આપણે પરિસ્થિતિઓના ગુલામ છીએ, વ્યક્તિઓના ગુલામ છીએ, વસ્તુઓના ગુલામ છીએ. ભગવાન સુખરાશિ છે અને જીવ ભગવાન કા અંશ હોને કે કારણ 'ચેતન અમલ સહજ સુખરાશિ'. વહ સહજ સુખરાશિ હૈ.



જો ગુણ અંશી મેં હોતે હૈ, વહી ગુણ અંશ મેં હોતે હૈ. યહ નિયમ હૈ. સમંદર કે તટ પર જાઓ ઔર સમંદર સે એક અંજલિ પાની લો. લેબોરેટરી મેં ટેસ્ટ કરાઓ, તો અંજલિ મેં જો પાની હૈ ઔર સમંદર કા જો પાની હૈ, દોનોં મેં કોઇ ભેદ નહીં હૈ. લેકિન હાઁ, જીવ બ્રહ્મ હી હૈ, બ્રહ્મ સે અલગ નહીં હૈ. લેકિન રંગ બદલ જાએગા.

હકીકત મેં રંગ બદલતા નહીં હૈ, રંગ બદલા હુઆ દિખતા હૈ. વહ નીલા સમંદર દિખતા હૈ ઔર હાથ મેં જો પાની હૈ વહ કાઁચ જૈસા નિર્મલ હૈ. વાસ્તવ મેં સમંદર કા પાની નીલા નહીં હૈ. વહ વૈસા પાની હૈ, જૈસા તુમ્હારી અંજલિ મેં હૈ, લેકિન વહ નીલા દિખાઇ દે રહા હૈ. ક્યોં? ક્યોંકિ જલ અગાધ હૈ ઔર નિર્મલ હૈ જલ, તો નીલિમા ઉસમેં દિખાઇ પડતી હૈ. યહ આસમાન નિર્મલ હૈ, અસીમ હૈ, તો આસમાન કા નીલા રંગ હૈ. પરમાત્મા અસીમ હૈ, અમલ હૈ ઇસલિએ ભગવાન કા રંગ ભી હમને નીલા માના હૈ. ઇસલિએ 'મેઘવર્ણમ્ શુભાંગમ્' કહા હૈ.

આમ, ભગવાનના 'સચ્ચિદાનંદ' સ્વરૂપને પામવા આપણે સદગુરુની કૃપા સાથે પરમ શાંત બનવા તરફ આગળ વધવાની જરૂર છે.

ભગવાનનાં ઘર સુધી પહોંચવાની બે પાંખો

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



કહેવાય છે કે ભારતવર્ષની ભૂમિ આધ્યાત્મિકતાની ભૂમિ છે; સાધનાની ભૂમિ છે; પરમ કલ્યાણને પામવાની ભૂમિ છે. એવું નથી કે ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનો નથી થતા કે ભારત ટેક્નોલોજીના ક્ષેત્રે દુનિયાથી પાછળ છે કે ભારત આધુનિક જગતમાં દુનિયાને ટક્કર મારી શકે એમ નથી.

ભારતમાં બુદ્ધિધન છે, વૈજ્ઞાનિક ધન છે, દેશભક્તિનું પરમ શૌર્ય છે, ભારત મહાસત્તા બનવા સક્ષમ છે - છતાં ભારતની વિશેષતા આ બધાથી નહીં, પરંતુ તેની આધ્યાત્મિકતાથી, આત્મા-પરમાત્માના જ્ઞાનથી દર્શાવવામાં આવે છે અને આ આધ્યાત્મિકતામાં છુપાયેલાં છે - બે પરમ રહસ્યો... (1) 'આજ્ઞા પાલન' અને (2) 'ઉપાસના.'

ભારતીય સનાતન સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી, ત્યારથી જ આધ્યાત્મિકતાના આ બંને પાસાંને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વેદો-ઉપનિષદોથી માંડીને, શિવપુરાણ, વિષ્ણુપુરાણ, શ્રીમદભાગવત મહાપુરાણ, અરે! રામાયણ, મહાભારત અને ગીતામાં પણ આપણને આ બે મૂલ્યો ઉપર વિસ્તૃત નિરૂપણ જોવા મળે છે. ગુણાતીતાનંદ સ્વામી પોતાના ઉપદેશમાં કહે છે: 'આજ્ઞા અને ઉપાસના એ બે અક્ષરધામમાં (ભગવાનનાં શાશ્વત, અવિચળ નિવાસ સ્થાનમાં) જવાની પાંખો છે. માટે તેને મૂકવી જ નહીં...' (સ્વામીની વાતો 3/31)

હા, જન્મ-મરણનાં વિષચક્રમાંથી, સંસારના માયિક બંધનોમાંથી છૂટીને, પરમ આનંદ અને પરમ સુખના ગગનમાં વિહાર કરવાની આ બે પાંખો છે. આપણા જીવનમાં જો એ દૃઢ થઈ જાય, તો આપણે પણ આનંદ-ગગનનાં પંખી બની શકીએ.

આજ્ઞાપાલન - 'ગુરુની મરજી મુજબ, ગુરુની પ્રસન્નતા માટે અને મહિમાપૂર્વક; ભગવાન તથા ગુરુના આદેશોનું પાલન, એટલે જ આજ્ઞાપાલન.'

ઉપનિષદ કાળમાં ધૌમ્ય ઋષિના બે શિષ્યો હતા. આરુણિ અને ઉપમન્યુ. બંને શાંત સ્વભાવના હતા. ગુરુના આજ્ઞાપાલક. ગુરુએ તેમની પરીક્ષા લેવા વિચાર્યું. તેમણે બંનેને જંગલમાં ગાયો ચારવા મોકલ્યા અને કહ્યું કે, 'કંઈ ખાશો નહીં.' ગુરુના આજ્ઞાપાલક શિષ્ય હોવાથી કંઈ ખાતા નહીં, પણ ભૂખ લાગે ત્યારે ગાયોનું દૂધ દોહીને પી લે. થોડા દિવસે ગુરુને ખબર પડી અને તેમણે દૂધ પીવાની ના પડી દીધી.

ગુરુએ દૂધ પીવાની ના કહી હોવાથી બંને શિષ્યો વસ્તીમાં જઈ રોટલાના ટુકડા માંગી લાવ્યા અને ખાધા. આમ, રોજ ટુકડા માગી, ખાઈ લે. પછી ગુરુએ તેમને ભિક્ષા માંગવાની પણ ના પાડી દીધી. છતાં શિષ્યોએ ગુરુમાં દોષ પરઠ્યો નહીં. ત્રણ-ચાર દિવસ તો ખાધા વગર ચલાવ્યું. પછી ખૂબ ભૂખ લાગી. દૂધ પીવાની કે અનાજ ખાવાની તો ગુરુની આજ્ઞા નહોતી. તેથી આંકડાના છોડ પરથી આંકોલિયાનો નાસ્તો કર્યો. પણ આંકડાના ઝેરથી બંને આંધળા થઈ ગયા. આશ્રમમાં પાછા ફરતી વખતે ઊંડા ખાલી કૂવામાં પડ્યા. ગાયો એકલી જ આશ્રમમાં આવી. ગુરુને ચિંતા થઈ કે આરુણિ-ઉપમન્યુ કેમ ન આવ્યા? તેઓ તેમને શોધવા નીકળ્યા. 'આરુણિ! ઉપમન્યુ!' બૂમ મારે. કૂવામાં પડેલા બંનેએ ગુરુનો સાદ સાંભળ્યો અને કૂવામાંથી હોંકારો દીધો. ગુરુએ પૂછ્યું, 'ક્યાં છો?' બંનેએ કહ્યું, કૂવામાં પડ્યા છીએ.'

ગુરુએ માણસો કૂવામાં ઉતારીને તેમને બહાર કઢાવ્યા. જોયું તો આંધળા થઈ ગયેલા. ગુરુએ કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, 'તમે કંઈ ખાવા-પીવાની ના પાડી હતી અને અમને ખૂબ ભૂખ લાગી હતી. તેથી આંકડાનાં આકોલિયાં ખાધાં અને દેખાતું બંધ થઈ ગયું!' ઋષિ તેમની ગુરુભક્તિ ઉપર રાજી થઈ ગયા. દેવોના વૈદ્ય અશ્વિનીકુમારને બોલાવીને તેમને દેખતા કર્યા. ગુરુએ આવી પરીક્ષા લીધી તોય પાછા પડ્યા નહીં અને ગુરુને છોડ્યા નહીં.

બીજી બાબત છે... ઉપાસના - 'પોતાના ઈષ્ટદેવ અને ગુરુદેવ પ્રત્યેની ભક્તિ એટલે ઉપાસના.'

એક વાર રામચંદ્ર ભગવાનને ત્યાં મહાદેવ શંકર ભગવાન મહેમાન થયા. રાજભવનના દિવાનખંડમાં બંને વાર્તાલગ્ન હતા અને રામચંદ્રની સેવામાં હનુમાન ઉપસ્થિત હતા. મહેમાનગતિ માટે રામે હનુમાનને આજ્ઞા કરી, 'મહાદેવજી માટે દૂધ લાવો.' હનુમાન દૂધ લાવ્યા તો ખરા, પરંતુ વિચાર્યું કે 'મારે તો રામની ઉપાસના છે, તેમની હાજરીમાં હું મહાદેવને દૂધ કઈ રીતે આપું?' તેથી રામને કહ્યું, 'ભગવન્! મહાદેવ મહેમાન મોટા કહેવાય. આપના હાથે દૂધ આપો તો સારું.' કહી ઉપાસના સાચવી અને અન્યની અવહેલના પણ ન કરી. હનુમાનની ભક્તિ જોઈને મહાદેવ અને રામચંદ્ર પ્રસન્ન થયા.

આપણી સંસ્કૃતિમાં આજ્ઞા અને ઉપાસનાનું અત્યંત મહત્ત્વ છે. આ બંનેનું યથાર્થ પાલન કઈ રીતે થઈ શકે? આપણને માર્ગદર્શન આપનારી આજ્ઞા અને ઉપાસનાની પદ્ધતિઓ પણ શાસ્ત્રોમાં વર્ણવવામાં આવી છે. મહંતસ્વામી મહારાજ શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં જણાવે છે:

शास्त्रेऽस्मिञ्ज्ञापिता स्पष्टम् आज्ञोपासनपद्धतिः।
परमात्म-परब्रह्म-सहजानन्द-दर्शिता॥११॥

'આ શાસ્ત્રમાં પરબ્રહ્મ સહજાનંદ પરમાત્માએ દર્શાવેલ આજ્ઞા તથા ઉપાસનાની પદ્ધતિ સ્પષ્ટ રીતે જણાવી છે.' (સ.દી. 11)

'સત્સંગદીક્ષા' ગ્રંથ દ્વારા આપણે પણ સનાતન સંસ્કૃતિના મૂલ્યોને દૃઢ કરીએ.

નાનકડું આલંબન

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

લગભગ 100 વર્ષ પૂર્વેની આ સત્ય ઘટના છે. ગુજરાતના સિનોર નામના નાનકડા ગામમાં આચાર્ય વિજય સિદ્ધિ સૂરીશ્વરજી મહારાજ બિરાજમાન હતા. તેમને વંદન કરવા વર્ષીતપનાં એક તપસ્વી શ્રાવિકા આવ્યાં.

ગુરુદેવને વંદન કરી ઉપવાસનું પચ્ચક્ખાણ માંગ્યું. ગુરુદેવે આપ્યું, પણ પછી પૂછ્યું, 'આજે કોઈ પર્વતિથિ નથી, છતાં ઉપવાસ શા માટે?' તો બહેન બોલ્યાં, 'ગુરુદેવ, વર્ષીતપ છે, એટલે ઉપવાસ છે.'

ગુરુદેવે તપસ્વીની અનુમોદના કરતાં કહ્યું, 'આ નાનકડા ગામમાં સામૂહિક વર્ષીતપ નથી... એક ટાઈમના બેસણાની કોઈ વ્યવસ્થા નથી... કોઈ વ્યક્તિગત ગુરુ ભગવંતની મંગલમય પ્રેરણા પણ નથી... છતાં તમે વર્ષીતપ કરો છો...!' કહી એમના તપધર્મની અંતરથી અનુમોદના કરી.

તપસ્વી બહેને સહજ ગુરુ ભગવંતને પૂછ્યું, 'ગુરુદેવ, આપે વર્ષીતપ કર્યું છે?' ગુરુદેવે ન કર્યું હોવાથી 'ના'નો જવાબ આપ્યો.

બહેન તો વંદન કરી જતાં રહ્યાં, પણ તેમના પ્રશ્નથી ગુરુદેવના અંતરમાં વર્ષીતપ કરવાનાં અરમાન જાગ્યાં.

જીવનના સાત-સાત દાયકા વીતી ગયા હોવા પછી પણ વર્ષીતપ કરવાનો ભાવ જાગ્યો અને ગુરુદેવે વર્ષીતપનો શુભારંભ પણ કર્યો.

તેઓ માત્ર એક જ વર્ષીતપ કરીને ન વિરમ્યા, પરંતુ શતાધિક વર્ષ સુધી જીવ્યા અને જીવનના અંતિમ સમય સુધી વર્ષીતપ કર્યું. તેમણે કુલ 33 વર્ષીતપ કર્યાં.

એક નાનકડું આલંબનનું બીજ મોટા વટવૃક્ષનું કારણ બની શકે છે...! એક નાનકડી નદી પ્રેરણાનો સ્રોત બની શકે છે...!

જીવનમાં સદગુણો અપનાવશો તો જય તમારો જ થશે

મરણ કેવું હોવું જોઈએ એ ભાગવત શીખવાડે છે, તો રામાયણ જીવતાં શીખવાડે છે. ભીષ્મ પિતામહનું મરણ એવું હતું

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા


યાદ રાખો, એક હોય છે, આશા અને બીજી હોય છે, પ્રતીક્ષા. આશા એટલે કદાચ એ આવશે. સંભાવના છે કે આવે. સંભાવના એના આવવાની છે. આપણે તેને જાણ કરી છે કે આ પ્રકારે કાર્યક્રમ છે, ઉત્સવ છે. કહ્યું છે કે, 'જોઉં છું, પ્રયત્ન કરું છું.' એ થઈ આશા.

બીજી છે, પ્રતીક્ષા. એમાં વાત નિશ્ચિત થઈ જાય છે કે આવશે જ! એણે કહ્યું છે કે નકકી તે આવશે. તે આવશે એટલે આવશે.

ભીષ્મ પિતામહમાં આશા નથી. તિતિક્ષા છે. પ્રતીક્ષા છે કે ભગવાન આવશે જ અને ભગવાન આવ્યા. પાંડવોએ જ્યારે નમસ્કાર કર્યા તો ભગવાને પણ ભીષ્મ પિતામહને નમસ્કાર કર્યા. આવું અદભુત છે તેમનું વ્યક્તિત્વ! એટલા માટે તો કહે છે કે ભાગવત મરતાં શીખવાડે છે. જન્મે ત્યારે બધા રડતાં-રડતાં જન્મે છે. આવે તો બધા છે, પણ રડતાં-રડતાં.

જેનું જવું અસાધારણ થઈ જાય એ ક્ષણ કેવી હોય છે? મરણ કેવું હોવું જોઈએ એ ભાગવત શીખવાડે છે, તો રામાયણ જીવતાં શીખવાડે છે. પિતામહ ભીષ્મનું આ મહાપ્રયાણ છે. પ્રતીક્ષા હતી અને ભગવાન આવ્યા.

મેં એક વાર્તા વાંચી હતી. એક શાક વેચવાવાળો ભગવાનનો ભક્ત હતો. શાક વેચે અને જેટલા પૈસા મળે તેનાથી તેનો વ્યવહાર ચાલતો. શાકના થડે બેઠાં-બેઠાં તે ભજન કરતો રહેતો. ક્યારેય અપ્રામાણિકતા કરતો નહીં.



એક વખત એક માણસ તેની પાસે શાક લેવા આવ્યો. એણે શાક લઈ રૂપિયા નીચે ફેંક્યા. શાકવાળાએ એ લીધાં. સિક્કા જેવા જમીન પર પડ્યા અને તેનો અવાજ થયો કે તેને ખબર પડી ગઈ કે આ સિક્કા ખોટા છે.

ગ્રાહક સમજી ગયો કે શાકવાળાને ખબર પડી ગઈ છે કે સિક્કા ખોટા છે. તેથી હમણાં પાછા આપશે. શાકવાળાએ તે સિક્કા લઈ ફરી નીચે ફેંક્યા. બોદો અવાજ આવ્યો. સાબિત થઈ ગયું કે સિક્કા ખોટા છે. શાકવાળાએ પૈસા લઈ આકાશ સામે જોયું અને સિક્કા માથે ચડાવી ગ્રાહક સામે જોઈ કહ્યું, 'ભાઈ! તમારો આભાર!' ખરીદનારને થયું કે, કાં તો આ માણસ બેવકૂફ છે અથવા તો હોશિયાર! તેણે ખોટા સિકકા દીધા, શાક લીધું અને જતો રહ્યો.

તે બીજે દિવસે ફરી ખોટા સિક્કા લઈ શાકવાળા પાસે આવ્યો, શાક લીધું અને ખોટા સિક્કા શાકવાળાને આપ્યા, શાકવાળાએ નીચે પછાડ્યા. જોયું કે સિક્કા ખોટા છે. તેણે આકાશ સામે જોઈ ખોટા સિક્કા રાખી લીધા. હવે પેલા માણસને થયું કે આ તો ખોટા સિક્કા લઈ લે છે.

ત્રીજે દિવસે એ પાછો ખોટા સિક્કા લઈને આવ્યો. આમ, એ દરરોજ શાક લે, ખોટા સિક્કા પધરાવીને જાય. ચાર-પાંચ દિવસમાં તેની પાસે ખોટા સિક્કા પૂરા થઈ ગયા.

તેણે પત્નીને કહ્યું કે, 'તારી પાસે ખોટા સિક્કા છે? એક બેવકૂફ માણસ છે, જે જાણવા છતાં ખોટા સિક્કા લઈ લે છે.' પત્ની પાસે જેટલા ખોટા સિક્કા હતા, તે તેણે પતિને આપી દીધા.

આટલેથી એ માણસ ન અટકયો અને તેણે તેના પડોશમાં પ્રચાર શરૂ કર્યો કે એક બેવકૂફ શાકવાળો છે. એને ખોટા સિક્કા આપો તો પણ લઈ લે છે. તમારી પાસે જો ખોટા સિક્કા હોય, તો તમે પણ લઈ આવો.

શાકવાળાની આજુબાજુનાએ કહ્યું, 'અરે, તું પાગલ છો? માણસો તને ખોટા સિક્કા દઈ જાય છે અને તું જાણવા છતાં તે લઈ લે છે! તું ભૂખે મરીશ.'

શાકવાળાએ કહ્યું, 'હું ભૂખે નહીં મરું. જે આવશે તેનો સ્વીકાર કરીશ. મારું ધ્યાન ઉપરવાળો રાખે છે.'

તેની જીવનસંધ્યા ઢળી, મૃત્યુશૈયા પર તે પડ્યો હતો. ત્યારે તેણે ભગવાનનું સ્મરણ કરતાં પ્રાર્થના કરી, 'ભગવાન! હું વધારે નથી જાણતો પણ મેં સાંભળ્યું છે કે જે જેવાં કર્મ કરે. તેવું ફળ તેને મળે છે. મારે એટલું કહેવું છે કે આજ સુધી જિંદગીમાં જેટલા ખોટા સિક્કા મારી પાસે આવ્યા, મેં તેનો સ્વીકાર કર્યો છે. આજે એક ખોટો સિક્કો તારા દરબારમાં આવે છે. હે નાથ! મને તરછોડતા નહીં, મને અપનાવી લેજો.'

એ જ રીતે પિતામહ ભીષ્મ પણ બાણશૈયા પર પ્રતીક્ષા કરી રહ્યા હતા. અંતમાં પ્રતીક્ષા કોની હોવી જોઈએ? રાજસંસ્થા આવી ગઈ, ધર્મસંસ્થા આવી ગઈ અને સ્વયં શ્રીહરિ સામે આવી ઊભા રહ્યા. કુટુંબના સભ્યોના ચહેરા પર પીડા હતી, ત્યારે પિતામહ ભીષ્મે કહ્યું કે, 'પ્રભુ, તમે આમ જ ઊભા રહેજો. તમે ઊભા રહેજો, પ્રતીક્ષા કરજો. જ્યાં સુધી મારા પ્રાણ આ કલેવરને છોડીને ન જાય ત્યાં સુધી હે યદુવર, તમે અહીં જ ઊભા રહેજો. પ્રતીક્ષા કરો. અત્યાર સુધી પ્રતીક્ષા કરવાનું કામ મારું હતું, હવે પ્રતીક્ષા કરવાનો વારો તમારો છે. મારા પ્રાણ આ શરીરને છોડીને ન જાય ત્યાં સુધી તમે ક્યાંય જતાં નહીં. તમે સામે ઊભા રહો, ત્યારે તમારા મુખારવિંદ પર સદૈવ જે મધુર મુસ્કાન હોય છે, તેની સાથે પ્રતીક્ષા કરજો.'

શિસ્ત અને સંયમ જાળવવા જુદી વ્યવસ્થા

ભારતીય સનાતન સંસ્કૃતિમાં ઘણા મંદિરો, સંપ્રદાયોમાં બેઠક-વ્યવસ્થા અને દર્શન-વ્યવસ્થા માટે બહેનો અને ભાઈઓની જુદી ગોઠવણ કરવામાં આવે છે. સાથે-સાથે ઘણી ત્યાગાશ્રમ પરંપરાઓમાં પણ સ્ત્રી-ત્યાગ જોવા મળે છે. આનું ઉપરછલ્લું નિરીક્ષણ કરનારા ઘણી વાર એવું માનતા હોય છે કે 'આ તો ભેદભાવ રાખ્યો કહેવાય... સ્ત્રી અને પુરુષ બંનેને સમાન અધિકાર મળવા જોઈએ.'

આવું કહેનારા કે વિચારનારા એ ભૂલી જાય છે કે 'અધિકાર તો બધા માટે સરખો જ છે. માત્ર વ્યવસ્થા જુદી કરવામાં આવી છે.' એવું કહેનારા કે વિચારનારા ભારતીય પરંપરાનો ઈતિહાસ જોવાનો ભૂલી જાય છે, જ્યાં સ્ત્રી અને પુરુષને સમાન જ્ઞાન, સમાન સામાજિક પદવી અને સમાન માન-મોભાનો અધિકાર છે.

આ એ ભારત છે જ્યાં ઉપનિષદોમાં પણ મહર્ષિ યાજ્ઞવલ્ક્ય અને મહાવિદૂષી ગાર્ગીનો સંવાદ ઉપસ્થિત છે : 'यो वा एतदक्षरं गार्गि, अविदित्वाऽस्माल्लोकात्प्रैति स कृपणः। अथ य एतदक्षरं गार्गि, विदित्वाऽस्माल्लोकात्प्रैति स ब्राह्मणः॥' અર્થાત્ મહર્ષિ યાજ્ઞવલ્ક્ય કહે છે, 'હે ગાર્ગી! જે વ્યક્તિ અક્ષરબ્રહ્મને જાણ્યા વગર મૃત્યુ પામે છે, તે તુચ્છ છે. અને હે ગાર્ગી! જે અક્ષરબ્રહ્મને જાણીને મૃત્યુ પામે છે, તે જ સાચો બ્રહ્મજ્ઞાની છે.' (બૃહદારણ્યક-ઉપનિષદ્ 3/8/10)

હા, આ ભારત છે, જ્યાં સતી અનુસૂયાએ પોતાનાં સતીત્વના પ્રભાવથી બ્રહ્માંડના અધિષ્ઠાતા દેવો - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પણ શિશુ બનાવી દીધા હતા. (શિવ પુરાણ) આવા તો અનેક આખ્યાનો જોવા મળે છે. સતી પાર્વતી, મૈત્રેયી, સુલભા, સૂર્યસાવિત્રી, દ્રૌપદી, કુંતી, મંદોદરી, અપાલા, ભક્તરાજ જીવુબા, ભક્તરાજ લાડુબા, વગેરે જેવાં અનેક નારીરત્નોથી ભારતીય સનાતન ઈતિહાસ ઝળહળે છે!

આપણી સંસ્કૃતિમાં સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવને કોઈ સ્થાન જ નથી... પરંતુ હા, સ્ત્રી-પુરુષ મર્યાદાને ચોક્કસ સ્થાન છે. તેનું કારણ છે. ભગવાન સ્વામિનારાયણ પોતાના ઉપદેશગ્રંથ વચનામૃતમાં કહે છે : 'અને વળી જગતમાં એમ વાર્તા છે જે, 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા,' એ વાર્તા ખોટી છે. એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ અથવા વિચારવાન હોય,

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહીં અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહીં. એવી રીતે સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહીં. આ વાર્તા તે એમ જ છે, પણ એમાં કંઈ સંશય રાખવો નહીં.' (વચનામૃત ગઢડા મધ્યપ્રકરણ 35) ટૂંકમાં, જેમ અગ્નિ અને ઘી ભેગા થાય ત્યારે ભડકો થયા વિના રહે જ નહીં, તેમ સ્ત્રી અને પુરુષ ભેગા થાય ત્યારે સૌનાં મન ચલાયમાન થયા વિના રહે નહીં, એ ન્યાયે જુદી વ્યવસ્થા કરવામાં આવે છે.

જોકે મોક્ષ, ભક્તિ કે સામાજિક અસ્તિત્વના કોઈ અધિકારમાં ભેદભાવ રહેતો જ નથી! ભગવાનને મન તો કોઈ સ્ત્રી નથી અને કોઈ પુરુષ નથી. ભગવાન તો બધાને 'આત્મા'ની દૃષ્ટિએ જ જુએ છે. એટલે જ મહંતસ્વામી મહારાજ, આધુનિક યુગની આચાર-સંહિતા સમાન સુંદર સ્વરચિત શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં જણાવે છે :

सत्सङ्गाऽधिकृतः सर्वे सर्वे सुखाऽधिकारिणः।
सर्वेऽर्हा ब्रह्मविद्यायां नार्यश्चैव नरास्तथा॥१२॥
नैव न्यूनाधिकत्वं स्यात् सत्सङ्गे लिङ्गभेदतः।
स्वस्वमर्यादया सर्वे भक्त्या मुक्तिं समाप्नुयुः॥१३॥

'પુરુષો તથા સ્ત્રીઓ સર્વે સત્સંગના અધિકારી છે, સર્વે સુખના અધિકારી છે અને સર્વે બ્રહ્મવિદ્યાના અધિકારી છે. સત્સંગમાં લિંગભેદથી ન્યૂનાધિકપણું ન જ સમજવું. બધાં પોતપોતાની મર્યાદામાં રહી ભક્તિ વડે મુક્તિને પામી શકે છે.' (સ.દી. 12-13)

ઉપરોક્ત બંને વિધાનોમાં લિંગભેદને મહત્ત્વ ન આપતાં સ્ત્રી-પુરુષ સર્વેને સુખ, સત્સંગ અને બ્રહ્મવિદ્યાનો સમાન અધિકાર આપવામાં આવ્યો છે; જે અન્ય ધર્મોની અપેક્ષાએ હિંદુ ધર્મને વિશેષ અને અનુસરણીય બનાવે છે.

આ સિદ્ધાંતને જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'દેહ તો પુરુષનો ને સ્ત્રીનો બેય માયિક છે ને નાશવંત છે અને ભજન કરનારો જીવાત્મા - તે પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી, એ તો સત્તામાત્ર ચૈતન્ય છે. તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે જેવી ભગવાનની મરજી હોય તેવો તેનો આકાર બંધાય છે અથવા એ ભક્તને જેવો સેવાનો અવકાશ આવે તેવો આકાર ધરીને ભગવાનની સેવા કરે છે.' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ 22)

આમ, જુદી વ્યવસ્થા દ્વારા શિસ્ત અને સંયમ બંને જળવાય છે. ભૌતિક વિદ્યાઓ, લૌકિક જ્ઞાન પામવામાં પણ જો આવો જ અભિગમ કરણીય હોય, તો આધ્યાત્મિક માર્ગે તો આવો અભિગમ અપનાવવો જ પડે! આ રીતે 'સત્સંગદીક્ષા' ગ્રંથ દ્વારા આપણને સનાતન વૈદિક સંસ્કૃતિનાં મૂલ્યો અને તેની સાચી રીતોનો પરિચય થાય છે.

પોતાનાપણું

બીજા વિશ્વયુદ્ધના સમયની આ સત્ય ઘટના છે. ત્યારે હવાઈજહાજોનો વધારે ઉપયોગ થતો હોવાથી પેરેશૂટની પણ ખૂબ જરૂર પડતી. આ કાર્યમાં મહિલાઓને વિશેષ રૂપે જોડવામાં આવી. જોકે સતત આ જ એકમાત્ર કામ હોવાથી મહિલાઓને એ કંટાળાજનક લાગતું, તેથી કામમાં પણ થોડી થોડી વેઠ ઉતારવા લાગી.

કંપનીના સંચાલકને અનુભવાયું કે ઉત્સાહ વધુ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

મંદ થવાથી સમય જતા પેરેશૂટની ગુણવત્તા ઉપર અસર પડશે અને જો એમ થાય તો દેશ માટે પોતાની જાનનું બલિદાન આપનારા વીર સૈનિકો સાથે કેવો અન્યાય થાય!

સંચાલકે પોતાની વિચક્ષણતાનો ઉપયોગ કરી એક નવી જ વિચારણા કરી અને સાંજે કર્મચારી મહિલાઓની અગત્યની એક મીટિંગ બોલાવી. મીટિંગમાં અનેક સભ્યોને સાંભળ્યા, જેથી પણ અનુભવાયું કે સૌના ઉત્સાહમાં ખરેખર ધીરે ધીરે હાનિ થતી જાય છે.

મીટિંગના અંતે સંક્ષિપ્તમાં સંચાલકે જમાવ્યું કે દેશની સેવા માટે જેટલું મહત્ત્વનું કામ સૈનિકો કરે છે, એટલું જ મહત્ત્વનું કામ તમારું છે. જો તમારાં કામમાં ગફલત થઈ, તો તેઓ કેવી રીતે બચી શકશે? એનાથી વધુ મહત્ત્વની વાત એ છે કે તમે જે પણ પેરેશૂટનું નિર્માણ કરો છો, તે બીજા કોઈ માટે નહીં, પણ તમારા પોતાના પિતા, પતિ અને પુત્રને બચાવવા માટે કરી રહ્યા છો. જો તેમાં થોડી પણ ગુણવત્તા ઘટશે, તો તમારા જ પ્રાણપ્યારા સ્વજનોનો જીવ જોખમમાં મુકાશે... આ વાક્યની એટલી ઊંડી અસર થઈ કે સૌ મહિલાઓ પૂરી નિષ્ઠા અને ઉમંગથી પેરેશૂટ બનાવવાના લાગી.

સ્થિતપ્રજ્ઞ રહેતાં કૃષ્ણ પાસેથી શીખવાનું છે



મહાપ્રતાપી પિતાએ તેના મહાજ્ઞાની પુત્રને આજ્ઞા કરી, 'રાજર્ષિની પાસે જ્ઞાનપ્રાપ્તિ માટે તમે જાવ.' પિતા છે, મહર્ષિ વેદવ્યાસ અને પુત્ર છે, શુકદેવજી મહારાજ. વેદવ્યાસજી શુકદેવજીને કોની પાસે મોકલે છે? જનક પાસે. એ રાજર્ષિ છે, વ્યાસજી કહે, 'બેટા! તમે તેમની પાસે જાવ અને તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો.' આ કર્મયોગ છે.

પિતાની આજ્ઞા માથે ચડાવીને શુકદેવજી મિથિલા નગરીમાં રાજા જનકજી પાસે જવા નીકળ્યા. તેમણે તો મનમાં વિચાર્યું હતું કે જનકજી નદીને કિનારે આશ્રમ બનાવી, માથા પર જટા ધારણ કરી પથ્થરની કોઈ શિલા પર બિરાજમાન હશે. મૃગચર્મનું આસન પાથર્યું હશે અથવા દર્ભાસન પર બિરાજતા હશે, પરંતુ શુકદેવજીની બધી ધારણા તેઓ મિથિલા પહોંચ્યા, ત્યારે ઊંધી વળેલી જણાઈ.

એમણે જોયું તો જનકજીનો વિશાળ રાજમહેલ છે. મોટું સુંદર સિંહાસન મૂકેલું છે, ઉત્તમ વસ્ત્રો અને સુંદર આભૂષણો ધારણ કરીને મહારાજ જનક બિરાજમાન છે, તેમની ચારે બાજુ દાસ અને દાસીઓ છે. બધી જ સગવડો હાજર છે.

શુકદેવજીને આશ્ચર્ય થયું. કારણ કે પિતાએ તેમને જ્ઞાનપ્રાપ્તિ માટે મોકલ્યા છે અને જે પરમ જ્ઞાની ગણાય છે તેવા જનકજી તો વૈભવ વચ્ચે જીવતા જણાય છે. છતાં શુકદેવજીને થયું કે પિતાએ મોકલ્યો છે તો સમજી-વિચારીને જ મોકલ્યો હશે ને!

'"જનક મહારાજ! હું આપને પ્રણામ કરું છું. મારા પિતાશ્રીએ કહ્યું છે કે આપ રાજર્ષિ છો, હું આપની પાસે આવીને જ્ઞાનનો ઉપદેશ લેવા માગુ છું, પણ માફ કરજો, હું જોઉં છું કે તમે તો ગળાડૂબ ભોગમાં પડ્યા છો. સંસારની આટલી બધી સુખ-સગવડો વચ્ચે તમે રહો છો અને આવા વાતાવરણમાં રહીને તમે રાજર્ષિ કઈ રીતે રહી શકો? તમે નિત્ય જ્ઞાનમાં સ્થિત કઈ રીતે છો? મને આશ્ચર્ય થાય છે. મને માર્ગદર્શન આપો અને આવા વૈભવી વાતાવરણમાં પણ તમે જ્ઞાનમાં સ્થિત હો, તો એ યુક્તિ મને પણ શીખવાડો. જેથી સંસારમાં રહીને પણ જ્ઞાનમાં નિત્ય સ્થિત થઈ જાઉં.'

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



જનકજી કહે, 'તમારા પિતાએ મોકલ્યા છે તો જરૂર બતાવીશ. ઋષિપુત્ર આવો! તમારું સ્વાગત છે, પણ એક કામ કરો. મારા શિષ્ય બનવા માટે તમારે યોગ્યતા પ્રાપ્ત કરવી પડશે અને એ માટે તમારે એક વિધિમાંથી પસાર થવું પડશે. એ વિધિ સંપન્ન કર્યા પછી તમારી જિજ્ઞાસા હું જરૂર સંતોષીશ.' શુકદેવ કહે, 'રાજન! આજ્ઞા કરો.'

જનક મહારાજે દૂધનો ભરેલો કટોરો મંગાવ્યો. શુકદેવજીના હાથમાં એ કટોરો આપીને કહ્યું, 'આખી મિથિલા નગરીની પ્રદક્ષિણા કરી આવો, પણ સાવધાન! કટોરામાંથી એક ટીપું પણ દૂધ નીચે પડવું ન જોઈએ.'

તેજસ્વી વ્યાસપુત્ર શુકદેવ હાથમાં દૂધ ભરેલો કટોરો લઈ મિથિલા નગરીની પ્રદક્ષિણા કરવા નીકળી પડ્યા. તેમના મનમાં વિચાર હતો પોતાની યોગ્યતા પૂરવાર કરવાનો અને જનકજીની આ શરત જો પૂરી કરે. તો શિષ્ય રૂપે તેમનો સ્વીકાર થવાનો હતો. શુકદેવજીમાં જિજ્ઞાસા પ્રબળ હતી તેથી તેઓ કંઈ પણ કરવા તૈયાર હતા. શુકદેવજી હાથમાં દૂધનો કટોરો લઈને ચાલવા માંડ્યા.

જનકજીએ શુકદેવજી જ્યાં જ્યાં પગલાં માંડે ત્યાં ત્યાં આખે રસ્તે એવી વ્યવસ્થા કરાવી કે ચારે બાજુ કેટલીય અપ્સરા નાચી રહી હતી. ક્યાંક સંગીત વાગી રહ્યું છે, ક્યાંક સૌંદર્યનો મેળો ભરાયો છે, મતલબ કે ચારે બાજ આકર્ષણ... આકર્ષણ... આકર્ષણ.

શુકદેવજી આખા મિથિલાની પરિક્રમા કરીને જનકજી પાસે આવ્યા, કહ્યું, 'રાજાજી! આ લો!' જનકજી કહે, 'એક ટીપું પણ નીચે પડ્યું નથી ને?' 'નથી પડ્યું! જોઈ લો.' 'જ્યારે તમે પ્રદક્ષિણા કરી રહ્યા હતા, ત્યારે તમે આસપાસ શું જોયું?' 'કંઈ નહીં.' જવાબ મળ્યો. 'તમને નથી ખબર કે આટલી અપ્સરાઓ નાચી રહી હતી, સૌંદર્ય મેળા ભરાયા હતા, નાચગાન થઈ રહ્યું હતું, મધુર સંગીત વાગી રહ્યું હતું!'

શુકદેવજી કહે, 'મહારાજ! મારા કાનમાં કોઈ સંગીત આવતું હતું, પણ મારું ધ્યાન એ તરફ હતું જ નહીં, મારી નજર ફક્ત દૂધ પર જ ચોંટેલી હતી. ચિંતા એની હતી એટલે એક ટીપું પણ નીચે પડ્યું નથી. મારી નજર દૂધ પર લાગેલી હતી તેથી મેં બીજું કંઈ જોયું નથી.'

જનકજી કહે, 'જે રીતે વાતાવરણમાંથી પસાર થતાં તમે કોઈ પણ દૃશ્યોથી આસક્ત થયા નહીં, કારણ કે તમારી દૃષ્ટિ દૂધ ઉપર ચોંટેલી હતી. બસ, એ જ રીતે હું સંસારમાં રહેવા છતાં જ્ઞાનમાં સ્થિત છું. રાજમહેલના વિલાસી વાતાવરણમાં રહેવા છતાં હું તેમાં આસક્ત નથી. મારી આસક્તિ જ જતી રહી છે.'

શુકદેવજીને તે જ ક્ષણે પિતાનું સ્મરણ થયું અને તેમને જ્ઞાન પ્રાપ્ત થયું, શુકદેવજીએ વિચાર્યું કે જો હું મહારાજા જનક પાસે આવ્યો જ ન હોત. તો જળમાં જે રીતે કમળ નિઃસંગ રહે છે એ રીતે સંસારના ભોગની વચ્ચે વિદેહી બનીને કઈ રીતે રહી શકાય, તેનું જ્ઞાન જ મને મળ્યું ન હોત! ભગવાન શ્રીકૃષ્ણ તેમની બધી જ લીલાઓ દ્વારા સંસારમાં સ્થિતપ્રજ્ઞ કઈ રીતે રહી શકાય તેનો સંદેશ આપીને સમજાવે છે કે સંસારમાં લોપાયા વિના કૃષ્ણ સાથે સંવાદ રાખીને જીવનને કૃષ્ણના જીવન સંગીતની સાથે જોડી શકાય છે. લોકો સત્યને છુપાવવા માટે અસત્યનો આશ્રય લે છે, જૂઠનો આશ્રય લે છે અને કેટલાક સમય માટે એ જૂઠના વાદળો વચ્ચે આવી જાય છે, ત્યારે સત્યનો સૂર્ય ઢંકાઈ જાય છે પરંતુ એ વાદળ કેટલા દિવસ? એક દિવસ તો એ વિખેરાવાના જ છે અને સત્યનો સૂર્ય પૂર્ણ પ્રકાશ સાથે આગળ આવશે.

બીજી વાત, અસત્ય આપણા દ્વારા નિર્મિત થાય છે. અસત્યના નિર્માતા આપણે છીએ. સત્યનો નિર્માતા કોઈ નહીં. સત્ય સ્વયંભૂ છે. સત્યને આપણે બનાવતા નથી. સત્ય તો છે જ. આપણે સત્યનો આશ્રય કરી શકીએ છીએ. આપણે સત્યની અનુભૂતિ કરી શકીએ છીએ, પરંતુ સત્યના નિર્માતા બની શકતા નથી.

વર્ણભેદ વ્યવસ્થા કોઈને ધુત્કારવા માટે નથી

ભારતીય સનાતન પરંપરાના શાસ્ત્રો આપણને આ બધા ભેદભાવોથી પર થઈને એક મનુષ્ય તરીકે જીવન જીવવાની પ્રેરણા આપે છે. હા, સમાજની વ્યવસ્થા માટે કોઈક ચોક્કસ ગોઠવણી હોઈ શકે... પરંતુ તે ગોઠવણીને આધાર બનાવીને કોઈકને ધુતકારવા, કોઈકને તુચ્છકારવા... એવું સમર્થન કોઈ શાસ્ત્રોમાં જોવા મળતું નથી. ઉલટું શાસ્ત્રો તો સવળી પ્રેરણા આપે છે! મોક્ષના, ભક્તિના કે સામાજિક અસ્તિત્વના કોઈ અધિકાર બાબત પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ, આધુનિક યુગની આચાર-સંહિતા સમાન સુંદર સ્વરચિત શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં જણાવે છે :

सर्ववर्णगताः सर्वा नार्यः सर्वे नरास्तथा।
सत्सङ्गे ब्रह्मविद्यायां मोक्षे सदाऽधिकारिणः॥१४॥
न न्यूनाऽधिकता कार्या वर्णाऽऽधारेण कर्हिचित्।
त्यक्त्वा स्ववर्णमानं च सेवा कार्या मिथः समैः॥१५॥
जात्या नैव महान् कोऽपि नैव न्यूनस्तथा यतः।
जात्या क्लेशो न कर्तव्यः सुखं सत्सङ्गमाचरेत्॥१६॥


અર્થાત્ 'સર્વ વર્ણના સર્વ સ્ત્રીઓ તથા સર્વ પુરુષો સદાય સત્સંગ, બ્રહ્મવિદ્યા અને મોક્ષના અધિકારી છે. વર્ણના આધારે ક્યારેય ન્યૂનાધિકભાવ ન કરવો. સર્વ જનોએ પોતાના વર્ણનું માન ત્યજીને પરસ્પર સેવા કરવી. જાતિએ કરીને કોઈ મહાન નથી અને કોઈ ન્યૂન પણ નથી. તેથી નાત-જાતને લઈને ક્લેશ ન કરવો ને સુખે સત્સંગ કરવો.' (સ.દી. ૧૪-૧૬)

સત્સંગમાં કે સમાજમાં વર્ણભેદથી ઊંચો-ઊણો ભાવ ન રાખવો તે ધારાધોરણ આ વિધાનમાંથી સ્ફુટ થાય છે. સામાન્ય રીતે સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણનું પ્રચલન છે.

ગુણ અને કર્મના વિભાગ અનુસાર ચાર વર્ણનું સર્જન પરમાત્માએ કર્યું છે. પરંતુ તેમાં કોઈ અધિક-ન્યૂનભાવનો નિર્દેશ નથી કર્યો. તેઓ જ કહે છે કે 'स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।' અર્થાત્ 'પોતપોતાના કર્મમાં ઉત્સાહપૂર્વક જોડાયેલો મનુષ્ય સંસિદ્ધિને પામે છે.' (ગીતા ૧૮/૪૫) પરંતુ સરકતા સમયે થયેલા વિકૃતિના પ્રવેશને કારણે ઊંચ-નીચ ભાવ અસ્તિત્વમાં આવ્યો; પણ સનાતન ધર્મના સિદ્ધાંત અનુસાર, અહીં 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજ એ ભાવને રદિયો આપી રહ્યા છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આ સંદર્ભમાં ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે : 'જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહીં જે, 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહીં અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું.' આમ, મનુષ્યમાત્રને વર્ણનું માન ન રાખવાનો સનાતન ધર્મનો આદેશ છે. બધા જ મનુષ્યો વચ્ચે એટલું સુહૃદયપણું-એક્તા હોય કે વર્ણની ભેદરેખા આપમેળે ઓગળી જાય. આવી સુહૃદયતાનું તેનું યથાર્થ પાલન સ્વામિનારાયણ સંપ્રદાયમાં થયાની નોંધ અંગ્રેજ અફસરોએ બે સદી પહેલા લીધી છે.

સન ૧૮૨૫માં ખ્રિસ્તી ધર્મોપદેશક બિશપ હેબરના અંતરમાં ભગવાન શ્રીસ્વામિનારાયણને મળવાની તીવ્ર અભિલાષા હતી. તેથી તેઓએ નડિયાદથી કહેણ મોકલાવ્યું ત્યારે શ્રીજીમહારાજે તેના પ્રતિભાવરૂપે મીઠાઈના પડિયા અને હારતોરા સાથે છ ભક્તોને મોકલ્યા. તેમાં એક બ્રાહ્મણ હતા, તો એક દરબાર. એક વાણિયા, તો એક કોળી. એક દેવીપૂજક, તો એક મુસ્લિમ. તેઓ કપાળમાં તિલક-ચાંદલા સાથે હેબરને પ્રણામ પાઠવી ઊભા રહ્યા ત્યારે આ પાદરી તો નવાઈ પામી ગયા. તેઓ કુતૂહલવશ પૂછી બેઠા કે 'તમે બધા સાથે કેવી રીતે રહી શકો છો?'

ત્યારે એ હરિભક્તોએ જણાવ્યું, 'ભલે અમે જુદી-જુદી જ્ઞાતિના હોઈએ, પણ અમે સૌ ભગવાન સ્વામિનારાયણના ભક્તો છીએ. તેમણે અમને શીખવ્યું છે કે 'એકબીજાને ભાઈઓ ગણવા અને પરસ્પર સંપ-સુહૃદભાવથી વર્તવું.'

આ વાર્તાલાપની નોંધ પોતાની રોજનીશીમાં ટપકાવતાં શ્રીહેબરે લખ્યું છે કે 'Though of different castes they were all disciples of Swaminarayan and taught to regard each other as brothers.' અર્થાત્ 'તેઓ જુદા-જુદા વર્ણના હોવા છતાં સ્વામિનારાયણના શિષ્યો હતા. તેમનામાં એકબીજા પ્રત્યે બંધુત્વની ભાવના સીંચવામાં આવી હતી.'

વર્ણ-વ્યવસ્થા માત્ર કાર્ય-ભેદ, વ્યવસાય-ભેદ દર્શાવે છે; નહીં કે એ વર્ણો વચ્ચેનો ઊંચ-નીચતાનો/અધિક-ન્યૂનપણાનો ભેદ. તો ચાલો, આપણે પણ સનાતન સિદ્ધાંતોનું સાચું અનુસરણ કરીને, ભેદભાવથી પર થઈને, મનુષ્યત્વ અને ભક્તત્વમાં પ્રયાણ કરીએ.

માતૃપ્રેમ

સાઉથ અમેરિકામાં આવેલી એન્ડિઝની પર્વતમાળામાં આદિવાસી પ્રજા રહે. અશિક્ષિત હોવાનાં કારણે પરસ્પર નાના-મોટાં ઘણાં ઝઘડા થતા રહે.

એક વાર પર્વતની ઊંચાઈ પર રહેતા કેટલાક આદિવાસી યુવાનો નીચે આવ્યા અને નીચે રહેતી એક આદિવાસી સ્ત્રીનાં બાળકનું અપહરણ કરી પાછા ઉપર જતા રહ્યા.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એ પર્વતમાળાનાં શિખરો ઘણાં ઊંચાં, એટલે બાળકને પાછું લેવા કોણ જાય? તે વિચારણા થવા લાગી, પણ કોઈ ઉપર જવા તૈયાર ન થયું.

નીચે રહેતા લોકોને ઉપર ચડવાની એવી આદત નહીં, છતાં કેટલાક યુવાનો હિંમત કરી પર્વત ચડવા તૈયાર થયા. ઘણી મહેનત કરી બે-ત્રણ યુવાનો અડધા પહાડ સુધી પહોંચી ગયા, પણ હવે વધુ આગળ જવાની હિંમત ન હતી, તેથી ત્યાંથી જ પાછા વળવાનો તેમણે નિર્ણય કર્યો.

હજી તેઓ પાછા ઊતરવાની તૈયારી કરતા હતા, ત્યાં બાળકની માતાને ઊંચા પહાડ પરથી નીચે ઊતરતી જોઈ. તેની કાંખમાં બાળક પણ હતું. આ જોઈ યુવાનો આશ્ચર્ય સાથે વિચારવા લાગ્યા કે મજબૂત પુરુષો પણ જે પહાડ ન ચડી શકે, તે આ સ્ત્રી કેવી રીતે ચડી ગઈ? સ્ત્રીને પૂછ્યું, તો તેણે જવાબ આપ્યો, 'તમે માત્ર યુવાનો જ છો, જ્યારે હું આ બાળકની માતા છું.'

ભેદભાવ રહિત કર્મ કરો, જીવન તેજસ્વી બનશે

સૂર્ય વંશમાં પ્રગટ થયેલા ભગવાન શ્રીરામનું ચરિત્ર સૂર્ય જેમ સૌને જગાડે છે, એમ સંસારના જીવોને મોહન નિદ્રામાંથી જગાડે છે. રામ ચરિત્ર જગાડે છે, જ્યારે કૃષ્ણ ચરિત્ર રમાડે છે. એટલા માટે જ કૃષ્ણની વાત આવે, ત્યારે રાસની વાત આવે. રામની વાત આવે, ત્યારે વનવાસ. એટલે રામનો ત્યાગ સ્મરણમાં જાગે. કોઈ પણ વાંકગુના વગર રામે વનવાસ સ્વીકાર્યો એ ત્યાગ, એ સમર્પણ યાદ આવે.

રાવણનું ચરિત્ર રડાવે છે. આમેય રાવણનો મતલબ જ છે કે જે રડાવે તે રાવણ. સૂર્યવંશી રામનું ચરિત્ર જગાડનારું છે. સૂર્ય પાસેથી ત્રણ વસ્તુ શીખવા મળે છે. પહેલી વાત 'નો વેકેશન'. સૂર્યનારાયણ ક્યારેય વેકેશન પર જતા નથી. સતત કામ કરે છે. સૂર્યનારાયણે ક્યારેય એમ કહ્યું કે, 'હમણાં મારી તબિયત બરાબર નથી એટલે પંદર દિવસ કામ પર નહીં આવું.' ક્યારેય કહ્યું? 'નો વેકેશન.' એટલે કે અવિરત પુરુષાર્થ, અવિરત કાર્ય કરતાં રહેવું તે સૂર્યનારાયણ પાસેથી શીખવા જેવું છે!

સાડા છ વાગ્યે સૂરજ ઊગે એટલે ઊગે જ આજે ઠંડી હતી એટલે ઊઠવામાં આળસ થઈ એટલે મોડું થયું. આપણને શિયાળામાં ઊઠવામાં આળસ થાય, પણ સૂર્યનારાયણ તેના સમયે આવી જ જાય.

બીજું, 'નો એક્સ્પેક્ટેશન' સૂર્યનારાયણ જે કંઈ કરે છે તે આશારહિત કરે છે. આપણી પાસેથી તેને કોઈ અપેક્ષા નથી. તમે તેને નમન કરો કે ન કરો, સૂર્યનારાયણ બધાંને પ્રકાશ આપે છે. કોઈ પણ પ્રકારના ફળની આશા રાખ્યા વગર સૂર્યનારાયણ નિષ્કામ થઈને કાર્ય કરે છે.



ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ત્રીજી વાત જે સૂર્યનારાયણ પાસેથી શીખવાની છે, તે 'નો ડિસ્ક્રિમિનેશન', સૂર્યનારાયણ કોઈ ભેદ કરતા નથી. આ નાસ્તિક છે, આ આસ્તિક છે, એવો કોઈ ભાવ સૂર્યનારાયણ કરતા નથી. તે બધાંને પ્રકાશ આપે છે અને એટલે સૂર્યને શ્રીકૃષ્ણે ભગવદગીતામાં સૌથી પહેલો કર્મયોગનો ઉપદેશ આપ્યો.

ગીતામાં ભગવાન અર્જુનને કહે છે, 'હે અર્જુન! આ યોગ સૃષ્ટિના આરંભમાં મેં સૌથી પહેલા-વહેલા સૂર્યને કહ્યો હતો. સૂર્ય ભગવાનના પહેલા શિષ્ય છે. સૂર્યે આ ઉપદેશ પોતાના પુત્ર વૈવશવત મનુને કહ્યો. મનુએ એ યોગ ઈક્ષ્વાકુને કહ્યો અને એ રીતે પરંપરાથી આ યોગ ચાલતો આવતો હતો. બહુ સમય થયો પછી આ યોગ નષ્ટપ્રાયઃ થતો ગયો. આજે હે અર્જુન! તારા માધ્યમથી એ યોગને હું ફરીથી જાગ્રત કરી રહ્યો છું.'

નિષ્કામ કર્મયોગનો સંદેશ સૂર્યનારાયણ આપે છે, એ જ સૂર્યના વંશમાં ભગવાન રામનું પ્રાકટ્ય છે. કોઈ સૂર્યની સામે પથ્થર ફેંકે તો પણ સૂર્ય તેને પ્રકાશ આપે છે, કોઈ ભેદ નથી. સૂર્ય જીવન આપે છે.

સૂર્ય એટલે વિશ્વનો આત્મા. આપણા વેદોમાં સૂર્યને વિશ્વનો આત્મા કહ્યો છે. કૈકેયીએ કડવા વેણ કહી શ્રીરામને વનવાસ આપ્યો, પણ શ્રીરામે કૈકેયીને હૈયે લગાડ્યા. ચૌદ વર્ષના વનવાસ બાદ ભગવાન રામ પાછા અયોધ્યા આવ્યા તો સૌથી મહત્ત્વની વાત છે, જીવનમાં સતત સાતત્ય રાખવાનું છે. સાતત્ય સે શ્રદ્ધા નહીં હૈ તો બન જાયેગી, ભગવાન રામ મેં અનુરાગ નહીં હૈ તો બન જાયેગા. એટલા માટે જ જ્યારે શબરીને ભગવાન રામે નવધા ભક્તિનો ઉપદેશ કર્યો, ત્યારે કથાને બીજી ભક્તિ કહી.

પ્રથમ ભક્તિ સંતન કર સંગા ।
દુસરી રતિ મમ કથા પ્રસંગા ॥

સંતોની મુખેથી ભગવાનની કથા સાંભળીએ, ત્યારે ભગવાનની કથામાં અનુરાગ થાય અને તે બિલકુલ સત્ય વાત છે. કેટલીય વાર ઘરમાં રામાયણનું પુસ્તક પડ્યું હોય અને અમે ઘરે પધરામણી કરીએ, ત્યારે લોકો પ્રેમથી મંદિરમાં લઈ જાય અને ત્યાં દીવડો પ્રગટ કરાવે અને દેખાડે કે, 'અમારા ઘરમાં રામાયણ, ભાગવત રહે છે. અમારા બાપા વાંચતા.' બાપા વાંચતા તે બરાબર, પણ તેં ખોલ્યું નથી,

ક્યારેક કોઈક જગ્યાએ કથા ચાલતી હોય અને માણસ ત્યાં પહોંચી જાય. ભલે વહેવાર નિભાવવા માટે પણ આવે અને કોઈ મહાપુરુષના મુખેથી કથા કાનમાં પડી જાય, તો કથામાં અનુરાગ થશે. અરે! ક્યારેક કોઈ કેસેટ સાંભળી લે, ટી.વી.માં જોઈ લે એનાથી માણસના જીવનની દિશા બદલાઈ જાય છે. એવા કેટલાય દાખલાઓ છે.

એટલે સાધુ-સંતો બોલતા હોય છે કે જીવનની લંકામાંથી કોઈક વિભીષણ જાગી જાય અને રામના શરણમાં પહોંચી જાય. આવા ભાવથી સાધુ-સંતો રામગુણ ગાન કરતા હોય છે. એટલે તો મહાપુરુષો કહે છે ને, 'અમારે તો ધૂળ ધોયાનો ધંધો છે.' આ ધૂળ ધોયા એટલે આખો દિવસ મહેનત કરે અને સોનીબજારમાં ધૂળ ધોતા હોય તો મહિને-દોઢ મહિને એકાદ વાર એવું બને કે કંઈક મળી જાય. તેમ હજારો માણસમાંથી એકાદ-બે જાગી જાય તો બોલ્યું સફળ. એવું થાય છે અને થઈ રહ્યું છે તે હકીકત છે.

'દુસરી રતિ મમ કથા પ્રસંગા'

રતિ કોને કહે છે? દિવસે દિવસે જે પ્રેમ વધતો જાય તેને રતિ કહે છે. સાંભળતા-સાંભળતા તૃપ્તિનો અનુભવ કરે અને પછી પૂર્ણાહુતિ થાય તેમાં એમ કહે કે હજી અમારી પ્યાસ બુઝાઈ નથી. એક પ્યાસ લઈને ઊભા થઈએ, અતૃપ્તિનો અહેસાસ લઈને ઊભા થઈએ એ જ કથાની સફળતા છે.

ભાગવતમાં પણ શૌનકાદિ ઋષિ વકતા સુતજીને કહે છે કે, 'ભગવાન કી મંગલમય કથા સુનકે હમ તૃપ્ત નહીં હોતે.' ભગવાનની કથામાં રતિ એ બીજી ભક્તિ છે. એ રતિ કોણ કરાવે? સંતોના માધ્યમથી જ ભગવાનની કથામાં પ્રેમ થાય.

કહેવાનો અર્થ એ છે કે સત્સંગના સાતત્યથી જ શ્રદ્ધાનું નિર્માણ થશે અને સંત અને સદગુરુનો સાથ હશે, તો આ ત્રણેય શરતો પૂરી થશે.

ત્યાં સાધુ-સંન્યાસી કે ગૃહસ્થ જેવા ભેદ નથી

1981માં પ્રમુખસ્વામી મહારાજે ભગવાન સ્વામિનારાયણનો દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવેલો. તેમાં રોજના હજારોની સંખ્યામાં હરિભક્તો અને ભાવિકો જમતા. તેમને પીરસવાની તો ઠીક, પણ તેમના પતરાવળા ઉપાડવાનું કામ ત્યાગાશ્રમી સંતોને કરતાં જોઈ પ્રસિદ્ધ બૌદ્ધ ભિક્ષુ ભદંત આનંદ કૌશલ્યાયનજી બોલી ઊઠેલા કે, 'અહીંના એક ધોતિયું અને એક ગાતરિયું પહેરતા સાધુઓ, ગૃહસ્થોનાં પણ એઠાં પતરાળાં ઉપાડે છે. આ જોઈ હું ગદગદ થઈ ગયો છું. આવા સાધુ જ ભારતનો ઉદ્ધાર કરી શકશે.'

ભારતમાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ - મનુષ્ય જીવનના આ ચાર ગણાવવામાં આવે છે, જે ઉંમર પર આધારિત છે - 1થી 25 વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્યાશ્રમ, 25થી 50 વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ, 50થી 75 વર્ષ સુધી વાનપ્રસ્થાશ્રમ અને 75થી 100 વર્ષની ઉંમર સુધી સંન્યસ્તાશ્રમ... આ ચાર આશ્રમોમાંથી જ ત્યાગાશ્રમ અને ગૃહસ્થાશ્રમ એવા બે ભેદ ઊભા થયા છે, પરંતુ કલ્યાણના માર્ગે, ભગવાનના માર્ગે, આધ્યાત્મ માર્ગે ભારતીય શાસ્ત્રોનો અને ભગવાન સ્વામિનારાયણનો સ્પષ્ટ અભિપ્રાય છે કે 'ગૃહી-ત્યાગીનો કંઈ મેળ નથી, જેની સમજણ મોટી તેને જ સૌથી મોટો હરિભક્ત જાણવો.' મહંતસ્વામી મહારાજ આધુનિક યુગની આચાર-સંહિતા સમાન સુંદર સ્વરચિત શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં પણ આ જ વાત જણાવે છે :


सर्वेऽधिकारिणो मोक्षे गृहिणस्त्यागिनोऽपि च।
न न्यूनाऽधिकता तत्र सर्वे भक्ता यतः प्रभोः॥१७॥

અર્થાત 'ગૃહસ્થ તથા ત્યાગી સર્વે મોક્ષના અધિકારી છે. તેમાં ન્યૂનાધિકભાવ નથી, કારણ કે ગૃહસ્થ કે ત્યાગી બધા ભગવાનના ભક્તો છે.' (સ.દી. 17)

ભલે વર્ણ, લિંગ, જાતિ કે આશ્રમ કોઈ પણ હોય, પણ સૌને ભગવાનના ભક્તની દૃષ્ટિએ જોવાથી આ ભેદરેખાઓ ભૂંસાઈ જાય છે. ભગવાનના દરબારમાં સાધુ-સંન્યાસી કે ગૃહસ્થ જેવા ભેદ જ નથી! જેમ પચાસ હજાર ફૂટ ઊંચેથી પૃથ્વીને જોતાં ગામ-ગલી કે શહેર-શેરીની સરહદો મટી જાય છે, તેમ સૌને ભક્તની નજરે જોવાથી, ભગવાનના સંતાનોની નજરે જોવાથી લૌકિક ભેદ ખરી પડે છે. હા, જે તે આશ્રમની મર્યાદા કે નિયમોનું પાલન કે પરસ્પર આદરની ભાવના જરૂર હોય, પરંતુ તેને કારણે કોઈ 'મોટા' થઈ જતા નથી કે કોઈ 'તુચ્છ-નાના' થઈ જતા નથી!

ભગવાન સ્વામિનારાયણે આ બાબતની સ્પષ્ટતા વારે-વારે પોતાના ઉપદેશોમાં કરી છે. જેમ કે : 'જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે, તો પણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ 8)

'ભગવાનના ભક્તને વિશે પણ મનુષ્યભાવ ન પરઠવો. કાં જે દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઈક આંધળો હોય, લૂલો હોય, કોઢિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય અને તે જ્યારે દેહ મૂકે છે, ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા-લૂલા જ રહે છે? નથી રહેતા. એ



જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

તો સર્વ મનુષ્યપણાના ભાવ છે, તેને મૂકીને દિવ્ય રૂપ થાય છે, બ્રહ્મ રૂપ થાય છે. માટે હરિના ભક્તને વિશે મનુષ્યભાવ ન પરઠાય...' (વચનામૃત લોયા પ્રકરણ 18)

એવું સમજી લઈએ કે, ભગવાનને ભજતા તમામ ત્યાગાશ્રમી કે ગૃહસ્થાશ્રમી ભક્તો એવી ટ્રેનમાં બેઠા છે - જે ભગવાનના ધામ સુધી પહોંચવાની છે. કોઈકને 'ફર્સ્ટ ક્લાસ'ના ડબ્બામાં જગ્યા મળે; તો કોઈને 'એ.સી. ટુ-ટાયર'માં જગ્યા મળે! તો કોઈને 'થર્ડ ક્લાસ'ના ડબ્બામાં પણ જગ્યા મળે. ભલે ગમે તે રીતે, પણ બધા એક જ ટ્રેનમાં બેઠા છે અને બધા ભગવાનના ધામ સુધી જ પહોંચવાના છે. એટલું ખરું કે, ત્યાગાશ્રમી હોય એને સંસારના બંધનો નડશે નહીં, ઘરબાર કે વ્યવહાર કનડશે નહીં. જ્યારે ગૃહસ્થાશ્રમી હોય, એણે સંસાર, વ્યવહાર, કુટુંબ, પરિવારની સાથે-સાથે ભગવાનની ભક્તિ કરવાની રહેશે... પરંતુ એને કારણે કોઈનો મોક્ષ કે કલ્યાણ બગડતું નથી. ગૃહસ્થાશ્રમી સ્ત્રી કે પુરુષ હોય, તેનો પણ આ જ જન્મે મોક્ષ થઈ શકે છે અને સંસાર છોડીને ત્યાગી બની ગયેલા કોઈ વ્યક્તિ હોય તેનો પણ મોક્ષ થઈ શકે છે! ભગવાનના ઔદાર્યની આ જ તો વિશેષતા છે!

એક નાનકડું દૃષ્ટાંત લઈએ. એક તપસ્વી નદી કિનારે બેઠો-બેઠો તપ કરતો હતો. એ જ નદીને સામે કાંઠે એક વેશ્યાનો કોઠો હતો. તપસ્વી તપ કરતો, ત્યારે વિચાર કરતો કે, 'વેશ્યા કેટલી પાપી છે? આટલાં બધાં પાપ કરે છે, તો નરકમાં જવાની.' જ્યારે વેશ્યા રોજ તપસ્વીને જુએ અને વિચાર કરે કે, 'મારું તો કંઈ ઠેકાણું નથી પડવાનું, પણ પેલો બિચારો તપસ્વી કેટલું તપ કરે છે! એ કેવો ભગવાનની ભક્તિ કરે છે. મને એવી તક ક્યારે મળશે?'

આશ્ચર્ય તો ત્યારે સર્જાયું જ્યારે એ બંનેનો દેહ પડ્યો. વેશ્યાને જોઈને અવગુણ લેનારો તપસ્વી નરકમાં ગયો અને તપસ્વીને જોઈને તેનો મહિમા સમજનારી વેશ્યા ભગવાનના ધામમાં ગઈ! 'આપણે કયા આશ્રમમાં રહીને ભગવાનની ભક્તિ કરીએ છીએ?' એ અગત્યનું નથી; 'આપણે કેવી ભાવનાથી ભગવાનની સાથે જોડાઈએ છીએ? કેવી દાનતથી ભગવાનની ભક્તિ કરીએ છીએ?' એ અત્યંત મહત્ત્વનું છે...

આપણે પણ આશ્રમોના ભેદભાવથી દૂર રહીને ભગવાનની ભક્તિમાં જોડાઈએ...

ભાવના, જ્ઞાન અને કર્મશીલતા વિના બીજું શું જોઇએ?

ભગવાનને ભેટ આપવા લાયક કોઈ વસ્તુ આપણી પાસે હોય, તો તે એકમાત્ર મન જ છે. શુદ્ધ અને પ્રેમભર્યા મનથી જ ભગવાન રીઝે છે. ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટ શબ્દોમાં પોતાની માગણી ભક્તો સામે રાખીને કહ્યું કે, 'તું મારામાં તારું મન રાખ. બુદ્ધિનો પ્રવેશ મારામાં કરાવ. તું તો મારામાં જ રહીશ.' આપણે ત્યાં હોઈએ છીએ, જ્યાં આપણું મન હોય છે. તન ભલે ગમે ત્યાં રહે, આપણું મન જ્યાં હોય ત્યાં હોઈએ છીએ. શરીર તો સંસારમાં રહેવાવાળું છે જ, પણ મન જો ભગવાનમાં હશે તો સંસારમાં રહીને પણ આપણે ભગવાનમાં જ નિવાસ કરીશું. જલ મેં કમલ કી ભાંતિ ઈસ સંસાર મેં રહેંગે. જલ હી જીવન હૈ કમલ કે લિએ, જલ કો છોડકર કમલ કહાં જાએગા? મર જાએગા, મુરઝા જાએગા.

કમળ જ્યાં સુધી જળમાં છે, સૂરજની રોશની પણ એના માટે જીવન છે. એ જ કમળ જ્યારે જળ સાથેનો સંબંધ તોડી નાખે છે, તો ભલે એ છાંયામાં હોય, તો પણ કરમાઈ જશે. કમળ મરી જશે, એનું જીવન સમાપ્ત થઈ જશે, પણ એ જ કમળ જો સરોવરના જળમાં હોય ત્યારે તેના પર સૂરજનો તડકો પડતો રહે તો પણ કમળ ખીલેલું જ રહે છે, હસતું રહે છે.

તમે સંસાર છોડીને જશો ક્યાં? એમાં જ તો રહેવાનું છે. શરીર પ્રકૃતિનું રૂપ છે અને પ્રકૃતિથી સંબંધ તોડીને શરીરનું અસ્તિત્વ અસંભવ છે. ઉત્સથી સંબંધ જે તોડી નાખે છે એનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય છે. જેમાંથી આપણે પેદા થયા એનાથી સંબંધ-વિચ્છેદ કરીને આપણે ટકી કેમ શકીશું? જે પંચમહાભૂતોથી આપણું શરીર બન્યું છે, આ શરીરને ટકાવી રાખવા માટે એ પંચમહાભૂતોની જરૂર પડતી હોય છે. ધરતી ન હોય તો ધારણ કોણ કરશે? અન્ન ક્યાંથી પાકશે? ફળ-ફૂલ ક્યાંથી મળશે? એ ખાઈશું નહીં તો જીવીશું કેવી રીતે?

છિતી જલ પાવક ગગન સમીરા
પંચ રચિત યહ અધમ શરીરા।

આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી આપણું શરીર આ પંચમહાભૂતોથી બનેલું છે.

આકાશ ન હોય તો અવકાશ જ નહીં રહે. શરીર રહેશે ક્યાં? પ્રાણવાયુ ન હોય તો જીવશે કેમ? અરે, થોડી વાર નાક અને મોંઢું બંધ કરવામાં આવે, તો શ્વાસ રૂંધાવા લાગશે. અગ્નિ તત્ત્વ ન હોય તો શરીરની અંદર ગરમી ક્યાંથી આવશે? શરીર ઠંડું થવા લાગે છે. લોકો ગભરાતા હોય છે કે ક્યાંક આનો પ્રાણ ન નીકળી જાય! સૂર્યનો તડકો ન હોય તો શું થશે?

સૂર્યને વિશ્વનો આત્મા કહે છે. સૂર્ય જગતનો આત્મા છે અને આ વાતનો તો વિજ્ઞાન પણ સ્વીકાર કરે છે કે જો સૂર્ય ઠંડો પડી જાય, તો આઠમી મિનિટે જીવસૃષ્ટિ મૃતપ્રાયઃ થવા લાગશે, કેમ કે સૂરજના કિરણોને પૃથ્વી પર આવતા આઠ મિનિટનો સમય લાગે છે. આ આદિત્ય બ્રહ્મ છે.

જળ નહીં હોય તો શરીર સમાપ્ત થઈ જશે. ડિહાઈડ્રેશન થઈ જશે. ગરમીમાં પાણી શરીરમાં ટકી રહે એટલા માટે છાશ, લસ્સી, જ્યૂસ, લીંબુપાણી વગેરે પીવામાં આવે છે. જળ નહીં હોય તો જીવન નહીં રહે. આમ પૃથ્વી ન હોય, અન્ન નહીં હોય, ફળ-ફૂલ નહીં હોય, તો જમ્યા વગર જીવાશે કેમ?

આપણું શરીર પંચભૌતિક છે. આ શરીરને ટકાવવા માટે પંચમહાભૂતોનો આશ્રય કરવો પડે છે.



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



પંચમહાભૂત ઉત્સ છે. તો શરીર અહીં રહેશે. સંસારમાં જ રહેશે. શરીર પ્રકૃતિનું રૂપ છે. તેથી તેની સાથે સંબંધ ટકાવી રાખવો પડશે. મજા યહ હૈ કિ જબ તક કમલ સરોવર મેં હૈં, તો સૂરજ કી રોશની ભી ઉસકો સમાપ્ત નહીં કરતી, રાત મેં કમલ બંધ હો જાતા હૈ ઔર સૂરજ સુબહ જબ નિકલતા હૈ તબ કમલ વિકસિત હોતા હૈ. તમે સંસારમાં રહેતાં હો અને તાપ મળે તો એ તાપ, એ તાપ રૂપી સંતાપ તમને વિકસિત કરશે. રહેવાનું એ જ સરોવરમાં છે અને જો આ સરોવરમાંથી નીકળી ગયાં, તો સમગ્ર અસ્તિત્વ જ સમાપ્ત થઈ જશે.

શરીરથી ભલે આપણે સંસારમાં રહીએ, પણ મન ભગવાનમાં રાખવું જોઈએ. આમ કરીશું તો સંસાર મનને સ્પર્શ નહીં કરી શકે. મન ભગવાનમાં રહે. વિશુદ્ધ મન ભગવાનને સમર્પિત કરવું એ ઈશ્વરને આપણી સર્વોતમ ભેટ છે. સાચું માનજો, મન આપીને ભગવાને જીવનને રંગીન બનાવી દીધું છે. શરીર, હાથ, પગ, કાન, ઈન્દ્રિયોની સાથે સાથે બુદ્ધિ, વિચાર, જ્ઞાન છે અને ત્રીજી વાત – મન છે. મન આપીને ભગવાને અદભુત કામ કર્યું છે.

મનથી આખી જિંદગી રંગીન થઈ ગઈ. કભી આનંદ કભી અવસાદ. જિંદગી કે યહ અલગ અલગ રંગ હૈ ઔર મન યદિ ન હોતા, તો યહ કુછ નહીં હોતા. જિંદગી બ્લેક અને વ્હાઈટ પિક્ચર જેવી હોત. જો મન ન હોય તો જીવન ફિક્કું થઈ જાય. પ્રત્યેક વ્યક્તિને ભગવાન તરફથી ત્રણ વસ્તુ મળી છે. આ ત્રણ વસ્તુ આપીને ભગવાને આપણને ધનવાન બનાવી દીધા છે. આ ત્રણ વસ્તુ એટલે હૈયું, મસ્તક અને હાથ.

મનુષ્ય આ ત્રણેય વસ્તુનો સદુપયોગ કરે તો જિંદગીને સંપૂર્ણ ભોગવી શકે છે, મસ્તક એટલે જ્ઞાન, હૃદય એટલે ભક્તિ અને હાથ એટલે કર્મ. જ્ઞાન, કર્મ અને ભક્તિ આ ત્રણેય વસ્તુ મહત્ત્વની છે. ક્રિયા–હાથ, હૃદય–ભાવના, મસ્તક–વિચાર. આપણે આ ત્રણ ભાવ સ્થિતિમાં જીવીએ છીએ. જીવનના ત્રણ ઓરડા છે અને ત્રણ ખંડોમાં જીવીએ છીએ - પછી ઝૂંપડીમાં રહેતા હોઈએ કે મહેલમાં. એક ઓરડાનું નામ છે ક્રિયા, બીજાનું ભાવના અને ત્રીજાનું નામ છે વિચાર. આ ત્રણેયનાં કોમ્બિનેશનને આપણે નામ આપ્યું છે કેરેકટર. ત્રણેયના સંયોગને ચારિત્ર્ય કહેવામાં આવે છે. તો જેવો વિચાર હશે તેવી ભાવના થશે અને જેવી ભાવના હશે તેવી ક્રિયા થશે. આ ત્રણ વસ્તુ જેવી હશે તેવી તમારી જિંદગી હશે, એવા તમે હશો.


એટલે જ ભગવાન સર્વશરણ કહેવાયા છે

ભારતના રાજા વિક્રમાદિત્યના વખતની વાત છે (જેના નામ પરથી આપણે 'વિક્રમ સંવત'નું વર્ષ ગણીએ છીએ). એક વાર જંગલમાં મૃગયા કરવા નીકળેલા રાજા વિક્રમ ભૂલા પડ્યા, સૈનિકો અને સાથીદારોથી વિખૂટા પડી ગયા અને સંધ્યા ઢળી ગઈ. ત્યાં નજીકમાં જ એક ઘરમાં દીવો જોયો અને ત્યાં પહોંચી ગયા. ઘરમાં એક ખેડૂત રહેતો હતો, તેણે રાજાજીનું સ્વાગત કર્યું, પ્રેમથી જમાડ્યા. રાત્રે એ ઝૂંપડીમાં જ થઈ શકે તેવી ઉત્તમ વ્યવસ્થા કરીને સૂવડાવ્યા. રાજા વિક્રમે સવારે જતી વખતે પ્રસન્ન થઈ રાજમુદ્રા અને ઓળખપત્ર આપ્યો. રાજાએ કહ્યું : 'તને કોઈ દિવસ મુશ્કેલી હોય ને જરૂર પડે ત્યારે આ લઈને દરબારમાં આવજે.'

થોડા સમય પછી ખેડૂતની આર્થિક સ્થિતિ બગડી. તે રાજમુદ્રા સાથે રાજદરબારમાં ગયો. રાજા પૂજામંદિરમાં પ્રાર્થના કરતા હતા. રાજમુદ્રા, ઓળખપત્રને કારણે સૈનિકોએ તેને રાજા પાસે જવા દીધો. ખેડૂતે જોયું કે રાજા સ્વયં ભગવાન પાસે માંગી રહ્યા છે, પ્રાર્થના કરી રહ્યા છે. આ દૃશ્ય જોઈને ખેડૂત પાછો ફર્યો : 'હું જેની પાસે માંગવા આવ્યો, એ જ ભગવાન પાસે માંગે છે. સર્વશક્તિમાન ભગવાન છે, તો મારે માણસ પાસે શા માટે માગવું?' તે પાછો ફર્યો. રાજાજીની પૂજા પૂર્ણ થઈ અને ખેડૂતને જતો જોઈ ગયા. રાજાએ તેને રોક્યો અને કંઈક આપવાની ઈચ્છા જણાવી, ત્યારે ખેડૂત બોલ્યો : 'રાજન્! આવ્યો હતો તો માંગવા જ, પણ હવે તો હું પણ એની પાસે જ માંગીશ, જેની પાસે તમે પણ માંગો છો.'

હા, આ કારણથી જ ભગવાનને સર્વશરણ કહેવામાં આવે છે. આ સૃષ્ટિમાં શ્વાસ લેનાર પ્રાણીમાત્રના તેઓ આશ્રયસ્થાન છે. ગમે તે રીતે, ગમે તે સંપ્રદાય-ધર્મ દ્વારા, અરે! જે ભગવાનમાં નથી માનતા તેઓ પણ ભગવાનની દયામય અને કૃપામય છત્રછાયા તળે જ અસ્તિત્વ ધરાવે છે! આમ પણ આશ્રય વિના તો માણસ રહી જ કેવી રીતે શકે? તમામ આશ્રયસ્થાનોમાં સૌથી શક્તિશાળી, વિશ્વસનીય અને ચિરંજીવી આશ્રયસ્થાન છે - પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો આશ્રય!

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ભગવાન શ્રીકૃષ્ણ એટલે જ તો ગીતામાં કહે છે 'सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज। अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥' અર્થાત્ 'હે અર્જુન! તારા મનના માનેલા બધા ધર્મોને છોડીને તું મારા એકના શરણે આવ; હું તને બધાં પાપોથી મુક્ત કરીશ, તું શોક કરીશ નહીં.' (ગીતા 18/66) અહીં ભગવાન 'મારા શરણે' કહે છે, નહીં કે 'ભગવાનના શરણે'. એનો અર્થ એ થયો કે 'પ્રગટ ભગવાન' - આપણી આંખો સામે જે ભગવાન વિરાજમાન હોય, તેમનું શરણું લઈએ, તેનાથી આપણો મોક્ષ થાય.

એટલે જ તો ભારતમાં વિવિધ અવતારોની ઉપાસના માટે આપણે અનેક મંત્રો સાંભળીએ છીએ - 'ૐ નમઃ શિવાય'; 'ૐ નમો હનુમંતે ભયભંજનાય'; 'ૐ શ્રીસ્વામિનારાયણાય નમઃ'; ઈત્યાદિ. આ તમામ મંત્રો દ્વારા આપણે સૌ ભક્તિ કરીએ છીએ; ભગવાન સાથે જોડાઈએ છીએ. ભગવાન સ્વામિનારાયણે પણ ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું છે કે 'ભક્તિને વિશે દૈવત ઘણું છે અને જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે, પણ ભક્તિ જેટલું નથી. ભક્તિ તો અતિ દુર્લભ છે.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ 10)

આવી અનન્ય ભક્તિ તો જ થઈ શકે જો આપણે ભગવાનની અનન્ય શરણાગતિ સ્વીકારીએ. ભગવાનનો આવો અનન્ય આશ્રય કરવાનો હેતુ જણાવતાં મહંતસ્વામી મહારાજ 'સત્સંગદીક્ષા'માં જણાવે છે :

स्वामिनारायणेऽनन्य दृढपरमभक्तये।
गृहीत्वाऽऽश्रयदीक्षाया मन्त्रं सत्सङ्गमाप्नुयात्॥

'સ્વામિનારાયણ ભગવાનને વિશે અનન્ય, દૃઢ અને પરમ ભક્તિ માટે આશ્રયદીક્ષામંત્ર ગ્રહણ કરી સત્સંગ પ્રાપ્ત કરવો.' (સ.દી. 18)

ભગવાનનો આશ્રય એટલે કે સત્સંગ કરવાથી જ ભગવાનની એવી સાચી ભક્તિ પામી શકાય છે. એટલે જ પ્રમુખસ્વામી મહારાજે અને મહંતસ્વામી મહારાજે ભારત અને વિશ્વમાં લાખો ઘરોમાં વિચરણ કરીને મુમુક્ષુઓને ભગવાનનો આશ્રય કરાવ્યો છે, જેથી મનુષ્ય ભગવાનનું શરણું પામીને સુખ-શાંતિના અધિકારી બને. ગવાનનો આશ્રય કરવાનો પણ શાસ્ત્રોક્ત વિધિ છે – 'આશ્રયદીક્ષા મંત્ર ગ્રહણ કરવો.'

ઉદારતાની પરાકાષ્ઠા

એક નાની છોકરી સ્કૂલથી ઘરે આવી રહી હતી. માર્ગમાં એક દુકાનમાં લટકતી સુંદર ઢીંગલી જોઈ. ઢીંગલી તેને ગમી ગઈ, તો તેની ખરીદી કરવા માટે તે દુકાનમાં ગઈ. ઉચિત મૂલ્ય આપી ઢીંગલીની ખરીદી કરી ખુશ થતી થતી તે ઘરે જઈ રહી હતી, ત્યાં એક દુર્બળ ભિખારીને ખૂબ દયનીય સ્થિતિમાં જોયો.

છોકરીનું નિર્દોષ મુખ જોઈ તેને કંઈક આશા બંધાઈ. તેણે બે હાથ જોડી કહ્યું, 'બેટા, 3 દિવસથી કંઈ ભોજન મળ્યું નથી. તારી પાસે કંઈક હોય તો મને આપ ને, મને ખૂબ જ ભૂખ લાગી છે.'

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્યવિજય

નાનકડી છોકરી પાસે હતા એટલા પૈસા તેણે ઢીંગલી લેવા માટે દુકાનદારને આપી દીધા હતા. હવે તેની પાસે કંઈ ન હતું, પણ કંઈક તો ભિખારીને આપવું જ હતું. આખરે તે ફરી દુકાનમાં ગઈ, અને ઢીંગલી પાછી આપીને પોતાના પૈસા પાછા આપવા દુકાનદારને જણાવ્યું. દુકાનદાર વેચેલી ઢીંગલી પાછી લેવા તૈયાર ન હતો, પણ તેણે સમજાવ્યું, તો દુકાનદારે પોતાના પણ થોડા પૈસા ઉમેરી ઢીંગલીના પૈસા પાછા આપ્યા.

છોકરી દોડતી દોડતી ભિક્ષુક પાસે આવી, અને બધા પૈસા આપી દીધા. નાની છોકરીની આવી ઉદારતા જોઈ તે ભિક્ષુક ભાવુક બની ગયો, અને મુખમાંથી આશીર્વાદ તરીકે શબ્દો નીકળ્યા, 'બેટા, આજે તેં મારું પેટ ઠાર્યું છે ને, આવતી કાલે તું આખા દેશનું પેટ ઠારીશ.' અને સમય જતાં તે છોકરી મહારાણી વિક્ટોરિયા બની.

ભગવાન શ્રીકૃષ્ણ નિત્ય તૃપ્ત અને સર્વેના આશ્રય છે



ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ગોપીનો માર્મિક અર્થ એ છે કે તે શ્રીકૃષ્ણ પાસે કંઈ નથી ઇચ્છતી. કૃષ્ણને ઇચ્છે છે. ગોપી વહ હૈ જો કૃષ્ણ સે કુછ નહીં ચાહતી, કૃષ્ણ કો ચાહતી હૈ. ઉન્હેં બ્રહ્મલોક નહીં ચાહિયે, ઉનકો તો કૃષ્ણ કે સાથ રાસ રચાના હૈ, કૃષ્ણ કો સુખી દેખકર સુખી હોના હૈ.

પ્રેમ છે એટલા માટે શુકદેવજી કહે છે કે, ભગવાન તો 'અમના' છે. ભગવાન પાસે મન નથી. અહીં મનનો અર્થ છે ઇચ્છા. ભગવાન તો નિત્ય તૃપ્ત છે. એ બધાના આશ્રય છે. એટલા માટે એમનો કોઈ આશ્રય નથી. તેઓ બધાને તૃપ્ત કરનારા છે, પણ પોતે પોતાનાથી તૃપ્ત છે. તો તેમને કોઈ કામના છે જ નહીં.

રાસલીલા શું છે? કામદેવની સાથે શ્રીકૃષ્ણની લડાઈ અથવા તો યુદ્ધ. કામદેવે યોગેશ્વર ભગવાન શંકરની સમાધિનો જ્યારે ભંગ કર્યો, ત્યારે ભગવાને કહ્યું, 'આપણે યુદ્ધ કરીએ, કેમ કે મારી પાસે આવીને જે વ્યક્તિ જે પ્રકારની ઇચ્છા કરે છે તેને હું પરિપૂર્ણ કરું છું. તું આવ્યો, તેં મારી પાસે યુદ્ધની માગણી કરી તો હું તને યુદ્ધ આપું છું.' કામદેવ કહે, 'મારી શરતે.' 'તારી શું શરત છે?' કહે, "જુઓ વૃંદાવનમાં, નિકુંજમાં, રાત્રિના સમયે શરદપૂર્ણિમાની રાત્રે જેના સૌંદર્યને જોઈને સ્વર્ગની અપ્સરાઓ પણ ઝાંખી પડે છે, તેવી સુંદર વ્રજ ગોપિકાઓની સાથે તમે આવશો?'

શ્રીકૃષ્ણે કહ્યું, 'ભલે જેવી તારી મરજી! તું જેવું કહીશ તેવું વાતાવરણ પૂરું પાડવા હું 'અમના' અને 'સમના'ની જોડ તૈયાર કરી આપું.' પાછું કામદેવે કહ્યું, 'જુઓ! મારા બાપની હાજરી ન જોઈએ કેમ કે મારા બાપની સામે હું નહીં આવું.' કામનો બાપ કોણ? 'મન' કામને અભિમાન આવ્યું કે, 'મેં મહાદેવની સમાધિનો ભંગ કરી દીધો. હવે યોગેશ્વરનું નામ છે 'મનોજ' એટલે કે મનથી જે પેદા થાય છે તેને કહે છે મનોજ. શ્રીકૃષ્ણ સાથે મારી આ લીલા અજમાવીશ.'

કામદેવ ભગવાન કૃષ્ણ પાસે આવ્યો અને કહ્યું કે, 'હું તમારી સાથે યુદ્ધ કરવા ઇચ્છું છું.' જ્યારે કોઈ યુદ્ધ કરવા માટે પડકાર ફેંકે અને કોઈ યોદ્ધો યુદ્ધ ન કરે, તો વારંવાર એ આવી આવીને પડકાર ફેંક્યા કરશે અને કહેશે કે જો તમે યુદ્ધ ન કરવાનાં હો તો તમે કહો કે તમે કાયર છો. શ્રીકૃષ્ણે કામદેવનો યુદ્ધ કરવાનો પડકાર ઝીલી લીધો. ભગવાને કહ્યું, 'ભલે, ચાલો, આપણે તો મનમાંથી જ ઉત્પન્ન થાય છે.' ભગવાને વેણુનાદ કર્યો અને વેણુનાદ સંભળાવતાં ગોપીઓના મનને ચોરી લીધું. તો ત્યાં મન ન રહ્યું એટલે ગોપીઓ તો થઈ ગઈ 'અમના'. ભગવાને ગોપીઓના મનને ચોરી લીધું તેથી ભગવાન થઈ ગયા 'સમના' એટલે ભગવાને રાસ રમવા માટે મન કર્યું.

ભગવાને દિવ્ય શૃંગાર કર્યો અને વૃંદાવનમાં આવી ભગવાને વેણુનાદ કર્યો. વેણુમાં ક્લીમ કામ બીજને ભગવાને પ્રગટ કર્યો. ક્લીમ કામ બીજ વેણુમાં રવ છે. રવ એટલે નાદ. 'રવ'માં 'ર' અગ્નિ બીજ છે અને 'વ' અમૃત બીજ છે. કંસને ભય હતો તે ભય પણ કૃષ્ણ સંબંધિત હતો કે અરેરે... દેવકીનું આઠમું સંતાન. એમાં સંયોગ અને વિયોગ બંનેનો અનુભવ થાય છે. સંયોગનું અમૃત. વિયોગમાં સંતાન ક્યાં ગયું? શોધો એને અને એ બાળકને મારી નાખો. કંસે કૃષ્ણને મારવા માટે કેટલાય અસુરોને મોકલ્યા હશે! શ્રીકૃષ્ણે એ બધાને માર્યા.

અંતમાં નારદજી મારફતે ખબર પડી કે નંદ-યશોદાનો લાડલો સળગશે, તો ગોપીગીત ગવાશે. વેણુ વગાડી તો એ વેણુને સાંભળીને ગોપીઓ કનૈયો હકીકતમાં દેવકીનું આઠમું સંતાન છે. એનાથી મારું મૃત્યુ છે. તો એ દોડીને ભગવાન પાસે ગઈ. સંયોગનું અમૃત અને પછી ભગવાને રાસમંડળમાં અહીં બોલાવી, ખત્મ કરી નાખું, એને હાથી નીચે કચડી નાખીશ. ભય, પણ ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા. ગોપીઓ વિયોગની અગ્નિમાં તડપી. વિયોગનો ભય કોનો? શ્રીકૃષ્ણનો. તો કંસનો ઉદ્ધાર થઈ ગયો કે નહીં? કામ કુબ્જા અગ્નિમાં સળગી તે અગ્નિબીજ તો 'ર' અગ્નિબીજ છે અને 'વ' અમૃતબીજ પણ કામ કૃષ્ણ વિષયક છે. તો કુબ્જાનો પણ ઉદ્ધાર થયો.

વેણુનાદમાં કામબીજને પ્રગટ કર્યો. કામનું બીજું નામ છે 'અનંગ'. કામના અનેક નામ છે, કામ, મનોજ, અનંગ, માર, વારિચર કેતુ, સ્મર, આ બધા કામના નામ છે. 'સ્મર' શા માટે કહે છે? કેમ કે સ્મરણ કરવાથી આવે છે. યાદ નહીં કરો તો નહીં આવે અને સ્મરણ કરતાં જ હાજર થશે. મનોજ શા માટે? મનથી પેદા થાય છે માટે મનોજ. 'માર' શા માટે? કેમકે મારવા માટે પેદા થાય છે. 'વારિચર કેતુ' શા માટે? કેમ કે એની ધ્વજામાં માછલીનું ચિત્ર છે. વેણુમાં ભગવાને કામબીજને પ્રગટ કર્યું. જેને સાંભળી ગોપીઓ કામથી યુક્ત થઈ ગઈ. કારણ કે આ કામ કૃષ્ણ વિષયક છે. 'કૃષ્ણ ગૃહિત મનસા' જેના મનને શ્રીકૃષ્ણે ચોરી લીધું છે તે મનમાં કામ પેદા થશે, તો પણ તે કૃષ્ણ વિષયક હશે, કૃષ્ણથી સંબંધિત હશે.

સામાન્ય રીતે કામ, ક્રોધ, દ્વેષ, ભય આ બધા સારા ભાવ નથી, પરંતુ આ જ ભાવ જેનું શ્રીકૃષ્ણે મન હરી લીધું છે, તેના મનમાં પેદા થયા હોય, તો તે કલ્યાણકારી હોય છે. એટલા માટે જેમણે કૃષ્ણ પર ક્રોધ કર્યો, કૃષ્ણ સાથે યુદ્ધ કર્યું, કૃષ્ણ દ્વારા તે બધાનો ઉદ્ધાર થયો અને તે બધા કૃષ્ણ દ્વારા મર્યા નથી, પણ તેઓ તર્યા છે. જેમણે કૃષ્ણનો દ્વેષ કર્યો, તેનો પણ શ્રીકૃષ્ણે ઉદ્ધાર કર્યો. જેમ કે શિશુપાલ કૃષ્ણનો દ્વેષી હતો, તો અંતમાં કૃષ્ણના હાથે મર્યો અને મુક્ત થઈ ગયો.

યુદ્ધના મેદાનમાં પણ એ પરિવાર આબાદ બચ્યો!

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આજના કળિયુગી વાતાવરણમાં યુદ્ધ સહજ બની ગયું છે. ક્યાંક કોઈ દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, તો ક્યાંક ધર્મના નામે યુદ્ધ ચાલી રહ્યું છે; ક્યાંક સત્તા માટેના યુદ્ધ ચાલી રહ્યું છે, તો ક્યાંક સંપત્તિ માટે યુદ્ધ ચાલી રહ્યું છે; એટલું ઓછું હોય તેમ ક્યાંક 'સોશિયલ મીડિયા' પર યુદ્ધ ચાલી રહ્યું છે, તો ક્યાંક 'ન્યૂઝ મીડિયા' પર યુદ્ધ ચાલી રહ્યું છે... બધે યુદ્ધનો માહોલ છે. કોણ? ક્યારે? કોને? કેવી રીતે? મ્હાત કરી દે, કંઈ કહી શકાય તેમ નથી. આ યુદ્ધના વાતાવરણમાં તો અસ્તિત્વ જાળવવું પણ અઘરું બની ગયું છે... મનુષ્ય તરીકેનું આપણું આ પૃથ્વી પરનું અસ્તિત્વ, પૃથ્વી પરના આપણાં જીવનનું અસ્તિત્વ, અરે! 'સોશિયલ મીડિયા'એ તો આપણા વ્યક્તિત્વનું અસ્તિત્વ પણ જોખમમાં મૂકી દીધું છે. આવા યુદ્ધોથી બચીને શાંતિપૂર્વક જીવવાનો કોઈ ઉપાય ખરો? એવો કોઈ આધાર ખરો કે જેના ઉપર આપણે આંખ મીંચીને વિશ્વાસ કરી શકીએ? એવી કોઈ જગ્યા ખરી કે જ્યાંથી આપણને ક્યારેય દગો, ગદ્દારી, પીઠ પાછળથી હુમલો થવા જેવી કોઈ કફોડી પરિસ્થિતિનો સામનો કરવાનો વારો ન આવે? હા, છે...

એના માટે યાદ કરીએ ભારતના ઈતિહાસને. વાત છે આજથી 5126 વર્ષ પહેલાંની, મહાભારતકાળની. ઈન્દ્રપ્રસ્થ-દિલ્હીથી ઉત્તર-પશ્ચિમ દિશામાં આવેલા કુરુક્ષેત્રના એ મેદાનમાં 18 દિવસ સુધી ચાલનારા મહાભીષણ યુદ્ધનો આરંભ થવાને ગણતરીની પળો બાકી હતી... ભગવાન શ્રીકૃષ્ણએ હજી ગીતા-ઉપદેશ આપવાનો આરંભ નહોતો કર્યો. ભગવાનની સાથે ભક્તરાજ અર્જુન પણ યુદ્ધની તૈયારીઓમાં જોડાયેલા હતા. તે જ વખતે શ્રીકૃષ્ણ ભગવાનની નજર એક ટીટોડી ઉપર પડી. કુરુક્ષેત્રના મેદાનમાં એ ટીટોડી પોતાના તાજાં મૂકેલાં ઈંડાં પાસે બેઠી હતી. એ ટીટોડીની દુઃખભરી આંખો, ભગવાન શ્રીકૃષ્ણ તરફ મંડાયેલી હતી અને જાણે કહી રહેલી કે, 'પ્રભુ! હું તો લાચાર છું. આ મનુષ્યો યુદ્ધ ખેલશે, લોહીની હોળી રમાશે... પણ મેં આ મેદાનમાં થોડા દિવસ પહેલાં જ મૂકેલાં ઈંડાંનું શું? એમાંથી જન્મ લેનારાં મારાં બચ્ચાંઓનું શું? મનુષ્યના યુદ્ધમાં મારો પરિવાર તો તહસ-નહસ થઈ જશે. હે ભગવાન! હું આપને શરણે છું, મારી રક્ષા કરો, મારી સહાય કરો...'

ભગવાન તો સ્વયં દયા-કરુણાનો અવતાર. તે જ સમયે શ્રીકૃષ્ણ ભગવાન ટીટોડીની વેદના સમજી ગયા અને એક હાથીના ગળામાં લટકતો ઘંટ લઈને એ ટીટોડીના ઈંડા જ્યાં હતા, તેની રક્ષા થાય એ રીતે તેની ઉપર મૂકી દીધો! ટીટોડી તો આનંદવિભોર થઈ ગઈ! યુદ્ધનો આરંભ થતાં એ ત્યાંથી ઊડી ગઈ અને યુદ્ધ પૂરું થયું ત્યારે 18 દિવસ પછી પાછી આવી. જ્યારે એ ઘંટને ઉઠાવવામાં આવ્યો, ત્યારે ટીટોડીના ઈંડા એમ જ સુરક્ષિત હતા! ટીટોડીએ ભગવાન શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારી લીધું, ભગવાનને પ્રાર્થના કરી, તો આવા મહાભયંકર યુદ્ધ વચ્ચે પણ માત્ર ટીટોડીની જ નહીં, તેના પરિવારની રક્ષા થઈ. આખો પરિવાર આબાદ બચી ગયો!

ભગવાનનો આશરો કરવાથી જીવમાત્ર નિર્ભય થઈ જાય છે. બાપના ખોળામાં બેઠા પછી શું બાળકને ચિંતા હોય? એ જ રીતે ભગવાનનું શરણ સ્વીકારીને ભગવાનના ખોળામાં બેસી જઈએ, પછી શાની ચિંતા? ભગવાનનો આશરો કરવાનો આ જ મોટો લાભ છે. જો આપણે પણ સદા માટે નિર્ભય થઈ જવું હોય, બધા જ ડર અને ભયથી પર થઈ જવું હોય, તો ભગવાનનું શરણું લેવું આવશ્યક છે. ભગવાનના શરણે આવનાર વ્યક્તિ અન્ય-સામાન્ય ભયથી તો ઠીક, પરંતુ કાળ, કર્મ, માયા, ગર્ભવાસ અને જન્મ-મરણ જેવા મહાભયથી પણ નિર્ભય થઈ જાય છે!

ભગવાન અને સાચા સંતનો ખરા હૃદયથી આશ્રય થાય ત્યારે શું થાય? તેનું વર્ણન કરતાં મહંતસ્વામી મહારાજે સનાતન ધર્મના આધુનિક છતાં અદ્વિતીય એવા સ્વરચિત શાસ્ત્ર 'સત્સંગદીક્ષા'માં જણાવે છે :

धन्योऽस्मि पूर्णकामोऽस्मि निष्पापो निर्भयः सुखी।
अक्षरगुरुयोगेन स्वामिनारायणाऽऽश्रयात्॥

મંત્રનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે : 'અક્ષરબ્રહ્મ ગુરુના યોગે, સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરવાથી હું ધન્ય છું, પૂર્ણકામ છું, નિષ્પાપ, નિર્ભય અને સુખી છું.' (સ.દી. 19)

જેના માથે ભગવાનનો હાથ છે, જેને પરમેશ્વરનો સાથ છે, તેને ક્યાં કોઈથી ડરવાની વાત છે? આપણે પણ ભગવાનનું શરણ સ્વીકારીને, સદાને માટે નિર્ભય થઈ જઈએ.

બિઝનેસ પોલિસી

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

એક ભિખારીની સરસ ઘટના છે. જે દિવસે બજાર ભરાવાનું હોય, તે દિવસે તે ભિખારીનો વેશ ધારણ કરી, મુખ ઉપરના હાવ-ભાવથી મૂર્ખ જેવું વર્તન કરી, હાથમાં વાટકો લઈ, ઊભો રહી જતો. કેટલાક દયાળુ લોકો તેને ભીખમાં મોટી રકમના સિક્કા આપે, તો તે તેનો અસ્વીકાર કરી નાની રકમ લેવાની વાત કરતો. આવું થતાં લોકો તેને મૂર્ખ માનતાં, તો કેટલાક લોકો આગ્રહ કરી મોટી રકમના સિક્કા પણ આપતાં.

ઘણી વાર કેટલાક લોકો તેને પૂછતા કે તું મોટી રકમ લેવાની ના કેમ કહે છે? જો તું લેતો રહીશ, તો જલદી પૈસાદાર થઈ જઈશ. પછી તારે ક્યારેય ભીખ માંગવાની જરૂર નહીં પડે. ઘણા લોકો વારંવાર આ પ્રશ્ન પૂછતાં, છતાં તે તેનું કારણ ક્યારેય કહેતો નહીં. સમય જતાં તે વૃદ્ધ થયો. તેણે ભીખ માગવાનું બંધ કર્યું.

આટલાં વર્ષોથી એ પ્રશ્ન અધૂરો હતો. હવે કોઈએ પૂછતાં તેણે જવાબ આપ્યો, 'હંમેશાં નાના જ સિક્કા લેવાનું કારણ એ હતું કે, જો હું મોટા સિક્કા લેતો રહ્યો હોત, તો લોકો મને મૂર્ખ નહીં, પણ સમજદાર માનત. તો પછી કોણ સામેથી મને આટલા બધા પૈસા આપત? તથા ઘણી ના કહું, એટલે સામેથી ઘણા લોકો નાના-નાના પૈસા વારંવાર આપી જતાં. મારા આ સ્વભાવને કારણે જ પછી હું ધનવાન બની ગયો. આમ, સામેથી મૂર્ખ બનાવવાની અને નાના સિક્કા જ લેવાની ખરેખર તો મારી બિઝનેસ પોલિસી હતી.'

જીવનમાં દેખાવ કરતાં ચરિત્રનું મહત્ત્વ છે

ભવ્યતા જેટલી મહત્ત્વની નથી, તેટલી દિવ્યતા મહત્ત્વની છે. દર્શનનું મહત્ત્વ છે, પ્રદર્શનનું નહીં. પ્રદર્શન ગમે તેટલું આકર્ષક હોય, પરંતુ મહત્ત્વ દર્શનનું છે. દર્શન એટલે જ્ઞાન, ફિલોસોફી. પ્રદર્શન એટલે દેખાડો.

પર્સનાલિટી જેટલી મહત્ત્વની નથી, એટલું મહત્વનું છે કેરેક્ટર. ચરિત્રનું મહત્ત્વ વધારે છે. પર્સનાલિટી એટલે આપણે કેવા દેખાઈએ છીએ તે અને કેરેક્ટર એટલે આપણે કેવા છીએ તે. શ્રીમદ્ ભાગવત દ્વારા જે દર્શન પ્રાપ્ત થાય છે તેનું મહત્ત્વ છે.

ભગવાન શ્રીકૃષ્ણની અલૌકિક લીલાઓને જોઈ વ્રજવાસીઓ પ્રસન્ન અને ચકિત પણ થયા. તેમને થયું, શ્રીકૃષ્ણના રૂપમાં કોઈ દિવ્ય ચેતના પ્રગટ થઈ હોય એવું લાગે છે. માત્ર સાત વર્ષનો આ બાળક સાત કોસના ગિરિરાજને સાત પર્યંત વામ કરકમલની કનિષ્ઠિકાના નખાદ્ર પર ધારણ કરીને ઊભો રહે, વ્રજવાસીઓની રક્ષા કરે, ઈન્દ્રના ગર્વને દૂર કરે આ સામાન્ય વાત નથી.

આમ તો જીવનનું આ સત્ય છે. ગોવર્ધન શબ્દનો અર્થ સમજો. 'ગો' એટલે ઈન્દ્રિયો અને વર્ધન એટલે વૃદ્ધિ. ઈન્દ્રિયોની વૃદ્ધિ જેમાં થાય છે, તે ગોવર્ધન એટલે દેહ. આપણા દેહ રૂપી ગોવર્ધનને સપ્તાહના સાતેય દિવસ અને ચોવીસેય કલાક શ્રીકૃષ્ણ જ ધારણ કરીને ઊભા છે. એનો મતલબ કે બધાનો આત્મા શ્રીકૃષ્ણ છે અને દેહ રૂપી ગોવર્ધનને આત્મા રૂપી શ્રીકૃષ્ણ જ ધારણ કરે છે. બ્રાહ્મણ એટલે બ્રહ્મને જાણે તે. ધારણ કરવાનું જ્ઞાનીના ઘરમાં જ્ઞાની દીકરો થાય તે સંભાવના વધારે.

એ શ્રીકૃષ્ણ જ્યારે એને ધારણ કરવાનું છોડી દે તો સાત જ દિવસમાં એની અંદરથી ભયંકર બદબૂ આવે, શરીરમાં વિકૃતિ આવી જાય, શરીર ફૂલી જાય. જેના રૂપના દીવાના થઈ લોકો પાછળ ભાગતા હોય, તેનું શરીર વિકૃત થઈ જાય! કોનામાં સૌંદર્ય છે કાયામાં કે કાયાના ધારણ કરનારામાં?

શરીર કરતાં શરીરનો ધારણ કરનારો શ્રેષ્ઠ છે. ગોવર્ધન એટલે શરીર, દેહ. કૃષ્ણ કહે છે એની પૂજા કરો. આ ક્રાંતિકારી સૂત્ર છે, પણ સમજવું જરૂરી છે. આપણને થાય કે આપણે ત્યાં તો દેહની નિંદા છે. દેહની નિંદા એટલા માટે છે કે દેહમાં આસક્તિ નથી. બાકી દેહની પ્રશંસા પણ છે.

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



રામચરિતમાનસમાં એક સવાલ ઉઠાવવામાં આવ્યો કે સૌથી ઉત્તમ શરીર કયું? કાકભૂશુંડીજીએ લખ્યું કે 'માનવનું.' ભાગવત પણ આ જ કહે છે અને શંકરાચાર્ય પણ વિવેક ચૂડામણીમાં કહે છે કે, 'નર જન્મ દુર્લભ છે.' મનુષ્યતા અને એમાંય પુરુષનો દેહ અને એમાંય વિપ્રતા.

પુરુષ બનીને જન્મે પણ બ્રાહ્મણને ત્યાં. એમાં પણ વેદ ભણનારો વિપ્ર હોય તેને ત્યાં જન્મ લેવો. આવી રીતે ઉત્તરોતર શું શ્રેષ્ઠ છે તે શંકરાચાર્ય વિવેક ચૂડામણીમાં સમજાવે છે. વિપ્ર એટલે જ્ઞાનપ્રધાન જેનું જીવન છે તે, વિવેકી પુરુષો જ્યાં છે તેવા પરિવારમાં તેનો જન્મ થાય. આ ગુણવાચક શબ્દ છે, જાતિવાચક શબ્દ છે. ગુણો આનુવંશિક હોય છે માટે ખાનદાન જોવામાં આવે છે. સૌથી શ્રેષ્ઠ શરીર છે માનવનું. જે દેવોને પણ દુર્લભ છે. આવી રીતે માનવ-શરીરની પ્રશંસા થઈ છે અને નિંદા પણ થઈ છે.

એક જ ગ્રંથ, એક જ લેખક અને બે પ્રકારની વાતો કરે. શરીરની નિંદા પણ કરે અને શરીરની પ્રશંસા પણ કરે, તો શું સાચું ને શું ખોટું? માત્ર નિવેદન નહીં, તેનો પૂર્વાપર સંબંધ પણ જોવો જોઈએ. ક્યાં કહેવાયું, કોના માટે કહેવાયું, એ કહેવાનો હેતુ શું છે, જ્યાં શરીરની પ્રશંસા થઈ છે ત્યાં શરીરને સાધન કહ્યું છે.


'બડે ભાગ માનુષ તન પાવા' માનવ શરીરનો હેતુ વિષયભોગ નથી, ભજનાનંદ તો મનુષ્યનો ભવ તારે છે. એટલા માટે આ ઉત્તમ છે. એને વિષયોમાં વેડફી નાખવા જેવો નથી. અરે! સ્વર્ગના સુખની પણ કામના રાખવા જેવી નથી, કારણ કે સ્વર્ગનું સુખ શાશ્વત નથી. માટે જ્ઞાની મોક્ષની વાત કરે છે અને ભક્ત તો વળી મોક્ષને પણ નથી માનતો.

ઘણાં બહેનો ભજનમાં ગાતાં હોય છે કે -

પાંચ પચીસના ઝગડામાં,
મારો હીરો ખોવાણો કચરામાં

ગોવર્ધનની પૂજા કરો, કેમ કે શરીર સાધન છે. તે સાજું રહેશે તો તમે તમારું સાધ્ય સાધી શકશો. કૃષ્ણની લીલાઓ પાછળ બહુ સુંદર દર્શન છે.

જિંદગીનો પ્રત્યેક શ્વાસ મૂલ્યવાન છે. આ હીરા જેવું મૂલ્યવાન માનવ-જીવન કચરામાં ખોઈ નાખવાનું નથી. ગો એટલે જ્ઞાન, એનું વર્ધન જેના શ્વાસ પાછા ખરીદી શકાતા નથી. આ માનવ-શરીર મૂલ્યવાન છે. તેને વેડફો નહીં. માનવ-શરીર દ્વારા આપણને એક મોટી તક મળી છે, એક અદભુત અવસર સાંપડ્યો છે, માટે શ્રેષ્ઠ છે, પણ એમાં જો કોઈ આસક્ત થાય.



શરીર અને શરીરના વિષયોમાં જ જો રમતાં રહેતાં હોય, તો તે ભવાટવીમાં અટવાઈ જવાના. તારાનો પતિ વાલી મર્યો છે અને તારા રડે છે. ત્યારે શ્રીરામ તેને સમજાવે છે -

છીતી જલ પાવક ગગન સમીરા
પંચ રિચત યહ અધમ શરીરા

ભગવાન રામ માનવ શરીરની નિંદા તારાને સમજાવવા માટે કરે છે. આ શરીર સાધન છે. આપણે ત્યાં તો સાધનની પણ પૂજા થાય. એટલા માટે વેપારીઓ ચોપડા પૂજન કરે છે, દશેરાના દિવસે ક્ષત્રિયો તેના શસ્ત્રની પૂજા કરે છે, લેખકો એની લેખનીની પૂજા કરે. અરે બહેનો ટાઢી સાતમને દિવસે વર્ષમાં એક વાર ચૂલાની પૂજા કરે છે. કારણ કે સાધનનું પણ મહત્ત્વ છે. એ જ રીતે શરીર પણ સાધન છે, એ રૂપે એની પૂજા કરો, એને સંભાળો. એ ગોવર્ધન પૂજા છે અને ગોવર્ધનમાં કૃષ્ણ છે.

આમ, જીવનમાં દેખાવ કરતાં ચારિત્ર્યનું અત્યંત મહત્ત્વ છે.

...અને 'મૂર્ખ'નું પાટિયું રાજાના ગળામાં લટક્યું!

આપણા ભારતનાં જ એક રાજ્યની વાત છે. ત્યાંના રાજાએ એક વાર નક્કી કર્યું કે 'મારા રાજદરબારમાં દરેક ક્ષેત્રના નિષ્ણાત એક વ્યક્તિ પ્રતિનિધિરૂપે હોવા જોઈએ.' તેથી તેમના રાજ્યમાં કામ કરનારા સુથાર, લુહાર, મોચી, ખેડૂત, કડિયા, કાપડિયા, વણિક, સોની, ઝવેરી, પશુપાલક, શિક્ષક, સંગીતકાર, ચિત્રકાર, જાદુગર, કલાકાર વગેરે રાજ્યમાં જેટલા પણ વ્યવસાયો હતા, જેટલી પ્રજા હતી, તે દરેકના પ્રતિનિધિરૂપ એક-એક વ્યક્તિને પોતાના દરબારમાં સ્થાન આપ્યું! રાજ્યના હિત માટે રાજા દ્વારા લેવાયેલા આ મહત્ત્વપૂર્ણ નિર્ણયની આખા રાજ્યમાં સરાહના થઈ.

એક વાર રાતે સૂતાં-સૂતાં રાજાને વિચાર આવ્યો કે, 'બધા પ્રકારના પ્રતિનિધિઓને બોલાવ્યા, પણ કોઈ મૂર્ખના પ્રતિનિધિને રાખ્યો નથી! તો રાજ્યમાં એક મૂર્ખનો સરદાર પણ હોવો જોઈએ!' આવો વિચિત્ર વિચાર રાજાએ રાજદરબારમાં રજૂ કર્યો. પણ રાજાને ના કોણ પાડે? તેથી રાજાની સૂચના મુજબ, આખા રાજ્યમાં ફરીને, જેનું મગજ ઢીલું લાગતું હતું, તેવા એક માણસને સિપાહીઓ દરબારમાં લઈ આવ્યા! રાજા પણ ખુશ થયો અને તેના ગળામાં 'મૂર્ખ' લખેલું પાટિયું પહેરાવી દીધું. મૂર્ખને તો આનંદ થયો અને પૂછ્યું : 'મારે ક્યાં સુધી આ પાટિયું મારા ગળામાં રાખવાનું?' રાજા કહે : 'જ્યાં સુધી તારાથી વધારે મૂર્ખ માણસ ન મળે, ત્યાં સુધી તું આ પાટિયું તારા ગળામાં રાખજે અને કોઈ મળી જાય, તો તેને પહેરાવી દેજે...' પેલા મૂર્ખે આ વાત સાંભળી લીધી અને કાયમ રાજાના દરબારમાં હાજરી આપવા માંડ્યો.

થોડાં વર્ષો વીત્યાં અને રાજા મરણ-પથારીએ પડ્યો. સૌને લાગતું હતું કે હવે રાજા નહીં રહે. રાજાને પણ એમ લાગ્યું તેથી તેણે છેલ્લી ઘડીએ બધાને મળવાનો વિચાર કર્યો. આખા રાજ્યના તમામ પ્રતિનિધિઓ અને પ્રજાજનો એક પછી એક રાજાને મળવા આવે અને છેલ્લા જુહાર કહેતા જાય... એમાં પેલા મૂર્ખનો વારો આવ્યો.

સામાન્ય રીતે તો કોઈ રાજા સાથે વાત કરતું

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



નહોતું. કારણ કે સૌને ખબર હતી કે, તેમની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી છે. પરંતુ આ મૂર્ખભાઈએ રાજાજીની નજીક જઈને પૂછ્યું, 'રાજાજી! તમે બધાને મળવા બોલાવો છો, તે બહાર જવાના લાગો છો...'

રાજાને થયું કે આ મૂર્ખને કોણ સમજાવે? તેથી રાજાએ પણ 'હા'માં 'હા' ભણી : 'તું સાચું કહે છે... હું બહુ લાંબી યાત્રાએ જાઉં છું. એવી યાત્રા, કે જ્યાંથી હું ક્યારેય પાછો આવવાનો નથી...'

'તો રાજાજી! આ યાત્રામાં રાણીસાહેબ, કુંવરજી... એ બધા તમારી સાથે આવશે, નહીં?' મૂર્ખે પૂછ્યું. રાજાએ કહ્યું, 'અરે ભાઈ! આ યાત્રામાં તો એકલા જવાનું હોય...'

'એમ? તો તમે એની તૈયારીઓ કરી હશે નહીં?'

માણસ હતો મૂર્ખ, પરંતુ તેના આ એક પ્રશ્નએ રાજાને વિચાર કરતો મૂકી દીધો. મરણ-પથારીએ પડ્યા-પડ્યા તેને પોતાનું આખું જીવન આંખો સમક્ષ દેખાવા માંડ્યું. તેણે પરિવાર માટે, રાજ્ય માટે, પ્રજા માટે... બધા માટે ઘણું કર્યું હતું. લોકોને રિઝવવાની તૈયારીઓ કરી હતી... પરંતુ ભગવાન પાસે પહોંચવાની કોઈ તૈયારી કરી નહોતી! શબ્દો સરી પડ્યા : 'અનંતની આ યાત્રાની તૈયારી મેં નથી કરી...'

પેલા મૂર્ખે પોતાના ગળામાંથી 'મૂર્ખ'નું પાટિયું કાઢીને રાજાના ગળામાં પહેરાવી દીધું!

વાત ખરેખર વિચારવા જેવી છે. જીવનનું સાર્થક્ય શેમાં? ઘર, પરિવાર, સમાજ, અરે! દુનિયા માટે આપણે જે કંઈ કરીએ છીએ, તે આપણી ફરજ પરંતુ આપણા માટે, આત્મકલ્યાણ માટે તૈયારી કરવાની રહી ન જાય. એ પણ જોવાનું છે.

તેથી જ ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી, પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે આધુનિક યુગના આચાર-સંહિતા સમાન 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં આત્મકલ્યાણ માટે ભગવાનનો આશરો કરી લેવાનું જણાવતાં કહે છે :

आश्रयेत् सहजानन्दं हरिं ब्रह्माऽक्षरं तथा।
गुणातीतं गुरुं प्रीत्या मुमुक्षुः स्वात्ममुक्तये॥

એટલે કે 'મુમુક્ષુ પોતાના આત્માની મુક્તિ માટે સહજાનંદ શ્રીહરિ તથા અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુણાતીત ગુરુનો પ્રીતિએ કરીને આશરો કરે.' (સ.દી. 20) આત્માની મુક્તિ માટે, ભગવાન તથા ભગવાનના અખંડ ધારક સત્પુરુષ જ પરમ સહાયરૂપ થાય છે.

આપણા જીવન અને મનન-ચિંતન દ્વારા, સાંસારિક જવાબદારીઓ નિભાવતાં. જો મોક્ષમાર્ગે ચાલતા શીખી જઈએ, તો ખરા અર્થમાં આપણું જીવન સાર્થક કહેવાય. નહીં તો, પેલા રાજાને થયું એમ, મરણ પથારીએ 'મૂર્ખ'નું પાટિયું આપણા ગળામાં આવી પડે - એ આપણને પોસાય એમ છે?

માતાથી કુસંસ્કાર!

એક પિતા પોતાના બાળકને જોરજોરથી મારતા હતા. બાળક બચાવવા માટે બૂમો પાડતો હતો, તો પણ તે નિર્દયતાથી મારતા જ રહ્યા. બાળકનો અવાજ સાંભળી પાડોશી તેને છોડાવવા આવ્યા. 'કેમ મારો છો?' એ પ્રશ્ન પૂછ્યો, તો પિતા ઉગ્ર અવાજે બોલ્યા, 'આટલો નાનો છે, અને ચોરી કરે છે. અરે, ચોરી પણ મંદિરના ભંડારમાંથી... અત્યારથી જો આવી ચોરી કરવાની આદત પડશે, તો ભવિષ્યમાં તે કેવો બનશે?'

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

પાડોશી ભાઈએ બાળકને પ્રેમથી સમજાવ્યો, 'બેટા, તું ખૂબ સારો છોકરો છે. તારાથી ચોરી ન કરાય, જે ખરાબ છોકરા હોય, તે જ ચોરી કરે. એક કામ કર. મને સમજાવ કે તેં ચોરી શા માટે કરી?'

'મારે પૈસાની જરૂર હતી.'

'તારે પૈસાનું શું કરવું હતું?'

'મમ્મી મને પૈસા આપતી ન હતી અને મારે ચોકલેટ ખાવી હતી, એટલે મેં ચોરી કરી.'

'પણ તું ચોરી કરતાં ક્યાંથી શીખ્યો?'

અને બાળકે જે ઉત્તર આપ્યો, તે સાંભળી પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ. બાળક બોલ્યો, 'મમ્મીને જ્યારે પૈસાની જરૂર હોય અને પપ્પા પૈસા ન આપે, તો મમ્મી પપ્પાના પોકેટમાંથી ચોરી કરે છે અને મને કહે છે કે, તું કોઈને ન કહેતો. આ જોઈ ચોકલેટ માટે મેં પણ મંદિરમાંથી ચોરી કરી. મેં પહેલી જ વાર ચોરી કરી છે...'

નીચું મુખ રાખી દીકરો બોલતો હતો, પણ આ સાંભળી પિતાનું મુખ પણ નીચું થઈ ગયું.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 12 જૂન, 2025 | જેઠ વદ એકમ | વિક્રમ સંવત 2081 08

જીવનમાં પ્રેમ-ત્યાગ-સેવા લાવશો તો સૌ અપનાવશે

પરબ્રહ્મ બાળક બની માની ગોદમાં આવી શકે આ ભાવ જ કેટલો મધુર છે! પરબ્રહ્મ આ સૃષ્ટિનું અભિન્નોપાદાન કારણ છે. તે કારણે કોઈનું કાર્ય બની જાય આ વાત કેટલી અદભુત છે. ભગવાન વસુદેવ અને દેવકી દ્વારા મથુરામાં પ્રગટ થયા. વિશુદ્ધ સત્વ એ વસુદેવ અને દેવમયી બુદ્ધિ એ દેવકી. વિશુદ્ધ મન એ વસુદેવ. મન વિશુદ્ધ થાય છે, સત્કર્મના સાતત્યથી. દેવકી – બુદ્ધિ દેવમયી થાય છે, સત્સંગના સાતત્યથી. એટલે સત્કર્મ અને સત્સંગ નિત્ય કરવાં જોઇએ.

સવારના કલાક-દોઢ કલાક સત્કર્મ. સાંજે કલાક-દોઢ કલાક સત્સંગ. સવારે પૂજા-પાઠ, જપ આમ તમારો જે નિત્ય નિયમ હોય તે કરો. સાયંકાળે સત્સંગ કરો. લોકો પૂછે છે કલાક-દોઢ કલાક સવારે, કલાક-દોઢ કલાક સાંજે! ત્રણ–ત્રણ કલાક રોજ? એટલો ટાઈમ ક્યાં છે? ચાલો ને આપણે ટાઇમટેબલ ગોઠવીએ. ત્રણ કલાક મળી રહેશે. આઠ કલાક કમાવાના! છ કલાક ઊંઘવાના, ઓછા પડશે તો એક વધારે. આઠ ને સાત થયા પંદર કલાક. છ કલાક નહાવું, ધોવું, ખાવું, પીવું, ટી.વી. જોવું એના માટે! કેટલા થયા? એકવીસ. દિવસ કેટલા કલાકનો? ચોવીસ. કેટલા વધ્યા? ત્રણ.

'શતમ્ વિહાય ભોક્તવ્યમ્' – સો કામ છોડીને ખાઇ લ્યો. જમવાનું મહત્ત્વનું છે. હજાર કામ છોડીને નહાઇ લેવું. ખાવા કરતાં પણ નહાવાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. 'લક્ષમ્ વિહાય દાતવ્યમ્' લાખ કામ છોડીને દાન દેવું. એટલે દાનનું વિશેષ મહત્ત્વ છે. 'કોટિં ત્યક્ત્વા હરિં સ્મરેત્' કરોડો કામ છોડીને હરિનું સ્મરણ કરી લેવું. એટલે સૌથી વધારે મહત્ત્વનું શું? ભજન. માનવ-શરીર શા માટે મળ્યું છે? ભજન કરવા માટે.

શરીર વિષયભોગ માટે નથી મળ્યું. સ્વર્ગાદિ સુખની કામના કરશો તો એ પણ શાશ્વત સુખ નથી. પુણ્યનો ક્ષય થાય એટલે પૃથ્વી પર પાછું આવવું પડે



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



છે. તમારું બેલેન્સ તપાસો!

શા માટે શરીર મળ્યું છે? ભજન કરવા માટે. શરીર વિના ભજન ન થાય. ભજનનો અર્થ છે સેવા. 'ભજ સેવાયામ્' ભક્તિ એટલે સેવા. શરીર સે જિતના બન પડે સંસાર કી સેવા કરો. મન હોય ત્યાં માણસ કંઇક છોડે તે કંઇક મોટું મેળવવા માટે!

સેવા તો જગ સેવા કરવી અને લેવું હરિનું નામ. દેખો એક બાત જો હમારી સમજમેં આઇ હૈ. આપકી સમજ મેં ભી આ જાયેગી ક્યોંકિ વ્યવહાર સે હમ સબ અનુભવ કરતે હી હૈ. આ જગમાં કરવા જેવા બે જ કામ છે પુનિત મહારાજે કહ્યું છે કે, કંઇક રીટર્ન મળશે તેવી અપેક્ષાથી ઇન્વેસ્ટ મળે છે. જ્યાં સાચો પ્રેમ છે ત્યાં જ કંઈક આપવા તૈયાર થાય, તો તે આપવાનું હોય તે ઇન્વેસ્ટમેન્ટ હોય છે. ભગવાન ગીતામાં કહે છે કે - અર્જુન તું યોગી બન. યોગી બનવા માટે શું કરવું? ઉપયોગી થાવ. આ યોગી બનવાની પૂર્વભૂમિકા છે અને જે પણ ઉપયોગી હોય તેનું મહત્ત્વ છે અને તે સચવાય છે પછી તે વસ્તુ હોય કે વ્યક્તિ. જ્યાં સુધી ઉપયોગી રહેશો ત્યાં સુધી સચવાશો, ત્યાં સુધી બધા પ્રેમ કરશે એટલે જીવનના અંતિમ શ્વાસ સુધી માણસે પોતાની ઉપયોગિતા ટકાવી રાખવાનો પ્રયાસ કરવો જોઇએ. નકામા ન થઇ જાવ. જે ઉપયોગી નથી રહેતું, તે ફેંકાઇ જાય છે, પછી તે વસ્તુ હોય કે વ્યક્તિ.

અત્યારે ભૌતિકવાદ એવો વકર્યો છે. લગ્ન કરવાની વાત આવે એટલે છોકરી છોકરાને પૂછે કે, 'તારા ઘરમાં ગાર્બેજ કેટલું?' વડીલ મા-બાપ હોય તેને ગાર્બેજ કહેતાં થયાં છે. કચરો. આપણે ત્યાં તો ઘણાંના નામ જ 'કચરાલાલ' હોય છે, પણ કચરાલાલ બહુ કામના! એને ફેંકી દેવાની કોઇ હિંમત ન કરે, કારણ એમણે એમની ઉપયોગીતા ટકાવી રાખી છે. જિંદગીના અંતિમ શ્વાસ સુધી પોતાની ઉપયોગીતા ઊભી કરો. ઉપયોગી બનવા માટે શું કરવું? ત્રણ વસ્તુ જરૂરી છે. પ્રેમ, ત્યાગ અને સેવા.

જ્યાં પ્રેમ હોય છે ત્યાં ત્યાગ સ્વાભાવિક હોય છે. સમર્પણ પ્રેમની શરત નથી. તે પ્રેમનો સ્વભાવ છે. સૂરજ હોય ત્યાં અજવાળું હોય જ! એમ જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાગ સ્વાભાવિક છે અને એ ત્યાગ જ સાચો! બાકી પ્રેમ અને ત્યાગ વિના સેવા શક્ય નથી. પ્રેમ ત્યાગ અને સેવા આ ત્રણ વસ્તુ છે.

પ્રેમ દ્વારા તમે પ્રભુને ઉપયોગી બનો છો, ત્યાગ દ્વારા તમે પોતાને ઉપયોગી બનો છો અને સેવા દ્વારા તમે સમાજને ઉપયોગી બનો છો. પ્રેમ દ્વારા પ્રભુને ઉપયોગી થાવ. ભગવાનને એ કામનો છે જે પ્રેમી છે. 'પ્રેમ પ્રભુ કો પ્યારા.' મીરાં, રાધા સૌ પ્રેમી છે. ચૈતન્ય મહાપ્રભુ ભગવાનને બહુ ગમે છે. ત્યાગ દ્વારા તમે તમારી જાતને ઉપયોગી થાવ છો. યાદ રાખજો, ત્યાગ દ્વારા આપણે સંસાર ઉપર ઉપકાર નથી કરતાં. ત્યાગ કરીને આપણે આપણી જાત ઉપર ઉપકાર કરીએ છીએ. એટલે બીજા ઉપર ઉપકાર કરવાની ભાવનાથી ત્યાગ નથી કરવાનો. દાન કરો છો ત્યારે તમે બીજા ઉપર ઉપકાર નથી કરતા. તમારી જાત ઉપર ઉપકાર કરો છો અને એટલા માટે ઉપકારની ભાવનાથી રહિત થઇને દેવું એ મારું કર્તવ્ય છે એમ માનીને દાન કરો. આને સાત્ત્વિક દાન કહ્યું છે. કર્તવ્યની ભાવનાથી અપાયેલું, ઉપકારની ભાવનાથી અપાયેલું દાન નહીં.

યોગ્ય સ્થાનમાં, યોગ્ય સમયે, સુપાત્રને અપાયેલું દાન સાત્ત્વિક દાન છે. દાન દ્વારા આપણે સ્વયં પર ઉપકાર કરીએ છીએ. દેનેવાલા બડા નહીં, કબૂલ કરનેવાલા બડા હૈ, એસા માનકર હમ દાન કરતે હૈ. દેખો, ધન સે તુમ દાની નહીં બનતે. ધન સે તો તુમ ધની બનતે હો. ધનને આપકો ધની બનાયા. આપકો દાની કૌન બનાતા હૈ? દાન લેનેવાલા. યદિ કોઇ લેનેવાલા હો હી નહીં, તો આપ દાની નહીં બન સકતે. ધનવાન તો હો સકતે હો લેકિન આપ દાની નહીં બન સકતે. ધની કો દાની બનાતા હૈ લેનેવાલા. ઇસલિએ દેનેવાલા લેનેવાલે કો પ્રણામ કરતા હૈ. આપને સ્વીકાર કર કે મુઝે ધની સે દાની બના દિયા. મૈં આપકા આભારી હૂં. જેને દાન આપે છે તેને મોટો ગણી દાન આપવાનું છે. અદભુત વાત છે.

આમ, જીવનમાં પ્રેમ-ત્યાગ-સેવાની ત્રિવેણી લાવશો તો તમને સૌ અપનાવશે.

ડોક્ટર આપણને આકાશની સફર કરાવી શકે?

એક માણસે નક્કી કર્યું કે મારે આકાશની ઊંચાઈ સર કરવી છે - અવકાશયાત્રી બનવું છે. તેના મિત્રો, સગાંસંબંધીઓએ કહ્યું: 'હા, હા... બનવું જ જોઈએ. તું આગળ વધ.' આ ભાઈએ એવો ઠરાવ કર્યો કે, 'હું બધું જાતે જ શીખીશ!'

અવકાશયાત્રી બનવા માટે તે જુદા-જુદા ચોપડા લઈ આવ્યો, તે વિષયક સંશોધન કર્યું, તે પ્રમાણે અવકાશયાત્રીના કપડાં બનાવડાવવા પ્રયત્ન કર્યો... ઘણો ખર્ચો કર્યો પરંતુ કંઈ ગતાગમ પડી નહીં, ભાઈસાહેબ મૂંઝાયા...

કોઈકે કહ્યું: 'અલ્યા! આટલી બધી દિશા વગરની મહેનત કરે છે, એના કરતા જે ખરેખર અવકાશયાત્રી હોય એની પાસે જઈને શીખ ને! જાતે શીખવામાં આ જન્મે તો તારો મેળ પડે એવું લાગતું નથી.' 'હા... એ વિચાર સારો છે.' એ પચ્છમબુદ્ધા, સ્વ-અધ્યયનમાં ડૂબેલા પેલા 'અવકાશયાત્રી'ને ભાન થયું.

એ શિક્ષકની શોધમાં નીકળ્યો તો ખરો, પરંતુ રસ્તામાં હોસ્પિટલમાં સેવા આપી રહેલા એક ડોક્ટર તેને ગમી ગયા. એ ડોક્ટર પાસે પહોંચી ગયો અને કહે: 'બસ, તમે જ મને અવકાશયાત્રી બનાવો.' ડોક્ટરને આશ્ચર્ય થયું: 'આ મેન્ટલ કેસ તો મારી પાસે નથી આવી ગયો ને?'

આપણો 'અવકાશયાત્રી' તો એના મિત્રો અને સગાં-સંબંધીઓને લઈને આવ્યો! બધાને કહે, 'આ ડોક્ટર મને બહુ ગમે છે. એને જ કહો કે મને અવકાશયાત્રી બનાવે...' બધાંએ સમજાવ્યું, 'ભાઈ! અવકાશયાત્રી બનવું હોય, તો જેણે આકાશની ઊંચાઈ સર કરી હોય એવા અવકાશયાત્રી પાસે જઈને શીખવું પડે... ત્યારે તું અવકાશયાત્રી બની શકે. જેને અવકાશયાત્રાનો અનુભવ જ ન હોય, એવા ડોક્ટર તને શું આકાશની સફર કરાવી શકવાના?!'

આવું જ કંઈક ભગવાનને પામવાના-આધ્યાત્મિક માર્ગમાં પણ છે! જીવનનાં અનેક કાર્યો, જવાબદારીઓ નિભાવતાં-નિભાવતાં પણ આપણે ભગવાનના માર્ગે

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ચાલવાનું છે અને એ માર્ગે ચાલવા માટે અનુભવી એવા સાચા ગુરુ પાસે પણ જવાનું છે, કારણ કે 'સ્વ'ની શોધ એકલા કરવી, પરબ્રહ્મની શોધ એકલા કરવી, તે કરતાં આ માર્ગે જેમણે અનેક મુમુક્ષુઓને દોર્યા છે, જેઓ સ્વયં ભગવાનને પામવાની વિદ્યા સિદ્ધ કરીને બેઠા છે, એવા શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે જીવનને ઘડવાનું છે. આ લૌકિક ક્ષેત્રોમાં, આકાશને આંબવામાં, ચંદ્રલોક સુધી પહોંચવામાં પણ જો ગુરુ કે શિક્ષકની જરૂર પડતી હોય તો મનુષ્ય જન્મનો સર્વશ્રેષ્ઠ હેતુ-ભગવાનના ધામ સુધી પહોંચવા માટે તો સાચા ગુરુ જોઈએ જ.

એટલા માટે જ ભગવાન સ્વામિનારાયણના મહંતસ્વામી મહારાજે 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં આ વિષયક માર્ગદર્શન આપે છે:

गुरुं ब्रह्मस्वरूपं तु विना न संभवेद् भवे।
तत्त्वतो ब्रह्मविद्यायाः साक्षात्कारो हि जीवने॥२२॥

અર્થ એ કે 'આ સંસારમાં બ્રહ્મસ્વરૂપ ગુરુ વિના જીવનમાં બ્રહ્મવિદ્યાનો તત્ત્વે કરીને સાક્ષાત્કાર ન થઈ શકે.' (સ.દી. 22)

બ્રહ્મવિદ્યા એટલે ભગવાનને પામવાની વિદ્યા.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ ભગવાદગીતામાં પણ આવી જ બ્રહ્મવિદ્યાની વાત બીજા શબ્દોમાં કહે છે: 'विद्यानां अध्यात्मविद्या...' (गीता 10/32) અર્થાત્ 'વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું...' આમ, ભગવાને બ્રહ્મવિદ્યાને પોતાની વિભૂતિ ગણી છે!

સ્વામિનારાયણના ગુણાતીતાનંદ સ્વામીએ પણ તેમના ઉપદેશમાં કહ્યું છે, 'વિદ્યાઓ તો ઘણી છે પણ ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે ને એમાં જ માલ છે ને એમ કર્યા વિના છૂટકો નથી.' (સ્વામીની વાતોઃ 2/38)

એટલું જ નહીં, સમસ્ત વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથો, એવા વેદોમાં પણ આ જ વાત છે! અથર્વ વેદના ભાગ સમું મુંડક ઉપનિષદ્ કહે છે: ' स गुरुमेवाभिगच्छेत् समित्पाणीः श्रोत्रियं ब्रह्म निष्ठम्' (//) સાદા શબ્દોમાં કહીએ તો, 'બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર કરવા માટે મુમુક્ષુએ હાથમાં સમિધ લઈ શ્રુતિ-શાસ્ત્રને જાણનારા સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ અને પરબ્રહ્મમાં નિષ્ઠા ધરાવતા ગુરુ પાસે જવું.'

આપણને થાય કે આ બ્રહ્મવિદ્યા ભણવાની શું જરૂર છે? આજ સુધીનો પૃથ્વીનો ઇતિહાસ જણાવે છે કે 'લૌકિક વિદ્યાઓ પામ્યા પછી, અસંખ્ય સિદ્ધિઓ હાંસલ કર્યા પછી, અરે! સફળતાના શિખરોની ઊંચાઈએ પહોંચ્યા પછી પણ જીવનમાં અધૂરપ, ખાલીપો અને મૂંઝવણ જ અનુભવાય છે.' એ પછી ગમે તે દેશ-સંસ્કૃતિના માંધાતાઓ હોય કે ગમે તે ક્ષેત્રના નિષ્ણાત હોય... બધું પામ્યા પછી સૌનું અંતર એટલું તો જરૂર કબૂલે કે 'આના કરતાં મેં મારા માટે કશુંક કર્યું હોત, તો જીવન સાર્થક થઈ જાત.'

આપણે પણ બ્રહ્મવિદ્યાનાં પંથે ચાલીએ.

ઉદારતા - કૃતજ્ઞતા

આચાર્ય હીરસૂરીશ્વરજી પાસે બાળપણથી ધર્મના સંસ્કાર પામેલા રાજિયા અને વાજિયા શેઠ નામના બે ભાઈઓ મોટા વેપારી હતા. એ દિવસોમાં ફિરંગીઓએ ચીઉલના ખોજગી તથા તેના સાથીદારોને કેદ કર્યા. ખોજગીએ જીવતાં છૂટવા ઘણી વિનંતી કરી, તો એક લાખ લ્યાહરિ (તે સમયનું નાણું) આપવાની ફિરંગીઓએ શરત કરી.

શરત સાંભળી ખોજગી ચિંતિત થયા. પોતાનું વતન ઘણું દૂર. ત્યાંથી આટલી મોટી રકમ કેવી રીતે મંગાવવી?

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

એ વખતે તેને ખંભાતના રાજિયા-વાજિયા શેઠની સ્મૃતિ થઈ. તેણે શેઠને કહેવડાવ્યું, તો ઉદારદિલ બંધુઓએ ત્વરિત એક લાખ લ્યાહરી ફિરંગીઓને મોકલાવીને ખોજગીને છોડાવ્યો. બંને શેઠનો આભાર માનતો ખોજગી વતન ગયો.

કેટલોક સમય વ્યતીત થયો. એક દિવસ ખોજગીના માણસોએ 22 ભારતીયો અને તેમાં ઘણા ગુજરાતીઓને વિશેષ કારણસર પકડ્યા. તેમને સજા કરવાનો હુકમ કર્યો. પછી તેમનો વાર્તાલાપ સાંભળતાં ખ્યાલ આવ્યો કે આ તો રાજિયા-વાજિયા શેઠના માણસો છે. ખોજગીને ઉપકારી શેઠની સ્મૃતિ થઈ. ઉપકારી નહીં, પણ તેઓ મારા જીવનદાતા છે, આમ વિચારી સૌને તત્કાળ ખોજગીએ મુક્ત કર્યા.

આ શેઠબંધુઓએ ખંભાત, ગંધાર, વડોદરા વગેરે અનેક શહેરોમાં ભવ્ય જિનાલ્યો બંધાવ્યા જ, સાથેસાથે વિ. સં. 1661ના દુષ્કાળ પ્રસંગે 33 લાખ રૂપિયાના અનાજનું વિતરણ પણ કર્યું.

પરમાર્થમાં દિલથી રચ્યા-પચ્યા રહી કાર્ય કરતાં રહીએ



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



બુદ્ધિને સત્સંગનો ખોરાક મળતો રહે અને મનને સત્કર્મનો. જો તમારી પાસે કરવા યોગ્ય કોઈ કામ નહીં હોય, તો સાચું માનજો અનેક રોગો ઘેરી વળશે. અમારા એક વડીલ બિલકુલ સ્વસ્થ. શું તેમનું નિયમિત જીવન હતું! વહેલી સવારે ઊઠવું. ચોક્કસ સમયે નાસ્તો કરવો જ અને ચોકકસ સમયે જ જમવું. એમનો પરિવાર પર એવો પ્રભાવ હતો કે બધું સમયસર થતું!

આટલા વાગ્યાની ટ્રેન છે, આટલા વાગ્યે સ્ટેશન પર પહોચવાનું છે, આટલા વાગ્યે દુકાને પહોચવાનું છે. રાત્રે આટલા વાગ્યે દુકાન બંધ કરવાની છે. આ ટ્રેનથી ઘરે જવાનું છે. રાત્રિનું ભોજન લેવું, સમયસર ઊંઘવાનું. આટલું નિયમિત જીવન જીવનારા હતા. નખમાં પણ રોગ નહોતો.

જે બિલ્ડિંગમાં તેમની દુકાન હતી, તે બિલ્ડિંગમાં એક વાર આગ લાગતાં આખી બિલ્ડિંગ સળગીને રાખ થઈ ગઈ. તેમના પુત્રોએ તો ઘણી વાર કહ્યું હતું કે, 'પિતાજી, શા માટે દુકાને જાવ છો? અમે બધો ધંધો સંભાળી લીધો છે.' છતાં તેઓ નિયમિત દુકાને જતા.

તેમણે ક્યારેય પોતાનો ધંધો બંધ નહોતો કર્યો. હવે તેમનો ધંધો અચાનક બંધ થઈ ગયો. હવે ન તો દુકાને જવાનું છે અને ન પાછું આવવાનું છે અને બન્યું એવું કે જેમના નખમાં પણ રોગ નહોતો, તે ફકત છ મહિનામાં જ શરીર છોડી ચાલ્યા ગયા.

બધા કહેતા હતા કે, 'જો દુકાનમાં આગ ન લાગી હોત અને તેમની દુકાન ચાલતી રહી હોત તો તે બહુ લાંબુ જીવત.' દુકાન બળી જતાં એમનું સર્વસ્વ ગયું. એક જ આધાર હતો એમનો, એ દુકાન. તે પણ સળગી ગઈ. આ સજ્જન વર્કોહોલિક ભલે નહોતા, પણ નિયમિત હતા. તેમને પોતાના કામ પ્રત્યે અનન્ય નિષ્ઠા હતી. જ્યારે દુકાન જ બળીને રાખ થઈ ગઈ, તો તેમને કોઈ કામ કરવાનું રહ્યું નહીં. પરિણામે છ મહિનામાં તેઓ મૃત્યુ પામ્યા. એક અભ્યાસ એવું કહે છે કે જે માણસો પોતાના કામ કરે છે, તેઓ મોટી ઉંમરે પણ તંદુરસ્ત જીવન જીવે છે અને લાંબું આયુષ્ય ભોગવે છે.

મારી પાસે એક સંસ્થાનું સોવેનિયર આવ્યું. તેમાં એક ઘટના વર્ણવવામાં આવી હતી કે પતિ-પત્ની બંને ડોકટર હતાં. બંને મળીને એક સંસ્થા ચલાવતાં હતાં. વિકલાંગ, અસહાય બાળકો અને ભાઈ-બહેનોની તેઓ સેવા કરતાં હતાં. રાજસ્થાનનું આ દંપતી લગ્નગ્રંથિથી જોડાયાં, તે પહેલાં એકમેકથી પરિચિત હતાં. બંનેના જીવનનો ધ્યેય એક જ હતો સમાજસેવા. બંને સમાજસેવાને સમર્પિત હતા. બંનેની વિચારસરણી સમાન હતી કે અસહાય, નિરાધાર અને પીડિત મનુષ્યોની સેવામાં યોગદાન આપવું.

બંને સમાન વિચારસરણીવાળા ડોકટર દંપતી લગ્નગ્રંથિથી જોડાયાં, પણ એ બંનેએ એવું નક્કી કર્યું કે સમાજસેવામાં વધારેમાં વધારે સમય આપી શકાય, તે માટે આપણે બાળકને આ ધરતી પર અવતરિત કરીશું નહીં. આપણું સંતાન જ ન હોય, તેવી તેમણે પ્રતિજ્ઞા લીધી.

પિતામહ ભીષ્મે પણ આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. આજે પણ સંસારમાં ઘણા દંપતી એવા હોય છે કે તેઓ સંતાન ન કરવાની પ્રતિજ્ઞા લે છે. તેઓ એવું વિચારીને આમ કરતાં હોય છે કે સંતાનનાં પાલન-પોષણમાં ઘણો સમય આપવો પડશે અને આપણે તો પીડિત માનવતાની સેવા કરવી છે. તેમાં બાળકને સાચવવાની ઝંઝટ અવરોધક બનશે. આ પ્રકારે હંમેશાં પરમાર્થી જીવન જીવવાના આદર્શ સાથે તેઓ કાર્યમાં મગ્ન રહે છે.

જે પોતાના મનને સતત વ્યસ્ત રાખે છે. એક અભ્યાસ મુજબ તેવા લોકો લાંબું જીવતાં હોય છે તેમનું આયુષ્ય પણ લાંબુ હોય છે અને તેઓ બીમાર પણ ઓછા પડે છે. તેમનું જીવન સ્વસ્થ હોય છે. આ હકીકત છે. જો તમારી સામે એક સારું ધ્યેય હોય, કરવા માટે કંઈક સારું કાર્ય હોય, જીવનનું એક લક્ષ્ય હોય અને તમે પરમાર્થિક કાર્યોમાં દિલથી રચ્યા-પચ્યા રહેતાં હો. કંઈક સારું કામ કરતાં હો. તો તમે સારાં કાર્ય કરવામાં એટલા વ્યસ્ત રહેશો કે બીમારી માટે સમય જ રહેશે નહીં. તેમને તાવ આવે તો પણ તેઓ કહે છે કે, 'સોરી, આઈ એમ બિઝી રાઈટ નાઉ!' તાવ પણ પૂછે કે, 'હવે આવું?' તો તે કહે છે કે, 'નહીં.' અંતે તાવ પણ વિચારવા લાગે કે અહીં તો કોઈ મારો ભાવ નથી પૂછતું. ચાલો અહીંથી! બીમાર પડવા માટે આવા લોકો પાસે સમય જ નથી હોતો એટલા વ્યસ્ત હોય છે. પોતાની દરેક પળ ભગવદ્ કાર્યોમાં વ્યતીત કરે છે. તેઓ ખૂબ લાંબું જીવે છે, એ વાત સાચી છે.

મનને સત્કર્મનો ખોરાક આપવો જોઈએ. શાસ્ત્ર વિહિત કર્મોનો ખોરાક મનને મળતો રહેવો જોઈએ. આપણે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી કર્મ કરતાં-કરતાં સો વર્ષ જીવવાની કામના કરીએ. સત્કર્મનો ખોરાક મનને મળતો રહેશે, તો મન પણ વિશુદ્ધ થશે. વિશુદ્ધ મન એ વસુદેવ છે અને બુદ્ધિને સત્સંગનો ખોરાક મળતો રહેશે તો બુદ્ધિ દેવમયી બનશે. દેવમયી બુદ્ધિ એ દેવકી છે.


પિતામહ ભીષ્મે જે રીતે પાળીપોષીને તેમની મતિ રૂપી કન્યાને મોટી કરી છે, સંસ્કારિત કરી છે અને સંસ્કારિત કન્યા માટે જેવી રીતે તેના પિતા યોગ્ય વર શોધી, તેની સાથે વિવાહ કરે છે, તેમ પિતામહ ભીષ્મે પણ પોતાની બુદ્ધિને એવી બનાવી. સંસારની બધી કામનાઓથી રહિત અને અનેક પ્રકારના સાધનોના અનુષ્ઠાનથી શુદ્ધ થયેલી પોતાની મતિ રૂપી કુંવારી કન્યા ભગવાન શ્રીકૃષ્ણને સોંપી રહ્યા છે. તેઓ કહે છે કે, 'હે યદુવર! મારી મતિ રૂપી કુંવારી કન્યા માટે જો કોઈ યોગ્ય વર હોય, તો તે તમે છો. મારી પુત્રીનું કન્યાદાન કરું છું, તેના વિવાહ આપની સાથે કરું છું, તમે તેનો સ્વીકાર કરો.'

આપણે પણ એક લક્ષ્ય રાખી પરમાર્થિક કાર્યોમાં રચ્યા-પચ્યા રહીએ અને કંઈક સત્કાર્ય કરતાં રહીએ.

...આ તો સમજી શકાય એવી વાત છે

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



હાલમાં 'સનાતન ધર્મ' વિશે ઘણી ચર્ચાઓ ચાલી રહી છે. હિન્દુ સનાતન ધર્મ અને તેની માન્યતાઓ વિશે ઘણા સનાતનીઓ જાગી પણ રહ્યા છે અને અન્ય ધર્મના લોકો તેના વિશે ઘણું જાણવા પ્રયત્ન પણ કરી રહ્યા છે, કારણ કે 'સનાતન' શબ્દનો અર્થ જ થાય છે – શાશ્વત, ક્યારેય નાશ ન પામે તે, નિત્ય. 'ધર્મ' શબ્દનો અર્થ થાય છે, 'જે ધારણ કરે તે ધર્મ.' અર્થાત્ 'સનાતન ધર્મ' શબ્દને જો એકસાથે સમજવો હોય, તો એવું સમજી શકાય કે 'જે વસ્તુ/વિષય/તત્ત્વ સનાતન છે, શાશ્વત છે; તેને જે ધારણ કરે, તે સનાતન ધર્મ કહેવાય.'

આપણી ભારતીય સંસ્કૃતિનો અનુભવ ચકાસતાં આપણને પણ એ જ અનુભવ થાય છે. ભગવાન નિત્ય છે, શાશ્વત છે; ભગવાન જ્યાં રહે છે, એવું ભગવાનનું ધામ – 'અક્ષરબ્રહ્મ' શાશ્વત છે, નિત્ય છે. આપણું આ શરીર દેખાય છે, તે તો નાશવંત છે, પરંતુ દેહની અંદર રહેલા આપણે શાશ્વત છીએ, નિત્ય છીએ (આપણું મૂળ સ્વરૂપ તો આત્મા છે!) – આ બધું ગપગોળા નહીં, પણ વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, શ્રીમદ ભગવદગીતા આદિ તમામ શાસ્ત્રોમાં વર્ણવાયેલું રહસ્ય છે! એટલે જ તો કહેવાય છે કે 'શાશ્વતતાનાં આ રહસ્યને જે જાણે, તે જ સનાતન ધર્મનો અનુયાયી કહેવાય, એ જ 'સનાતની' કહેવાય!'

કોઈ પણ મુમુક્ષુને ભગવાન, ભગવાનનું ધામ, આપણો આત્મા વગેરેનું જ્ઞાન, તેનો નિશ્ચય થાય કેવી રીતે? તેનો જવાબ આપતાં મહંતસ્વામી મહારાજે આધુનિક યુગની આચાર-સંહિતા સમાન 'સત્સંગદીક્ષા'માં કહે છે :

नोत्तमो निर्विकल्पश्च निश्चयः परमात्मनः।
न स्वात्मब्रह्मभावोऽपि ब्रह्माऽक्षरं गुरुं विना॥२३॥

એનો અર્થ કે 'અક્ષરબ્રહ્મ ગુરુ વિના પરમાત્માનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ન થઈ શકે તથા પોતાના આત્માને વિશે બ્રહ્મભાવ પ્રાપ્ત ન થઈ શકે.' (સ.દી. 23)

અક્ષરબ્રહ્મ ગુરુ દ્વારા ભગવાનનું એવું જ્ઞાન થઈ શકે છે. તો પ્રશ્ન થાય કે અક્ષરબ્રહ્મ ગુરુ કેવા હોય? એના કેવા લક્ષણ હોય? આ પ્રશ્નનો જવાબ ભગવાન શ્રીકૃષ્ણએ આજથી 5129 વર્ષ પહેલાં જ આપી દીધો છે! ન મનાય, તો વાંચો તેમના જ શબ્દો –

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ ભગવદગીતાના બીજા અધ્યાયના 55મા શ્લોકથી માંડી 71મા શ્લોક સુધી 'બ્રાહ્મી સ્થિતિ'યુક્ત વ્યક્તિનાં લક્ષણ કહે છે, તેના સારાંશરૂપે – જેને કોઈ લૌકિક અપેક્ષાઓ ન હોય (प्रजहाति यदा कामान् सर्वान्), જે આત્મામાં રહેલા પરમાત્માથી સંતુષ્ટ રહેતા હોય (आत्मन्येवात्मना तुष्टः), જે દુઃખમાં ઉદ્વેગ ન પામે (दुःखेष्वनुद्विग्नमनाः), જેને સુખમાં સ્પૃહા ન હોય (सुखेषु विगतस्पृहः), જેમાંથી રાગ, ભય અને ક્રોધ જેવા દુર્ગુણો નિવૃત્તિ પામી ગયા હોય (वीतरागभयक्रोधः), જે સર્વત્ર આસક્તિથી રહિત હોય (यः सर्वत्रानभिस्नेहः), જે સારા-નરસાની પ્રાપ્તિથી હર્ષ કે ખેદ ન પામે (नाभिनन्दति न द्वेष्टि), જે ઇન્દ્રિયોને સંયમમાં રાખે (संहरते इन्द्रियाणीन्द्रियार्थेभ्यः), જે પરમાત્મા-પરાયણ રહે (युक्त आसीत मत्परः) તે બ્રાહ્મી સ્થિતિનાં લક્ષણ છે.

જે ભગવાનનાં ધામ એવા અક્ષરબ્રહ્મમાં સ્થિત હોય, તે વ્યક્તિને બ્રાહ્મી સ્થિતિમાં રહેલો કહેવાય, કારણ કે જે એવા ગુરુનો શિષ્ય બને, તેમાં તે બ્રહ્મ-ગુરુ જેવા ગુણો આવે છે! જેવા ગુરુમાં દૈવત હોય, ગુણો હોય, તેવા શિષ્યમાં પણ આવે, પણ ભગવાન તો એવા ગુરુ અને એવાં લક્ષણો વિશે વર્ષો પહેલાં કહી ગયા... તેનું આજે શું? આજે છે કોઈ એવું, જે ભગવાને વર્ણવેલાં લક્ષણો મુજબ જીવતું હોય? જવાબ છે 'હા...' શાસ્ત્રોમાં વર્ણવેલા એ ગુણો આજે પણ જીવંત છે!!!

મહંતસ્વામી મહારાજ 2016માં ચરોતરના બોચાસણ ગામે વિરાજમાન હતા. તેઓ પ્રમુખસ્વામી મહારાજના ધામગમન પછી ગુરુપદે આવ્યા, તેથી સૌ તેમનો જયજયકાર બોલાવે, તેમને સન્માન આપે, ઊંચા આસને બેસાડે... બધાનું ધ્યાન તેમની તરફ જ કેન્દ્રિત હોય! મારા-તમારા જેવા હોય, તો આપણને ખૂબ ગમે. બધા 'વાહ! વાહ!' કરે, સમ્માન આપે, તો આપણે તો ફૂલ્યા ન સમાઈએ, પરંતુ મહંતસ્વામી મહારાજ તો વ્યક્તિત્વ જ જૂદું! તેમણે આવું બધું કરવાની સ્પષ્ટ ના પાડી! બધું ભગવાન માટે લાવો, ભગવાનનું સન્માન કરો, ગુરુ પ્રમુખસ્વામી મહારાજનો જયજયકાર બોલાવો... એ જ આગ્રહ તેમણે રાખ્યો! તેમનાં આવાં દર્શન કરીસૌને ગીતાના શબ્દો મૂર્તિમાન થતા લાગ્યા – 'प्रजहाति यदा कामान् सर्वान्' – 'જેને કોઈ લૌકિક અપેક્ષાઓ નથી!'

તેમના દ્વારા સાચા અર્થમાં ભગવાનનો મહિમા સમજીએ.

ગજબનો સેવાભાવ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક યુવાન આખો દિવસ મુંબઈમાં મજૂરી કામ કરી સાંજે પોતાના ઘરે વસઈ તરફ જઈ રહ્યો હતો. એ યુવાન ખૂબ ગરીબ હતો. માંડ માંડ પરિવારને સંભાળતો હતો.

મુંબઈથી નીકળ્યા પછી દાદર સ્ટેશન પર ટ્રેન ઊભી રહી. તે જે સીટની બાજુમાં ઊભો હતો, તે સીટવાળો ગયો. એટલે ત્યાં બેસવાના બદલે તેણે પોતાની પાછળ ઊભેલા યુવાનને ખાલી સીટ પર બેસવા કહ્યું.

વસઈ સુધી પહોંચતા આવું ચારથી પાંચ વાર થયું. જ્યારે એ યુવાનની બાજુની સીટ ખાલી થાય, ત્યારે તે યુવાન આજુ-બાજુમાં ઊભેલી કોઈ ને કોઈ વ્યક્તિને એ સીટ પર બેસાડી દે, પણ પોતે તો ન જ બેસે.

વસઈના જ એક વેપારી આ જ ટ્રેનમાં એ મુંબઈથી યુવાનની સાથે જ હતા. તેઓ ક્યારના યુવાનની આ સેવાને જોતા હતા. વસઈ સ્ટેશન પર બંને સાથે ઊતર્યા. વેપારીએ અહોભાવ સાથે યુવાનને પૂછ્યું, 'ભાઈ, મેં જોયું કે તમારી બાજુની સીટ ખાલી થાય ત્યારે દર વખતે સીટ પર જાતે બેસવાના બદલે બીજાને જ તમે શા માટે બેસાડતા હતા?'

યુવાન બોલ્યો, 'હું એટલું ભણ્યો નથી કે, મારા જ્ઞાનથી હું દેશની સેવા કરી શકું... મારી પાસે એવા પૈસા પણ નથી કે ડોનેશન આપીને સમાજની સેવા કરી શકું... હું તો મજૂર - નાનો માણસ છું. દિવસના અંતે મારું અંતઃકરણ મને પ્રશ્ન પૂછે કે, આજે તેં બીજા માટે શું કર્યું, તો હું સંતોષપૂર્વક જવાબ આપી શકું ને... એટલે હું આવી સેવા કરું છું.'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 26 જૂન, 2025 | અષાઢ સુદ એકમ | વિક્રમ સંવત 2081 08

સદગુણો અને સંસ્કારોથી સમૃદ્ધ કરે એવી ચાર સંસ્કાર પીઠો

સંસ્કારથી જીવન શણગારવાનું છે. જીવનને સદગુણો અને સંસ્કારોથી સમૃદ્ધ કરે એવી ચાર સંસ્કાર પીઠો આપણા સમાજમાં છે. આ ચાર સંસ્કાર પીઠ આ પ્રમાણે ગણાવી શકાય. પહેલી સંસ્કાર પીઠ એટલે માતાની કૂખ. માના પેટમાંથી મળેલાં સંસ્કાર. આપણે ત્યાં પ્રહલાદથી માંડીને શિવાજી પર્યંત પુણ્યાત્માઓ માના પેટમાંથી સંસ્કાર લઈને આવે છે.



માતાની કૂખ એ પહેલી સંસ્કાર પીઠ છે. મેં ક્યાંક વાંચ્યું હતું કે બાળક એટલે માતાના વિચાર અને પિતાના ચરિત્રનું પ્રતિબિંબ. આનું નામ બાળક. બાળકથી માતાના વિચારો અને પિતાના ચરિત્રની ખબર પડી જાય. એટલા માટે શાસ્ત્રકારો કહે છે કે, જો સ્ત્રીબીજ શુદ્ધ નહીં હોય, જો માતૃપક્ષ શુદ્ધ નહીં હોય, તો બાળક મૂર્ખ થાય છે અને જો પિતૃપક્ષ શુદ્ધ નહીં હોય. જો પિતાનું બીજ શુદ્ધ નહીં હોય, તો બાળક ચરિત્રથી શિથિલ થશે. પહેલી સંસ્કાર પીઠ એ માતાની કૂખ છે, એટલા માટે આપણે ત્યાં સગર્ભાવસ્થામાં માતાઓ રામાયણ વાંચતી, ભાગવત વાંચતી , દેવદર્શને જતી હતી. માતાના વિચારોની ઉદરસ્થ શિશુ ઉપર બહુ અસર થાય છે.

બીજી સંસ્કાર પીઠ એટલે પિતાનું કુળ, પિતાનો પરિવાર, ત્યાંથી સંસ્કાર આવે. આપણા પરિવારનું વાતાવરણ કેવું છે? બાળક ત્યાંથી શીખે છે. બાળક માના ઉદરમાં હોય ત્યારથી શિક્ષણની શરૂઆત થઈ જાય છે. પશ્ચિમના એક વિદ્વાને વાત કરી છે કે બાળક માના ઉદરમાં હોય ત્યારથી તેને તાલીમ આપી શકાય છે, કેળવી શકાય છે. આ વાત સાચી છે, પણ એ નવી નથી. આપણે ત્યાં તો આ વાત પહેલાંથી જ કહેવામાં આવી છે. પ્રહલાદથી માંડીને શિવાજી સુધી આ વાત ચાલતી આવી છે.

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પિતાનું કુળ એ બીજી સંસ્કાર પીઠ. માણસના ઘરનું વાતાવરણ કેવું છે? પરિવારનું વાતાવરણ કેવું છે એમાંથી બાળક શીખે છે. આપણે જો દેશને એક સારો નાગરિક આપવો હશે, તો આ સંસ્કાર પીઠોને ફરીથી ગૌરવવંતી બનાવવી પડશે. પહેલાં માતૃદેવો ભવ, પછી પિતૃદેવો ભવ, પછી આચાર્યદેવો ભવ.

ત્રીજી વિદ્યાપીઠ - સંસ્કાર પીઠ એટલે ગુરુકુળ. બાળક નિશાળમાં જાય, સ્કૂલ, કોલેજમાં જાય, ગુરુકુળમાં જાય. ત્યાં જે શિક્ષકો છે, ત્યાંથી સંસ્કાર આવે છે. આ ત્રીજી સંસ્કાર પીઠ છે અને પછી જે કંઈ બાકી રહ્યું હોય, પછી પણ જે કંઈ ન્યૂનતા રહી હોય, તો ચોથી સંસ્કાર પીઠ છે, આ વ્યાસપીઠ. એટલે અમે શિક્ષકોમાં ચોથા ક્રમે આવીએ છીએ.

એટલા માટે મેં કહ્યું છે કે અધ્યાપકો અને અમે સહધર્મીઓ છીએ. લોકશિક્ષણનું કામ કરવાનું છે. આ ચોથી સંસ્કાર પીઠ છે. બીજા બધાં કદાચ બગડશે તો વાંધો નહીં, એમાં સુધારો કરી શકાશે, પણ આ જે સંસ્કાર પીઠો છે, માણસને સુસંસ્કૃત કરનારી આ ચાર સંસ્કાર પીઠો જો પોતાની ગરિમા ગુમાવી દેશે, આ ચાર સંસ્કાર પીઠોમાં કામ કરનારા આચાર્યો જો જેમતેમ જીવશે, તો પછી માણસ એ માણસ નહીં રહે. એ વેદના અત્યારની પરિસ્થિતિને જોઈને આપણે ધીમે ધીમે અનુભવી રહ્યા છીએ.

મારી સૌ માતાઓને ખાસ વિનંતી છે કે શરૂઆત તમારાથી થાય છે. બાળકનો પાયો તૈયાર તમે કરો છો, જો પાયો કાચો રહી જાય તો વાત ખતમ. કહેવામાં આવે છે કે એક માતા સો શિક્ષક બરાબર છે. પહેલો શિક્ષક એટલે મા. પહેલી સંસ્કાર પીઠ એ માતાની કૂખ છે. વિચાર તો કરો! માની કૂખથી માંડી, માનું પેટ અને ત્યાંથી વર્ગખંડ. એ પણ સરસ્વતી માતાનું ઉદર છે. એમાં બાળક તૈયાર થાય છે. મને તો એક વર્ગખંડ માના પેટ જેવો લાગે છે અથવા એથી ઊલટું કહું તો, માનું પેટ, માતાનું ઉદર પણ એક વર્ગખંડ છે. ગર્ભસ્થ શિશુ એક વિદ્યાર્થી છે અને ત્યાં માતા એ શિક્ષક છે. બાળક ઉપર માતાના વિચારોની અસર થાય છે. ગર્ભાવસ્થામાં માતાનું ચિંતન સુંદર હોય એ જરૂરી છે.

એક તો સ્ત્રી સંવેદનશીલ હોય છે, એ સમયે જો એ વિષાદમાં હોય, એ સમયે એને મારવામાં આવે, એને મેણાં સંભળાવવામાં આવે, દહેજને માટે સતાવવામાં આવે, એ વિષાદથી ભરેલી, રડતી, ચિંતાગ્રસ્ત માતા હોય, તો એનું બાળક કેવું થશે. એનો વિચાર કરો. ગર્ભાવસ્થામાં સ્ત્રીને સંભાળવામાં આવે.

એવી જ સ્થિતિ વર્ગખંડમાં શિક્ષકની છે. એ પણ વ્યથિત ન થાય એ જોવાનું છે. જો શિક્ષક ચિંતાગ્રસ્ત હોય, તો તેની અસર બાળકોના શિક્ષણ ઉપર થવાની જ. એ શિક્ષક છે, માટે એ બજારમાં જાય એટલે કોઈ પણ વસ્તુ ખરીદવા માટે બીજાને જે ચૂકવવા પડે છે, એટલા જ રૂપિયા શિક્ષકને પણ ચૂકવવા પડે છે. સમાજની એ જવાબદારી છે.

પરિવારની જવાબદારી છે કે ગર્ભાવસ્થામાં માતાનું ધ્યાન રાખવું. એ બાળકની શિક્ષિકા છે, ગુરુ છે. એના ઉદરમાં જે બાળક તૈયાર થાય છે, તે કેવું થશે? એ ચિંતામાં હોય, ડગલે ને પગલે એનું અપમાન થતું હોય, માતા ગર્ભાવસ્થામાં પ્રસન્ન હોવી જોઈએ.

તમે જુઓ તો માતા બાળકને નવ મહિના પેટમાં રાખે છે અને શિક્ષકો નવ મહિના આ છોકરાઓને વર્ગખંડમાં રાખે છે. રજાના દિવસો કે વેકેશનના દિવસોને બાદ કરીએ, તો બાર મહિનામાંથી લગભગ નવ મહિના જેવું ભણવાનું થાય છે. નવ મહિના જેટલું તો ભણવું અને ભણાવવું જ જોઈએ, નહીં તો અધૂરે માસે પ્રસૂતિ કહેવાય.

જેમ માના ઉદરમાં બાળક રહે છે, તેમ અહીં વર્ગખંડમાં નવ મહિના બાળક રહે છે. ત્યાં જેમ માને ચિંતા ન થાય, માનું અપમાન ન થાય, મા પ્રસન્ન રહે, માતા સદવિચાર કરે, સારું ચિંતન કરે, સારું વાચન કરે, દેવદર્શને જાય, એ એના સ્વાસ્થ્ય માટે જરૂરી છે, એ પ્રમાણે જો આપણે સારો નાગરિક તૈયાર કરવો હશે, તો ભણાવનારા શિક્ષકો પણ મા છે અને એક સારા નાગરિકને જન્મ આપવા માટેથી પ્રયત્ન કરી રહ્યા છે.


જો બધું સરખું હોય, તો વિશેષણ શા માટે ?

આ સારો ખેલાડી છે', 'આ ક્રિકેટનો ખેલાડી છે'; 'આ ચોકલેટની બરફી છે', 'આ માવાની બરફી છે'; 'આ તીખાં મરચાં છે', 'આ સાદું લેપટોપ છે', 'આ 40 વૉટનો બલ્બ છે' અને 'આ 500 વૉટનો હેલોજન બલ્બ છે...' તમને વિચાર આવતો હશે કે આ બધું શું લખ્યું છે? કોઈ ખેલાડીની વાત છે કે કોઈ ખાદ્યસામગ્રીની વાત છે કે લેપટોપની કે બલ્બની વાત છે? – શું છે ભાઈ? ચિંતા ન કરો... ઉપરના શબ્દોમાં મહત્ત્વ છે – વિશેષણોનું.

જો બધા જ ખેલાડી સરખા હોય, તો 'સારો' કે 'ક્રિકેટનો' એમ વિશેષણ લગાડવાની જરૂર પડે? જો બધી જ બરફી સરખી હોય તો, 'ચોકલેટની' કે 'માવાની' એ વિશેષણ લખવાની જરૂર પડે? જો બધા જ બલ્બ સરખા હોય તો, '40 વૉટ' કે '500 વૉટ' એવું વિશેષણ ઉમેરવાની જરૂર પડે?

એ જ રીતે આપણા ભારતમાં સહસ્રાબ્દીઓથી ગુરુ અને સંતની પરંપરા તો ચાલી આવી છે, પરંતુ ઘણી વાર સંતની આગળ 'સારા' સંત કે ગુરુની આગળ 'સાચા' ગુરુ એવું વિશેષણ લગાડવામાં આવે છે. ક્યારેય 'સાચા' ભગવાન કે 'સારા' ભગવાન એવું લખવામાં નથી આવતું, કારણ કે ભગવાન તો સારા-સાચા જ હોય; પરંતુ સંત કે ગુરુમાં આવા ભેદ હોવાની શક્યતા છે. આ વાત કોઈ 'ખિસ્સા ઉપનિષદ' કે 'ગાલ પુરાણ'માંથી નથી નીકળી, આપણા ઉપનિષદોમાં લખવામાં આવી છે.

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સનાતન ધર્મના વિખ્યાત 10 ઉપનિષદોમાંથી અત્યંત પ્રસિદ્ધ 'મુંડક' ઉપનિષદમાં લખાયું છે : 'तद्विज्ञानार्थं स गुरुमेवाऽभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्॥ (१/२/१२)' અર્થાત્ 'તેને (ભગવાન અને તેમના અક્ષરબ્રહ્મ-ધામના મહિમા-જ્ઞાન-રૂપી બ્રહ્મવિદ્યાને) જાણવા માટે શ્રોત્રિય, બ્રહ્મ અને ભગવન્નિષ્ઠ ગુરુ પાસે જ જવું જોઈએ...' અહીં ઉપનિષદમાં તો ગુરુની આગળ ત્રણ-ત્રણ વિશેષણ મૂકવામાં આવ્યા છે! 'શ્રોત્રિય' - શાસ્ત્રોના જ્ઞાતા; 'નિષ્ઠ' - ભગવાનમાં નિષ્ઠા ધરાવનારા; ત્રીજું અને મહત્ત્વનું વિશેષણ: 'બ્રહ્મ' - ભગવાન જેમાં અખંડ વાસ કરીને રહે છે, તેવું ભગવાનનું ધામ, અક્ષરબ્રહ્મ.

ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ ભગવદગીતામાં અક્ષરબ્રહ્મ માટે 'ગુણાતીત', 'પરમ ભાગવત', 'સ્થિતપ્રજ્ઞ', 'અક્ષર', 'બ્રહ્મ', 'બ્રાહ્મીસ્થિતિવાળા પુરુષ' વગેરે શબ્દો વાપર્યા છે. તેમાં પણ ગીતાના બીજા અધ્યાયના 55મા શ્લોકથી માંડી 71મા શ્લોક સુધી એવા સંતના લક્ષણ કહ્યા છે. તેમાંથી કેટલાંક – જેને કોઈ લૌકિક અપેક્ષાઓ ન હોય, જે આત્મામાં રહેલા પરમાત્માથી સંતુષ્ટ રહેતા હોય, જે દુઃખમાં ઉદ્વેગ ન પામે, જેને સુખમાં સ્પૃહા ન હોય તે બ્રાહ્મીસ્થિતિ (ધરાવનાર સંત)નાં લક્ષણ છે.

આજથી છ દાયકા પહેલાં સવારનો સમય હતો. અટલાદરા ગામમાં, મંદિરના સભામંડપમાં બાળકો-યુવકોની ચા-નાસ્તાની પંગત પડી હતી. અમુક યુવકો પીરસવાની સેવામાં હતા. તેમાં એક યુવક કમંડળ લઈને ચા પીરસી રહ્યો હતો. પંગતની અડધી હરોળને પીરસાયું હશે, ત્યાં કમંડળમાંની ચા ખૂટી ગઈ. તેથી તે યુવક ચા ભરવા રસોડામાં ગયો, પરંતુ જ્યાંથી લાઈન અધૂરી છૂટી હતી, ત્યાં બેઠેલો એક કિશોર ગુસ્સે થયો, 'મને કેમ ચા પીરસી નહીં?' તે ઊભો થઈ ગયો. પેલો યુવક કમંડળમાં ચા ભરીને ફરી પીરસવા આવ્યો, ત્યાં તો એ કિશોરે ચાનું કમંડળ તેના હાથમાંથી ઝૂંટવીને ગરમાગરમ ચા, તે યુવકના પગ પર ઢોળી દીધી!

તે યુવક કશું જ બોલ્યો નહીં. શાંત મનથી બાથરૂમમાં ગયો, પગ ધોયા. દાઝી જવાને કારણે પગ પર ફોડલા ઊપસી આવ્યા હતા! આવી પરિસ્થિતિમાં પણ તે યુવક પાછો આવ્યો, ચા ભરી અને સૌને પૂર્વવત્ પ્રેમથી જ પીરસવા માંડ્યો! વગર વાંકે પેલા કિશોરે કરેલી ગેરવર્તણુક, જાહેરમાં અપમાન અને દાઝી ગયાનું દુઃખ જાણે તેના વાણી-વિચાર-વર્તનમાં દેખાયું જ નહીં! તેને જોઈને સાથેના યુવકો પણ દંગ રહી ગયા.

ગીતા કથિત 'દુઃખમાં ઉદ્વેગ ન પામે, એ બ્રહ્મની સ્થિતિ'નું સંત-લક્ષણ આમ મૂર્તિમાન થયું - વિનુભાઈના જીવનમાં... આ વિનુભાઈ એટલે બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ! આવા બ્રહ્મસ્વરૂપ ગુરુને માત્ર જાણવા-ઓળખવા એટલું જ પૂરતું નથી. ગુરુહરિ મહંતસ્વામી મહારાજ રચિત આધુનિક યુગના આચાર-સંહિતા સમાન 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં કહેવાયું છે :

अतः समाश्रयेन्नित्यं प्रत्यक्षमक्षरं गुरुम्।
सर्वसिद्धिकरं दिव्यं परमात्माऽनुभावकम्॥२५॥

અર્થાત 'આથી સર્વ અર્થની સિદ્ધિ કરે તથા પરમાત્માનો અનુભવ કરાવે તેવા પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ ગુરુનો આશરો સદાય કરવો.' (સ.દી. 25) કહેતાં એવા અક્ષરબ્રહ્મ ગુરુનો આશરો કરવામાં ઘણો લાભ છે.

દેશનું સ્વાભિમાન

આચાર્ય કૃપલાણી સિંધની ડી.જે. કોલેજમાં પ્રાધ્યાપક હતા, ત્યારે આ કોલેજના પ્રિન્સિપાલ એક અંગ્રેજ હતા.

એ અંગ્રેજ પ્રિન્સિપાલને ભારતીયો પ્રત્યે ખૂબ નફરત. એક દિવસ વિના કોઈ ભૂલે પ્રિન્સિપાલ કૃપલાણી ઉપર ક્રોધિત થયા.

ક્રોધમાં શું બોલાય, એ ક્યાં કોઈને ખબર પડતી હોય છે. તેઓ કૃપલાણીને અપશબ્દો બોલતા રહ્યા, ત્યાં સુધી તો તેમને પોતાને પણ બહુ વાંધો ન હતો, પણ આગળ જતાં પ્રિન્સિપાલ ભારતીયોને અપશબ્દો બોલવા લાગ્યા, 'તમે લોકો ભારતીયો માત્ર તનથી જ નહીં, પણ મનથીયે કાળા છો... લબાડ છો... કામમાં આળસુ છો... ઠગ છો...'

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

કૃપલાણીએ ત્યાં જ પ્રિન્સિપાલને ટોક્યા કે, 'મને કહો તો વાંધો નથી, પણ મારા દેશ ભારત માટે કે મારા ભારતીય ભાઈ-બહેનો માટે એક પણ અપશબ્દ નહીં બોલવાનો.' પણ પ્રિન્સિપાલ મર્યાદામાં ન રહ્યા.

આખરે એ દિવસે સાંજે અત્યંત અકળાયેલા આચાર્ય કૃપલાણીએ કોલેજના તમામેતમામ વિદ્યાર્થીઓને ભેગા કરી, તેમને બધી વાત જણાવી. તેમનામાં દેશપ્રેમનો મજબૂત સંચાર કર્યો. વિદ્યાર્થીઓની હડતાળ પડાવી.

હડતાળ લાંબી ચાલી. અંગ્રેજોએ સમજાવવા બહુ પ્રયાસ કર્યા, પણ આખરે પ્રિન્સિપાલે માફી માગી, ત્યારે સૌ વિદ્યાર્થીઓ માન્યા.

સ્વાભિમાન તો પ્રત્યેક ભારતીયમાં હોવું જોઈએ.

અજ્ઞાન, નિરક્ષરતા, અંધશ્રદ્ધાને દૂર કરવાનાં છે



કિસાન કણ વાવે છે, શિક્ષક ક્ષણ વાવે છે. ઋષિકર્મ અને કૃષિકર્મ બંનેનું આપણે ત્યાં બહુ મહત્ત્વ છે

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શિક્ષક એક સૈનિકને પણ પોતાની અંદર સમાવીને બેઠો છે. સૈનિક સીમા પર રહીને લડે છે, શિક્ષક શાળામાં રહીને, સમાજમાં રહીને લડે છે અને શિક્ષકે જેની સામે લડવાનું છે, તે છે અજ્ઞાન, નિરક્ષરતા, અંધશ્રદ્ધા અને તેથી તે બહુ મોટો યોદ્ધો છે.

શિક્ષક થવું અને સમાજના ઘડતરમાં અને રાષ્ટ્રના નિર્માણમાં જાત સમર્પિત કરી દેવી તે એક મૂંગુ સમર્પણ છે. માણસ સૈનિક થાય, તેમાં તો જાતને સોંપી દેવી પડે. સરફરોશી કી તમન્ના હોની ચાહિયે. તબ જાકર કોઈ સૈનિક બનતા હૈ. રાષ્ટ્રને માટે પ્રાણ ન્યોછાવર કરી દેવાની તૈયારી હોય, તે સૈનિક થાય. તો શિક્ષક થવું એ પણ બહુ મોટી વાત છે.

'કણ કણ વાવે તે કિસાન, ક્ષણ ક્ષણ વાવે તે શિક્ષક' મને આ શીર્ષક બહુ ગમ્યું. અહીં ક્ષણને વાવવાની છે સાહેબ! તમે જ્યારે કોઈને સમયનું દાન કરો છો, ત્યારે તમે તમારા જીવનનો એવો હિસ્સો આપી દો છો જે તમને ક્યારેય પાછો મળવાનો નથી. તેથી સમયનું દાન બહુ મોટું દાન છે. શિક્ષકના સમયની એક-એક ક્ષણ કિંમતી છે. શિક્ષકની ક્ષણ-ક્ષણ અનાજના દાણા જેવી છે. એ કણ અને ક્ષણ આ બંને વાત સરખી છે. કિસાન કણ વાવે છે, શિક્ષક ક્ષણ વાવે છે. ઋષિકર્મ અને કૃષિકર્મ બંનેનું આપણે ત્યાં બહુ મહત્ત્વ છે.

કિસાન જે કણ વાવે છે તેના અનેક કણ થાય છે. તે અન્ન છે. તેને આપણાં ઋષિઓએ ઉપનિષદમાં 'અન્ન બ્રહ્મા, રસો વિષ્ણુઃ ભોક્તા દેવો મહેશ્વરઃ।' તે વાતને મહત્ત્વ આપ્યું છે. કિસાન અન્ન પેદા કરી સૌના શરીર ટકાવે છે. જીવન આપે છે અને શિક્ષક છે, તે ક્ષણ-ક્ષણ વાવી વિદ્યાર્થીના જીવનને ઘડે છે.

કિસાન કણ વાવે છે, તેનાથી એક પિંડ તૈયાર થાય છે. તે પિંડ પોષણ આપે છે અને તે પિંડને આકાર આપવાનું કામ ક્ષણ-ક્ષણ વાવીને શિક્ષક કરે છે.

શિક્ષકો રાષ્ટ્રના ભવિષ્યના નિર્માતા છે. ક્ષણો વાવવાની છે. આ સમય ફેંકી દેવાનો નથી, આ ક્ષણોને વેરી નાખવાની નથી, વાવવાની છે અને વાવ્યું ત્યારે કહેવાય જો ઊગે તો? જો ઊગે તો વાવ્યું, નહીં તો ડાટયું. શિક્ષકે ક્ષણ વાવવાની છે અને ઊગી નીકળવી જોઈએ. તેથી શિક્ષક થવું એ જીવનની સૌથી મોટી ધન્યતા છે. હું એટલા માટે તમારી સાથે આ વાત કરું છું કે હું મારી જાતને શિક્ષક માનું છું. કથા એ લોકશિક્ષણનું કાર્ય છે, સમૂહ-શિક્ષણનું માધ્યમ છે. તમારા વર્ગમાં સાંઠ કે સિત્તેર વિદ્યાર્થી બેઠા હોય અને તમારે પછી પીરિયડ બદલવાનો અને બીજા વર્ગમાં જવાનું. અમારા વર્ગમાં પાંચ-દસ હજાર બેઠાં હોય. તમારા વર્ગ પિસ્તાલીસ મિનિટ ચાલે અને અમારે ચાર-પાંચ કલાક ચાલે. પણ આ વિચારોનું વાવેતર છે, યજ્ઞ છે.

શિક્ષક સ્કૂલમાં જે કાર્ય કરે છે, તે જ્ઞાનયજ્ઞ છે. અમારે સાંદીપનિમાં ઘણી વાર નવકુંડી યજ્ઞ અને એકસો આઠ કુંડી યજ્ઞ થાય. અમારે ત્યાં દર મહિને બે મોટા યજ્ઞ થાય, કારણ કે મહિને બે કથા કરું. પછી લોકો મને પૂછે કે, 'કેટલા કુંડી યજ્ઞ કર્યો?' હું તેમને વિનોદમાં કહું, 'જેટલી મૂંડી એટલી કુંડી.' જેટલા લોકો કથા શ્રવણ માટે બેઠા છે તે બધાં હવનકુંડ છે. શિક્ષકે એ સમજવાનું છે કે જેટલા વિદ્યાર્થીઓ છે, તે યજ્ઞ વેદિકા સમાન છે અને જે બોલે છે, તે આહુતિ આપે છે, પણ યજ્ઞ થાય ત્યારે, જ્યારે વેદિકાની અંદર અગ્નિ પ્રજ્વલિત હોય! યજ્ઞ કરનારાનું એ કામ છે કે પહેલા અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે. અગ્નિ જ્યારે પ્રજ્વલિત થાય એ પછી એ પ્રજ્વલિત અગ્નિની પૂજા થાય, પછી તેમાં આહુતિ અપાય. વિદ્યાર્થીમાં શિક્ષણની ભૂખ જગાડવી તે અગ્નિ છે. જેથી એને ભણવાનું મન થાય.

એક જિજ્ઞાસા, લગન કંઈક જાણવાની, ભણવાની, શીખવાની ધગશ જાગવી જોઈએ. જે યજ્ઞ કરાવે તે આ ઋષિનું કામ છે. અગ્નિ પ્રજ્વલિત કરે અને પ્રજ્વલિત અગ્નિમાં પછી આહુતિ અપાય. તો યજ્ઞ થાય. ઠરી ગયેલા યજ્ઞની ભસ્મમાં ઘી ન હોમાય, એમ જિજ્ઞાસારહિત વિદ્યાર્થીને ભણાવાયેલી વાત બંને વ્યર્થ જાય છે ત્યારે તે ક્ષણ ઊગતી નથી. તે વાવી નહીં, વેડફી ગણાય. શિક્ષકે લગાતાર એ ધ્યાન રાખવાનું છે કે મારી ક્ષણ વેડફાય નહીં, હું ક્ષણને વાવું છું, તે ઊગવી જ જોઈએ. એ ત્યારે જ શક્ય બને, જ્યારે તે પ્રજ્વલિત અગ્નિમાં આહુતિ આપતો હોય.

આજે મને સૌથી વધારે જરૂરિયાત એ લાગે છે કે બધાં આહુતિ તો આપે છે, પણ અગ્નિ નથી. માત્ર સામે બેઠા છે, તેમાંથી કેટલામાં તે આગ પ્રજ્વલિત છે એ શિક્ષકને સમજાઈ જવું જોઈએ અને જ્યાં એ આગ ન દેખાય ત્યાં અરણી મંથન કરીને પ્રગટ કરવાની અને એ મંથન ક્યા પ્રકારનું હોય તે શિક્ષકે સમજવાનું છે.

અમારા એક સાહેબ કેટલાક પ્રશ્નો છેડે અને પછી જવાબ ન આપે. ત્યાંનો ત્યાં મૂકી દે. અમે બીજા દિવસે જઈને પૂછતા કે, 'સર! પેલો પ્રશ્ન તમે છેડ્યો, પછી તેનો કોઈ જવાબ ન આપ્યો.' તેઓ કહેતા કે, 'એટલા માટે જવાબ ન આપ્યો કે તમે આવીને પૂછો.' શિક્ષકનું આ કામ છે. આ અરણીમંથન છે સાહેબ! એવી રીતે કરવું જેથી વિદ્યાર્થીમાં અગ્નિ પ્રજ્વલિત થાય. પછી તમે તેને પૂછો ત્યારે તે કહે, 'બેસ, ચાલ તને સમજાવું.'

મનનની પ્રક્રિયા શરૂ થઈ જાય. તેને વિચાર આપવાનો નથી. એને વિચાર કરતો કરવાનો છે. માત્ર વિચાર આપવો એ જ શિક્ષકનું, ધર્મગુરુનું લક્ષ્ય ન હોય, પણ તેને વિચાર કરતો કરવો બહુ જરૂરી છે. એટલા માટે જ શિક્ષણ એટલે લાદવાની વાત નહીં, લાદવાની વાત રહેશે ત્યાં સુધી ભણતર બોજો બનશે.

તે ભણતર ભાર વગરનું હોવું જોઈએ અને ભાર એટલે દફતરનો ભાર એવું માની લેવાની જરૂર નથી. જે વસ્તુ લાદીએ તે એના માટે ભાર જ છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં જે શ્રેષ્ઠત્વ પડેલું છે તે બહાર લાવવાનું છે. આ રીતે માત્ર નિરક્ષરતા કે અજ્ઞાન જ નહીં, અંધશ્રદ્ધાને સમાજમાંથી દૂર કરવાનું મોટું કાર્ય કરવાની જરૂર છે.

જોજો, ભારતના આ દુશ્મનને તમે પોષતા નથી ને?

આપણે સૌએ એક થઈને આપણા દુશ્મનને સમજવાનો અને તેને નાબૂદ કરવા અવિરત પ્રયત્ન કરવાનો છે

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આ જે આપણે વાત કરવાનાં છીએ દુશ્મનની, ભારતના દુશ્મનની! આજ સુધી જેણે અગણિત ભારતવાસીઓના પ્રાણ લીધા છે, જેના કારણે ભારતીય અર્થતંત્રને કરોડો રૂપિયાની ખોટ ગઈ છે, જેણે ટુકડે-ટુકડે આપણી સંસ્કૃતિ, આપણા લોકો અને દેશને ભયંકર નુકસાન પહોંચાડ્યું છે!

ના, જો તમે વિચારતાં હો કે ભારતના દુશ્મન તરીકે પાકિસ્તાન, ચીન કે અન્ય કોઈ દેશની કે કદાચ કોઈ આતંકવાદી સંગઠનની વાત થશે, તો તમે ખોટા છો! આપણે એવા દુશ્મનની વાત કરવાનાં છીએ, જે આપણી વચ્ચે રહે છે. અરે! આપણામાંથી ઘણાનાં ખિસ્સાંમાં રહે છે અને ઘણા લોકો તો પૈસા આપીને એનું પોષણ કરે છે! (આ વાંચન દ્વારા ચકાસવાનું એ છે કે આ દુશ્મનને આપણે સ્વયં પોષતા નથી ને?)

આશ્ચર્ય પામવાની વાત નથી. આ તથ્ય-સત્યને આજે આપણે સ્વીકારવું જ પડશે. National Consortium for the Study of Terrorism and Responses to Terrorism તેમ જ Global Terrorism Databaseના અહેવાલ પ્રમાણે :

'1970થી 2023 દરમિયાન ભારતમાં આતંકવાદી, નક્સલવાદી કે માઓવાદી, ત્રાસવાદી પ્રવૃત્તિઓને કારણે થયેલાં ભારતીય નાગરિકોનાં મોતની સંખ્યા 20,015 છે!' શ્ચર્ય થયું? આંકડો મોટો લાગ્યો? તો હવે વાંચો 'આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંગઠન' (World Health Organization-WHO) દ્વારા પ્રકાશિત થયેલા આંકડા : 'દારૂના સેવનથી થતાં કેન્સર, લીવરની બીમારીઓ અને વાહન અકસ્માતોને કારણે સમગ્ર ભારતમાં દર વર્ષે 2.60,000 લોકોનું મૃત્યુ થાય છે...' એટલું જ નહીં, 'તમાકુ ખાવાથી, ધૂમ્રપાનથી કે અન્ય કોઈ પણ પ્રકારે તમાકુના સેવનથી, ભારતમાં વાર્ષિક 13,50,000 લોકો મૃત્યુ પામે છે. તમાકુ માટે ખર્ચાતા અથવા તે દ્વારા થયેલી બીમારી પાછળ ખર્ચાતા રૂપિયાનો આંકડો 1.77,341,00,00,000 (એક લાખ સત્યોતર હજાર ત્રણસો એકતાલીસ કરોડ)ને પાર કરે છે.'

ભારતના 'સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય' દ્વારા 2018માં પ્રકાશિત થયેલા આંકડા મુજબ : 'ભારતમાં અંદાજિત 6,25,00,0000 (સવા છ કરોડ) લોકો ડ્રગ્ઝ જેવા નશીલા પદાર્થોના બંધાણી છે.' અધધ... થઈ જવાય એટલા મોટા આંકડા છે ને? હવે તમે જ કહો, ભારતનો ખરો દુશ્મન કોણ છે? કોઈ પણ પ્રકારનો ત્રાસવાદ જેટલું નુકસાન આપણને, ભારતને નથી પહોંચાડતો. એનાથી અગણિતગણું નુકસાન કેવળ વ્યસનો પહોંચાડે છે! આટલા બધા ભારતવાસી ભાઈ-બહેનો દુઃખી થાય છે. વ્યસન કરનાર પોતે જ નહીં, પરંતુ તેની પાછળ આખો પરિવાર હેરાન થાય છે, બરબાદ થાય છે, દુઃખી થાય છે.


કોઈ વ્યક્તિ જ્યારે બીડી, સિગારેટ કે હુક્કો સળગાવે છે, ત્યારે તે તમાકુ નહીં, પરંતુ પોતાના પરિવારને સળગાવે છે. કોઈ વ્યક્તિ જ્યારે દારૂ ગટગટાવે છે ત્યારે તે મદિરા નહીં, પોતાના કુટુંબને દુઃખ-દર્દની ગટરમાં સરકાવે છે. કોઈ ડ્રગ્ઝ લે છે, ત્યારે પૈસા આપીને પોતાની, પોતાના ચરિત્રની, અસ્તિત્વની બરબાદી ખરીદે છે.

આપણે સૌએ એક થઈને આ વિચારને પામવાનો છે, આપણા દુશ્મનને સમજવાનો છે અને તેને નેસ્તનાબૂદ કરવા અવિરત પ્રયત્ન કરવાનો છે.

ભગવાન સ્વામિનારાયણે તો આજથી 225 વર્ષ પહેલાં જ વ્યસનમુક્તિ-નશામુક્તિનું અજોડ અભિયાન ચલાવેલું! તે સમયથી જ સ્વામિનારાયણ સંપ્રદાય એટલા માટે 'ચોખ્ખો' કહેવાતો કે 'જે સ્વામિનારાયણીયો થાય, તે પછી કોઈ વ્યસન ન કરી શકે, સ્વચ્છંદપણે નશો ન કરી શકે!'

ભગવાન સ્વામિનારાયણ બાદ તેમની સમગ્ર ગુરુપરંપરાએ પણ આચારશુદ્ધિની આ વાતને પુષ્ટિ આપી હતી. એમાં પણ પ્રમુખસ્વામી મહારાજે તો આડો આંક વાળ્યો'તો. જાણે તેમના જીવનનો આ અતિ મહત્ત્વનો 'પ્રોજેક્ટ' હતો. તેમના સંપર્કમાં આવનારા દરેક મુમુક્ષુઓનું વ્યસન અવશ્ય છોડાવતા.

તેમણે જીવન દરમિયાન 40,00,000થી વધુ લોકોને વ્યસનમુક્ત કરીને સમાજની, દેશની અદ્વિતીય સેવા કરી હતી; 40 લાખ પરિવારોને દુઃખમાંથી ઉગાર્યા હતા. જ્યારે પૃથ્વી ઉપરના જીવમાત્રનું પરમ હિત ઈચ્છનારા આવા સાચા સંત, આપણને વ્યસન છોડવાનો આગ્રહ કરતાં હોય, ત્યારે 'વ્યસનને આપણા જીવનમાં સ્થાન આપવું કે નહીં?' તેનો વિચાર આપણે અવશ્ય કરવો જોઈએ...



પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા કે, 'વ્યસનો આપણને વળગ્યા નથી, આપણે સામે ચાલીને વ્યસનોને વળગ્યા છીએ. માટે જો ધારીએ તો આજે અને હમણાં જ એનો ત્યાગ કરી શકીએ...' થોડા જ શબ્દો પરંતુ કેટલી અદ્વિતીય શક્તિ! જો આચરણમાં લાવીએ, તો જીવન પવિત્ર થઈ જાય. વળી, તેમના આધ્યાત્મિક અનુગામી ગુરુહરિ મહંતસ્વામી મહારાજ, આધુનિક જમાનાની 'આચાર સંહિતા' કહી શકાય એવા 'સત્સંગદીક્ષા' ગ્રંથમાં જણાવે છે :

सर्वं दुर्व्यसनं त्याज्यं सर्वैः सत्सङ्गिभिः सदा।
अनेकरोगदुःखानां कारणं व्यसनं यतः॥२६॥

તાત્પર્યાર્થ એવો સમજવો કે 'સર્વ સત્સંગીઓએ સર્વે દુર્વ્યસનોનો સદાય ત્યાગ કરવો. કારણ કે વ્યસન અનેક રોગોનું તથા દુઃખોનું કારણ બને છે.' (સ.દી.26)

શબ્દોની રીતે અહીં માત્ર 'સત્સંગીઓએ દુર્વ્યસનોનો ત્યાગ કરવો' એમ લખાયું છે, પરંતુ સત્સંગી એટલે ભગવાનનો સંગી! જેના હૃદયમાં ભગવાન રહ્યા હોય એ સત્સંગી! માટે આપણે બધા સત્સંગી છીએ... આપણે બધાએ પોતે તો વ્યસનમુક્ત રહેવાનું જ છે, બીજાને પણ વ્યસન છોડાવવાની પ્રેરણા આપવાની છે.

વિવેકના ઉદય વિના મનના કાર્યનું બુદ્ધિ સમર્થન કરશે

તમે જે કંઇ કરો તે મનથી કરો. મનને પ્રેમ કરો, મનને રમવા દો. મનથી દુશ્મની કેવી? પિતામહ ભીષ્મ કહે છે કે :

ઈતિ મતિરૂપકલ્પિતા વિતૃષ્ણા ભગવતિ સાત્ત્વત પુંગવે વિભૂમ્નિ

સ્વસુખમુપગતે ક્વચિદ્વિહર્તું પ્રકૃતિમુપેયુષિ યદ્ભવપ્રવાહઃ॥ (શ્રીમદ્ ભા. 01-09-32)

મૃત્યુના સમયથી મારી આ બુદ્ધિ જે અનેક પ્રકારનાં સાધનોનું અનુષ્ઠાન કરીને અત્યંત શુદ્ધ અને કામનાઓથી રહિત થઇ ગઇ છે તે યદુવંશ શિરોમણિ અનંત ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં સમર્પિત કરું છું. જે સદાસર્વદા તેમના આનંદમય સ્વરૂપમાં સ્થિર રહેતા ક્યારેક વિહાર કરવાની કે લીલા કરવાની ઇચ્છાથી પ્રકૃતિનો સ્વીકાર કરે છે. જેનાથી આ સૃષ્ટિ પરંપરા ચાલે છે. 'પ્રકૃતિમુપેયુષિ યદ્ભવપ્રવાહઃ' જેનાથી આ સમગ્ર સૃષ્ટિનો પ્રવાહ ચાલતો રહે છે. એવા ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે મારી એ સાધનાના શ્રેષ્ઠ નિવેશ છે. તેમાં જ ધન્યતા છે. ભાગવતમાં પૂછવામાં આવ્યું કે જન્મલાભ શું છે? - તો કહેવાયું :

'જન્મલાભઃ પરં પુંસામ્ અન્ત્યે નારાયણ સ્મૃતિઃ'

કુરુક્ષેત્રની પાવન ભૂમિ છે, શરશૈયા પર પિતામહ ભીષ્મ સૂતેલા છે. આસપાસ પર્વતો, નારદ, ધૌમ્ય, ભગવાન વેદવ્યાસ જેવા ઋષિ-મુનિઓ ઊભા છે. પાંડવો સાથે દ્રૌપદી અને અખિલ બ્રહ્માંડનાયક ભગવાન શ્રીકૃષ્ણ પિતામહ ભીષ્મની સન્મુખ આવીને ઊભા છે. એક તો ધર્મ માટે, માતૃભૂમિની રક્ષા માટે લડતા-લડતા તે સમરાંગણમાં મૃત્યુ પામે અને ભવસાગર તરે.

આયુષ્યના ચોથા તબક્કામાં વનમાં જાય અને



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



શ્રીહરિનું સ્મરણ કરતાં-કરતાં શરીર છોડે અને ભવસાગર પાર કરે.

આપણા ક્ષત્રિયો કાં તો લડતા-લડતા વિરોચિત ગતિને પ્રાપ્ત થતા હતા અથવા જીવનના છેલ્લા તબક્કામાં વનમાં જઇ તપસ્યા કરીને શરીર છોડતા. પિતામહ ભીષ્મ પણ યુદ્ધભૂમિમાં બાણશૈયા પર સૂતા છે. એમની વીરતા જુઓ કે કુરુક્ષેત્રના મેદાનમાં, યુદ્ધની ભૂમિમાં, સમરાંગણમાં છે. કોઇ નાનકડી છતની નીચે નથી પોઢ્યા.

અહીં તો આખા આકાશની છત છે ત્યાં તેઓ સૂતેલા છે અને તે પણ વીરને શોભા આપનારી બાણશૈયા પર સૂતા છે. અસંખ્ય બાણોથી વીંધાયેલી કાયા. મનમાં ભગવાનનું સ્મરણ ચાલી રહ્યું છે. એક તરફ જેમની પર પ્રભુની કૃપા છે તે બધા ઋષિકુમારો ઊભા છે, તો બીજી બાજુ તેમના આશીર્વાદ પ્રાપ્ત પાંડવો ઊભા છે. આ જોઇને ભીષ્મ પિતામહ બહુ પ્રસન્ન છે. તેમને યુદ્ધના સમયની એક-એક વાત યાદ આવી રહી છે.

'ભીષ્મ સ્તુતિ'ના અગિયાર શ્લોકોમાંથી છ શ્લોક તો યુદ્ધની ઘટના સાથે સંબંધિત છે. એવું જણાય કે, આ તાજો ઇતિહાસ છે, આ વીર પુરુષના મનથી એવું લાગી રહ્યું છે કે અત્યારે પણ તેઓ આ ઘટનાનું સ્મરણ કરી રહ્યા છે. જાણે કોઇ સંગીતનો કાર્યક્રમ ચાલી રહ્યો હોય અને કોઈ બે-ત્રણ કલાક સિતાર અને સરોદ વગાડે, તો એટલું અદભુત વાતાવરણ નિર્માણ થાય છે. સંગીતનો એટલો ઊંડો પ્રભાવ આપણા મન પર પડે છે કે કાર્યક્રમ પૂરો થઈ ગયા બાદ પણ અમુક સમય સુધી આપણા મનમાં એ સંગીતનો પ્રભાવ રહે છે. મેં તો ત્યાં સુધી જોયું કે જે રાગને વગાડવામાં આવે તે રાગની છાય હોય તેનો પ્રભાવ રહે છે.

તમે ગાઢ નિદ્રામાંથી જાગો છો. તો ભલે તમારે ઊઠવું પડ્યું, આંખો ખોલવી પડી, બાથરૂમ સુધી જવું પડ્યું, ચહેરો ધોયો, પરંતુ હજુ તમારા મન અને મગજ પર નિદ્રાદેવીનો પ્રભાવ રહે છે. તમે પૂરેપૂરા તે પ્રભાવમાંથી મુક્ત થતા નથી. એ જ રીતે મનુષ્ય જ્યારે શરીર છોડે છે, તો એની ચેતના ઉપર શરીરનો પ્રભાવ રહે છે. એટલા માટે વ્યક્તિના મૃત્યુ પછી પ્રેતક્રિયા અને શ્રાદ્ધકર્મ કરીએ છીએ કે જીવ સંપૂર્ણ રીતે પોતાના જન્મના પ્રભાવમાંથી મુક્ત બની જાય.

જ્યારે ઊંઘ આવવા માંડે ત્યારે અડધી કલાક પહેલાં શરીર પર એનો પ્રભાવ દેખાડવા માંડે છે. બગાસાં આવે છે, આળસ આવે છે. મગજ સંદેશો આપે છે કે, 'બહુ થયું, હવે સૂઇ જાવ.' એવી રીતે યુદ્ધ તો પૂરું થઇ ગયું છે, પણ આ વીર મહાપુરુષની આંખ સામે યુદ્ધના દૃશ્યો તરવરી રહ્યા છે.

મનને ઘણી વસ્તુઓ સારી લાગે છે, પણ બધું જ આપણા કલ્યાણ માટે નથી હોતું. એટલા માટે બુદ્ધિ એને હુકમ કરે તે જરૂરી છે. જે રીતે મા નાના બાળકને ટોકે છે કે, 'દીકરા! આમ ન કરવું, આમ કરો.' એ રીતે મા બાળકને સારું શું-ખરાબ શું તે બંને વસ્તુ શીખવાડે છે, તે જ રીતે બુદ્ધિ રૂપી માતા છે. તે મન રૂપી સંતાનને શીખવતી રહે છે. જો મા વિવેકી હોય, તો આ શક્ય છે. એટલા માટે બુદ્ધિમાં વિવેક જોઇએ. શું કરવા યોગ્ય છે? શું કરવા યોગ્ય નથી તેનો વિવેક હોવો જોઇએ.

વિવેક અને જ્ઞાનમાં થોડો ભેદ છે. વિવેક કહે છે કે, આ જે બે તમારી પાસે છે તેને જુદા કરી દો.' જ્ઞાન શું છે? જે બે દેખાય છે તેને એક કરી અને અનુભવ કરી લેવો તેનું નામ જ્ઞાન છે. જે બે પ્રતીક છે તેમાં એકત્ત્વને જોવું તે જ્ઞાન છે. તો જે રીતે મા ધ્યાન રાખે છે, બાળકને બધું નથી કરવા દેતી. શું કરવું તે પણ મા શીખવતી રહે છે. શું ન કરવું તે પણ મા તેને શીખવે છે.

બુદ્ધિમાં આ વિવેક હોવો જોઇએ. આત્માનું અનુસરણ કરનારી બુદ્ધિ હોય પછી એ મનને સંભાળે અને મન પછી ઇન્દ્રિયોનો સમુચિત સદુપયોગ કરે તે કલ્યાણકારી હોય.

ભીષ્મે બહુ સુંદર ભાવ બતાવ્યો. 'આ મારી મતિ રૂપી કુંવારી કન્યા હું તમને સમર્પિત કરું છું.' પછી આ મતિ ભગવાનની આજ્ઞામાં રહે. થાય છે શું? બુદ્ધિ જો ભગવાનની આજ્ઞામાં ન હોય, જો આત્માભિમુખ ન હોય, જો બુદ્ધિમાં વિવેકનો ઉદય ન થયો હોય તો મન જે કંઇ કરશે, બુદ્ધિ તેનું સમર્થન કરવા લાગશે.

... ત્યારે મનુષ્યત્વને આપણે પામ્યા કહેવાઈએ!


અત્યારે આપણે જે ગણિત વાપરી રહ્યા છીએ, તે આવું ન હોત. અત્યારે વૈજ્ઞાનિકો જે ગણિત દ્વારા આકાશને પાર જવાના દીવાસ્વપ્નો જોઈ રહ્યા છે, તે હકીકત થઈ ગયાં હોત. જો એક વ્યક્તિએ સંયમને પોતાનો જીવનસાથી બનાવ્યો હોત. આ સત્ય ઘટના છે!

આધુનિક ગણિતમાં જેમનું નામ સમ્માનપૂર્વક લેવાય છે, એવા સમૂહશાસ્ત્રના શોધક, ફ્રેન્ચ ગણિતજ્ઞ - ગાલોઆ (1811-1832) માત્ર 21 વર્ષ જ જીવ્યા. આટલી નાની ઉંમરમાં તેમણે ગણિતમાં એટલી ક્રાંતિ કરી હતી કે સૌને આશા હતી, 'વિજ્ઞાનમાં નવી દિશાઓ ખુલશે...' પરંતુ તે પહેલાં, માત્ર 21 વર્ષની ઉંમરે ગાલોઆની જીવન-દિશા મૃત્યુની ક્ષિતિજોમાં સમાઈ ગઈ! કારણ? અસંયમ...

એક વાર માંદગીને કારણે ગાલોઆને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. પરંતુ ત્યાં કોઈ નર્સ સાથે સંબંધ બંધાઈ ગયો. નર્સના પતિને ખબર પડતાં તેણે ગાલોઆ પર બંદૂક ચલાવી. પેટમાં ગોળી વાગી. ગાલોઆ છેલ્લા શ્વાસ ગણવા લાગ્યો. એ જ રાત્રે એણે બે પત્રો લખ્યા - એકમાં 'અરૂપ બીજગણિત' નામે ઓળખાતી ગણિતની શોધો હતી, જે કોઈ ગણિતશાસ્ત્રીને પહોંચાડવાની હતી અને બીજો પત્ર ગાલોઆએ પોતાના મિત્ર ઓગસ્ટે શોવાલિયર પર લખ્યો : 'એક વેશ્યાના પાપે હું મરું છું. આટલી યુવાન વયે મરવું, આટલી અદભુત શોધો છોડીને મરવું, કેવો તિરસ્કાર છૂટે છે! મારા એ નિર્ણયને ધિક્કાર છે...'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



જો ગાલોઆએ થોડો સંયમ રાખીને, વ્યાભિચારના માર્ગે ડગલાં ન માંડ્યા હોત, તો આજે ગણિતનાં વહેણ કોઈ વિશેષ દિશામાં જ વહેતાં હોત.

ભારતીય સનાતન સંસ્કૃતિમાં સહસ્રાબ્દીઓથી મન પર લગામ મૂકવાની વાતો થતી આવી છે.

મહર્ષિ વ્યાસજીએ શ્રીમદભાગવત રચ્યું, ત્યારે લહિયા તરીકે ઋષિ જૈમિનિ સેવા બજાવતા હતા. એવામાં નવમા સ્કંધના 19મા અધ્યાયનો 17મો શ્લોક વ્યાસજીએ લખાવ્યોઃ 'मात्रा स्वस्रा दुहित्रा वा, न विविक्तासनो भवेत्। बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति॥' (ભાગવત 9/19/17)(અર્થાત્ ઇન્દ્રિયો એટલી બળવાન છે કે વિદ્વાનને પણ વિવશ કરી દે છે. તેથી પુરુષે પોતાની યુવાન મા, બહેન કે દીકરી સાથે પણ એકાંત સ્થળે ન રહેવું જોઈએ.)

આ સાંભળી ઋષિ જૈમિનિ બોલ્યા કે, 'મહારાજ! કોઈ માતા, બહેન, પુત્રી કે પૌત્રીમાં મોહાંધ થાય તેવી વાત માન્યામાં આવતી નથી. માટે આ શ્લોક રાખવાની આવશ્યકતા નથી.' આ સાંભળી વ્યાસજી કશું બોલ્યા નહીં.

થોડા સમય બાદ જૈમિનિ પોતાના આશ્રમમાં બેઠા હતા. બહાર વાવાઝોડા સાથે વરસાદ શરૂ થયો. જૈમિનિના આશ્રમમાં, તેમની સગી બહેન ભીંજાયેલાં વસ્ત્રે આવી. શરીરનું સૌંદર્ય વીજળીના ઝબકારે દેખાઈ રહ્યું. જૈમિનિએ બહેનને કહ્યું કે, 'તું પર્ણકુટિમાં સૂઈ જા. હું બહાર આરામ કરું છું.' બહાર સૂતેલા જૈમિનિના અંતરમાં કામનાનાં વાવાઝોડાં ઊઠવાં લાગ્યાં. જૈમિનિ વાતો કરે અને બારણાંની અંદર બહેન વાતો સાંભળે. છેવટે જૈમિનિના મનનો વેગ એટલો વધ્યો કે બહેનને કહ્યું કે, 'બારણું ખોલ, તો આપણે સામસામા બેસી વાતો કરીએ.' બહેને બારણું ખોલવાની ના પાડી, ત્યારે જૈમિનિ છાપરાં પર ચડી, ઘાસ-નળિયાં ખસેડી, પર્ણકુટિમાં કૂદકો મારી બહેનને ભેટવા ગયા. ત્યાં જ વ્યાસજી, જેમણે જૈમિનિનાં બહેનનું રૂપ ધારણ કર્યું હતું, તે પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયા! જૈમિનિ ભોંઠા પડ્યા. વ્યાસજીએ પૂછ્યું, 'હવે શ્લોક લખવો છે?' ત્યારે જૈમિનિ સંમત થયા.

આમ, શ્રીમદ્ભાગવત મહાપુરાણથી લઈને આધુનિક જમાનાના પ્રસંગો આપણને પ્રેરણા આપે છે કે મનનો સંયમ અત્યંત આવશ્યક છે. આપણી સંસ્કૃતિના અનુભવી મહાપુરુષોએ પ્રત્યેક ગૃહસ્થ માટે ઉત્તમ સૂત્ર આપ્યું છે : 'એક નારી, સદા બ્રહ્મચારી...' કહેતાં 'ગૃહસ્થ પુરુષ માટે પોતાનાં પત્ની સિવાય અન્ય સ્ત્રીઓ માતા, બહેન કે દીકરી સમાન છે; એવી જ રીતે એક સન્નારી માટે પોતાના પતિ સિવાય અન્ય પુરુષો પિતા, ભાઈ કે પુત્ર સમાન છે...' આ ભાવના જ્યારે આપણા મન-હૃદયમાં દૃઢ થાય, આચરણમાં આવે. ત્યારે મનુષ્યત્વને આપણે પામ્યા કહેવાઈએ.

તેથી જ મહંતસ્વામી મહારાજ સ્વરચિત 'સત્સંગદીક્ષા' ગ્રંથમાં આપણી ભલાઈ માટે ઉપદેશ આપે છે :

त्यक्तव्यो व्यभिचारश्च नारीभिः पुरुषैस्तथा॥२८॥

'સર્વે સ્ત્રી તથા પુરુષોએ સર્વ પ્રકારના વ્યાભિચારનો ત્યાગ કરવો.' (સ.દી.28)

વેગીલી ચાલથી દોડતા મનનાં ઘોડાંઓને સત્પુરુષોનાં વચને, સંયમની લગામથી નાથીએ. મનોવૃત્તિને શુદ્ધ કરીને સુચરિત જીવન જીવવા કટિબદ્ધ થઈએ.

જીવનનો સદુપયોગ

એક કંજૂસે 100 કરોડ રૂપિયા ભેગા કરવાનો નિર્ણય કર્યો અને એ ભેગા કરવામાં જ લગભગ સંપૂર્ણ જિંદગી ખર્ચી નાખી. 80 વર્ષે એ સપનાં જોતો હતો કે હવે મારે આ રૂપિયાથી મજા કરવી છે.

જોકે એ જ્યાં મજા કરવાનું વિચારતો હતો, ત્યાં જ તેને લેવા યમરાજ આવ્યા. યમરાજે કહ્યું, 'ભાઈ, તૈયાર થઈ જાઓ. તમારો સમય થઈ ગયો છે.'

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

કંજૂસ હાથ જોડી કરગરતો બોલ્યો, 'અરે યમરાજ! હજી તો મેં રૂપિયા જ ભેગા કર્યા છે. એની મજા કરવાની તો બાકી છે અને તમે મને અહીંથી લઈ જાવ, તે કેવી રીતે ચાલે? હજી મને 10 વર્ષનો સમય આપો.'

યમરાજ બોલ્યા, 'ભાઈ 10 વર્ષ શું, 10 મિનિટ પણ ન મળે. મારા ચોપડામાં જેનું નામ હોય, તેણે તરત મારી સાથે આવવું પડે.'

'એક કામ કરો. હું મારી 100 કરોડની બધી સંપત્તિ તમને આપી દઉં. તમે મને દસ મિનિટનો તો સમય આપો.'

'મારે તારી સંપત્તિ નથી જોઈતી. જા, દયા કરીને 10 મિનિટ તો નહીં, પણ એક મિનિટ આપું.'

કંજૂસે એક મિનિટમાં એક કાગળ લખ્યો : સમસ્ત વિશ્વને હું એક જ સલાહ આપું છું કે, જીવનના સંપૂર્ણ સમયને તમે સૌ માણજો. મારી જેમ માત્ર પૈસા ભેગા કરવામાં જીવન ખર્ચી ન નાખતા, કારણ કે હું 100 કરોડ રૂપિયાથી 10 મિનિટ પણ ખરીદી શક્યો નથી!

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 17 જુલાઇ, 2025 | અષાઢ વદ સાતમ | વિક્રમ સંવત 2081

સંન્યાસીનું ચિત્ત યમુનાના જળની જેમ નિર્મળ અને શાંત હોય છે

સંન્યાસી કે યોગીનું ચિત્ત પણ યમુનાના જળની જેમ નિર્મળ અને શાંત હોય છે, પણ ક્યારેક કોઈ કદંબની ડાળી પરથી શ્રીકૃષ્ણ છલાંગ લગાવે અને જે તરંગો ઊઠે તે ઉત્સવ છે. સ્વયં યોગેન્દ્ર શુકદેવજી મહારાજ બધું છોડીને સામે ચાલીને પિતા વ્યાસજી પાસે જાય છે અને કહે છે કે, 'મને ભાગવત ભણાવો.' અને તરંગ એવા ઊઠ્યા કે જેમને માટે હવે કંઈ કરવાનું બાકી નહોતું રહ્યું, જેઓ આત્મારામ હતા, જે પોતાના આત્માથી જ સંતુષ્ટ હતા. તે સ્વયં અધ્યયન માટે આતુર બન્યા.

આ શાંત ચિત્તની યમુનામાં શ્રીકૃષ્ણના કૂદવાનું પરિણામ છે. શાંત જળમાં એક હલચલ, એક સ્પંદન ઉત્પન્ન થયું અને આનંદના સ્પંદન એવાં હોય છે, જે રોકવાથી રોકાતા નથી. શુકદેવ સામે ચાલીને પિતાજી પાસે આવ્યા અને શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કર્યું. અધ્યયન કર્યા વિના ન રહી શક્યા.

પ્રેમ મનુષ્યને અતિ ઉદાર બનાવી દે છે. ખરેખર પ્રેમ ત્યાં છે, જ્યાં ઉદારતા છે. જે પ્રેમી નથી, તે કંઈ આપી શકતા નથી. વાસ્તવમાં ઉદારતા ત્યાં જ છે, જ્યાં પ્રેમ છે. એનું કારણ એ છે કે પછી આપવું એ પ્રેમની અનિવાર્યતા બની જાય છે. તમે માનશો? જ્યારે તમે આનંદથી તરબતર હો છો, પ્રેમથી ભીંજાયેલા હો છો, ત્યારે ઓવરફ્લો થઇ જાવ છો. જ્યાં પ્રેમ જન્મે છે, ત્યાં આપવું અને વહેંચવું આવશ્યક થઇ જાય છે.

ઉત્સવની એ ક્ષણોમાં આ સહજ છે. જે રીતે પાણીમાં પથ્થરનું ડૂબવું સહજ છે. એટલું જ સહજ છે પછી આ અસ્તિત્વમાં શ્રીકૃષ્ણ સાકાર રૂપ લઈને કૂદતા હોય અને જે તરંગો ફેલાય એવા આનંદના તરંગો સઘળે ફેલાઇ રહ્યાં છે. તેથી જ



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



રમણવિહારીજીના સાનિધ્યમાં મનમાં ભાવ થયો કે ચાલો, રમણવિહારીજીને યાદ કરીએ અને ભીષ્મ-સ્તુતિ પર ચિંતન કરીએ.

ભીષ્મ પિતામહ તો ઈચ્છાવર્તી મૃત્યુના માલિક છે. મૃત્યુ તેનું દાસ છે. જ્યારે બોલાવે, ત્યારે હાજર થઇ જાય તેમ છે. મૃત્યુને તો ખાલી હુકમ છોડવાનો છે કે આવો. એક સેવકની જેમ મૃત્યુ દૂર ઊભું છે. ભીષ્મ પિતામહને પ્રતીક્ષા મૃત્યુની નથી.

તેમને તો પ્રતીક્ષા હતી શ્રીકૃષ્ણની કે એ જરૂર આવશે. ઉત્તરાયણનો પવિત્ર સમય અને તેમાં દેહત્યાગ કરવાની ઈચ્છા. જિંદગીને કોઇ ઝૂંટવીને લઇ જાય તેવી વાત નથી, અહીં તો કંઇક છોડવાની વાત છે. આ તો સ્વામીત્વ છે, નહીંતર તો હંમેશાં કાળ જબરદસ્તીથી પકડીને લઇ જાય છે. અહીં તો ત્યાગની ઈચ્છા છે. ઈચ્છા ત્યાગની અને પ્રતીક્ષા પરમાત્માની! ભીતરમાં તિતિક્ષા છે.

શ્રીમદ્ ભાગવતમાં કથા છે કે ભગવાન દ્વારકા જઇ રહ્યા હતા. જવા માટે વિદાય પણ માગી લીધી હતી, ત્યારે દોડતી ઉત્તરા પ્રભુના શરણે આવી અને ભગવાને ઉત્તરાના ગર્ભસ્થ શિશુની રક્ષા કરી. ત્યારે માતા કુંતાએ ભગવાનની સ્તુતિ કરી અને ભગવાન ત્યાં રોકાઇ ગયા.

ભીષ્મ પિતામહના હૃદયમાં એક પુકાર ઊઠી રહી હતી. છતાં સાધારણ વ્યકિત પણ જો થોડાક સચેત રહે અને વિચારે તો તેને પણ તેના મૃત્યુના સંકેત મળી જતા હોય છે. સાવધાન રહેનારને ખબર પડી જાય છે. કેટલાક સમય પહેલાં એ શરીર પર કબ્જો કરવા માંડે છે. કેટલીક વાર લોકો કહેતા હોય છે કે, 'અમારા પિતાજીને પહેલેથી જ ખબર હતી, એમણે ફોન કરીને બધાને બોલાવી લીધા હતા.'

આજના સમયમાં પણ આવો અનુભવ થાય છે. ક્યારેક મૃત્યુની ખબર પડી જતી હોય છે. મીરાં ગિરધર-ગિરધર' પોકારતી દ્વારકાનાથના સ્વરૂપમાં લીન થઇ ગઇ એવી માન્યતા છે. 'વિઠ્ઠલ વિઠ્ઠલ' પોકારતા તુકારામ સદેહે વૈકુંઠ ગયા. એવી આપણી ભક્તિ પરંપરામાં માન્યતા છે અને 'હરિ બોલ, હરિ બોલ'નો પોકાર કરતા ચૈતન્ય મહાપ્રભુ ભગવાન જગન્નાથમાં વિલીન થઇ ગયા.

જે રીતે તુકારામ જેવા પવિત્ર પુરુષને મૃત્યુની ખબર પડી જાય છે, એમણે તો બધાને બોલાવ્યા હતા અને કહ્યું હતું કે, 'હું તો વૈકુંઠ જાઉ છું.' તુકારામ તો ભકત હતા, પણ કોઈ સાધારણ તંદુરસ્ત માણસ હોય, પવિત્ર જીવન જીવનારી વ્યક્તિ હોય, તો તેને ખબર પડી જાય છે કે બસ. હવે હું થોડા દિવસોનો કે કલાકોનો મહેમાન છું. શરીર જે રીતે નિદ્રાનો સંદેશ આપે છે, તેવી જ રીતે મૃત્યુનો પણ સંદેશ આપતું હોય છે.

પિતામહ ભીષ્મ ઉત્તરાયણની પ્રતીક્ષા કરી રહ્યા છે. આપણા ધર્મગ્રંથોમાં કહેવાયું છે કે જે યોગી ઉત્તરાયણ સમયમાં પ્રયાણ કરે છે. તેમનું પુનરાગમન થતું નથી. તે જન્મ-મૃત્યુના બંધનમાંથી મુક્ત થઇ જાય છે. આપણા સાધુ-સંતો, મહાત્મા અને ઋષિમુનિઓ છે, તેમણે જે વાત કરી છે તેમાં કંઇક ગૂઢ ભાવ હોય છે,

ઉત્તરાયણ અને દક્ષિણાયન એ યોગીની ભૂમિકાની વાત છે. ઉત્તરાયણમાં આકાશમાં વાદળ નથી હોતાં. આકાશ સ્વચ્છ હોય છે અને જો વાદળ નજરે પડે, તો સફેદ રંગના એક કે બે વાદળ આકાશમાં ક્યાંક ક્યાંક દેખાય છે. બાકી આખું આકાશ સ્વચ્છ હોય છે. દક્ષિણાયન આપણે ત્યાં વર્ષાઋતુના આરંભમાં આવે છે, ત્યારે કાળાં ડિબાંગ વાદળ ગોરંભાઇ જાય છે. આખું આકાશ વાદળોથી છવાઈ જાય છે. મૂશળધાર વર્ષા થઈ રહી હોય છે. વાદળ ગરજે છે, વરસે છે. આત્માને આકાશ કહ્યું છે. 'ખં બ્રહ્મ: અયમ્ આત્મા' એમ કહેવાયું છે.

આત્માના આકાશમાં જ્યારે વાસનાનાં કોઇ વાદળ ન દેખાય, આત્માનું આકાશ સંપૂર્ણ સ્વચ્છ હોય તેવી સ્થિતિમાં યોગી શાંત ચિત્તવૃત્તિમાં પ્રયાણ કરે છે. વાસનારહિત ચિત્તવૃત્તિ મોક્ષનું કારણ બને છે અથવા તો યોગીના આત્મારૂપી આકાશમાં ક્યાંય એકાદ વાસનાનું વાદળ નજરે પડતું જ ન હોય. જે સફેદ વાદળ હોય છે, તે સાત્વિક વાસનાનું પ્રતીક છે, એ સાત્વિક ઈચ્છાનું પ્રતીક છે.


આપણું આંતરડું આટલું લાંબું શા માટે?

પ્રશ્નનો જવાબ આપવા વિનંતી. 'કબ્રસ્તાન શેના માટે હોય?' તમે કહેશો કે, 'મરી ગયેલાં મનુષ્યો કે પશુ-પંખીઓને દફન કરવા માટે...' સાચો જવાબ! બીજો પ્રશ્ન : 'કોઈ શ્વાસ લઈ રહેલાં વ્યક્તિ કે પશુ-પંખીને પકડીને, જીવતાં રહેંસી નાખીને, તેના ટુકડા કરવામાં કેટલી માણસાઈ, કેટલી દયા કે સર્વજીવ-બંધુત્વ ભાવના રહેલી છે?' જવાબ મળશે, 'જરાય નહીં. આ વર્ણન સાંભળીને જ અરેરાટી છૂટી જાય છે...' હવે અંતિમ પ્રશ્ન : 'આપણું, મનુષ્યોનું પેટ કબ્રસ્તાન છે? આપણે બીજા કોઈ જીવ-પ્રાણીનો જીવવાનો અધિકાર નિર્દયતાથી છીનવી લઈએ, એ માનવ તરીકે શોભે ખરું?'

હવે એ વિચાર કરવો રહ્યો કે, આપણે શા માટે માંસાહાર કરીએ છીએ? આજનું વિજ્ઞાન એક અગત્યનું સંશોધન અને તેનું તારણ આપતાં જણાવે છે - 'માંસાહારી પ્રાણીના આંતરડાની લંબાઈ તેના શરીર કરતાં ત્રણ ગણી હોય છે, જ્યારે શાકાહારી પ્રાણીના આંતરડાની લંબાઈ તેના શરીર કરતાં બાર ગણી હોય છે. આ શારીરિક સંરચનાનું કારણ એ છે કે જો માંસ વધુ સમય શરીરમાં રહે તો નુકસાનકારક નીવડે છે, જ્યારે શાક કે ફળફળાદિ વધુ વખત શરીરમાં રહે તો હાનિ નથી પહોંચતી. તેથી ભગવાને જ માંસાહારી અને શાકાહારી જીવોના શરીરમાં આ ભેદ પાડ્યો છે. શરીરમાં લાંબું આંતરડું આપી ભગવાને તેને શાકાહારી રહેવા જ સર્જ્યો છે.'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



'વળી, માંસને પચાવવા માંસાહારી પ્રાણીના જઠરમાં શાકાહારી કરતાં દસ ગણો વધુ 'હાઈડ્રોક્લોરિક એસિડ (HCl)' ઝરે છે. આ વ્યવસ્થા શાકાહારી પ્રાણીના શરીરમાં નથી. તે સાથે માંસાહારી પ્રાણીઓના નખ શસ્ત્ર તરીકે ઉપયોગમાં આવે તેવા તીક્ષ્ણ બનાવવામાં આવ્યા છે, જ્યારે મનુષ્યના નખની રચના ફળ, ફૂલ ચૂંટી શકાય તે અનુસાર છે. કદાચ કોઈ નખ વધારે, તોય તે શિકાર ન થઈ શકે તેવા જ રહે છે. આ ઉપરાંત, માંસને ફાડવા કે શિકારને ચીરવા માંસાહારી પ્રાણીના મોંમાં આગળના દાંત અણિયાળા હોય છે. તેનો શાકાહારી પ્રાણીમાં અભાવ જોવા મળે છે.'

'માંસાહારી પ્રાણીનું જડબું કેવળ ઉપર-નીચે જ હલે છે, કારણ કે તેનો ખોરાક બહુધા જઠરમાં જ પચે છે. શાકાહારી પ્રાણીઓનાં જડબાં ઉપર-નીચે તથા ડાબે-જમણે પણ હલી શકે છે, કારણ કે તેની પાચનક્રિયા ચાવવાથી જ શરૂ થાય છે. તેના મોંમાં પાછલા દાંત પણ ચપટા છે. શાકાહારી પ્રાણીના મોંમાં ચાવવાથી જ પાચનપ્રક્રિયાનો પ્રારંભ થઈ જતો હોવાથી ચાવતી વખતે મુખમાં લાળ 'ટાઈલીન (ptyalin)' ઝરે છે. તેનો માંસાહારીના મોંમાં અભાવ જોવા મળે છે.'

આવાં કારણો જોઈને વૈજ્ઞાનિકો એ તારણ પર આવ્યા છે કે ભગવાને માનવશરીરની રચના શાકાહારી તરીકે જ કરી છે. માનવી શાકાહારી રહેવા માટે જ નિર્માયો છે.

તેથી જ સ્વામિનારાયણ સંપ્રદાયના 'શિક્ષાપત્રી' ગ્રંથમાં ભગવાનની આજ્ઞા નોંધવામાં આવી છે કે 'न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित्।१५।' અર્થાત્ 'અને જે માંસ છે, તે તો યજ્ઞનું શેષ હોય તો પણ કયારેય ન ખાવું. (શિક્ષાપત્રી 15)'

એટલું જ નહીં, ભારતીય સનાતન પરંપરામાં ઉપનિષદોને અતિ પ્રમાણભૂત ગણાયા છે. તેમાંના જ એક, છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહેવાયું છે, 'आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवानुस्मृतिः। (छा.उ. ७/२६/२)' એટલે કે 'આહારશુદ્ધિથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને અંતઃકરણની શુદ્ધિ થતાં ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે.' તાત્પર્ય એ છે કે માંસાહાર જેવા અભક્ષ્ય આહારનો ત્યાગ કરીને શુદ્ધ-સાત્ત્વિક આહાર રાખવાથી સુખ-શાંતિની પ્રાપ્તિ થાય.

વળી, મહંતસ્વામી મહારાજ સ્વરચિત 'સત્સંગદીક્ષા' ગ્રંથમાં પણ ઉપદેશ આપે છે :

मांसं मत्स्यं तथाण्डानि भक्षयेयुर्न कर्हिचित्।२९।

એટલે કે 'ક્યારેય માંસ, માછલી, ઈંડાં ન ખાવાં.' (સ.દી.29)

જ્યારે હજારો વર્ષો પહેલાં પોતાની યોગશક્તિ વડે સર્વજ્ઞાન પામીને સનાતન શાસ્ત્રોની રચના કરનારા ઋષિમુનિઓથી માંડીને, આધુનિક ટેક્નોલોજી અને સંશોધનોના ઉદગાતા-ઉપભોક્તા વૈજ્ઞાનિકો પણ શાકાહારનું અનુમોદન કરતાં હોય... ત્યારે વિચાર કરવો ઘટે કે મનુષ્ય તરીકે માંસાહર કરવો કેટલો યોગ્ય છે? માત્ર જીભનો સ્વાદ સંતોષવા માટે મનુષ્યત્વનો ત્યાગ કરવો કેટલો વ્યાજબી છે? શારીરિક શક્તિ પામવાનો વ્યર્થ ભ્રમ પોષવા માટે પોતાના જ શરીરને કબ્રસ્તાન બનાવવું સમજણભર્યું છે ખરું? એ વિચાર તો સ્વયં જ કરવો પડે...

વાણીની મધુરતા

એક નગરમાં એક યુવાન મધનો વેપાર કરતો. તેની વાણીમાં મધ કરતાં વધુ મધુરતા હતી. સૌ સાથે તે મધુર વ્યવહાર અને વાર્તાલાપ કરતો. તેના મધની એટલી ડિમાન્ડ રહેતી કે તે મધ વેચવા માટે જાય અને થોડા સમયમાં બધું જ મધ વેચાઈ જાય.

થોડા સમયમાં મધના વેપારનાં કારણે આ યુવાનની ઘણી પ્રગતિ થતી જોઈ, એક ઈર્ષાળુ મિત્રને પણ મધનો વેપાર કરવાનું મન થયું. તેણે સારું એવું મધ ખરીદ્યું અને પેલો મિત્ર જ્યાં વેચવા જતો હતો, ત્યાં મધ વેચવા તે પણ નીકળી પડ્યો.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્યવિજય

મુશ્કેલી એ થઈ કે સાંજ સુધીમાં તેનું મધ કોઈએ ખરીદ્યું જ નહીં. આથી તે અંદરથી ખૂબ ક્રોધે ભરાયો અને જોરજોરથી બોલવા લાગ્યો, 'મધ લો ભાઈ મધ... કોઈક તો મારું મધ લો.'

મધ ભલે મધુર હતું, પણ તેની વાણીમાં ભયંકર કટુતા હતી. જે તેનો અવાજ સાંભળતો, તેનેય તેના માટે અરુચિ થતી. સાંજ સુધી કોઈએ મધ ન ખરીદ્યું અને આખરે થાકીને તે પોતાના ઘરે ગયો. તેની પત્ની ખૂબ સમજદાર હતી. આજની પરિસ્થિતિ જાણી પત્નીએ પ્રેમાળ શબ્દોમાં પતિને કહ્યું, 'આવી સ્થિતિ થવા પાછળનું કારણ એ છે કે, તમારી વાણીમાં મધુરતા ન હતી અને બીજું કારણ એ કે મધ વેચવા પાછળની તમારી દાનત પણ સારી ન હતી. હવે તમે જ કહો, આનું પરિણામ સારું કેવી રીતે આવે...?'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 24 જુલાઇ, 2025 | અષાઢ અમાસ | વિક્રમ સંવત 2081 08

આપણે વિધેયાત્મક વિચારસરણી તરફ આગળ વધવાનું છે



ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જે ને આત્મ-સાક્ષાત્કાર થયો છે તેવા જ્ઞાની પુરુષને ખબર છે કે મૈં કુછ નહીં કર રહા. યહ તો સબ પ્રકૃતિ કે ગુણોં કા કાર્ય હૈ. અબ જબ તૂ કર્મ કરતા હૈ, તો કર્મ મેં તેરા અધિકાર હૈ, લેકિન યાદ રખ, જૈસા કર્મ કરના તૂ ચાહતા હૈ, વૈસા કર્મ કર. પાપ કર્મ કરના ચાહે તો પાપ કર્મ કર, પુણ્ય કર્મ કરના ચાહે તો પુણ્ય કર્મ કર, પણ પછી એ કર્મના ફળને ભોગવવા માટે તું પરતંત્ર છે. એટલે માણસ શું કરે? હસતાં હસતાં પાપ કરે અને ફળ ભોગવવાનો વારો આવે, ત્યારે રોતાં રોતાં ફળ ભોગવે, પાપ તો હસતાં હસતાં કરી લે છે, પણ ફળ ભોગવવાનો વારો આવે ત્યારે રડે છે.

પુણ્યનું ફળ ઈચ્છે છે લોકો, પણ પુણ્ય નથી કરતા. પાપનું ફળ નથી ઈચ્છતાં, પણ પાપ કરે છે. આ કેવી વાત થઈ? જૈસા કર્મ કરેગા વૈસા ફલ મિલેગા ઐસા હૈ ગીતા કા જ્ઞાન.

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચના
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ॥ (શ્રી. ભ. ગી. 2/47)

તો પછી શું કરવું જોઈએ? મા કર્મ હેતુ ભૂઃ - તેરા જો કર્મ હૈ વો ફલ કી વાસનાવાલા ન હો. જબ ફલ મિલનેવાલા હી હૈ, તો ફિર તુઝે વાસના રખને કી જરૂરત હી ક્યા હૈ?

કર્મમાં ફળની ઈચ્છા રાખીએ તોય શું વાંધો છે? કોઈ પૂછે ઈચ્છા રાખીએ તોય ફળ મળવાનું છે અને ન રાખીએ તોય ફળ તો મળવાનું જ છે, તો રાખવામાં શું વાંધો છે? વાસના રાખવાથી શું બગડવાનું છે? વાસના રાખવાથી તારું કર્મ બરાબર નહીં કરી શકે.

તો તૂ કર્મ મેં હી આનંદ લે. તૂ કર્મ નિષ્ઠાપૂર્વક કર. પછી માણસ ફળની ઈચ્છાથી જ કર્મ કરતો હોય તો એને કર્મમાં રસ હોય જ નહીં. ફળમાં જ રસ હોય.

એક માણસ એ છે. જે નિષ્ઠાપૂર્વક કર્મ કરે, શ્રેષ્ઠતાનો આગ્રહ હોય, પરફેક્શનનો આનંદ હોય અને કર્મ કરવાનો આનંદ હોય! ઘણાં લોકો કહે, 'સેવાથી મેવા.' એ તો સ્વાર્થ છે. 'સેવા એ જ મેવા' એમ કહે તો એ સેવા પરમાર્થ છે.

તુમને સેવા કો સાધન બના લિયા, સાધ્ય નહીં રહને દિયા. સેવાથી મેવા હોય તો સેવા સાધન બન ગઈ. સાધ્ય નહીં રહીં. જબ સેવા સાધ્ય હૈ, તો વાસ્તવ મેં તુમ સેવાગ્રહી હો. તુમ્હારી વૃત્તિ મેં સેવા હૈ.

એમ તો પછી 'મા કર્મફલહેતુર્ભૂમા'. તો પછી વાસના નહીં રાખવાની, કર્મના ફળની વાસના નહીં રાખવાની અને કર્મ કરવાનું. ઘણાં લોકો પૂછે છે કર્મ ફળની ઈચ્છા જ ન રાખવાની હોય, તો કર્મ કરે જ શું કામ? ક્યોંકિ ફલ કી ઈચ્છા હી માનવ કો કર્મ કરને મેં પ્રેરિત કરતી હૈ. ફળ નથી તો... કર્મ શું કામ કરે? માટે જ 'સંગોઽસ્ત્વકર્મણિ' કર્મમાં આસક્તિ નહીં.

અકર્મ મેં તેરા સંગ ન હો. અકર્મ મેં તેરી આસક્તિ ન હો. મતલબ કાર્ય ન કરને મેં તેરી આસક્તિ ન હો. એવો વિચાર જ ન આવવો જોઈએ કે તો હું કર્મ જ શું કામ કરું? કર્મ કર્યા વગર તું રહી શકવાનો જ નથી. આ શરીર પ્રકૃતિનું બનેલું છે અને રજોગુણ કર્મ કર્યા વગર રહેવાનો નથી. એટલે એક ક્ષણ પણ તું કર્મ કર્યા વગર રહી શકવાનો નથી અને એ તો તારા હાથમાં છે જ નહીં. જો તું અકર્મણ્ય થવાની કોશિશ કરે અને બેઠો રહે, પૂછે કોઈ, 'શું કરે છે?' તો કહે, 'કંઈ નહીં, બેઠો છું.'

તૂ એક ક્ષણ ભી કર્મ કિયે બગૈર નહીં રહ સકતા. ક્યોંકિ પ્રકૃતિ તેરે પાસ કુછ ન કુછ કરા રહી હૈ ઈસલિએ જો કર્મ કે બંધન સે બચને કે લિયે કર્મ સે છૂટને કી કોશિશ કરતા હૈ, વહ બંધન મેં ઓર બંધતા ચલા જાતા હૈ, જિસસે તુમ ભાગને કી કોશિશ કરતે હો, વો હી તુમ્હેં બાંધતા ચલા જાતા હૈ.

ઘણા સંસારથી ભાગતા હોય, પણ એ જ સંસાર એના મનમાં હોય, સ્ત્રીથી ભાગે, પૈસાથી ભાગે, જેનાથી ભાગે એ તો એના મનમાં હોય જ છે. તો શું કરવા ભાગવાનું? નહીં જાગવાનું અને જાગવાનું એટલે સંસારના પૈસાને, સ્ત્રીને યથાર્થ રૂપે જાણી લો એનું નામ સમ્યક્ જ્ઞાન. જે જાગી જાય એને કોઈ બાંધી ન શકે!

જ્ઞાની મુક્ત હૈ, ઉન્હેં કોઈ બાંધ નહીં સકતા. દૃષ્ટિ હૈ અપની અપની, કોઈ ગુલાબ મેં કાંટા દેખતા હૈ, કોઈ કાંટે મેં ગુલાબ દેખતા હૈ. કાંટામાં ગુલાબ જોવાવાળો માણસ પોઝિટિવ થિંકિંગ કરવાવાળો છે, આવા કાંટામાં કેટલું સરસ ગુલાબ ઊગ્યું છે? આશાવાદી માણસ છે. જે ગુલાબમાં કાંટા જુએ છે, તે નિરાશાવાદી માણસ છે, 'આવું સારું ગુલાબ, પણ એમાં કાંટા તો જો, કેટલાં?'

ઘણા કહે કે કૌરવો સો છે, પણ એની સામે પાંડવો એ પાંચ છે તો ખરા ને! અને ઘણાં કહે કે આ સો કૌરવો અને એની સામે ખાલી આ પાંચ જ પાંડવ! એ શું પહોંચવા દે! નિરાશાવાદી. પરિસ્થિતિ એની એ જ રહે, વસ્તુસ્થિતિ એની એ જ છે, પણ દૃષ્ટિમાં ભેદ છે.

ખરા પ્રેમની ખબર ક્યારે પડે? પ્રેમમાં પડે ત્યારે. કૃષ્ણ પણ ગયા, વ્રજવાસીઓને વિયોગ આપીને, રાધાને વિયોગ આપીને, ગોપીઓને વિયોગ આપીને અને એ વિયોગનું દર્દ એમનું જીવન બની ગયું.

જિસસે બચને કી તુમ્હારી તીવ્ર ઈચ્છા હૈ, વો તો તુમ્હારી સ્મૃતિ મેં તીવ્ર બનકર રહેગા. વો ઉતના તીવ્ર બનકર તુમ્હારી સ્મૃતિ મેં વિદ્યમાન હૈ. ઈસલિયે યાદ રખના તુમ જિસસે બચને કી કોશિશ કરોગે, ઉતના હી ઉસસે બંધતે ચલે જાઓગે.

વમળમાં ફસાયા હો અને જેમ જેમ બચવાની કોશિશ કરો તેમ તેમ વધારે તેમાં ફસાતા જશો. જેમ જેમ બચવા માટે તરતાં જાઓ, તેમ તેમ તમે થાકી જશો અને અંદર ને અંદર ફસાતાં જશો, પણ તમારી જાતને છોડી દેશો તો એ વમળ જ તમને ઉંચકીને બહાર ધકેલી દેશે. ઊંધું છે. કર્મ સે બચને કે લિયે કર્મ મેં ઔર ફસતા જાયેગા, ક્યોંકિ વહ બડી ભૂલ કર રહા હૈ. ઈસલિયે કૃષ્ણ કહતે હૈં 'સંગોઽસ્ત્વકર્મણિ'

કર્મ ન કરવામાં તારી આસક્તિ ન હો. કર્મ કરવા જ પડશે? કર્મ કેવી રીતે કરવા એ કૃષ્ણ બતાવે છે.

યોગી બનીને કર્મ કર. કર્મને પૂજા બનાવ. કર્મ તને મારી સાથે જોડે એવી રીતે કર્મ કર.

ખોરાક ઉપર આપણા વિચારોની અસર પડે?

આ પણામાંથી ઘણાબધા રસોઈ બનાવતાં હશે. ક્યારેય વિચાર્યું છે કે રાંધેલા ખોરાક ઉપર શબ્દો, વિચારો કે ઈરાદાની કેવી અસર પડે છે? જો ન વિચાર્યું હોય, તો પણ વાંધો નહીં. આપણા માટે જાપાનના એક વૈજ્ઞાનિક, ડોક્ટર મસારુ ઈમોટોએ આજથી 3 દાયકા પહેલાં આ અંગે સંશોધન કર્યું છે.

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

1990ના અરસામાં ડો. ઈમોટોને પોતાના પ્રયોગ દરમિયાન ધ્યાનમાં આવ્યું કે મનુષ્ય જે અન્ન જમે છે, તેની ઉપર શબ્દો અને મનના ઈરાદાની અસર પડે છે. આ તથ્ય પર વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે ડોક્ટરે થોડા ચોખા રાંધ્યા. તેને તેમણે ત્રણ જુદી-જુદી કાચની બરણીઓમાં ભરી દીધા.

એક બરણી ઉપર લખ્યું, 'તારો આભાર...' બીજી બરણી ઉપર લખ્યું, 'તું મૂર્ખ છે...' અને ત્રીજી બરણી ઉપર કશું જ લખ્યું નહીં. આટલું કર્યા બાદ તેઓ રોજ એ ત્રણેય બરણી પાસે જાય; પહેલી બરણીને પ્રેમપૂર્વક કહે, 'તારો આભાર!' બીજી બરણીને ઘૃણાપૂર્વક કહે, 'તું મૂર્ખ છે...' અને ત્રીજી બરણી પાસે જાય ખરા, પણ કશું બોલે નહીં, પાછા વળી જાય.

તેમનાં અને સૌનાં આશ્ચર્ય વચ્ચે આ પ્રયોગનું પરિણામ એ આવ્યું કે એક મહિના પછી જે બરણીને 'તારો આભર...' કહેતા હતા, તેના ચોખા જાણે તાજા જ હોય એવા સફેદ અને સારા રહ્યા! જે બરણીને તેઓ કશું કહેતા નહોતા, એ બરણીના ચોખા પર ફૂગ વળી ગઈ અને જે બરણી પાસે જઈને તેઓ રોજ ઘૃણા વ્યક્ત કરતા કે, 'તું મૂર્ખ છે...' એ બરણીના ચોખા સડીને કાળા પડી ગયા! આમ, પુરવાર થયું કે રાંધેલા અન્ન પર મનના હકારાત્મક ઈરાદા કે સારા શબ્દોની સારી અસર પડે છે અને મનના નકારાત્મક ઈરાદા કે શબ્દોની માઠી અસર પડે છે.

માત્ર બોલાયેલા શબ્દો કે ઈરાદાની આટલી અસર રાંધીને સંગ્રહ કરેલા અન્ન ઉપર પડતી હોય, તો અન્ન રાંધતી વખતે કેવા વિચારો સાથે, કેવી ભાવના સાથે તે બનાવવામાં આવે છે, તેની અસર પડે એમાં શી નવાઈ? જે ખોરાક પાછળનાં ભાવના-હેતુ વિશે, શુદ્ધિ વિશે આપણને જ્ઞાન ન હોય, એવો ખોરાક ન લેવો જ હિતાવહ છે.

એક અત્યંત આશ્ચર્ય પમાડી દે તેવી ઘટના. એક દંપતીની 9 વર્ષની દીકરી અચાનક બીમાર પડી. સારવાર કરાવી અને થોડું સારું થયું, ત્યાં તો ફરી બીમાર પડી! વળી, થોડી સારવાર થઈ, સારું થયું હોય તેવું લાગ્યું, ત્યાં ફરી બીમાર પડી! ડોક્ટરે વિવિધ 'બ્લડ ટેસ્ટ' કરાવ્યા. સૌનાં આશ્ચર્ય વચ્ચે તે બાળકીને એઈડ્સ લાગુ પડ્યાના રિપોર્ટ્સ આવ્યા! કોઈને મનાયું જ નહીં. ફરી તપાસ કરાવી. ફરી એ જ પરિણામ! સૌ વિચારમાં પડી ગયા... નાની બાળકીને આવો રોગ? બાળકીનાં માતા-પિતાને આવો કોઈ રોગ નહોતો... તો આ થયું કેવી રીતે?

તપાસ કરતાં માલુમ પડ્યું કે તે બાળકીને પાણીપુરી ખાવાનો શોખ હતો. તે ઘણી વાર ત્યાં જતી. ત્યાં તપાસ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે લારી ચલાવનાર માણસને 'એઈડ્સ' હતો! તેના હાથમાં કંઈક વાગી જવાથી ચીરો પડેલો અને તેવા જ હાથે તે પાણીપુરી વેચતો હતો! ત્યાંથી આ દીકરીને એઈડ્સ રોગ ઘર કરી ગયો! તેનો એટલો જ વાંક કે ખાદ્યપદાર્થની શુદ્ધિની ખાતરી કર્યા વિના જ ચલાવી લીધું.

એથી જ 21મી સદીમાં 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં મહંત સ્વામી મહારાજ લખે છે :

पातव्यं गालितं पेयं जलं दुग्धादिकं तथा।
खाद्यं पानमशुद्धं यद् गृहणीयाद् वस्तु तन्नहि॥३०॥

એટલે કે 'પાણી તથા દૂધ ઈત્યાદિ પેયપદાર્થો ગાળેલાં ગ્રહણ કરવાં. જે ખાદ્યવસ્તુ તથા પીણાં અશુદ્ધ હોય તે ક્યારેય ગ્રહણ ન કરવાં.' (સ.દી. 30)

આપણે પણ ખાદ્ય અને પેયપદાર્થોને શુદ્ધિપૂર્વક વાપરવાની ટેવ પાડી સ્વસ્થ જીવન જીવીએ.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 31 જુલાઇ, 2025 | શ્રાવણ સુદ સાતમ | વિક્રમ સંવત 2081 08

પરમાત્માનિર્દિષ્ટ વિવેકમાર્ગે ચાલો ત્યારે યથાર્થ પ્રગતિ થાય

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા





જ્યારે પણ પરમાત્મા દ્વારા પ્રદર્શિત વિવેકના માર્ગે માનવી ચાલે છે, ત્યારે તેની યથાર્થ પ્રગતિ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ આત્માનું અવિનાશપણું આત્માનું સ્વરૂપ સખા અર્જુનની સમક્ષ પ્રગટ કરી રહ્યા છે.

એ જન્મતો નથી, એ મરતો નથી. જેવી રીતે સૂર્યનો ઉદય નથી થતો, અસ્ત થતો નથી. તેવી રીતે ન આત્માનો જન્મ થાય છે, ન આત્માનું મૃત્યુ થાય છે. માત્ર આત્મા છે. એક અસ્તિત્વ માત્ર છે. તેને ભગવાન બીજી રીતે સમજાવે છે. ભગવાન શ્રીકૃષ્ણને અનેક તર્ક આપે છે, પણ તર્ક એવી રીતે કરવા જોઇએ કે શાસ્ત્રનો નિષેધ ન થાય અને શાસ્ત્રો એવી રીતે સાંભળવા જોઇએ કે તર્કનો નિષેધ ન થાય.

તર્કમાં તમે શાસ્ત્રને જ ખોટા માની લો તો આપણા તર્કમાં ખામી છે. સંશય કરવાનો સૌને અધિકાર છે. સંશય કોઇ ગલત ચીજ નહીં હૈ, પણ સંશય થાય પછી એને રાખી ન મૂકાય, યે ગલત હૈ. સંશય જો માણસ રાખી મૂકે તો પછી 'સંશયાત્મા વિનશ્યતિ'. દરેક સંશય સમાધાન માટે લાલાયિત હોવો જોઈએ.

જિસ સંશય મેં સમાધાન કી પ્યાસ નહીં હોતી, વહ સંશય ધીરે ધીરે સિદ્ધાંત કા રૂપ લે લેતા હૈ ઔર સંશય કો સિદ્ધાંત સમજને કી ભૂલ મત કરના, વરના જીવન નષ્ટ હોગા. સંશય તો રામાયણમાં યાજ્ઞવલ્કય સમક્ષ ભરદ્વાજે કર્યો હતો.

નાથ એક સંસઉ બડ મોરેં
કરગત બેદ તત્વ સબુ તોરેં॥
(બાલકાંડ 44/7)

જિનકે પાસ બુદ્ધિ હૈ ઔર જો લોગ બુદ્ધિ કા ગલત ઉપયોગ કરતે હૈ, તો સંશય હોના સ્વાભાવિક હૈ, પણ સંશયને રાખી નહીં મૂકવાનો. સંશય શાસ્ત્રો સમજવામાં તમારી મદદ કરે. તુમ્હારી યાત્રા કો ઔર આગે લે જાય. યદિ યહ સંશય તુમ્હારી યાત્રા કો આગે બઢાને મેં મદદ નહીં કરતા, બલ્કિ તુમ્હારી યાત્રા હી જિસકે દ્વારા સ્થિર હો જાય, રુક જાય, તો યહ સંશય તુમ્હારા મિત્ર બનકર નહીં આયા. તુમ્હારા દુશ્મન બનકર આયા હૈ, ઐસા સમજના. સંશય હો લેકિન વહ દુશ્મન નહીં, મિત્ર બનકર આયે. જો હમારી સહાયતા કરે. માટે સંશય થાય તો કોઇ સંતની આગળ એને પ્રગટ કરી દેવો.

ભરદ્વાજ નિવેદન કરતે હૈં, યાજ્ઞવલ્કય સે, 'મહારાજ! અપના સંશય મૈં આપ કે આગે નિવેદન કર રહા હૂઁ, લેકિન ઉસ વકત ભય ઔર લાજ દોનોં કા અનુભવ હો રહા હૈ. ભય ઈસલિયે કહીં આપ કે મન મેં ઐસા ન હો જાય કિ મૈં આપકી પરીક્ષા કરને કે લિયે યહ પ્રશ્ન પૂછ રહા હૂઁ ઔર લજ્જા ઈસલિયે કિ મેરે પ્રશ્ન કો સુનકર શાયદ આપ યહ સોચે, ઈતને વર્ષોં સે પ્રયાગ મેં રહકર જો તપસ્યા કર રહા હૈ, ઉસ ભારદ્વાજ કે મન મેં ભી ઈતના સાધારણ પ્રશ્ન ઉઠ સકતા હૈ? ક્યોંકિ પ્રશ્ન કિન સે પૂછને જા રહે હૈ? 'રામુ કવન પ્રભુ પૂછઉ તોહી।' રામ કૌન હૈ? ભારદ્વાજ જેવા ઋષિને ખબર ન હોય કોણ છે? મૈં લજ્જા કા અનુભવ કર રહા હૂઁ લેકિન મૈં યહ ભી સમજતા હૂઁ કિ, 'જો ન કહઉ બડ હોઈ અકાજા।'(બાલકાંડ 44/8)

શ્રોતાઓં કો સંશય કરને કા અધિકાર હૈ. વાસ્તવ મેં શ્રોતાઓ સંતોષ માન લે. શિષ્ય સે, અનુયાયીઓં સે સંશય કરને કા અધિકાર છીન લિયા હૈ તબ લેતે રહોગે, કુછ સુખ, કુછ શાંતિ મિલેગી, વહ મજદૂરી હૈ. ઢોને કી મજદૂરી, ઈશ્વર કો ઢોઓગે, જબ તક ઈશ્વર બના હુઆ હૈ. આ શાસ્ત્રો તો વહેતી ગંગા છે. રામકથા મંદાકિની, ભાગવત ભાગીરથી. હમેં તો સાધક બનના હૈ. જબ કી ઈશ્વર એક અનુભૂતિ કા નામ હૈ, જબ તક ઈશ્વર માન્યતા હૈ, તબ તક ઈશ્વર બોજ બનકર હમારે કાંધે પે ચડા હુઆ હૈ સમજ લો.

સાધના ઈસલિયે શાંતિ નહીં દેતી, આનંદ નહીં દેતી, પ્રસન્નતા સે ભર નહીં દેતી. લોકો પૂજા કરે છે તે જાણે કપડાં ધોતાં હોય એમ. એમ પૂજા થાય? જેમ બીજા કામો થાય તેમ પૂજા થાય? કોઈ ફરક નહીં? જબ તક ઈશ્વર હમારે લિયે માન્યતા બના હુઆ હૈ ઔર નાસ્તિકતા ઔર આસ્તિકતા. જ્યાદાતર દોનોં માન્યતા લોગો મેં હૈ, જો કહતા હૈ મૈં આસ્તિક હૂઁ યહ ભી એક માન્યતા હૈં ક્યોંકિ માનને કે બાદ ઉસને જાનને કા પ્રયત્ન નહીં કિયા, જાનને કા મતલબ અનુભૂતિ કી ઓર અગ્રેસર નહીં હુઆ તો ઈસ કે લિયે ઈશ્વર બોજ બન જાયેગા, ઢોતા રહેગા વહ, લેકિન ઉસે આનંદ નહીં મિલેગા.

જો યહ કહતા હૈ કિ, 'મૈં નાસ્તિક હૂઁ, મૈં નહીં માનતા ઈશ્વર હૈ,' વહ ભી માન્યતા હૈ. અનુભૂતિ નહીં હૈ જબ અપની આસ્તિકતા કો કેવલ માન્યતા ન રખતે હુએ અનુભૂતિ કી ઓર આગે બઢેગા તો દોનોં જહાં પહુઁચેંગે વહ સ્થાન એક હી હોગા.

શંકરાચાર્ય કહેંગે યા પૂર્ણ હો જાઓ, યા શૂન્ય હો જાઓ. હોના ક્યા હૈ? બોલે નિર્વાણ કો ઉપલબ્ધ હોના. આચાર્ય શંકર કો પૂછીએ. પૂર્ણ હોને સે આપ કા ક્યા મતલબ હૈ? પૂર્ણ હોને કા મતલબ હૈ બ્રહ્મ હો જાના ઔર બ્રહ્મ હોને કે લિયે ક્યા કરના પડેગા? બ્રહ્મ કો જાનના પડેગા, કેવલ બ્રહ્મ કો માનને સે બાત નહીં ચલેગી. બ્રહ્મ કો જાનના પડેગા. શ્રુતિમાં કહેવાય છે બ્રહ્મને જાણનારો બ્રહ્મરૂપ થાય છે. જ્ઞાતા અપને જ્ઞેય સે જબ અભિન્ન હો જાતા હૈ, તબ જ્ઞાતા નહીં રહતા, જ્ઞાતા સ્વતંત્ર જ્ઞાન હો જાતા હૈ.

ઈસલિયે જ્ઞાની બનને કે બાદ એક કદમ ઔર આગે બઢના હોતા હૈ. બોલે યે ક્યા હૈ? જ્ઞાની બનને કે બાદ જ્ઞાનરૂપ હો જાઓ. યા તો મૈં કો ઈસ પ્રકાર મિટા દો કે કેવલ પરમાત્મા હી બચે. યા તો 'મૈં' કો ઈસ પ્રકાર ફૈલા દો કિ કોઇ દૂસરા બચે હી નહીં. દોનોં પ્રકાર સે અદ્વૈત સિદ્ધ હોતા હૈ. ભક્તિમાર્ગ પર ચલનેવાલે વ્યક્તિ અપને મૈં કો મિટા દેતે હૈ. ઉનકે લિયે કેવલ પરમાત્મા હી બચતે હૈ.

જબ મૈં થા તો પ્રભુ નહીં, અબ મૈં હૂં તો પ્રભુ નહીં.
પ્રેમ ગલી અતિ સાંકરી તામે દો ન સમાઈ॥

રાજસત્તા, આત્મસત્તા; ધર્મસત્તા : ત્રણેયને માન્ય!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આજે આપણે એવા વિષય ઉપર ચર્ચા કરવાના છીએ, જેનો સ્વીકાર આખા વિશ્વમાં થાય છે, દરેક ધર્મમાં થાય છે, દરેક મનુષ્યના હૃદયમાં થાય છે! એક એવો સિદ્ધાંત જે સનાતન છે, શાશ્વત છે. એવી નીતિ જે જેને અપનાવનાર સન્મનુષ્ય કહેવાય છે અને સન્નાગરિક પણ કહેવાય છે. એવો નિયમ, જે રાજસત્તા, આત્મસત્તા અને ધર્મસત્તા – ત્રણેયને માન્ય છે!

એક સનાતન હિન્દુ શાસ્ત્ર જેનું સર્જન આધુનિક યુગમાં – 21મી સદીમાં થયું છે. જેના દ્વારા સંસ્કૃત શાસ્ત્રરચનાની ભારતીય પરંપરા જળવાઈ રહી છે! જે વર્તમાન વિશ્વની આચારસંહિતાનો દરજ્જો પ્રાપ્ત કરી શકે તેમ છે. એ શાસ્ત્રનું નામ છે 'સત્સંગદીક્ષા.' મહંત સ્વામી મહારાજ સ્વયં 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં લખે છે :

चौर्यं न कर्हिचित् कार्यं सत्सङ्गमाश्रितैर्जनैः।
धर्मार्थमपि नो कार्यं चोरकार्यं तु कर्हिचित्॥३१॥

'સત્સંગીઓએ ચોરી ક્યારેય ન કરવી. ધર્મને અર્થે પણ ચોરી ક્યારેય ન કરવી.' (સ.દી.31) અહીં 'સત્સંગી' શબ્દનો 'સજ્જન' એવો અર્થ સમજવો – એક સજ્જન હોય એ જ આધ્યાત્મિકતા તરફ વળે છે ને!

વિષય છે – 'ચોરી ક્યારેય ન કરવી.' જાણીને આશ્ચર્ય થશે કે આ વિષયની સર્વસ્વીકૃતિનો ખ્યાલ ત્યારે આવ્યો, જ્યારે એનું સંશોધન કરવામાં આવ્યું. ધર્મોના પ્રમુખ ધર્મગ્રંથોનાં પાનાં ઉથલાવતાં સંદર્ભ સાંપડ્યા, જે નીચે મુજબ છે :

- શ્રીમદ્ભાગવત માં 11મા સ્કંધના 17મા અધ્યાયના શ્લોક 21માં લખાયું છે : 'અહિંસા, સત્યતા, અ-ચોરી, અલોભ, ક્રોધની ગેરહાજરી, ખોટી કામનાનો ત્યાગ, સર્વ જીવોના કલ્યાણની ચિંતા – આ જનસામાન્યના ધર્મનો સાર છે.'
- શીખ ધર્મના ધર્મગ્રંથ 'ગુરુ ગ્રંથ સાહેબ'માં અંગ 268માં સમજાવવામાં આવ્યું છે, 'એ હાથ ખોટા છે, જે બીજાની સંપત્તિની ચોરી કરે છે.' અને અંગ 1361માં કહ્યું છે, 'જેઓ બીજાની સંપત્તિની ચોરી કરે છે - તેમનો અપરાધ કેવી રીતે છુપાવી શકાય?' ચોરી કરવી એ શીખ ધર્મમાં પણ અપરાધ ગણાય છે.
- ઈસ્લામના 'કુરાન'ના 4થી સુરાહની 29મી આયાતમાં એવી આજ્ઞા કરવામાં આવી છે, 'હે અલ્લાહમાં માનનારાઓ! બીજાની સંપત્તિ ખોટી રીતે ઉઠાવી ન લો...' અર્થાત્ ચોરી ન કરવી, એ અલ્લાહમાં માનનારાઓની વિશેષ ફરજ છે.
- ખ્રિસ્તી ધર્મના ગ્રંથ 'બાઈબલ'માં પણ એક્ઝોડસ 20/15 અને ડ્યુટરોનોમી 5/19માં, બંને જગ્યાએ સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે, 'તમે ચોરી કરશો નહીં.' જે ખરા ખ્રિસ્તી હોય, એ ચોરી કરે જ નહીં.
- બુદ્ધ ધર્મમાં પાંચ મુખ્ય નિયમો જે 'પંચશીલ' તરીકે ઓળખાય છે. તેના બીજા જ શીલમાં વાત કરવામાં આવી છે : 'જે આપવામાં આવ્યું નથી તે ન લો...' અનીતિથી કશું જ ભેગું ન કરાય – ચોરી, લૂંટફાટ, છેતરપિંડી ન કરાય.
- યહૂદીઓના ગ્રંથ 'ટોરાહ'માં લેવિટીક્સ 19/13માં સ્પષ્ટ લખાયું છે : 'તમે ચોરી કરશો નહીં અને ખોટી રીતે વ્યવહાર કરશો નહીં.'

આ તો વાત થઈ માત્ર ધર્મસત્તાની. જોવાની ખૂબી એ છે કે એક નાગરિક પાસેથી પણ વિશ્વની તમામ રાજસત્તાઓ ચોરી ન કરવાની જ અપેક્ષા રાખે છે :

- ભારતીય સંવિધાન મુજબ 'ઇન્ડિયન પીનલ કોડ'ની કલમ 378 પ્રમાણે ચોરી કરવી એ સજાપાત્ર ગુનો છે.
- અમેરિકામાં ઘણા રાજ્યોની ફોજદારી સંહિતા પ્રમાણે, ચોરી કે ઘરફોડ કરી તસ્કરીના માર્ગે ચાલવું એ ગુનો છે.
- એ જ રીતે, રશિયન ફેડરેશનના 'ક્રિમિનલ કોડ'ની કલમ 158 અને 161 પણ 'ચોરી'ને સજાપાત્ર કુકર્મ ગણાવાયું છે.
- કેનેડાની 'ફોજદારી સંહિતા'માં કલમ 322 અને 348 પણ ચૌર કાર્યને નોંધપાત્ર દોષ તરીકે વર્ણવાયું છે.
- ઓસ્ટ્રેલિયાના 'ક્રિમિનલ કોડ એક્ટ'ની કલમ 134 અનુસાર ચોરી કરવી અપરાધ છે.
- યુ.કે.માં થેફ્ટ એક્ટ 1968 પ્રમાણે કલમ 1 હેઠળ ચોરી કરનારને મોટી સજા થઈ શકે છે.
- સંયુક્ત આરબ અમીરાતના પીનલ કોડની કલમ 404 (અથવા 1987નો ફેડરલ લો ક્ર. 3) કહે છે : 'જે ચોરી કરે, તે ત્રણ વર્ષથી વધુની જેલ અને દસ હજાર દિરહામથી વધુ ન હોય, તેવા દંડને પાત્ર છે.'
- ચીન જેવા સામ્યવાદી દેશમાં પણ ચોરી તો ગુનો જ ગણાય છે – પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના ફોજદારી કાયદાની કલમ 254 અને 265 હેઠળ!

આપણું વલણ કેવું?

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

ઉર્દૂ ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર જિગર મુરાદાબાદી. એક વાર મિત્ર સાથે તેમને ક્યાંક જવું હતું. ગંતવ્ય સ્થાને જવા માટે તેઓ એક ઘોડાગાડીમાં બેઠા. જેવા તેઓ ઘોડાગાડીમાં બેઠા, ત્યાં ઘોડાગાડીમાં પહેલેથી જ બેઠેલા એક મુસાફરે જિગરને જોઈ શરમથી મસ્તક ઝૂકાવી દીધું. આ જોઈ મિત્રને અનુભવાયું કે કંઈક ગરબડ છે!

ઘોડાગાડીમાંથી ઊતર્યા પછી મિત્રએ નિખાલસતાથી જિગરને પૂછી લીધું કે, 'ઘોડાગાડીમાં બેઠેલો પેલો ભાઈ કેમ તમારાથી શરમાતો હતો? કેમ તે તમારી આંખ સાથે આંખ મિલાવવાની હિંમત કરી શકતો ન હતો?'

'થોડા દિવસો પૂર્વે એ યુવાન મારા ખિસ્સામાંથી પાકીટની ચોરી કરતાં પકડાયો હતો. બસ, એ શરમનાં કારણે એની મારી સામે જોવાની હિંમત નથી.'

'પહેલા કહેવું હતું ને! એને મારી-મારીને સીધો કરત... જિંદગીમાં બીજી વાર ક્યારેય ચોરી કરવાનું નામ જ ન લેત!'

હસતાં હસતાં જિગર બોલ્યા, 'તારો દૃષ્ટિકોણ અલગ છે અને મારો થોડો અલગ છે. તું એને 'ચોર' તરીકે જુએ છે અને હું એને ચોરી કર્યા પછી પણ 'લજ્જા ગુણના ધારક' તરીકે જોઉં છું... એને થોડીઘણી પણ શરમ તો છે ને. કોઈ માણસથી ક્યારેક ભૂલ થાય, પણ ત્યારે તેને જાહેરમાં બદનામ કરવાથી ક્યારેક તે આત્મહત્યા પણ કરી શકે અને આપણે સકારાત્મક વલણ રાખીએ, તો તેને સુધરવાનો અવસર પણ મળી શકે.'

પરમ ગતિની પ્રાપ્તિ માટે ગુરુનિર્દિષ્ટ માર્ગ અપનાવવો

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

યોગ એવી કલા છે જે જીવનમાં સુસંવાદ પેદા કરે છે અને એ હોય ત્યારે જ તમારું શરીર, મન, વ્યવહાર, પરમાર્થ સિદ્ધ થશે. એથી ગીતા ફક્ત પારમાર્થિક સાફલ્યને માટે, પારમાર્થિક સિદ્ધિને માટે જ માર્ગદર્શક છે એવી વાત નથી; વ્યવહારમાં પણ જો તમે સફળતા મેળવવા માગતા હો તો ગીતા માર્ગદર્શક છે. જો કોઇ વ્યક્તિ એવું સમજતી હોય, કે ભાગવત ફક્ત મોક્ષની જ વાત કરે છે, તો એ ખોટું સમજે છે. પરમ પ્રાપ્તિ માટે અનેક માર્ગો છે. તેમાં એક મધ્યમ માર્ગ પણ છે. ભગવાન બુદ્ધનો માર્ગ મધ્યમ માર્ગ છે. બુદ્ધનું તત્ત્વજ્ઞાન મધ્યમ માર્ગ પર આધારિત છે. અતિશયતાને છોડી દો. બુદ્ધનાં જીવનની એક કથા છે.

એક વાર ભગવાન બુદ્ધે ખૂબ ઉપવાસ કર્યા. શરીર ઘણું નબળું પડી ગયું. તેઓ પોતાના ભિક્ષુઓની સાથે યાત્રા કરી રહ્યા હતા. એક નદીને પાર કરીને જવાનું હતું. નદી બહુ ઊંડી ન હતી, પણ તે પાર કરવામાં બુદ્ધને શરીરની નબળાઇને કારણે ઘણી તકલીફ થઇ. આનંદનો ખભો પકડવો પડ્યો. જેમતેમ બુદ્ધ નદી તો પાર કરી ગયા. બીજા કિનારે જતાં જ બુદ્ધે સૌથી પહેલાં એક કામ કર્યું. આનંદને કહ્યું, 'આનંદ..' આનંદે કહ્યું, 'જી ભગવાન.' 'કંઇક ખાવાનું આપ.' ભગવાન બુદ્ધે પહેલું કામ ઉપવાસ તોડવાનું કર્યું. તેમણે વિચાર્યું કે શરીર એટલું કમજોર થઇ ગયું છે કે આ શરીરથી હું નદી પણ પાર કરી શકતો નથી, તો આ ભવસાગરને કેવી રીતે પાર કરી શકીશ?

બુદ્ધની ફિલસૂફી મધ્યમ માર્ગ ઉપર આધારિત છે. એટલા માટે તો શ્રોણ જ્યારે શિષ્ય બનીને આવ્યો, ત્યારે બુદ્ધે શ્રોણને ટોકવો પડ્યો. શ્રોણ રાજકુમાર હતો. સ્વાભાવિક રીતે જ રાજકુમારોની માફક શ્રોણનું જીવન પણ વિલાસપૂર્ણ હતું. તેણે એક દિવસ તથાગતનાં દર્શન કર્યાં. ભગવાન બુદ્ધની વાણી સાંભળી, ત્યારે શ્રોણને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એ બધું છોડીને ભિક્ષુ બની ગયો.



એ ભિક્ષુ બની ગયો. પણ બીજી જબરદસ્તી તે પોતાની જાત સાથે કરવા લાગ્યો. બીજા બધા ભિક્ષુઓ ઉઘાડે પગે હતા, પણ તેઓ સીધા રસ્તે ચાલતા હતા. શ્રોણ પણ ઉઘાડા પગે ચાલતો હતો, પણ કાંટામાં ચાલતો હતો. બીજા ભિક્ષુઓ એક ટંક ભોજન કરતા, તો એ ઉપવાસ કરતો. એ પોતાનાં શરીરને બહુ કષ્ટ આપવા લાગ્યો.

એનું શરીર ધીમે ધીમે સુકાવા લાગ્યું. બીજા લોકો એની પ્રશંસા કરવા લાગ્યા. આવી વાતમાં પ્રશંસા ઘણી થતી હોય છે. 'વાહ! કેવી આકરી તપસ્યા છે!' અને લોકો ખૂબ પ્રશંસા કરવા લાગે છે, ત્યારે તપસ્યા પણ લોકોને બતાવવા માટે થવા લાગે છે; આત્મવિકાસ માટે નહીં. ભગવાનને પ્રસન્ન કરવા માટે નહીં.

આ દેખાવમાત્રથી ધીરે ધીરે પાખંડનો જન્મ થાય છે. જે માણસ સત્યને પામવા માગે છે, એની સાધના સમાજને માટે પ્રદર્શનનો હેતુ બનતી નથી. સાધના દેખાડો ન બની જવી જોઈએ. એ તો આત્મવિકાસનું સાધન છે.

બધા લોકો શ્રોણની પ્રશંસા કરવા લાગ્યા, પણ આ વાત સાંભળીને બુદ્ધને શ્રોણની ચિંતા થઇ. ભગવાને વિચાર્યું કે શ્રોણ પોતાનાં શરીર ઉપર જબરદસ્તી કરી રહ્યો છે. ગીતામાં ભગવાન કૃષ્ણે પણ આ જ વાત કહી છે. આ જડતા છે. ભગવાન બુદ્ધે શ્રોણને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે, 'શ્રોણ, મેં સાંભળ્યું છે કે તું ઘણી કઠણ તપસ્યા કરી રહ્યો છે, તારા શરીરને ઘણું કષ્ટ આપી રહ્યો છે, કાંટા ઉપર ચાલે છે, ઉપવાસ કરે છે. રાત્રે સૂતો નથી. ભૂમિ ઉપર શયન કરે છે.' ત્યારે શ્રોણે કહ્યું કે, 'ભગવાન, આ શરીર રાજકુમારનું છે અને મહેલોમાં સુખ-સગવડો વચ્ચે મોટું થયું છે. એને સુખ–સગવડોની ટેવ પડી ગઇ છે. હું એને એ ટેવ છોડાવવાની કોશિશ કરી રહ્યો છું. એને થોડુંક પલોટી રહ્યો છું.'

બુદ્ધ હસ્યા. કરુણાપૂર્ણ નજરે શ્રોણને જોઇને બોલ્યા, 'ઠીક છે શ્રોણ, આગળની વાત પછી કરીશું; પણ તું મને એક વાત કર. તું વીણા બહુ સરસ વગાડે છે. મેં સાંભળ્યું છે કે જ્યારે તું વીણા વગાડતો, ત્યારે લોકો સાંભળવા માટે ઊભા રહી જતા હતા. રોકાઇ જતા હતા. તારી વીણામાં જાદુ હતો.' શ્રોણ કહે, 'ભગવાન, જ્યારથી ભિક્ષુ થઇ ગયો છું, ત્યારથી એ બધું છોડી દીધું છે.'

'સારું શ્રોણ, એ કહે કે, જ્યારે તું વીણા વગાડતો હતો, ત્યારે વીણાના તારને કેવી રીતે બાંધતો હતો? તારી વીણામાં શો જાદુ હતો? તું તાર કેવી રીતે બાંધતો હતો? બરાબર કસીને?' તેણે કહ્યું, 'ના, ગુરુદેવ, બહુ કસીને નહીં.' 'તો તું એ ઢીલા રાખતો હતો?' શ્રોણે કહ્યું, 'ના ગુરુજી, ઢીલા પણ ન રાખતો.' 'તો પછી તું એ કઇ રીતે બાંધતો હતો?'

શ્રોણે કહ્યું કે, 'ભન્તે, એ કહેવું તો અઘરું છે; પણ હું એવી રીતે બાંધતો કે તે અતિ ઢીલા નહીં, અતિ કસીને પણ નહીં. તેમાંથી સૂર પેદા થાય. એવી સ્થિતિમાં તારને લાવીને હું રાખતો હતો.' બુદ્ધ બોલ્યા, 'ભાઇ શ્રોણ, એ વાત અહીં પણ લાગુ પડે છે. ત્યારે તું રાજકુમાર હતો તે વખતે તો તે તારી જીવનવીણાના તારને એકદમ ઢીલા મૂકી દીધા હતા; અને હવે ત્યારે તું ભિક્ષુ બની ગયો છે, ત્યારે તેં તારા જીવનવીણાના તારને એટલા બધા કસીને બાંધ્યા છે કે તેમાંથી સૂર ન નીકળે. વત્સ, બંને પરિસ્થિતિમાં સૂર પેદા થતા નથી. તું તારી જીવત એવી રીતે બાંધ કે જ્યાંથી તારાં જીવનમાં સૂર પેદા થાય. શ્રોણ, મારી બધી અવધારણા મધ્યમ માર્ગીય છે.' ગીતાનો યોગ પણ આ જ છે. અતિનું નિવારણ. અતિ નહીં. ગુજરાતીમાં કહેવત છે કે, 'અતિની ગતિ નહીં.'

અતિ ભલો ન બરસનો, અતિ ભલી ન ધૂપ,
અતિ ભલો ન બોલનો, અતિ ભલી ન ચૂપ.

આ રીતે પરમ ગતિની પ્રાપ્તિ માટે ગુરુનિર્દિષ્ટ માર્ગ અપનાવવો સૌ માટે ઈચ્છનીય છે.

...તે એક સિવાય બધાની લાકડી લાંબી હતી!

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક રાજાના રાજગૃહમાં 16 દરબારીઓ હતા અને રાજ્યની સમૃદ્ધિ હતી, લાખો રૂપિયાની. રાજાએ રાજમહેલમાં એક ગુપ્ત ખજાનો રાખ્યો હતો, જેની જાણ માત્ર રાજાને અને તેના મુખ્ય દરબારીઓને જ હતી. છતાં એક વાર થયું એવું કે એ ખજાનામાંથી મોટી ચોરી થઈ! રાજા સહિત સૌને આશ્ચર્ય થયું કે આ ગુપ્ત ખજાનાની કોઈને ખબર નહોતી, તો ચોરી થઈ કઈ રીતે?

રાજાને વિચાર આવ્યો, દરબારીઓમાંથી જ કોઇએ ચોરી કરી છે, પણ કોણે ચોરી કરી છે, એ ખબર કેવી રીતે પડે? રાજાએ બધા જ દરબારીઓને છ ફૂટનો એક લાકડી આપી અને કહ્યું, 'આ લાકડી જાદુઈ છે. જેણે ચોરી કરી હશે, તેની લાકડી આવતી કાલે પાંચ આંગળ વધી જશે...'

બધા બીજા દિવસની સવારની રાહ જોવા માંડ્યા. થયું એવું કે જેણે આ ખજાનામાંથી ચોરી કરેલી, એનું મન હવે ચગડોળે ચડ્યું. 'ખરેખર મારી લાકડી વધી જશે તો? મેં ચોરી કરી છે એવી બધાને ખબર પડી જશે તો?' આ વિચારમાં તે રાત્રે જાગતો હતો, 'જો મારી લાકડી પાંચ આંગળ વધી ગઈ, તો મરી ગયા... એના કરતાં એક કામ કરું, મારી લાકડી પાંચ આંગળ કાપી નાખું. પછી લાકડી વધશે, તો પણ કોઈને ખબર નહીં પડે.' આમ તે પોતાની લાકડી કાપીને સૂઈ ગયો!

બીજા દિવસે સવારે રાજાના દરબારમાં કચેરી ભરાઈ. બધા પોતપોતાની લાકડી લઈ આવ્યા. જેણે ચોરી કરી હતી, તે એક સિવાય બધાની લાકડી લાંબી હતી! 'આટલા બધાએ ચોરી કરી હશે?' રાજાએ કહ્યું, 'ચોર પકડાઈ ગયો છે.' કહી જેની લાકડી ટૂંકી હતી એને રાજાએ બંદી બનાવ્યો, 'મેં કોઈ જાદુ કર્યો નહોતો. પણ તારા મનમાં ડર હતો કે 'મારી લાકડી વધી જશે.' એટલે તેં લાકડી કાપી. હવે સડ જેલમાં...'

'ચોરી' જ એવી છે, કે જેણે કરી હોય તેના મન-હૃદયમાં ક્યારેય શાંતિ થવા જ ન દે. ચોરી કરીને વ્યક્તિ કદાચ કોઈ બેંકને, દેશને, પરિવારને; વિદ્યાર્થી ચોરી કરે તો શિક્ષકને; કર્મચારી હોય તો બૉસને કે કંપનીને – બધાને છેતરીને શકે, પરંતુ પોતાના અંતરાત્માથી એ દુષ્કૃત્ય ક્યારેય છુપાવી નહીં શકે. અનીતિનું કશું પણ ભેગું કરનાર વ્યક્તિ અશાંતિનો શિકાર બની જાય એ નિઃશંક સત્ય છે.

તેથી જ મહંત સ્વામી મહારાજ 'સત્સંગદીક્ષા' શાસ્ત્રમાં લખે છે:

चौर्यं न कर्हिचित् कार्यं। धर्मार्थमपि नो कार्यं चोरकार्यं तु कर्हिचित्॥३१॥

'ચોરી ક્યારેય ન કરવી. ધર્મને અર્થે પણ ચોરી ક્યારેય ન કરવી.' (સ.દી. 31)

કેટલો ટૂંકો, પરંતુ કેટલો સચોટ ઉપદેશ! ઘણી વાર અનીતિથી, લાંચ-રૂશ્વતથી કે કૂટપદ્ધતિથી પડાવેલાં પૈસા-માલ-મિલકત ભેગાં કરનારાં લોકો વિચારતા હોય છે કે, 'ભલે હું ખોટી રીતે એકઠું કરું છું, પણ એમાંથી હું ગરીબોને દાન કરું છું, મંદિરોમાં દાન આપું છું, જરૂરિયાતમંદ બાળકો ભણી શકે તે માટે વિદ્યાદાન કરું છું, હોસ્પિટલો-પરબો બંધાવીને મારી સંપત્તિનો સન્માર્ગે ઉપયોગ કરું છું – એટલે મારાથી કશું ખોટું થતું જ નથી...' આવું વિચારનારાં-આચરનારાંને પ્રશ્ન પૂછવો જોઈએ, 'એકના મોંઢામાંથી કોળિયો ઝૂંટવી લઈને બીજાને ખવડાવવું, એ સત્કર્મ કહેવાય? કોઈકને ઢોરમાર મારીને પછી મલમ લગાવવો, એ સત્કાર્ય કહેવાય? હંમેશાં કુકર્મ કરતા રહીને વર્ષે એક વાર ગંગામાં નહાવા જવું, એ સુકૃત કહેવાય?'

પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા, 'ચોરીમાં ક્યારેય કોઈ ફાયદો નથી. મહેનત કરવી અને ભગવાન આપે એ પ્રમાણે નિર્વાહ કરવો. ખોટું ન કરવું. ભણવામાં ચોરી ન કરવી, નોકરીમાં સાચું કરવું, ધંધામાં સાચું કરવું. પૈસાની મહત્તા નથી, સત્યની મહત્તા છે, ધર્મની મહત્તા છે..' આપણે પણ અસ્તેય-અચૌર્યના માર્ગે પ્રશસ્ત થઈએ...

ભગવાન-ગુરુજનોનાં માર્ગદર્શનથી ન્યાયના પંથે આગળ વધીએ

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા





યુદ્ધભૂમિમાં અર્જુનના સારથિ બનેલા શ્રીકૃષ્ણને અકર્મણ્યતા પસંદ નથી. શ્રીકૃષ્ણને સાથે રહેલા ધનુર્ધારી પાર્થએ કહ્યું કે, 'હે અચ્યુત! મારા રથને બંને સેના વચ્ચે લઈ જઈને ઊભો કરો.' આ આજ્ઞાર્થ છે, આ રિક્વેસ્ટ નથી. સામે કૃષ્ણ છે, ન્યાયપૂર્વક ધર્મના માર્ગે ચાલતાં, પુરુષાર્થ કરનારો માણસ હોય તેને અનીતિનું ખપે નહીં. આ રીતનો પુરુષાર્થ કરવાવાળો માણસ ભગવાનને પ્રાર્થના કદાચ ન કરે અને આજ્ઞા કરે તો પણ ભગવાન રાજી થાય.

ભગવાન રાજી થયા અને બંને સેના વચ્ચે ઊભો રાખ્યો અને જ્યાં અર્જુને નજર કરી, તો પડ્યો માંદો! મોહ એ મોટો મંદવાડ છે. સામા પક્ષમાં આચાર્ય, ભાઈઓ બધાને જોઈને, 'હું નહીં લડું' કહી અર્જુન બેસી ગયો. પછી શ્રીકૃષ્ણ અર્જુન ઉપર કઠોર બન્યા. તેઓ અત્યાર સુધી અર્જુનની અદાઓ, તત્પરતાને જોઈને, રાજી પ્રસન્ન હતા, પરંતુ તેમણે કહ્યું -

ક્લેવ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્વય્યુપપદ્યતે।
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યું ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ॥

ગુસ્સો ક્યારે કરાય? કેવી રીતે કરાય? એ વાત શીખવા જેવી છે. ગુસ્સો એવી રીતે ન કરો કે સામેવાળાને ઉતારી પાડો. કઠોર શબ્દોથી શ્રીકૃષ્ણે અર્જુનને ઉતારી નથી પાડ્યો. 'ક્લૈબ્ય મા સ્મ ગમઃ પાર્થ' 'તું નપુંસક ન બન! આ કાયરતા તને શોભતી નથી.' ત્યાં પાછું આવ્યું 'પરંતપતું કોણ છે તે વિચાર તો કર! તને આ શોભે છે? આ મોહથી તારું હૃદય દુર્બળ થઈ ગયું છે. હૃદયની આ દુર્બળતા છોડ અને ઊભો થા!' ઘણા ગુસ્સો કરે તો સામેવાળાને બેસાડી દેવા માટે કરે. કૃષ્ણનો ગુસ્સો બેઠેલાને ઊભો કરવા માટે છે.

આટલા ઉત્સાહથી આવ્યા છે. એને કંઈક કરવું છે, તો એનું માર્ગદર્શન કરો. કૃષ્ણે માર્ગદર્શન કર્યું, 'કરવાનું તારે જ છે. કેવી રીતે કરવાનું છે એનું થોડુંક માર્ગદર્શન આપું. આ તારું જ કામ છે. આ યુદ્ધ તારું જ છે. તારે લડવાનું છે, હું નહીં લડું, પણ શું કામ લડવાનું, કેવી રીતે લડવાનું છે તે હું તને શીખવાડું છું.'

વડીલોએ આ જ કામ કરવાનું છે. આને જ લીડરશિપ કહેવાય. પછી તમારા ઘરમાં હોય કે કંપનીમાં હોય. લીડરશિપ આ જ છે. પોલિટિક્સ કોને કહેવાય? એમાં જે પહેલા નંબરની ખુરશી પર બેઠો હોય તે હંમેશાં સાવધાન રહે છે. ધ્યાન રાખે કે બીજા, ત્રીજા અને ચોથા નંબરની ખુરશી ખાલી જ રહેવી જોઈએ. એમાં કોઈ આવીને ન બેસવું જોઈએ. નજીકનો માણસ હોય તે પાંચમા નંબરની ખુરશી પર બેસે. બીજો, ત્રીજો અને ચોથો નંબર ખાલી જ રહેવો જોઈએ, કારણ કે જો કોઈ પાંચ નંબરથી નજીક આવ્યો, તો પહેલા નંબરને તેમાં પોતાની ખુરશી ડગમગતી લાગે, સત્તા હલબલતી લાગે છે.

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણનું નેતૃત્વ એવું છે જે બીજાને નેતૃત્વ શીખવે છે. આપણે ત્યાં બધી જ રાજકીય પાર્ટીઓની યુવા પાંખો હોય છે. ઘણી યુનિવર્સિટીઓની વિદ્યાર્થી પાંખ હોય છે. લીડરશિપના પાઠ ભણે તે સારું છે, પણ ક્યારેક જે રીતનું થાય છે, તે જોઈને દુઃખ થાય છે, તે યુવાનોનો વાંક નથી. હું હંમેશાં કહું છું કે, યુથ ઈઝ નોટ લેસ, યુથ ઈઝ યુઝ્ડ લેસ.' નકામા નથી, એનો ઉપયોગ જેવી રીતે કરવો જોઈએ એ રીતે નથી કર્યો. 'યુથ ઈઝ નોટ કેરલેસ.' લોકો કહે છે કે આજકાલના છોકરાઓને કંઈ પડી જ નથી. તે ભલા અને તેમની દુનિયા ભલી. ધે આર નોટ કેરલેસ, ધે આર કેર્ડ લેસ' આપણે એમની જેટલી કાળજી લેવી જોઈએ, એ લેવામાં ક્યાંક પાછા પડ્યા છીએ. તૈયાર તો એમને કરવા પડશે. એને તૈયાર કરવાવાળા કોણ છે અને કેવી રીતે તૈયાર કરવા એ મહત્ત્વનું છે. તો કૃષ્ણે અર્જુનને ઉતારી નથી પાડ્યો, પણ એને બેસાડી દેવા માટે નહીં, એને ઊભો કરવા માટે.

ક્ષુદ્રં હધ્યદૌર્બલ્ય ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ

તને આ શોભતું નથી. કૃષ્ણ હાથમાં હથિયાર નહીં લે અને અર્જુનને મૂકવા નહીં દે. દરેક ક્ષેત્રમાં સંઘર્ષ છે. તમે કોઈ પણ ક્ષેત્રમાં જાવ. સંઘર્ષ વગરનું કોઈ ક્ષેત્ર નથી અને ભગવાન આપણને સંઘર્ષ માટે તૈયાર કરે છે. આપણે અર્જુનની જેમ લડવાનું છે, ન્યાયની સ્થાપના માટે, ધર્મની સ્થાપના માટે લડવાનું છે અને ધર્મની સ્થાપના માટે જે લડે તે કૃષ્ણના મિશનમાં તેમનો સહયોગી બનીને કામ કરે છે એમ માનવું. કારણ કે કૃષ્ણ આવ્યા છે - ધર્મ સંસ્થાપનાર્થાય અર્થાત્ જે પણ ધર્મના સ્થાપન માટેથી લડશે, તે કૃષ્ણની સેનાનો સૈનિક બની રહેશે. શ્રીકૃષ્ણ એની સાથે હોવાના, શ્રીકૃષ્ણની કૃપા એની સાથે હોવાની, કૃષ્ણ એના પક્ષે હોવાના. ન્યાયના સ્થાપન માટે થઈ, ધર્મના સ્થાપન માટે થઈ લડવાનું છે. તો દરેક ક્ષેત્ર એ સંઘર્ષનું ક્ષેત્ર છે.

ગીતામાં કહેવાયું છે કે, 'અર્જુન! સર્વેષુ કાલે.' તૂ પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક સમય મેં મેરા સ્મરણ કર ઔર યુદ્ધ કર. બે પ્રશ્ન થાય. સર્વેષુ કાલેષુ - તો શું માણસે લડવા સિવાય બીજું કંઈ કામ જ નથી કરવાનું? બીજો પ્રશ્ન એ થાય કે માણસ લડતો હોય ત્યારે હાથમાં તલવાર હોય ત્યાં ક્યાં માળા ફેરવવા બેસે? હા, ભગવાનનું નામ લઈ, રાડ પડી પછી લડવા જાય એ ઠીક છે. 'હર હર મહાદેવ' કરતો લડે. જો ભી હો, ભગવાન કા નામ લેકર કુછ કરતે હૈં બાત અલગ હૈ. આ માળા ફેરવવી અને તલવાર ફેરવવી બંને એકસાથે કેમ થાય? ભામ્ અનુસ્મરઃ યુધ્ય ચ'મારું સ્મરણ કર અને યુદ્ધ કર.


યુદ્ધ કરવું એટલે સંઘર્ષ કરવો, લડવું. આપણું કામ કરવું, પુરુષાર્થ કરવો અને એમાં ભગવાનનું સ્મરણ કરીને એટલે એમ કે હું કંઈ ખોટું નથી કરતો ને? હું લડું છું તે ધર્મપૂર્વક લડું છું ને? આ વાતોના સતત વિચારો કરવા. મારા સ્વાર્થ માટે થઈને હું કોઈ સાથે અન્યાય નથી કરતો ને? કોઈ અન્યાય કરતું હોય તો મને લડવાનો અધિકાર છે. 'સર્વેષ કાલેષુ' હકીકત યહી હૈ કિ જીવન મેં હર પલ સંઘર્ષ હૈ ઔર હમ હર પલ ઝૂઝતે હૈ.

જ્યારે જીવનમાં સંઘર્ષ આવે, ત્યારે શ્રીકૃષ્ણનું જેમ અર્જુનને માર્ગદર્શન મળ્યું, તેમ આપણે પણ ભગવાન-ગુરુજનોનું માર્ગદર્શન લઈને ન્યાયના પંથે આગળ વધવાનું છે અને લક્ષ્યપ્રાપ્તિ કરવાની છે.

એક કેરીનો સડો સમય જતાં વિનાશ જ નોતરે

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



તમે જાણો છો, સનાતન ધર્મની વ્યાખ્યા કઈ? ઘણું વિચાર્યા પછી થશે કે આટલા વિશાળ ધર્મને વ્યાખ્યામાં કઈ રીતે બાંધવો? તેથી આ સનાતન ધર્મ માટે અનેકવિધ વ્યાખ્યાઓ અત્યાર સુધી થતી આવી છે. પરંતુ આજે એક વિશિષ્ટ વ્યાખ્યાને જાણીએ. મહાભારતમાં ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે, 'न हर्तव्यं परधनमिति धर्मः सनातनः।' (मोक्षधर्म २६०/१२) અર્થાત્ પરધનનું હરણ ન કરવું એ સનાતન ધર્મ છે. કેટલી ટૂંકી, પરંતુ સીધી જીવનમાં લાગુ પડે એવી કેવી સુંદર વ્યાખ્યા!

અનીતિથી આવેલ પારકું ધન કે પારકો પદાર્થ જીવનમાં પ્રવેશે, ત્યારે તે અવશ્ય મનોશક્તિ, ચરિત્રશક્તિ પર માઠી આસર કરે, તે નિઃશંક વાત છે. જેમ કેસર કેરીના ટોપલામાં જો એક સડેલી કેરી ભળી જાય, તો ધીરે ધીરે ટોપલાની બધી જ કેરીઓ સડી જશે... (આ વિધાનમાં 'ધીરે ધીરે' શબ્દ અગત્યનો છે. એક કેરીના સડાની અસર તાત્કાલિક ન થાય, પરંતુ સમય જતાં તે અસ્તિત્વનો નાશ જ નોતરે) એવી જ રીતે આપણા શુદ્ધ વર્તનમાં જો એક દુષ્કર્મ પેસે તો ધીરે ધીરે તે આપણા વિચારોને પડતીના ઢાળમાં જ ઢાળશે. તેથી જ શાસ્ત્રોમાં આવાં હીન કૃત્યો ન કરવાની ચેતવણી આપવામાં આવી છે. જેમણે આ શાસ્ત્ર વિભાવનાઓનું પોતાના જીવનમાં અમલીકરણ કર્યું છે, તે ચોક્કસ શાંતિમય અને પ્રતિષ્ઠિત જીવનના અધિકારી બન્યા છે.

આજથી 200 વર્ષ પહેલાંની વાત છે. પાલિતાણાના પવિત્ર શેત્રુંજા પર્વત ઉપર હેમા શાહે બંધાવેલા જૈન દેરાસરમાં સંભવનાથની મૂર્તિ છે, તેના કપાળમાં ચોડેલો મહાકિંમતી તિલકમણિ અચાનક ચોરાઈ ગયો! જૈન ભક્તોની ફરિયાદથી એ જમાનામાં અંગ્રેજ સરકારે આ તિલકમણિની શોધખોળ શરૂ કરી. તે વખતે અંગ્રેજ સરકાર દ્વારા મહુવા (ભાવનગર) પ્રેસિડેન્સી હેઠળ મિ.મીલની નિમણૂક થઈ હતી. ઘણી મહેનતના અંતે મિ.મીલને પણ કશું હાથમાં આવ્યું નહીં. તેમણે લોકવાયકા તો સાંભળી હતી કે 'શાર્દૂલ ખસિયો' નામનો બહારવટિયો આ ચોરીના કાળા કરતૂતમાં જોડાયેલો હોઈ શકે... પરંતુ ઠોસ સબૂત વિના કશું થતું નહીં.

આ વાતને લગભગ ત્રણ દાયકા વીતી ગયા. હવે તો મિ.મીલને એ તિલકમણિની આશા પણ રહી નહોતી. આખા ગોહિલવાડમાં બહારવટિયા તરીકે પંકાયેલો ખસિયો, પોતાની ચોરવૃત્તિનો ત્યાગ કરીને ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત ભક્ત બની ગયો હતો. એટલું જ નહીં, પોતાના તમામ અવળા ધંધા છોડનાર શાર્દૂલ હવે ગામધણી શાર્દૂલસિંહ બની ચૂક્યા હતા.

એક દિવસ ભક્તરાજ શાર્દૂલસિંહે ભગવાન સ્વામિનારાયણને વિનંતી કરી કે પોતાને ગામ આવીને જન્મભૂમિ પાવન કરે. તેની વિનંતી સ્વીકારીને ભગવાન આવ્યા. અંતર્યામીથી શું અજાણ્યું હોય? શ્રીહરિ બોલ્યા, 'શાર્દૂલસિંહ! સંભવનાથજીના દેરાસરનો તિલકમણિ તમે પરત કરશો તો જ અમે તમારે ત્યાં જમીશું...' શાર્દૂલસિંહને આંચકો લાગ્યો. ત્રણ દાયકા પહેલાંની આ વાત તે પોતે પણ ભૂલી ગયેલા! પોતાના ઈષ્ટદેવની આજ્ઞા-ઈચ્છાને શિરોધાર્ય કરીને શાર્દૂલસિંહે પોતાના પટારામાં મૂકેલો મણિ કાઢ્યો અને એ જ સાંજે, તે મિ.મીલને મળવા નીકળી પડ્યા.

તેમને ખબર હતી કે સરકારની શરણાગતિ સ્વીકારવાથી તેમની હાલના જીવનની પ્રતિષ્ઠાને કેટલી હાનિ પહોંચશે? કદાચ સજા પણ થાય. પરંતુ હવે તો તેમણે ભગવાનની આજ્ઞા ઝીલીને પોતાના પુરાણા જીવનનું પ્રાયશ્ચિત કરવાનું હતું.

શાર્દૂલસિંહ મધરાતે પહોંચ્યા મિ.મીલના બંગલે. સંત્રીએ અંદર જઈને મિ.મીલને સમાચાર આપ્યા. સારા ગામધણી ક્ષત્રિય તરીકે ખ્યાતિ પામેલા શાર્દૂલસિંહને અડધી રાત્રે આવેલા જોઈ અંગ્રેજ અફસરે સ્વાગત કર્યું. ત્યાં તો શાર્દૂલસિંહે બંડીમાંથી તિલકમણિ કાઢીને મિ.મીલના હાથમાં મૂક્યો. '30 વર્ષ પહેલાં ચોરાયેલો તિલકમણિ તમારી પાસે ?!' અફસરે પૂછ્યું. સ્વામિનારાયણ ભગવાને આપેલા ચરિત્રમય જીવનની વાત કરી. ત્યારે મિ.મીલે આશ્ચર્ય વ્યક્ત કર્યું : 'સહજાનંદ મહાપ્રભુએ તમારા ગુના માફ કરીને તમને શુદ્ધ કંચન જેવા બનાવ્યા છે... હવે તમને અમારે શી સજા કરવી? ચાલો, હું તમારે ઘરે આવું.'

તેથી જ મહંત સ્વામી મહારાજ 'સત્સંગદીક્ષા'માં કહે છે :

नैवाऽन्यस्वामिकं ग्राह्यं तदनुज्ञां विना स्वयम्।
पुष्पफलाद्यपि वस्तु सूक्ष्मचौर्यं तदुच्यते॥३२॥

એટલે કે 'પુષ્પ, ફળો જેવી વસ્તુ પણ તેના ધણીની પરવાનગી વગર ન લેવી. પરવાનગી વગર લેવું તે સૂક્ષ્મ ચોરી કહેવાય છે.' (સ.દી.32) આવો, આપણે પણ અસ્તેયના માર્ગે શાંતિમય અને પવિત્ર જીવનના અધિકારી બનીએ.

કેવી દેશભક્તિ...!

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

સ્વાતંત્ર્યવીર તાત્યા ટોપેને પકડવા માટે બ્રિટિશરોએ ઘણી મહેનત કરી. કળ કે બળથી ન પકડાયા, તો છળનો આશ્રય લીધો. એમના જ માણસોને ફોડીને એમને પકડ્યા. કોર્ટકેસની વિધિ અલ્પ દિવસોમાં તરત પતાવી અને જજે ફાંસીનો ચુકાદો આપ્યો.

ઈ. સ. 1859માં 8 એપ્રિલના દિવસે ફાંસી આપવાનો નિર્ણય લેવાયો. આ ખૂંખાર ક્રાંતિકારીને ફાંસીના માંચડે ચડતો જોવા અનેક અંગ્રેજો નર્મદાના કાંઠે ભેગા થયા.

નિયમ અનુસાર બ્રિટિશરોએ તાત્યા ટોપેને ફાંસી આપતાં પૂર્વે પૂછ્યું, 'તમારી અંતિમ ઈચ્છા શું છે ?'

'તમે મારી ઈચ્છા પૂર્ણ કરવા સક્ષમ તો નથી જ, સાથેસાથે તે કરી શકો એટલા લાયક પણ નથી!'

ઘણા આગ્રહ પછી તે બોલ્યા, 'મારા ભારત દેશ પર ગેરકાયદેસર રીતે સત્તા પર ચડી બેઠેલા વિદેશીઓને ભગાડવાની મારી ઈચ્છા છે. તમે જાતે તો નહીં જાઓ, પણ મારાં ભારતવાસીઓ તમને કૂતરાંની જેમ ભગાડશે, એ મને પૂર્ણ વિશ્વાસ છે...!' અને ઈશારાથી તરત ફાંસી આપવાનું સૂચન કર્યું.

ફાંસીગર જ્યારે તેમના માથા પર કપડું ઢાંકવા આવ્યો, તો તાત્યા ટોપેએ એને સ્પષ્ટ શબ્દોમાં ના કહી દીધી અને જાતે જ ફાંસીના માંચડા પર ચડી પોતાના હાથે ફાંસીનો ગાળિયો ગળામાં ભરાવી દીધો.

મૃત્યુ સમયે પણ આવા નીડર અને ખુમારીભર્યા દેશભક્તને જોઈ અંગ્રેજો વિસ્મયચકિત થયા વિના ન રહી શક્યા.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 21 ઓગસ્ટ, 2025 | શ્રાવણ વદ તેરશ | વિક્રમ સંવત 2081 08

અંતિમ શ્વાસ સુધી ઉપયોગિતા ટકાવી રાખો

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



પરબ્રહ્મ બાળક માની બની ગોદમાં આવી શકે, આ ભાવ જ કેટલો મધુર છે! પરબ્રહ્મ આ સૃષ્ટિનું અભિન્નોપાદાન કારણ છે, તે કારણે કોઈનું કાર્ય બની જાય આ વાત કેટલી અદભુત છે. ભગવાન વસુદેવ અને દેવકીજી દ્વારા મથુરામાં પ્રગટ થયા. વિશુદ્ધ સત્વ વસુદેવ અને દેવમયી બુદ્ધિ દેવકી. 'સત્વમ્ વિશુદ્ધ વસુદેવસંતિતમ્' વિશુદ્ધ મન એ વસુદેવ. મન વિશુદ્ધ થાય, સત્કર્મના સાતત્યથી. દેવમયી બુદ્ધિ એ દેવકી – બુદ્ધિ દેવમયી થાય છે સત્સંગના સાતત્યથી. એટલે સત્કર્મ અને સત્સંગ નિત્ય કરવાં જોઈએ.

સવારના કલાક-દોઢ કલાક સત્કર્મ. સાંજે કલાક દોઢ કલાક સત્સંગ. સવારે પૂજાપાઠ, જપ, તમારો જે નિત્ય નિયમ હોય તે કરો. સાયંકાળે સત્સંગ કલાક-દોઢ કલાક કરો. લોકો પૂછે છે કલાક-દોઢ કલાક સવારે, કલાક-દોઢ કલાક સાંજે, ત્રણ–ત્રણ કલાક રોજ? એટલો ટાઈમ ક્યાં છે? સમય નથીની બૂમો પાડનારાઓ પાસે કુથલી કરવા માટે સમય બહુ હોય છે. ચાલો આપણે ટાઈમટેબલ ગોઠવીએ. ત્રણ કલાક મળી રહેશે.

આઠ કલાક પૈસા કમાવાના. આઠ કલાકની શિફ્ટ હોય છે. તેના કરતાં વધારે કામ કરો એટલે ઓવરટાઈમ મળે. છ કલાક સૂવાના. ઓછા પડશે? તો એક વધારે. સાત કલાક સૂવો. સૌથી ટાઈમ કન્ઝયુમિંગ આ બે કામ છે. આઠ ને સાત થયા પંદર કલાક. છ કલાક નહાવું-ધોવું, ખાવું-પીવું, ગપ્પાં મારવા, ટી.વી. જોવું. કેટલા થયા? એકવીસ. દિવસ કેટલા કલાકનો? ચોવીસ કલાકનો. કેટલા વધ્યા? ત્રણ.

એ ત્રણ કલાકની આપણે વાત કરીએ છીએ. સવારે દોઢેક કલાક સત્કર્મ, સાંજે દોઢેક કલાક સત્સંગ.



એક પ્રહર, ત્રણ કલાક આઠ પ્રહરમાંથી એક પ્રહર ન નીકળે? આપણા કલ્યાણ માટેનો જીવનનો હેતુ માર્યો જાય છે. 'કોટિક્ ત્યકતવા હરિમ્ સ્મરેત્' આવી આજ્ઞા ઋષિઓએ કરી છે. 'શતમ વિહાય ભોકતવ્યમ્' – સો કામ છોડીને ખાઈ લ્યો. જમવાનું મહત્ત્વનું છે. ઘરમાં મા બેઠી હોય તો તે કહે, પત્ની હોય તો તે કહે કે, 'બધું કામ છોડીને જમી લો. ટાઈમસર જમી લેવું જોઈએ, આ ભાણું ઠંડુ થાય છે.'

'શતમ વિહાય ભોકતવ્યમ્' 'સહસ્રમ્ સ્નાનમાચરેત' હજાર કામ છોડીને નહાઈ લેવું. ખાવા કરતા પણ નહાવાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. 'લક્ષમ્ વિહાય દાતવ્યમ્' લાખ કામ છોડીને દાન દેવું. એટલે દાનનું વિશેષ મહત્ત્વ છે. 'કોટિમ્ ત્યકતવા હરિમ સ્મરેન' કરોડો કામ છોડીને હરિનું સ્મરણ કરી લેવું. એટલે સૌથી વધારે મહત્ત્વનું શું? ભજન. માનવ-શરીર શા માટે મળ્યું છે? ભજન કરવા માટે.

એહિ તન કર ફલ વિષય ન ભાઈ।
સ્વર્ગઉ સ્વલ્પ અંત દુઃખદાઈ॥

શરીર વિષયભોગ માટે નથી મળ્યું. સ્વર્ગાદિ સુખની કામના કરશો તો એ પણ શાશ્વત સુખ નથી. પુણ્યનો ક્ષય થાય એટલે પૃથ્વી પર પાછું આવવું પડે છે. તમારું બેલેન્સ તપાસો! સ્વર્ગનું સુખ છે તે પ્રી-પેઈડ મોબાઈલ કાર્ડ જેવું છે. પૈસા પહેલાં ભરી દેવાના. પછી જેમ જેમ વાપરતાં જાવ, તેમ તેમ તમારું બેલેન્સ ઓછું થતું જાય.

સ્વર્ગમાં જવા માટે પુણ્યનું ભાડું એડવાન્સમાં ભરવું પડે છે અને સ્વર્ગમાં રહીને જેમ જેમ તેની સગવડ ભોગવો એમ એમ પુણ્યનું બેલેન્સ ઓછું થતું જાય, પુણ્ય ખર્ચાતા જાય અને પુણ્યનું બેલેન્સ ઝીરો થાય. પાછા મૃત્યુલોકમાં આવવું પડે. તમારું બેલેન્સ ઝીરો છે. પાછા જાવ. થોડી કમાણી કરો. આમાં બેલેન્સ નખાવો. સ્વર્ગનું સુખ પણ શાશ્વત નથી. શા માટે શરીર મળ્યું છે? ભજન કરવા માટે. શરીર વિના ભજન ન થાય. ભજનનો અર્થ છે સેવા. 'ભજ સેવાયામ્' ભક્તિ એટલે સેવા. શરીર સે જિતના બન પડે સંસાર કી સેવા કરો. મન સે જિતના બન પડે ભગવાન કા સ્મરણ કરો.

ભગવાન ગીતામાં કહે છે કે 'તસ્માત્ યોગિભર્વા અર્જુન!' અર્જુન, તું યોગી બન. યોગી બનવા માટે શું કરવું? ઉપયોગી થાવ. આ યોગી બનવાની પૂર્વભૂમિકા છે અને જે પણ ઉપયોગી હોય તેનું મહત્ત્વ છે અને તે સચવાય છે. પછી તે વસ્તુ હોય કે વ્યક્તિ. જ્યાં સુધી ઉપયોગી રહેશો, ત્યાં સુધી સચવાશો, ત્યાં સુધી બધા પ્રેમ કરશે. એટલે જીવનના અંતિમ શ્વાસ સુધી માણસે પોતાની ઉપયોગીતા ટકાવી રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. નકામા ન થઈ જાવ. જે ઉપયોગી નથી રહેતું તે ફેંકાઈ જાય છે. પછી તે વસ્તુ હોય કે વ્યક્તિ.

ઉપયોગી બનવા માટે શું કરવું? ત્રણ વસ્તુ જરૂરી છે. પ્રેમ, ત્યાગ અને સેવા. જ્યાં પ્રેમ હોય છે, ત્યાં ત્યાગ સ્વાભાવિક હોય છે. સમર્પણ પ્રેમની શરત નથી, તે પ્રેમનો સ્વભાવ છે. સૂરજ હોય ત્યાં અજવાળું હોય જ. એમ જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાગ સ્વાભાવિક છે અને એ ત્યાગ જ સાચો.

પ્રેમ દ્વારા પ્રભુને ઉપયોગી થાવ. ભગવાનને એ કામનો છે જે પ્રેમી છે. 'પ્રેમ પ્રભુ કો પ્યારા.' ત્યાગ દ્વારા આપણે સંસાર ઉપર ઉપકાર નથી કરતા. ત્યાગ કરીને આપણે આપણા પર ઉપકાર કરીએ છીએ. એટલે બીજા ઉપર ઉપકાર કરવાની ભાવનાથી ત્યાગ નથી કરવાનો. દાન કરો છો ત્યારે તમે બીજા ઉપર ઉપકાર નથી કરતા. તમારી જાત ઉપર ઉપકાર કરો છો અને એટલા માટે ઉપકારની ભાવનાથી રહિત થઈને આપવું એ મારું કર્તવ્ય છે એમ માનીને દાન કરો. આને સાત્ત્વિક દાન કહ્યું છે. કર્તવ્યની ભાવનાથી અપાયેલું, ઉપકારની ભાવનાથી અપાયેલું દાન નહીં.


યોગ્ય સ્થાનમાં, યોગ્ય સમયે, સુપાત્રને અપાયેલું દાન એ સાત્ત્વિક દાન છે. દાન કે દ્વારા હમ સ્વયં પર ઉપકાર કરતે હૈં. દેનેવાલા બડા નહીં, કબૂલ કરનેવાલા બડા હૈ ઐસા માનકર હમ દાન કરતે હૈં. દેખો, ધન સે તુમ દાની નહીં બનતે. ધન સે તો તુમ ધની બનતે હો. ધનને આપકો ધની બનાયા. આપકો દાની કૌન બનાતા હૈ? દાન લેનેવાલા. યદિ કોઈ લેનેવાલા હો હી નહીં, તો આપ દાની નહીં બન સકતે. ધનવાન તો હો સકતે હો લેકિન આપ દાની નહીં બન સકતે. ધની કો દાની બનાતા હૈ લેનેવાલા.

ઈસલિયે દેનેવાલા લેનેવાલે કો પ્રણામ કરતા હૈં. આપને સ્વીકાર કર કે મુઝે ધની સે દાની બના દિયા. મૈં આપ કા આભારી હૂઁ. જેને દાન આપે છે તેને મોટો ગણી દાન આપવાનું છે આ બહુ અદભુત વાત છે.

સામાન્ય પ્રશ્નોનું ગંભીર પરિણામ?

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



વાત છે અમદાવાદના એક સામાન્ય પરિવારની. પતિ-પત્ની, એક દીકરો અને બે દીકરીઓ. આર્થિક સ્થિતિ નબળી. બે દીકરીઓ પિતા સાથે એક વાર મેળામાં ગઈ. કી-ચેઈનની દુકાન પાસે બંને બહેનો અટકી. 150 રૂપિયાનું કી-ચેઈન નામ લખાવીને લેવાની ઈચ્છા થઈ. પિતાએ કહ્યું, 'તમારો ભાઈ બીમાર છે. હોસ્પિટલમાં છે. આપણી સ્થિતિ સામાન્ય છે. અત્યારે આ ખર્ચો ન કરીએ તો સારું.' બંને બહેનો ઘરે આવી. પિતા દવાખાને દીકરાની ખબર જોવા ગયા. બંને બહેનોએ સૂટકેસમાં કપડાં ભરી ઘર છોડ્યું. એક ચિઠ્ઠી લખતી ગઈ કે, 'અમારી ઈચ્છા પ્રમાણેનો આટલો અધિકાર પણ નહીં?'

એક પરિવારમાં દીકરાએ સાઈકલ લાવી આપવાની જીદ કરી. પિતાનો પગાર ટાંચો. દીકરાને સમજાવવા પ્રયત્ન થયો પણ વ્યર્થ. સૌની ગેરહાજરીમાં દીકરાએ શરીર ઉપર કેરોસીન છાંટી આપઘાતનો પ્રયત્ન કર્યો.

2001, નેપાળનો રાજકુમાર દીપેન્દ્ર. મનપસંદ કન્યા સાથે લગ્ન કરવાની હઠ લીધી. રાજમાતાની સખત નામંજૂરી હતી. દીપેન્દ્રના પ્રસ્તાવ ઉપર ઘરમાં ઝઘડો થયો. દીપેન્દ્રએ સિક્યોરિટી ગાર્ડની સબમશીનગન લઈ માતા-પિતા, ભાઈઓ સહિત આઠની હત્યા કરી. પોતે પણ લમણામાં ગોળી મારી અને છેલ્લો શ્વાસ લીધો.

ઉપરોક્ત પ્રસંગોમાં પ્રશ્નોનું કારણ સામાન્ય છે, પણ પરિણામ અસામાન્ય છે, ગંભીર છે. સામાન્ય 'કી-ચેઈન' જેવી બાબતમાં ઘરનો ત્યાગ! 2000 રૂપિયાની 'સાઈકલ' માટે અમૂલ્ય માનવ-શરીર ઉપર અગ્નિ સ્નાન! એક મનપસંદ પાત્ર માટે માતા-પિતા સહિત આખા પરિવારની હત્યા! જરા વિચારીએ. જીવનની આવી સંવેદનશીલ પળોમાં લીધેલા ઘાતક નિર્ણયોથી આપણે પ્રશ્નોને ઉકેલતા નથી, પરંતુ વધારે ઉશ્કેરીએ છીએ. જરૂર છે એક સ્થિર ઉપાયની અને એ છે 'સહનશીલતા.' જેની આપણામાં, આપણા સમાજમાં આજે અછત છે.

અમદાવાદની ફેમિલી કોર્ટના પૂર્વ ન્યાયાધીશ બી.ડી. સોની સાહેબ 25થી વધુ વર્ષના પોતાના અનુભવનું તારણ જણાવતાં કહે છે કે, 'પરિવારમાં ઊભી થયેલી તિરાડો અને પરિવારો વિખૂટા પડવાનું કારણ છે સહનશક્તિ અને સમજશક્તિનો અભાવ.' સદીના સૌથી નામાંકિત વ્યક્તિઓમાંના એક એવા જર્મન વૈજ્ઞાનિક, નોબલ પ્રાઈઝ વિજેતા આલ્બર્ટ આઈન્સ્ટાઈન જણાવે છે કે, 'સહનશીલતા એ સંસ્કારીતાની અને સભ્યતાની સાચી પારાશીશી છે.'

વ્યક્તિના શારીરિક, આર્થિક, પારિવારીક કે સામાજિક પ્રશ્નોમાં તેણે કેળવેલી સહનશક્તિથી તેના સંસ્કાર અને સજ્જનતાની કિંમત અંકાય છે. સામાન્ય રીતે માણસો સહન તો કરે છે. પણ તે ગરજ, લાચારી કે મજબૂરીથી. અથવા ક્યારેક વ્યક્તિગત સ્વાર્થ માટે, પરંતુ મહાન પુરુષો ચોક્કસ સમજણ સાથે સહન કરતા હોય છે. તેથી જ તેઓ સહનશીલતામાં શિરમોર હોય છે.

એક વાર ભગવાન બુદ્ધને એક વ્યક્તિએ ગેરસમજણથી ખૂબ ગાળો દીધી. બુદ્ધ સ્થિર હતા. શિષ્ય આનંદે પૂછ્યું, 'તમને કંઈ ન થયું?' ત્યારે બુદ્ધ કહે, 'એની દુકાનમાં જે હોય તે વેચે. આપણે ક્યાં ખરીદવા જવું છે? જાહેરાત બધા કરે. આપણે શું ચિંતા?'

સ્વામી વિવેકાનંદ ગુરુ રામકૃષ્ણ પરમહંસ સાથે બેઠા હતા. એક ભાઈ આવીને કહે, 'મારા જીવનમાં ખૂબ દુઃખ છે. ઘડીએ-ઘડીએ આનંદ છીનવાઈ જાય છે. આનંદ કેવી રીતે આવે?' પરમહંસ બોલ્યા, 'મને કંઈ બીજું આવડતું નથી, ફક્ત કક્કો આવડે છે અને કક્કામાં એક જ અક્ષર એવો છે, જે ત્રણ વાર આવે છે - 'સ.' જે આપણને આનંદમાં રહેવાનો રાજમાર્ગ શીખવે છે. 'સહન કરો, સહન કરો અને સહન કરો.' આ જ સુખ-શાંતિનો ઉપાય છે.' બોક્સિંગની રમતના જાણકારો કહે છે કે, 'આ રમતમાં તમારા મુક્કામાં કેટલું જોર છે, તે કરતાં તમે કેટલા મુક્કા સતત સહન કરીને રમતમાં ઝઝૂમો છો, તે વધારે અગત્યનું છે.' મુશ્કેલીઓ કે મુસીબતોના મુક્કા સામે સમજણ સાથેની સહનશીલતા જ આપણને લડતાં, ઝઝૂમતાં શીખવે છે, જે મહાન સંતોના જીવનમાં જોવા મળે છે.

પ્રમુખસ્વામી મહારાજને એક વાર ખભો દુઃખતો હતો. સંતોએ પૂછ્યું કે, 'સહન કઈ રીતે થાય છે?' તેમણે જણાવ્યું કે, 'રડવાથી દુઃખ ઓછું ન થાય. બીજાને કહેતાં ફરીએ એમાં બમણું થાય, માટે શાંતિથી સહન કરવું. બોલ-બોલ કરવાથી દુઃખ વધે. અવસ્થા થઈ એટલે આવું રહેવાનું જ. ભગવાનની ઈચ્છા સમજીને રાજી રહેવાનું. આ સમજણ રાખીએ તો વાંધો આવે નહીં.'

આપણે આ માર્ગે પ્રયાણ કરીશું તો ચોક્કસ જીવનના દરેક પ્રશ્નોમાં સ્થિર રહી શકીશું, ગંભીર અને વણજોઈતા પરિણામોમાંથી બાકાત રહી શકીશું.

નાના દાનનું વળતર

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

પિતાએ પુત્રને 100 રૂપિયા સામેથી આપ્યા અને કહ્યું, 'બેટા, આ રૂપિયા એવા સારાં સ્થાને વાપરજે કે જેથી તને અને મને સંતોષ થાય. આપણને એવું લાગવું જોઈએ કે આ 100 રૂપિયાનું વળતર સારામાં સારું મળ્યું.'

સાંજે પુત્ર મળ્યો, ત્યારે તેણે પિતાને જવાબ આપ્યો, 'પિતાજી! રસ્તામાં હું જતો હતો અને એક વૃદ્ધ માજી, જેઓ ભિખારી હતાં, ઘણા દિવસોથી ભૂખ્યાં હતાં, તો મેં તેમને સો રૂપિયા આપી દીધા.'

'બેટા, બીજા કોઈને નહીં અને તેં એક ભિખારીને આપી દીધા...!?'

'હા પપ્પા, એ ખૂબ ભૂખ્યાં હતાં, તો મારાથી ન રહેવાયું. પહેલાં મેં 50 જ રૂપિયા આપ્યા, પણ જેવા 50 રૂપિયા આપ્યા, તો એમની આંખમાં હર્ષના આંસુ આવી ગયાં. એમની ખુશી જોઈ મને લાગ્યું, આટલું સારું વળતર બીજે ક્યાં મળશે...? એટલે મેં તરત બીજા 50 રૂપિયા પણ એમને જ આપી દીધા. પછી તો એમણે મને એટલાં બધાં આશીર્વાદ આપ્યાં કે, મારી પોતાની આંખ ભીની થઈ ગઈ... આને ઓછું વળતર તો ન જ કહેવાય ને!'

વાત કરતાં કરતાં પુત્રની આંખમાં આંસુ જોઈ પિતા ખુશ થયા. તેમણે તરત પુત્રને 2000ની નોટ આપી. નોટ લઈ પુત્ર બોલ્યો, 'પિતાજી, 100 રૂપિયાનાં દાનનું આટલું મોટું વળતર અને એ પણ હમણાં જ... આ પણ કંઈ ઓછું વળતર તો ન જ કહેવાય ને...!'

પુત્રની વાત સાંભળી હવે પિતાની આંખમાં પણ ખુશીના આંસુ આવી ગયાં.

ભગવાનનો અનુભવ કરીને જીવીએ

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



જિંદગી વિશે અલગ-અલગ લોકોની અલગ-અલગ દૃષ્ટિ છે. શ્રોતાઓને સાંભળતો રહું છું, પુસ્તકોમાં વાંચતો રહું છું. કેટલાક જ્ઞાનીજનો માટે સંસાર છે જ નહીં, જ્ઞાની મહાપુરુષો છે, એમની બ્રહ્મમય દષ્ટિ છે. તેઓ કહે છે, ‘સંસાર છે જ નહીં.’ ‘સર્વ ખલુ ઇદં બ્રહ્મ’ બધું બ્રહ્મમાં એકરૂપ થઇ ગયું છે. ઘણા કહે છે કે, ‘સંસાર છે અને આપણે આપણા કર્મોને કારણે અહીં આવ્યા છીએ. એને ભોગવવાને માટે જન્મ મળ્યો છે, કર્મવશ આવવું પડે છે અને એને ભોગવવા પડે છે.’

આ દૃષ્ટિકોણવાળા સંસારને કારાગાર તરીકે જુએ છે અને જિંદગીને સજા માને છે, પરંતુ એક દૃષ્ટિકોણ એવો છે કે આ સંસાર વૃંદાવન છે અને આપણે અહીં રમણ બિહારીજીની સાથે રાસલીલા રમવા આવ્યા છીએ. જીવન એક રાસ છે. તમને કયો દૃષ્ટિકોણ ગમે છે? ક્યા વો વાલી દૃષ્ટિ આપ કી બનેગી કિ સંસાર હૈ હી નહીં? આપણા માથા પર તો ઘણાનું કરજ છે. સંસાર છે જ નહીં એમ તો કહી શકાશે નહીં, સંસાર સંબંધિત જે વાતો છે તે બધી એક ગૃહસ્થના રૂપમાં નિર્વાહ કરવી જ પડે છે.

સંસાર છે જ નહીં એ દૃષ્ટિ તો જ્ઞાની મહાપુરુષોની છે, સંસાર નથી એમ માનવું એ બ્રહ્મમય દૃષ્ટિ છે. બીજી વાત એ છે કે કર્મવશ આવ્યા છીએ અને સૌ સદા જાગૃત રહીએ છીએ. છતાં પ્રારબ્ધ તો ભોગવવા જ પડે છે. ભાગવતમાં પણ કહ્યું છે કે, સંસાર દુઃખરૂપ છે, પરંતુ મારા મતે એક ભક્તની જે દૃષ્ટિ છે. તે એ કહે છે કે સંસાર વૃંદાવન છે. ઠાકુરજીની લીલાસ્થલી છે. ભગવાને કૃપા કરીને આપણને આ લીલામાં પોતાની સાથે લીધા છે. આ જિંદગી ભગવાન સાથેનો રાસ છે. આપણે બધા ક્ષણેક્ષણે ભગવાનની સાથે ક્રીડા કરીએ છીએ એવા ભાવથી જીવીએ.

શ્રીકૃષ્ણ કે સાથ રહકર પલ-પલ ભગવાન કા અનુભવ કર કે જીયેં, તો લગતા હૈ હર ક્ષણ ઉત્સવ બનકર જિંદગી ચલી જા રહી હૈ. મોતથી વળી ડરવું શું? કેટલાં વર્ષો વીત્યાં એ તો પ્રત્યેક જન્મદિને બતાવી શકશો, પણ કેટલાં વર્ષો રહ્યાં તે કહી શકશો? તો મોતથી વળી શું ડરવાનું? મારાં જીવનનાં બાવન વર્ષો ચાલ્યાં ગયાં, તો ગયાં... એનો અર્થ બાવન વખત મરી રહ્યાં છો, તો હવે મરવાથી ડરવાનું શું? આટલાં બધાં વર્ષોનો મરવાનો અનુભવ છે. પળે પળે જિંદગી વીતી રહી છે, મરવું તો અહીં પ્રત્યેક પળે છે, આમાંથી જ હકીકતમાં જીવવાની પળ ચોરી લેવી, તે જ મૃત્યુલોકની મજા છે. મૃત્યુલોકમાંથી જિંદગીની કેટલી પળો જીવીએ છીએ? જ્યારે કોઇને કામ આવીએ ત્યારે જિંદગીની થોડી ક્ષણો આપણે જીવ્યા. જ્યારે શ્રીકૃષ્ણની યાદમાં બે આંસુ સાર્યા, તો એ આંસુમાં આપણે જિંદગીની બે પળ વિતાવી.

મારા વિચાર પ્રમાણે જીવન એક વૃંદાવન છે, એવો ભાવ દૃઢ થઇ જવો જોઇએ અને એવું વિચારવું જોઇએ કે આપણે શ્રીકૃષ્ણની સાથે રમવા માટે અહીં આવ્યા છીએ. ભગવાન આખા ગોલોકધામને સાથે લઈને અવની પર ઊતર્યા છે. આપણે આપણી જાતને એનાથી જુદી શા માટે ગણીએ? આપણે પણ એમની મંડળીમાં છીએ. મેં જોયું છે કે ભાઈશ્રીની પાછળ ક્યાંક ઘુસવું હોય અને પાછળ જતા કાર્યકરો રોકે, તો મારી સાથે આવેલા કહેતા હોય છે. ‘હમ ઉનકે સાથ હૈ’ સ્વયં સેવકભાઈઓ કોઇ આમ કહે તો તેને રોકતા નથી, માત્ર પહેલા આડા હાથ કરીને તેને આવતા અટકાવે છે. જેવા કોઈ રોકે તો તરત મારી સાથે જે હોય તે કહી દે, ‘ન રોકો, અમે એમની સાથે છીએ.’

યમદૂત પણ આવે તો કહી દો, ‘હમ ઉન કે સાથ હૈ.’ આપણે ત્યાંથી આવ્યા છીએ, જ્યાંથી ભગવાન આવ્યા છે. આપણે રમણ બિહારીના છીએ, એમની સાથે જ આ યાત્રા પર આવ્યા છીએ અને આપણને અંદર નથી જવા દેતા? તમે એમની હારોહાર ઘુસશો, રોકવાવાળું કોણ છે? પછી ભલે દુઃખ આવે, પ્રતિકુળતા, પીડા આવે, કહી દેજો, ‘અમે સાથે છીએ.’

આ યાત્રા આપણે પ્રભુની સાથે કરી રહ્યા છીએ. એમની સંપૂર્ણ અનુમતિ સાથે આવ્યા છીએ, તેમણે કહ્યું છે કે આપણે એમની સાથે આવીએ તો વાંધો નથી. તો દુનિયાના દુઃખો સામે, પીડાઓ સામે, પ્રતિકૂળતાઓ સામે મસ્તક ઊંચું રાખીને જીવો! મોત પણ આવે તો કહી દેજો ‘અમે એમની સાથે છીએ.’ એ પરમાત્માની સાથે જે યાત્રા ચાલી રહી છે, એ પરમાત્માની સાથે, શ્રીકૃષ્ણની સાથે, રમણ બિહારીની સાથે જે યાત્રા થઇ રહી છે, એ એમની ઇચ્છાથી આવ્યા હોવાથી, નિમંત્રણથી આવ્યા હોવાથી હારોહાર ચાલી રહી છે. જિંદગીની દરેક ક્ષણ ઉત્સવ કેમ ન બને? જિંદગી એટલે ઉત્સવની ઉજવણી!

ઈસલિએ ઉત્સવ મેં હર ક્ષણ હો હમારી, ચાહે વહ હઁસના હો, તો વહ હઁસના ભી ઉત્સવ હો ઔર ચાહે વહ રોના હો તો ઉનકે સાથ મેં. ગોપીયોં કી ભાંતિ, તો વહ રોના ભી ઉત્સવ હો. વહ આંસુ ભી હમારી સંપત્તિ બન જાયે. મુઝે લગતા હૈ ઈસ ભાવ સે જીવન કી યાત્રા કરેં કિ જીવન કા હર ક્ષણ ઉત્સવ બને.

દીન શા માટે બનીએ? પીડાઓની સામે, દુઃખોની સામે, પ્રતિકૂળતાની સામે દીન શું કામ બનવું? દીન



બનવું જ હોય, તો ઠાકુરજીની સામે દીન બનીએ. પ્રભુ! યાત્રા સંઘમાંથી જો અમે વિખુટા પડી ગયા હોઇએ, તો અમને યાદ રાખીને અમારી ચિંતા તમે કરજો અને વિચારજો કે મારી સાથે આવેલો યાત્રી ક્યાં છે? જગજીતસિંહે ગાયેલું એક ભજન મને ખૂબ ગમે છે.

તુમ ઢૂંઢો મુઝે ગોપાલ, મૈં ખોઈ ગૈયા તેરી,
સુધ લો મોરી ગોપાલ, મૈં ખોઈ ગૈયા તેરી

હું તારા ધણની વછોઇ ગાય છું, આપણે ત્યાં જ્યારે ગોવાળ ગાયો ચારીને ઘરે આવે છે તો કોઇ એને પૂછતા હોય છે. ‘અરે! ધણ સાથે મારી ગાય કાં નથી આવી?’ તો ગોવાળો કહે છે, ‘એક ગાય ધણથી છૂટી પડી ગઈ છે, સાંજે ચાર વાગ્યા સુધી તો સાથે હતી, પછી ક્યાં ગઇ હશે?’ તો ગોવાળ અને ગાયનો માલિક વગડામાં ગાય શોધવા જાય છે અને જ્યારે ગોવાળ ગાયને બોલાવે છે, તો જેવો ગાયને કાને ગોવાળનો અવાજ પડે કે તરત ભાંભરડા નાખતી દોડી આવે છે


આ યાત્રામાં તેમણે અનુમતિ અને કૃપા સાથે આપણને સાથે લીધા છે. આ યાત્રામાં આપણે સાથે છીએ, તો જીવનની યાત્રા ઉત્સવમય બની જવાની.

સુખકર્તા દુઃખહર્તા જય શ્રીમંગલકારી

‘જયદેવ જયદેવ જય મંગલમૂર્તિ; દર્શનમાત્રે મનોકામના પૂર્તિ... જયદેવ જયદેવ...’ ભાદરવા માસનો શુક્લપક્ષ એટલે કે ગજાનન, વિઘ્નહર્તા, મંગલમૂર્તિ એવા ગણપતિ દેવનું સ્થાપન, દર્શન, પૂજન, સ્મરણ કરીને દિવ્ય પ્રેરણા પામવાનો મંગલ અવસર. ગણેશ ચતુર્થીથી માંડીને અનંત ચતુર્દશીના 11 દિવસો દરમિયાન વિઘ્નેશ્વર, મહાદેવપુત્ર શ્રીગણેશની આરાધના અચૂક કરવામાં આવે છે. જ્યાં ભગવાનમાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે, તે જગ્યાએ ભગવાનની ઉપાસના-ભક્તિ કરવાનું અમૂલ્ય સૌભાગ્ય પ્રત્યેક મુમુક્ષુને પ્રાપ્ત થાય છે.


શ્રીગણેશના બે દાંતમાંથી એક દાંત તૂટેલો હોવાથી તેમને એકદંત પણ કહેવામાં આવે છે. તેમના એકદંત હોવાની ઘણી કથાઓ આપણા શાસ્ત્રોમાં મળે છે. દ્રવિડીયન માન્યતા પ્રમાણે, ખેતર ખેડવા માટે હળનો વિકાસ થયો નહોતો, ત્યારે સૌપ્રથમ ભગવાન ગણેશજીએ જ પોતાના એક દાંતનો હળ તરીકે ઉપયોગ કર્યો હતો; ઉત્તર રામાયણ અને પદ્મપુરાણમાં ગણેશજી અને પરશુરામના દ્વંદ્વયુદ્ધનો ઉલ્લેખ છે. આ યુદ્ધમાં પરશુરામની ફરસી વાગવાથી ગણેશનો એક દાંત તૂટી ગયો અને ફરીથી ઊગ્યો જ નહીં. બીજા પ્રસંગોમાં શંકર, રાવણ અને ગજાસુર સાથે યુદ્ધ કરતાં તેમનો દાંત તૂટી ગયો એવા ઉલ્લેખ મળે છે.

જ્યારે સૌથી પ્રચલિત કથા અને મહાભારતમાં પણ જેનો ઉલ્લેખ મળે છે, એ કથા એવી છે કે મહર્ષિ વેદવ્યાસે મહાભારતના લખાણ માટે જ્યારે ગણપતિને લહિયા બનવાની વિનંતી કરી, ત્યારે



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



તેમણે એવી શરત મૂકી કે મહર્ષિ વેદવ્યાસે અટક્યા વગર સતત લખાવ્યા જ કરવું, મહર્ષિ વ્યાસ જ્યાં પણ અટકી જશે, ત્યાંથી તેઓ આ મહાકાવ્ય લખવાનું અધૂરું છોડીને ચાલ્યા જશે. મહર્ષિ વ્યાસે ભગવાન ગણેશની આ શરત સ્વીકારી લેતાં પોતાના તરફથી એવી શરત મૂકી કે ભગવાન ગણેશ જે કાંઈ લખશે, તેનો અર્થ અને મર્મ સમજીને જ તે લખે તથા વગર સમજ્યે તેઓ કાંઈ લખશે નહીં. ગણેશે પણ આ શરત માની લીધી.

હવે પ્રશ્ન એ ઊભો થયો કે આ મહાકાવ્યના લેખન માટે કલમ કઈ લેવી? જ્યારે સમસ્ત માનવજાતના હિત માટે આર્યાવર્તનો ઈતિહાસ લખાઈ રહેલો, ભવ્ય અને સમૃદ્ધ ભારતનું સાહિત્ય રચાઈ રહેલું, ત્યારે ભગવાન ગણેશે એક વિશિષ્ટ નિર્ણય કર્યો - સ્વસમર્પણનો... તેમણે પોતાનો જ એક દાંત ઉખેડી નાખ્યો અને તેની કલમ બનાવી! આ પ્રમાણે ગણેશ પોતાના જ એક દાંતમાંથી બનાવેલી કલમ વડે એક પળ પણ રોકાયા વિના તાડપત્રો પર મહાભારત કથા લખતા જ રહ્યા. ત્રણ વર્ષે આ કથાનું લેખનકાર્ય પૂરું થયું. આમ, આજે આપણી પાસે જે ‘મહાભારત’ ગ્રંથ છે તે શ્રીગણપતિદેવનાં એ દંતસમર્પણની સાક્ષી પૂરે છે.

ભગવાન અને સંતની આ જ રીત છે. જ્યારે સમાજનું ભલું થતું હોય, ત્યારે પોતે સંપૂર્ણ સમર્પિત થઈને પોતાનું તન, મન અને જીવન પરહિતાર્થે વહાવી દેતા હોય છે! પ્રમુખસ્વામી મહારાજ એટલે આવા પરિહિત-સમર્પણના આદર્શરૂપ સત્પુરુષ.

જ્યારે પણ સમાજને દુઃખ આવ્યું, ત્યારે દરેક પ્રસંગે તેમની સ્વસમર્પણની ભાવના ઊભરી આવી છે. દુષ્કાળ હોય કે પૂર, ભૂકંપ હોય કે સુનામી, વ્યસનમુક્તિ હોય કે માંસાહારમુક્તિ, પારિવારિક કલહ હોય કે સામાજિક દાવાનળ, પીડિત વ્યક્તિ કે સમાજને મુક્ત કરવા પીડિતોની સેવામાં સ્વામી પોતે તો જોડાયા જ છે, સાથે હજારો સ્વયંસેવકોને જાગૃત કરીને, તેમણે વૃદ્ધ વયે પણ વિરાટ સેવાકાર્યોના બોજ ઊંચક્યો છે. ક્યારેક તો અડધી રાત્રે ઊઠીને પણ તેમણે લોકોનાં દુઃખ ટાળવા પ્રાર્થનાઓ કરી છે!

જેના હૃદયમાં જીવપ્રાણીમાત્ર પ્રત્યે સાચો પ્રેમ હોય એનાં જ હૈયેથી આવી સ્વસમર્પણની પરહિતગંગા વહેતી રહે. ‘પીડ પરાઈ જાણે રે...’ એ પંક્તિને પ્રમુખસ્વામી સ્વયં જીવી રહ્યા! બીજાની પીડાથી પીગળી જવું અને તેમને દુઃખ-પીડાથી મુક્ત કરવા વ્યાકુળ થવું એ પ્રમુખસ્વામી મહારાજ માટે શ્વાસોચ્છ્વાસ જેવી સહજ બાબત હતી.

દાનવીર જગડુશાહ

વર્ષો પૂર્વે ભારતમાં દુષ્કાળ પડ્યો હતો, ત્યારે જગડુશાહે ત્રણ વર્ષ સુધી અનેક સ્થાને દાનશાળાઓ ચલાવી. તેમની દાન કરવાની રીત અલગ હતી. દાન કરે, ત્યારે વચ્ચે પડદો રાખે. મુખ્ય દાનશાળામાં અંદર જગડુશાહ સ્વયં બેસે અને બહારથી લેનારનો માત્ર હાથ જ દેખાય, જેથી લેનારને થોડી પણ શરમ ન આવે.

આવા ગુપ્ત દાનના સમાચાર રાજા વિશળદેવને મળ્યા. તેમને મન થયું કે આવું ગુપ્ત દાન તો હું પણ ન કરી શકું. હું જાતે જોઉં તો ખરો કે, તે કેવી રીતે દાન કરે છે?

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

રાજા વેશપરિવર્તન કરી દાનશાળામાં દાન લેવા માટે આવ્યા. પડદાની બહારથી હાથ લાંબો કર્યો. જગડુશાહે હાથની રેખા જોઈ અનુમાન કર્યું કે, આ તો કોઈ મોટા રાજાનો હાથ છે. જો દુષ્કાળમાં રાજાની પણ આવી સ્થિતિ હોય, તો તેમને તો મારે વિશેષ દાન કરવું જોઈએ. બધે સમાનતા ન ચાલે.

‘જેવું પાત્ર તેવું દાન’ એમ વિચારી જગડુશાહે તરત રાજાના લંબાવેલા હાથમાં કરોડોનું દેદીપ્યમાન રત્ન મૂક્યું. રત્ન જોઈ રાજા બોલ્યા, ‘આટલું મોંઘુ રત્ન તમે કોને આપો છો?’ જગડુશાહે કંઈ જ વિચાર્યા વિના સહજતાથી કહ્યું, ‘તમારાં ભાગ્યને...’ અને તરત રાજા વિશળદેવ પ્રગટ થયા. જગડુશાહને ભેટી પડ્યા અને બોલ્યા, ‘રાજા હોવા છતાં હું મારી પ્રજાને આટલી સારી રીતે સાચવી ન શકું... હું દાન કરી ન શકું, તેવું જોરદાર દાન તમે કરી રહ્યા છો... ખરેખર તમારા જેવા દાનવીરો મારા પ્રદેશમાં છે, જેથી મને ગૌરવ થાય છે.’

જેની સાથે ભગવાન હોય, તેને પરાજયની ચિંતા હોતી નથી

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



મહાભારતનો એક પ્રસંગ છે. દુર્યોધન અને અર્જુન બંને સહાયતા માગવા માટે શ્રીકૃષ્ણ પાસે ગયા, ત્યારે કૌરવ શિબિરમાં પણ ઉત્સુકતા વ્યાપેલી હતી. બધા કૌરવો દુર્યોધન પાછો આવે તેની પ્રતિક્ષા કરી રહ્યા હતા.

જ્યારે દુર્યોધન પરત ફર્યો તો બધા કહેવા લાગ્યા, 'તમે આવી ગયા! શું થયું?' દુર્યોધન કહે, 'આપણું કામ થઇ ગયું.' 'કઇ રીતે થયું? શું થયું?' ત્યારે દુર્યોધને કહ્યું કે, 'શ્રીકૃષ્ણે કહ્યું કે એક પક્ષમાં મારી સશસ્ત્ર નારાયણી સેના રહેશે અને બીજા પક્ષમાં હું હથિયાર હાથમાં લીધા વગર હોઇશ.'

કર્ણે ઉત્સુકતાથી દુર્યોધનને પૂછ્યું, 'તમે શું માગ્યું?' દુર્યોધન કહે, 'તે મૂર્ખ અર્જુને તો શ્રીકૃષ્ણને માગી લીધા અને આપણને જે જોઇતું હતું તે આપણને મળી ગયું. આપણને સશસ્ત્ર નારાયણી સેના મળી છે. યાદવ સેના મળવી એ મોટી વાત છે.' આ સાંભળી કર્ણ નિરાશ થઇ ગયો. એ બોલ્યો, 'દુર્યોધન, તને ખબર છે, તેં શું ગુમાવ્યું છે? તેં વિશ્વના એક શ્રેષ્ઠ સારથિને ગુમાવ્યો છે. જો તું શ્રીકૃષ્ણને આપણા માટે માગી લાવત અને શ્રીકૃષ્ણ મારા રથના સારથિ બનત, તો તમારે બધાએ માત્ર આરામ જ કરવાનો રહેત. વિજય પ્રાપ્ત કરવા માટે એકલો કર્ણ પૂરતો હતો. તેં શ્રીકૃષ્ણના રૂપમાં વિશ્વનો એક શ્રેષ્ઠ સારથિ ગુમાવ્યો છે. રથી ભલે ગમે તેટલો કુશળ હોય, સર્વોત્તમ સારથિ હોવો જોઇએ.'

દુર્યોધનને આ વાત ન ગમી. તે બોલ્યો, 'શું કહે છે? કૃષ્ણની તુલનામાં દુનિયામાં બીજો કોઇ સારથિ નથી?' 'ના નથી, બીજા ક્રમનો વિશ્વનો શ્રેષ્ઠ સારથિ છે ખરો, પણ એ પણ અત્યારે પાંડવોના પક્ષમાં છે.' 'કોણ?' 'શલ્ય! એ સંબંધમાં પાંડવોના મામા થાય છે અને એ પણ એના પક્ષમાં છે.'

દુર્યોધને કહ્યું કે, 'શલ્યથી તારું કામ ચાલશે?' તો કર્ણે કહ્યું, 'હા, કૃષ્ણ તો હવે આપણી પાસે રહેવાના નથી. તેથી શલ્ય પણ જો સારથિના રૂપમાં મળી જાય તો સારું છે.' શકુનિ અને બધાએ મળીને ષડયંત્ર રચ્યું.

શલ્ય આવી રહ્યા હતા, ત્યારે દુર્યોધને તેના સ્વાગત માટે માર્ગમાં બધી વ્યવસ્થા કરી. કૌરવોએ માર્ગમાં જ તેનું સ્વાગત કર્યું. ભોજન કરાવ્યું અને આદર-સત્કારપૂર્વક પૂછ્યું, "મહારાજ! તમે કોના પક્ષમાં લડશો?' તો શલ્યે ક્રોધમાં કહ્યું કે, 'તમે કોણ છો આવું પૂછનારા?'

દુર્યોધને કહ્યું કે, 'તમારા માર્ગમાં બધી વ્યવસ્થા કરી અને અમે તમારા સ્વાગતની બધી વ્યવસ્થા કરી છે.' શલ્યે કહ્યું કે, 'આ તમે શું કહો છો?' તેમણે કહ્યું કે, 'હા, અમને એવા સમાચાર મળ્યા કે તમે અમારા પક્ષ તરફથી લડવા આવી રહ્યા છો.' શલ્યે કહ્યું, 'આ કેવી રીતે બની શકે?' તો કહે, 'અમને પણ એ વાતનું આશ્ચર્ય થયું, પરંતુ અમને સમાચાર મળ્યા તો અમે વિચાર્યું કે તમારું યથાયોગ્ય સ્વાગત થવું જોઇએ. એટલા માટે આ બધી વ્યવસ્થા કરી, જેથી તમને કોઇ તકલીફ ન થાય.' શલ્ય બહુ દુ:ખી છે.

શકુનિએ કહ્યું, 'ભદ્ર નરેશ! જાણ્યે-અજાણ્યે અમારા તરફથી કરવામાં આવેલી તમારી વ્યવસ્થામાં તમને કોઇ કષ્ટ તો નથી પડ્યું ને? હવે અમારું અન્ન તમારા પેટમાં ગયું છે. તેથી અમારા માટે જે ઉચિત લાગે તે તમે કરો.'

જેનું અન્ન ગ્રહણ કર્યું હોય તેની સામે લડવું એ તો નમકહરામી કહેવાય. કૌરવોએ આવું ષડયંત્ર રચી અને શલ્યને પોતાના પક્ષમાં કરી લીધા. શલ્ય પાંડવોને મળવા ગયા, તો પાંડવો પ્રસન્ન થઈ ગયા, પરંતુ મામાને નિરાશ અને ચિંતિત જોઇને પૂછ્યું, 'મામા, શું વાત છે?' શલ્યે બધી વાત કરી અને કહ્યું કે, 'હવે તેમનું અન્ન ખાધું છે તો તેમની સાથે નમકહરામી કેવી રીતે કરી શકું?'

આ સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા, 'શલ્ય! તમારે ધર્મનું પાલન કરવું જોઇએ. તમે જાવ. મને ખબર છે કે તમને લડવા માટે નહીં, પરંતુ કર્ણનાં સારથિ થવા માટે બોલાવવામાં આવ્યા છે. પરંતુ તમે એક કામ તો કરી શકો ને?' શલ્યે પૂછ્યું, 'શું?' 'તમને કર્ણના સારથિ બનાવવામાં આવે, ત્યારે તમે તેને બિલકુલ સહયોગ ન કરતા. ફક્ત કર્ણને ક્રોધ આવે તેવું કરજો.' શલ્યે કહ્યું, 'બસ, એ તો હું કરીશ.'

આમ જોઇએ તો મહાભારતમાં કોઇ હીરો નથી અને કોઇ વિલન નથી. રામાયણમાં સ્પષ્ટ રૂપે એ દેખાય છે કે રાવણ વિલન છે અને રામ હીરો છે. શલ્યને કર્ણના સારથિ બનાવવામાં આવ્યા. કર્ણ યુદ્ધ કરવા માટે આવ્યો.

કર્ણ કહે કે, 'શલ્ય, મારો રથ અર્જુનના રથ પાસે લઇ જાવ.' ત્યારે શલ્ય રથને બીજા કોઇના રથ પાસે લઇ જતા અને કહેતા. 'કર્ણ! પહેલાં આની સાથે લડ, પછી અર્જુન પાસે જઇશું.' કૌરવોએ કપટ કરીને તેમને પોતાના પક્ષમાં કરી લીધા છે. તેથી તેમણે કૌરવોને સહયોગ આપવાનું બંધ કરી દીધું છે.

બીજા યોદ્ધાને ખત્મ કરીને કર્ણે કહ્યું, 'હવે મારા રથને અર્જુન પાસે લઇ જાવ.' ફરીથી શલ્ય કર્ણના રથને કોઇ બીજાના રથ પાસે લઇ ગયા અને બોલ્યા, 'પહેલાં આની સાથે લડ.' બાણ મારીને કર્ણે બધાને ખત્મ કરી દીધા અને કહ્યું, 'શલ્ય, હવે મારા રથને અર્જુનના રથ પાસે લઇ જાવ.' શલ્ય માનતા નહોતા.

કર્ણને ગુસ્સો આવ્યો, તેણે કહ્યું, 'શલ્ય, તું કેવો સારથિ છો? હું વારંવાર તને કહું છું કે મારા રથને અર્જુનના રથ પાસે લઇ જા અને તું મારા રથને કોઇ બીજાના રથ પાસે લઇ જાય છે.' શલ્યે કહ્યું, 'હું તારા ભલા માટે જ તને અર્જુન પાસે નથી લઇ જતો.' કર્ણે કહ્યું, 'એટલે?' શલ્યે કહ્યું, 'જ્યાં સુધી તારા નસીબમાં જીવતા રહેવાનું લખાયું છે, ત્યાં સુધી શ્વાસ લેતો રહે. મરવાની ઇચ્છા થાય ત્યારે કહેજે હું તને અર્જુન પાસે લઇ જઇશ.' આ સાંભળી કર્ણ ખૂબ ગુસ્સે થયો.

કર્ણને ક્રોધિત કરવાનું કામ જ શલ્યને સોંપવામાં આવ્યું હતું અને શલ્યએ તે કામ સફળતાપૂર્વક કર્યું.

આમ, જેની સાથે ભગવાન હોય એટલે કે જેની સાથે ધર્મ હોય, સન્માર્ગ હોય, સાચા ગુરુ હોય તેને કદી પરાજયની ચિંતા હોતી જ નથી.

તમારાં વાણી અને આચરણમાં સમાનતા છે?

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આ દુનિયામાં જાતજાતના મનુષ્યોનો આપણે રોજબરોજ સામનો કરવો પડતો હોય છે. જેને મોટા ભાગે બે સાપેક્ષ રીતે પૂરક એવા પક્ષોમાં વહેંચી શકાય - પ્રભાવ પાડનારા અને પ્રભાવિત થનારા. સમૂહને દોરનારા અને ગાડરિયા પ્રવાહમાં વહી જનારા; આધ્યાત્મવાદી અને ભૌતિકવાદી; મુશ્કેલી આવતાં જ જીવન હારી જનારા અને વિઘ્નોની વણઝારમાં પણ બાજી મારી જનારા... યાદી તો ઘણી લાંબી બને એમ છે. પરંતુ આજે આપણે એક વિશિષ્ટ પક્ષની વાત કરવાના છીએ.

આપણી સંસ્કૃતિમાં સદીઓથી આ કહેવત ગવાતી આવી છે: 'કહેણી મિસરી ખાંડ હૈ, રહેણી તાતા લોહ; કહેણી કહે ઔર રહેણી રહે, ઐસા વિરલા કો'ક.'

અર્થાત 'કોઈ પણ વાત બોલી નાખવી ખાંડ જેવી મીઠી છે, પણ એ પ્રમાણે વર્તીને બતાવવું એ તપાવેલ લોખંડની સાંકળને ગળામાં પહેરવા જેવું આકરું છે. આદર્શ આચારરૂપી વાણી બાદ તે પ્રમાણે વર્તી બતાવે એવા વિરલા બહુ દુર્લભ હોય છે.'

સાહિત્યકાર હરીન્દ્ર દવેએ કહેલું કે, 'અમે સદવર્તનની વાતો કરીએ છીએ અને પ્રમુખસ્વામી મહારાજ પણ વાતો કરે છે, પરંતુ એમની વાતોની અસર થાય છે. કારણ? પ્રમુખસ્વામીનું આચરણ-વર્તનરૂપી બેલેન્સ એટલી વિપુલ માત્રામાં છે કે એમનો ચેક ક્યારેય બાઉન્સ થતો જ નથી! અમારામાં અને એમનામાં અહીંયા ફરક પડે છે.'

બે સદી પહેલાં ભગવાન સ્વામિનારાયણે સમાજશુદ્ધિનું આંદોલન આદર્યું, તેમાં સંતોને ઘરેઘરે ફરીને ઉપદેશ આપવા માટે આજ્ઞા કરી અને સદાચારના ઉપદેશક એવા આ સંતોને ઉચ્ચ આચરણના નિયમ-ધર્મ આપ્યા. પ્રમુખસ્વામી મહારાજે એ સિદ્ધાંતોને અવિચળ રાખીને, અણીશુદ્ધ નિયમધર્મયુક્ત જીવન જીવીને, વિશ્વવિખ્યાત 'રીડર્સ ડાયજેસ્ટ'ના સર્વે અનુસાર 'દુનિયાની 20 સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ'માં સ્થાન મેળવ્યું છે. ભારતનાં કે વિદેશનાં 17,000થી વધુ ગામ-શહેરોમાં અવિરત વિચરણ કરીને મનુષ્યમાત્રને શુદ્ધ-ઉચ્ચ જીવનની પ્રેરણા આપનારા સ્વામીજીએ પોતે ક્યારેય નિયમ-ધર્મની લક્ષ્મણરેખાને ઓળંગી નથી.

1983માં એમને હાર્ટએટેક આવેલો. તે પછી દવા લેતાં પહેલાં એમણે કહ્યું હતું, 'આ દવા ચોખ્ખી છે ને? ગમે તે થાય, દેહ પડી જાય તોય સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન થાય એવી કોઈ દવા મને ન આપવી.'

એક વખત 'ગુજરાત મેલ' ટ્રેનમાં પ્રમુખસ્વામી મહારાજ આણંદથી મુંબઈ જતા હતા. ત્યારે અધવચ્ચે જ ખ્યાલ આવ્યો કે ટિકિટ બુકિંગ કરનાર હરિભક્ત રિઝર્વેશનના 50 રૂ. ભરવાના ચૂકી ગયા હતા. ટિકિટ ચેકરે આ રકમ માંગી, ત્યારે એમણે વિનંતી કરી કે, 'અમે મુંબઈ ઊતરીએ ત્યારે જે હરિભક્ત લેવા આવ્યા હશે એમની પાસેથી પૈસા માંગીને ચૂકવી દઈશું.' કારણ કે સ્વામિનારાયણીય સાધુના સ્ત્રી-ધનના ત્યાગના નિયમનું દૃઢપણે પાલન કરનારા એમણે જિંદગીમાં કાણી પાઈ પણ પોતાની પાસે રાખી નહોતી. ત્યારે સહપ્રવાસીઓને આ બાબત કેવી આશ્ચર્યકારી લાગી હશે કે આવી વિશ્વવ્યાપી સંસ્થાના સર્વેસર્વા પ્રમુખસ્વામી આ પોતે જ છે, જેની પાસે 50 રૂ. પણ નથી!

નવી દિલ્હી સ્થિત અમેરિકાના કોન્સ્યુલ ઓફિસર ડેમિયન સ્મિથે પ્રમુખસ્વામી મહારાજનો પાસપોર્ટ જોયો, ત્યારે એ પાસપોર્ટમાં 45થી વધુ દેશના વિઝા સ્ટેમ્પ જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે 'સ્વામીજીએ ઘણા દેશોનો પ્રવાસ ખેડ્યો છે, પણ એમને ક્યાંયની હવા લાગી નથી!' આખું વિશ્વ ફરી લીધા પછી પણ, તેમની રીતભાતમાં અણુ જેટલોય ફેરફાર થયો નહોતો.

ગમે તે પરિસ્થિતિ હોય, શરીર, સ્વાસ્થ્ય કે સુવિધાનું જોખમ હોય, એ બધાને અવગણીને, તેમનું નિયમધર્મયુક્ત આચરણ અડીખમ રહ્યું હતું! એક વખત રાજનેતા એચ. એમ. પટેલે પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ પ્રસ્તાવ મૂકેલો કે, 'તમે જો આ નિયમધર્મની મર્યાદાને ઢીલી મૂકો, તો વધુ સારી રીતે પ્રચાર કરી શકશો અને સંપ્રદાયની વૃદ્ધિ થશે.' ત્યારે સ્વામીજીએ જણાવેલું કે, 'જો નિયમધર્મ પાળવાને લીધે વિકાસ નહીં થાય, તો અમે ખૂણામાં બેસીને ભજન કરીશું, પરંતુ સ્વામિનારાયણ ભગવાને આપેલા નિયમોમાં બાંધછોડ થશે નહીં.'

પૂ. રામસ્વરૂપ શાસ્ત્રી કહેતાં કે, 'હમ સબ તો વક્તવ્યવાલે હૈ, લેકિન પ્રમુખસ્વામી કર્તવ્યવાલે હૈ...' માત્ર એક જ વાક્ય આપણને જીવન અને આચરણ માટે અંતરદૃષ્ટિ કરાવે છે.

જ્ઞાન માટે ધનનું દાન

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

માધવરાય પેશ્વાનો જન્મદિવસ હતો. જન્મદિવસની ઉજવણી નિમિત્તે કેટલાય લોકોને તેઓ ભેટ આપી રહ્યા હતા. એક યુવાન બ્રાહ્મણ, નામ તેનું રામનાથ. તે પણ કંઈક મેળવવાની આશા સાથે ત્યાં આવ્યો. માધવરાયે યુવાનનાં મુખનું તેજ પારખી સામેથી પૂછ્યું, 'મારા જન્મદિવસ નિમિત્તે તારે ભેટમાં શું જોઈએ છે?'

'તમે સૌને સંપત્તિ આપી રહ્યા છો. મને પણ એ જ આપવા ચાહતાં હો, તો મને એમાં રસ નથી.'

'તો શેમાં રસ છે?' - 'આમ ભલે મારે સંપત્તિની જરૂર છે, પણ નાશવંત એવું દાન મારે નથી જોઈતું. તમે જો મને દાન કરવા ઈચ્છતા જ હો, તો ચિરંજીવ દાન આપો.'

'મને સમજ નથી પડતી કે તમે શું કહી રહ્યા છો.'

'મારે જ્ઞાન મેળવવું છે... ખૂબ અભ્યાસ કરવો છે... કેટલાય શાસ્ત્રોનું અધ્યયન કરવું છે... એ માટે મારી ઈચ્છા કાશી જઈને અભ્યાસ કરવાની છે. તમે જો એ માટે મને સહાય કરી શકતાં હો, તો...'

દાનની આ નવી અને ચિરંજીવ પદ્ધતિ જાણી માધવરાય વધારે ખુશ થયા. રામનાથને કાશી ભણવા મોકલ્યો અને તેનો સંપૂર્ણ ખર્ચ પોતે ઉપાડ્યો. નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરી સમય જતાં રામનાથ સમર્થ વિદ્વાન બન્યા.

ન્યાયાધીશ તરીકે પણ તેમણે વર્ષો સુધી નોંધનીય સેવા આપી. કોઈની પણ શેહ-શરમમાં આવ્યા વિના, નીડરતાથી અનેક ચુકાદાઓ આપ્યા. જીવનપર્યંત તેમણે માધવરાયને પોતાના ઉપકારી તરીકે માન્યા.

બધું પરમાત્માનું છે અને પરમાત્મા સિવાય બીજું કંઇ નથી

તુલસીદાસજી બધાને પ્રણામ કરે છે. કાં તો બધું મિથ્યા અથવા તો બ્રહ્મ જ સત્ય છે એમ માનીને આ નામરૂપાત્મક પ્રપંચથી મુક્ત થઇ જાવ અથવા તો બધું ભગવાન સ્વરૂપ છે એવો ભાવ દૃઢ કરીને બધા પ્રત્યે સમર્પિત થઇ જાવ. પરમાત્મા સિવાય બીજું કંઇ નથી.

આમ બે દૃષ્ટિકોણ છે. જે પોતાનામાં પ્રભુમય સંસારને જોશે, તે પછી કોનો વિરોધ કરશે? તે કોઇનો વિરોધ નહીં કરે, તે વંદન જ કરશે. દુઃખ આપનારાને પણ વંદન કરશે, કારણ કે આ રૂપમાં ભગવાન જ તેને ઘડી રહ્યાં છે.

તે એવું માને છે કે મારી સાધના, સત્સંગ પરિપક્વ બની જાય એવી વ્યવસ્થા મારા પ્રભુએ કરી છે. કુંભાર માટી લાવે છે, પાણી મેળવી, માટીને ગુંદે છે અને પછી ચાકડા પર ચડાવે છે તેને ઘાટ આપે છે અને સૂકવીને તેને નિંભાડામાં તપાવે પણ છે. ત્યારે એક માટલું તૈયાર થાય છે. મને પણ ભગવાને આ રીતે ઘડવા માટેની બધી વ્યવસ્થા કરી છે. ક્યારેક તે મારામાં સાવનું પાણી મેળવે છે, તો ક્યારેક તપાવે પણ છે, ક્યાંક તપન છે, અગન છે, તેને જલવું પણ પડે છે. આ બધી વ્યવસ્થા મારા પ્રભુએ કરેલી છે. આવા મનુષ્યો બધાને પ્રણામ કરે છે. નરસિંહ મહેતાએ એટલા માટે ગાયું છે.

સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ, કાછ, મન નિશ્ચલ રાખે,
ધન ધન જનની તેની રે... વૈષ્ણવજન તો તેને રે કહીએ,
જે પીડ પરાઈ જાણે રે.... પરદુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે..

જે ભાવપ્રધાન લોકો છે તેના માટે આ માર્ગ સારો છે. બધું પરમાત્માનું છે અને પરમાત્મા સિવાય બીજું કંઈ છે જ નહીં. માટે જ ભાગવતના દ્વિતીય સ્કંધમાં બે પ્રકારના ધ્યાનની ચર્ચા શુકદેવજીએ કરી છે.

પાતાલમેતસ્ય હિ પાદમૂલ
પઠન્તિ પાર્થ્યિ પ્રપેદેરસાનલમ્।

ચૌદ લોક ભગવાનની અંદર જ રહેલા છે. બધું પ્રભુનું સ્વરૂપ છે. કાં તો આ ભાવ હોય, કાં તો નામરૂપાત્મક. આ જે પ્રપંચ છે તે બધું મિથ્યા છે એવું માનો અને બ્રહ્મ જ સત્ય છે, એવો વિશ્વાસ રાખો. વિચારના માધ્યમથી માણસ મુક્ત થાય છે. કેટલાય લોકો બુદ્ધિપ્રધાન જીવન જીવનારા હોય છે, તો કેટલાય લોકો હૃદયપ્રધાન જીવન જીવનારા હોય છે, બધા લોકો માટે આપણા ઋષિમુનિઓએ અલગ-અલગ ભાવપ્રધાન બતાવ્યા છે. તેમાં પણ મનોવિજ્ઞાન રહેલું છે. અર્જુનને ઉપદેશ કરતી વખતે ભગવાન કહે છે, 'બે માર્ગ છે ભાઈ!' જુઓ, ભગવાન દ્વૈતની વાત કરી રહ્યા છે. બે માર્ગ બતાવી રહ્યા છે.



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



લોકેડસ્મિન્ દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોકતા મયાનઘા

હું કંઇ નવું નથી બતાવી રહ્યો આ વાત પહેલાંથી કહેવાયેલી છે.

અર્જુને કહ્યું, 'તમે જ્ઞાન અને કર્મ બંને માર્ગ બતાવી રહ્યા છો. બંનેમાં ક્યો માર્ગ શ્રેષ્ઠ છે?' ભગવાને કહ્યું, 'બંને માર્ગ શ્રેષ્ઠ છે. જ્યારે પસંદગીની વાત આવે અને પસંદગી જ્યારે બે શ્રેષ્ઠ વચ્ચે કરવાની હોય, ત્યારે વાત વધારે મુશ્કેલ બની જાય છે.' અર્જુને કહ્યું, 'તમે ગરબડ કરી રહ્યા છો.'

ભગવાને કહ્યું, 'તારો પ્રશ્ન ખોટો છે.' કાર્ષ્ણિગુરુ શરણાનંદજી મહારાજને હું કહી રહ્યો હતો. તેઓ એક પુસ્તક વાંચી રહ્યાં હતા ત્યારે એક બુદ્ધિજીવી વકીલ તેમની પાસે આવ્યા. હશે કોઇક વકીલ કે મોટા પ્રોફેસર! અમારી પાસે આવીને બોલ્યા, 'મારે એક ચોક્કસ પુસ્તક વાંચવું છે. તમારી પાસે એ પુસ્તક હોય તો આપો.' અમારી પાસે એ પુસ્તક હતું. તેથી તેમને આપ્યું.

ચાર-પાંચ દિવસ પછી આવીને કહે, 'મહારાજ! આ મારા કામની વસ્તુ નથી, આને તમે જ રાખો.' મેં પૂછ્યું, 'શું થયું?' તેઓ બોલ્યા, 'આમાં એ પ્રશ્નોના ઉત્તર છે, જે મારા મનમાં ક્યારેય ઉદભવતા જ નથી. તેથી આ પુસ્તક તમે જ રાખો.' તો પ્રશ્ન જ્યારે ઉદભવે અને સામે બે વિકલ્પ હોય, તો બંને વિકલ્પમાંથી બંને શ્રેષ્ઠ હોય તો વધારે મુશ્કેલી પડે છે. ભગવાન અર્જુનને કહે છે કે, 'તેં પ્રશ્ન ખોટો પૂછ્યો છે. જો તું એમ પૂછત કે, 'આ બંનેમાં ક્યો માર્ગ શ્રેષ્ઠ છે? તો બંને શ્રેષ્ઠ છે પરંતુ તારા માટે એ જ માર્ગ શ્રેષ્ઠ છે જે માર્ગનો તું પથિક છે.' અર્જુન બોલ્યો, 'હું કયા માર્ગનો પથિક છું?' ભગવાને કહ્યું, 'બે પ્રકારના લોકો હોય છે. એક તો અંતર્મુખી પ્રકૃતિના લોકો અને બીજા બહિર્મુખી પ્રકૃતિના લોકો. આપણે ત્યાં સદગુરુને વૈદ્ય માનવામાં આવ્યા છે.'

સદગુરુ બૈદ્ય બચન વિશ્વાસા

રોગ તો બધાનો સામાન્ય છે. ભવરોગ. સદગુરુ જે દવા આપે છે તે શિષ્યની પ્રકૃતિ અનુસાર આપે છે. શ્રીકૃષ્ણના ત્રણ સખા છે. એક ઉદ્ધવજી, બીજા સુદામાજી અને ત્રીજા અર્જુનજી. આ ત્રણેયની વાત છે, ભાગવતમાં.

ઉદ્ધવજીને ભગવાને નિવૃત્તિ પથ તરફ જવાનું કહ્યું. અર્જુનને જે ઉપદેશ આપ્યો છે તે ભગવદ્ ગીતામાં આપણે વાંચીએ જ છીએ, પરંતુ ઉદ્ધવને ઉપદેશ આપીને અને નિવૃત્તિ માર્ગ તરફ મોકલી આપ્યા. કારણ કે હવે કોઈ કર્તવ્ય બાકી રહેતું નહોતું. તેથી ભગવાને કહ્યું કે, 'ઉદ્ધવ! આ પાદુકા લે અને બદ્રિકાશ્રમ ચાલ્યો જા.' ઉદ્ધવ સાથે રહેવા માગતા હતા. છતાં તેમને નિવૃત્તિમાર્ગ તરફ મોકલ્યા અને અર્જુનને પ્રવૃતિમાં લગાડ્યા.

ભગવાન સાંખ્યયોગની વાત પણ કરશે કે જે રીતે વેપારી કોઇ બે ચીજ બતાવે અને કહે કે આ બંને વસ્તુ સારી છે અને મજાની વાત એ છે કે બે માર્ગ બતાવનારા શ્રીકૃષ્ણ ક્યાંક ને ક્યાંક તેમની એકતા સિદ્ધ કરે છે.

સંસારમાં રહેવાની રીત શીખીએ - સંત પાસેથી

ચાલો, આજે શરૂઆત કરીએ પ્રશ્નોથી. દુનિયામાં ગલી-ગલીમાં ક્રિકેટ રમનારા કેટલા? પરંતુ સચિન તેંડુલકર કે જ્હોન્ટી રોડ્સ જેવી સફળ કારકિર્દી કોઈક જ બનાવી શકે છે. દુનિયામાં નાનો-મોટો ધંધો-દુકાન ચલાવનારા કેટલા? પરંતુ રતન ટાટા, ગૌતમ અદાણી કે વોરન બફેટ જેવા સફળ બિઝનેસમેન કોઈક જ થઈ શકે છે. દુનિયામાં વિજ્ઞાનનો અભ્યાસ કરનારા કેટલા? પરંતુ સી.વી.રામન, જગદીશચંદ્ર બોઝ, વિક્રમ સારાભાઈ કે અબ્દુલ કલામ જેવા સફળ વૈજ્ઞાનિક કોઈક જ થઈ શકે છે. આવું દરેક ક્ષેત્રોમાં જોવા મળે છે! જોવાની ખૂબી એ છે કે આ દરેક જગ્યાએ કાર્યમાં ફરક નથી હોતો, પરંતુ કાર્ય કરવાની રીતમાં ફરક પડતો હોય છે અને એટલે જ કહેવાયું છે કે, 'જીતનેવાલે લોગ અલગ કામ નહીં કરતે, અલગ ઢંગ સે કામ કરતે હૈ.'

આજે આપણે બહુ મોટી વાતો નથી કરવી. રોજિંદા જીવનમાં જે કરવાનું છે, જે બનવાનું છે, એની જ વાત કરીએ. એ તો સનાતન સત્ય છે કે 'આપણે ક્યારેક કારકિર્દીમાંથી તો રિટાયર થઇશું, પરંતુ પરિવારના સભ્ય તરીકે રિટાયર થવાના છીએ?' ના, એ તો જ્યાં સુધી પ્રાણ રહેશે ત્યાં સુધી આપણે જે-તે પરિવારના સભ્ય છીએ. સાચા પરિવારજન બનવાની રીત શીખવી પડે; ત્યારે આપણે 'સફળ પરિવારજન' બની શકીએ.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આપણે ઘર-પરિવાર-સંસારમાં રહેવાની રીત શીખવાના છીએ, એક સંત પાસેથી - પ્રમુખસ્વામી મહારાજ પાસેથી! પરહિત માટે અનેક પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલા હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ સૌની નાની-નાની તકલીફો તો જાણી જ લેતાં, પરંતુ કોઈને પોતાના તરફથી તકલીફ ન પડે તેવો પ્રયત્ન કરતા.

એક વખત રાત્રિના સમયે પ્રમુખસ્વામી મહારાજ પલંગ પર સૂતા હતા. તેમના સેવક પણ તે જ રૂમમાં નીચે સૂતા હતા. રાત્રે અચાનક સેવકની આંખ ઉઘડી, ત્યારે તેણે જોયું કે પ્રમુખસ્વામી મહારાજ માથે ઓઢીને સૂતા હતા, પણ તેમાં પ્રકાશ હતો! થોડી વારમાં પ્રકાશ બંધ થયો અને પ્રમુખસ્વામી મહારાજે માથે ઓઢેલી ચાદર દૂર કરી. એટલે સેવકે પૂછ્યું કે, 'સ્વામી! તમે શું કરતા હતા?' 'ઘડિયાળમાં સમય જોતો હતો.' 'પણ તેમાં માથે ચાદર ઓઢીને કેમ જોવાનું?' ત્યારે સ્વામીજી બોલ્યા, 'મને એમ કે હું ઘડિયાળ પર બેટરી મારું અને તેનો પ્રકાશ તમારી આંખ પર પડે તો તમને ઊંઘમાં ખલેલ પડે, તેથી ચાદર ઓઢીને ઘડિયાળમાં સમય જોયો.' પ્રમુખસ્વામી મહારાજના આ ઉત્તરથી સેવકસંતના આશ્ચર્યનો પાર ન રહ્યો. 'હું સ્વામીજીની સેવા કરું છું કે તેઓ મારી સેવા કરે છે!' પરિવારમાં રહેવાની કેવી અનોખી રીત! સતત એવો જ પ્રયત્ન રહે કે, 'મારા વર્તનથી મારાં માતા-પિતા કે ભાઈ-બહેન કે જીવનસાથીને શારીરિક કે માનસિક ખલેલ તો નથી પહોંચતી ને!'

પ્રમુખસ્વામી મહારાજને મળવા આવનાર સૌની ભાવના જાણી લેતા અને તેને સંતોષ આપવા પ્રયત્નશીલ રહેતા. સૌની ભાવનાને જાળવવાના પ્રયત્ન કરવામાં પ્રમુખસ્વામી મહારાજને પોતાને કેટલીય ભીડ પડી છે, શ્રમ પડ્યો છે, પણ તે તરફ તેમણે ક્યારેય લક્ષ્ય જ આપ્યું નહીં!

ઝાલાવડના મોજીદડ ગામે પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા હતા. તે સમયે તેમના પગે મુઢિયું ગૂમડું થયું હતું. તે પાકી ગયેલું. સખત પીડા થતી હતી. આજે ભક્તો-ભાવિકોના ઘરોઘર મળવા જઈ નહીં શકાય તેવું પ્રમુખસ્વામી મહારાજને જણાતું હતું. આ વાતથી અજાણ ભક્તોએ તેમને ઘરોઘર પધરામણી કરવા વિનંતી કરી. સૌના ભાવ પૂરા કરવા પ્રમુખસ્વામી મહારાજ નીકળી પડ્યા! સવારથી બપોરે 12.30 વાગ્યા સુધીમાં તેમણે 60 ઘરોમાં પધરામણી કરી. બપોરે દર્દથી પીડાતા, થાકેલા પ્રમુખસ્વામી મહારાજને જોતાં સૌને ખ્યાલ આવ્યો કે આપણી ભાવનાને પૂરી કરવા તેમણે કેટલું દુઃખ વેઠ્યું છે! આવા તો હજારો પ્રસંગો છે. પ્રમુખસ્વામી મહારાજનું જીવનસૂત્ર હતું, 'બીજાના સુખમાં આપણું સુખ!' પોતે સહન કરીને પણ સામેવાળાની લાગણીઓને માન આપવું, એ પરિવારમાં રહેવાની કેવી અનોખી રીત!

એક કોલેજના અનુભવી પ્રાધ્યાપકે વર્ગમાં નવા જોડાયેલા વિદ્યાર્થીઓને પહેલા જ લેક્ચરમાં સમજાવ્યું હતું કે, 'મારી પાસે 20 વર્ષનો અનુભવ છે અને તમારી તો હજી શરૂઆત જ છે. જો તમારે એકડેએકથી શરૂ કરવું હોય, તો પોતાની રીતે ભણજો અને 20 વર્ષના અનુભવને સાથે લઈને આગળ વધવું હોય, તો હું ભણાવું એ રીતે ભણજો.' એ જ રીતે આપણે આપણી રીતે 'પરિવારજન' બનીએ, તે કરતાં આજના સિદ્ધાંતો શીખીને, તેને આચરણમાં મૂકીને જો 'પરિવારજન' બનીશું, તો સાચા અને સફળ પરિવારજન બનવાનો સંતોષ અનુભવી શકીશું.

જેવું કરશો તેવું મળશે

પિતાના મૃત્યુ પછી પુત્ર બિઝનેસમાં વધુ વ્યસ્ત થયો. ઘરમાં બા અને વહુ વચ્ચે ખૂબ ઝઘડા થવા લાગ્યા. આખરે પુત્ર અને પુત્રવધૂએ બાને વૃદ્ધાશ્રમમાં મૂક્યાં. વૃદ્ધાશ્રમના એક પણ રૂમમાં પંખા ન હતા, છતાં બાએ ક્યારેય ફરિયાદ ન કરી. પુત્ર અને પુત્રવધૂ બાને મળવા જતાં.

ઉંમર થતાં બા વારંવાર બીમાર પડવા લાગ્યાં. વૃદ્ધાશ્રમના સંચાલકને લાગ્યું કે બા હવે વધુ જીવે તેમ નથી, તો ફોન કરીને પુત્રને બોલાવી લીધો.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

સાંજે પુત્ર-પુત્રવધૂ અને 15 વર્ષનો પૌત્ર વૃદ્ધાશ્રમમાં બાને મળવા આવ્યાં. પૌત્ર ઘણાં વર્ષે દાદીને જોઈ ખૂબ ખુશ થયો. આખો દિવસ દાદી સાથે વાતો કરી, રમ્યો.

પુત્રએ બાને પૂછ્યું, 'બા, તારે કોઈ પણ ચીજ-વસ્તુની જરૂર હોય, તો બોલ.' બાના રૂમમાં લાંબો સમય બેસતાં ગરમી લાગતાં પુત્રએ બાને કહ્યું, 'બા, આ રૂમમાં પંખો જ નથી. આટલાં વર્ષો તેં પંખા વિના કેવી રીતે વિતાવ્યાં? આજ સુધી મને કહ્યું પણ નહીં... બોલ, તારી કોઈ ઈચ્છા હોય, તો મને જણાવ. તારી ઈચ્છા પ્રમાણે બધું જ થઈ જશે.'

બાએ પુત્રને કહ્યું, 'તારી ઈચ્છા હોય તો વૃદ્ધાશ્રમના બધા રૂમમાં પંખા નખાવી દે.'

'બા, આટલાં વર્ષો સુધી તેં ચલાવી જ લીધું છે ને? તો હજી પણ ચલાવી લે... હવે કેમ કહે છે?'

બા ધીમેથી બોલ્યાં, 'બેટા, મને તો પંખા વગર ચાલતું જ હતું અને હજી પણ ચાલશે, પણ ભવિષ્યમાં તને તકલીફ ન પડે, એટલા માટે કહું છું.'

કર્મ કરતાં રહો અને આગળ વધતાં રહો



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



જ્યારે જ્યારે સંસારમાં સમાજ બુદ્ધ પુરુષોની વાત કાને નથી ધરતો, તેમણે બતાવેલા માર્ગ પર આચરણ નથી કરતો ત્યારે સમાજમાં સંઘર્ષ જન્મે છે અને યુદ્ધનો સામનો કરવો પડે છે. વડીલોનું સન્માન થવું જ જોઈએ એ વાત એટલી જ સાચી છે, ત્યારે વડીલોએ પણ સત્યની પડખે ઊભા રહેવું જ રહ્યું. સત્ય ધર્મથી વિમુખ થાય ત્યારે અશાંતિ સર્જાય.

મહાભારતમાં જ્યારે ભીષ્મ પિતામહ અર્જુનના બાણથી પડી ગયા, ત્યારે ગણ્યાં-ગાંઠ્યાં લોકો આમતેમ ફરી રહ્યાં છે. પિતામહ ભીષ્મ પાસે રડ્યું-ખડ્યું કોઈ બેઠું છે. જ્યારે હવે ઉત્તરાયણનો સમય નજીક આવ્યો અને ભીષ્મે મહાપ્રયાણ કરવાની તૈયારી કરી, તો ઋષિમુનિ અંતિમ દર્શન માટે ત્યાં ઉપસ્થિત થયા. પાંચ પાંડવો અને દ્રૌપદી સાથે સારથિ બની ભગવાન દ્વારિકાનાથ જ્યારે કુરુક્ષેત્રમાં પધાર્યા, ત્યારે જોયું તો ભીષ્મ પિતામહ બાણશય્યા પર સૂતા છે. એક પણ બાણ પાછળથી લાગેલું નથી. લડતાં-લડતાં જે છાતીમાં વાગ્યા હતા એ શરીરને વીંધીને આરપાર નીકળ્યા છે અને પિતામહ ભીષ્મ ચત્તાપાટ પડી ગયા છે અને એ બાણની શય્યા તૈયાર થઈ છે. એ બાણ શય્યા છે. આ પથારી વીરોચિત છે.

જરા વિચારો! આસપાસ ઋષિમુનિઓ ઊભા છે, જેમના પ્રતિ સ્નેહ છે એવો પરિવાર એકત્રિત થયો છે. રાજાની જ વાત કરીએ તો હવે તો યુધિષ્ઠિર રાજા બન્યા છે. નવનિયુક્ત રાજા છે. રાજસત્તાના માણસો છે, પરિવારના સભ્યો છે, ધર્મસંસ્થાના લોકો છે અને સૌથી મોટી વાત તો એ છે કે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં ઉપસ્થિત છે. આ પ્રયાણ કેટલું અદભુત ગણાય!

મેં તો એવું પણ જોયું છે કે બાપ મૃત્યુ પથારી પર પડયો હોય અને છોકરાઓ વિદેશમાં કે બહારગામ રહેતા હોય અને બાપ ફોન કરી-કરીને કહે કે હવે તો હું થોડા દિવસોનો મહેમાન છું, બેટા, મનમાં એક ઈચ્છા છે કે એક વાર તારું મોંઢું જોઈ લઉં! દીકરા કહેતા હોય છે કે, બાપુજી, હું એટલો વ્યસ્ત છું કે વાત ન પૂછો. મન તો થાય છે કે ઊડીને તમારી પાસે આવી જાઉં, પરંતુ એટલો વ્યસ્ત છું કે આવવું શકય નથી. એ પૈસા મોકલી દે છે, પણ પોતે નથી આવતો. આવી ઘટનાઓ પણ આંખ ખોલનારી છે. માતા-પિતા અને સંતાન બંને પક્ષે. બંનેએ પોતપોતાના ધર્મ, સત્યને સતત આંખ સમક્ષ રાખવાના છે, કેમ કે સમય કોઈને છોડતો નથી. આજે તમારો વારો છે, તો આવતી કાલે બીજાનો. માટે જ જીવનમાં ક્યારેય પોતાનું કર્તવ્ય ભૂલવાનું નથી. માતા-પિતા અને સંતાન પક્ષે આ વાત સમજવા જેવી છે.

એક સત્ય ઘટના હું કહું છું. વાત છે અમેરિકના ન્યૂજર્સીની. મા–બાપ દીકરા સાથે ભારતથી ત્યાં રહેવા ગયાં, કેમ કે દીકરાના ઘરે બાળકનો જન્મ થયો હતો. નાના બાળકની સારસંભાળ રાખવા માટે કોઈ વ્યક્તિની જરૂર હતી અને ત્યાં નોકર રાખવા ખૂબ ખર્ચાળ હોય છે. માતા-પિતા ભારતમાં હતાં. તેમને બોલાવી લીધાં કે હવે તમારી બાકીની જિંદગી જે બચી છે તે અમારી સાથે પસાર કરો. માતા–પિતાની ઈચ્છા ત્યાં જવાની જરા પણ નહોતી, પણ દીકરાનો ખૂબ જ આગ્રહ હતો કે તમે આવો. દીકરા સાથે રહેવાનો આનાથી વધારે બીજો અવસર બીજો કયો હોય? માતા–પિતાએ વિચાર્યું કે દીકરો આટલા પ્રેમથી બોલાવે છે તો ચાલો જઈએ.

પતિ-પત્ની અમેરિકા ગયાં. દીકરો અને વહુ બંને નોકરી કરતાં હતાં. આયાનો ખર્ચ બચે એટલા માટે માતા–પિતાને ત્યાં બોલાવી લીધા હતાં. બંને નોકરીએ જાય અને મા–બાપ ઘર સાચવે. માતા–પિતા પણ ખુશ હતાં. પૌત્રને અને ઘરને સંભાળતાં-સંભાળતાં સમય પસાર થવા લાગ્યો. એકલાં તેઓ કયાંય જઈ શકતાં નહોતાં. એક-બે મહિના નીકળી ગયા. પછી કંટાળો આવવા લાગ્યો. તેમણે કહ્યું, 'ભાઈ, અમને મંદિરે લઈ જા, કોઈ કથામાં લઈ જા.' દીકરા પાસે તો સમય જ નહોતો, તેની બધી જ રજાઓ બુક હતી.

પૌત્ર મોટો થઈ ગયો. દીકરાની વહુને લાગ્યું કે હવે સાસુ–સસરાની જરૂર નથી. એક દિવસે છોકરાએ માતા–પિતાને કહ્યું કે, 'ચાલો, અહીં એક મંદિરમાં સત્સંગ છે. હું તમને ત્યાં લઈ જાઉં.' મા-બાપ ખુશ થઈ ગયાં. દીકરા સાથે મોટરમાં ગયાં. ત્યાં જ્યાં કાળિયાઓની જ વસ્તી હોય છે, તે વસ્તીમાં જઈને મોટર ઊભી રાખી છોકરાએ મા-બાપને નીચે ઉતારી કહ્યું કે, 'તમે અહીં ઊભા રહો. મારે એક વ્યક્તિને મળવું છે, પછી તમને મંદિરે લઈ જઈશ.'

વૃદ્ધ મા–બાપ ઊતરી ગયાં અને કહ્યું, 'દીકરા, જલદી આવજે.' દીકરો તો કલાક થયો, તો પણ આવ્યો નહીં. મા-બાપ ગભરાઈ ગયાં. તેમને પોતાનું ઘર ક્યાં આવ્યું તેની ખબર નહોતી, અંગ્રેજી ભાષા આવડતી નહોતી, ગુજરાતી ભાષા કોઈ સમજતું નહોતું. આમ ને આમ ચાર કલાક રાહ જોવામાં ગયા. હવે બંને રડવા લાગ્યાં.

એ વસ્તીમાં એક નીગ્રો રહેતો હતો. તેણે એ જોયું. તેણે દંપતીને બેસાડી ઠંડું પીવડાવ્યું અને ડિરેક્ટરી કાઢી અને તેના સમાજના એક ભાઈને ફોન કર્યો. જોગાનુજોગ તેણે જે ભાઈનો નંબર ડાયલ કર્યો હતો, તે ત્યાંના ગુજરાતી સમાજના કાર્યકર હતા. હબસીભાઈએ તેને બધી વાત કરી.


એ ભારતીયે કહ્યું કે હું નજીકમાં જ છું. અડધો કલાકમાં આવું છું. પછી એણે પેલા હબસીનો આભાર માન્યો અને દંપતીને પોતાની સાથે ઘરે લઈ ગયો. એ વૃદ્ધ દંપતીએ સજળ નેત્રોએ કહ્યું કે, કોઈ પણ રીતે અમને ભારત પહોંચાડી દો. હવે અમારે છોકરા સાથે રહેવું નથી. આ તે કેવો દીકરો કે અમને છોડીને ચાલ્યો ગયો! અમારે હવે તેની પાસે નથી રહેવું. તમે મહેરબાની કરી અમને દેશ પહોંચાડો, ભારત પહોંચી અમે તમને ટિકિટના જે પૈસા થશે તે મોકલી આપીશું. એ સજ્જન ભાઈએ સ્વખર્ચે ટિકિટ લઈ વૃદ્ધ દંપતીને ભારત મોકલી આપ્યું.

આવું પણ ન થવું જોઈએ. શ્રવણની પરંપરા જળવાઈ રહેવી જોઈએ. જો સૌ પોતપોતાનું કર્તવ્ય નિભાવે તો આવી સ્થિતિ જ ન આવે. આપણે પક્ષે સાવચેત રહીએ અને ધર્મનો માર્ગ ન છોડીએ.

આવો ને! આજે આપણે મળીએ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



વાત છે મહાભારતના યુદ્ધ પછીની. ધૃતરાષ્ટ્રએ જાહેરાત કરી કે એને પાંડવોને અને ખાસ કરીને ભીમને મળવાની ખૂબ ઈચ્છા છે. ભગવાન શ્રીકૃષ્ણ તો ધૃતરાષ્ટ્રના કપટને જાણતા હતા. તેથી તેમણે ભીમના આકારની લોખંડની મૂર્તિ બનાવડાવી ધૃતરાષ્ટ્ર સામે ધરી. અંધ ધૃતરાષ્ટ્ર પ્રેમ ઊભરાયાનો દેખાવ કરતા ભીમના પૂતળાંને વળગી પડ્યા અને એવી બાથ ભીડી કે પૂતળું કચડાઈ ગયું! લોખંડના પૂતળાંની આ દશા કરી, તો પ્રત્યક્ષ ભીમ મળ્યા હોત, તો શું થાત? શું ધૃતરાષ્ટ્ર ખરેખર ભીમને 'મળ્યા' કહેવાય?

સંસારમાં અનુભવાય છે કે પતિ-પત્ની, ભાઈ-ભાઈ, માતા-પિતા અને સંતાનો ઘરમાં રોજ મળતાં જ હોઈએ છીએ. છતાં છૂટાછેડા, અલગ થવા, ઘરમાં ઝઘડા થવા, કોર્ટ-કચેરી સુધી જવા વગેરે પ્રસંગો કેમ બને છે?

'મળવું'નો અર્થ માત્ર સ્થૂળ રીતે ભેગા થવું એ નથી. 'મળવા'નું રહસ્ય તો કંઈક જુદું જ છે. તે સમજીએ.

પ્રમુખસ્વામી મહારાજ રોજ 400થી 500 વ્યક્તિને મળતા, પરંતુ તેમના 'મિલન'ની રીત કંઈક જુદી હતી. ઘણી વાર મળવા આવનાર વ્યક્તિના પ્રશ્નો સામાન્ય હોય, ક્યારેક વિચિત્ર હોય, પણ પ્રમુખસ્વામી મહારાજ તેમાં પણ ઊંડા ઊતરી જે-તે વ્યક્તિને સંતોષકારક યથાર્થ ઉત્તર આપતા, કારણ કે તેમને મન દરેક વ્યક્તિ અને દરેકના પ્રશ્નો અગત્યના હતા.

સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા. તે સમયે મુલાકાત દરમિયાન એક ખેડૂતે આવીને પૂછ્યું: 'બાપા! મારે કૂવો ક્યાં કરવો?' પ્રમુખસ્વામી મહારાજે તેના ખેતરનો નકશો માંગ્યો. નોટબુકના લીટીવાળા કાગળ પર નકશો હાથથી દોરીને લાવેલા. પ્રમુખસ્વામી મહારાજે તે જોઈ, પ્રશ્નો પૂછી તેને કૂવો કરવાની દિશા ચીંધી. સામેની વ્યક્તિમાં રસ લેવો, તેની વિગતોને શાંતિથી, એકાગ્રતાથી સાંભળવી, સમજીને ઉત્તર આપવો એ 'મિલન' છે. આવું મિલન ઘરના સભ્યો સાથે કરીએ છીએ? સામાન્ય જણાતી વાતમાં રસ લઈએ છીએ?

'મિલન' એટલે જે-તે વ્યક્તિની મુશ્કેલીઓ, નબળાઈઓનો સંપૂર્ણ ખ્યાલ હોવો. કુટુંબના મોભી એવા પિતા ગુજરી ગયા. મિલકતની વહેંચણી થઈ. સ્વાભાવિકપણે તેમાં તેમનાં પત્નીનો ભાગ હોય જ. બંને દીકરાઓએ પોતાનો ભાગ લઈ લીધો, પણ બંને માતાને પોતાના ઘરે રાખવા આગ્રહ કરવા લાગ્યા! માતા બોલ્યાં: 'હું કયા રોગની, કઈ દવા લઉં છું, તે જે જણાવી શકે તેની સાથે હું રહીશ.' આ એક પ્રશ્નથી બંનેનાં પાણી મપાઈ ગયાં! બંનેમાંથી એક પણ પુત્રે માતાના જીવનમાં રસ લીધો જ નહોતો, તેમની મુશ્કેલીને જાણતા જ નહોતા. સાથે રાખવાનો આગ્રહ માતાની મિલકતનો ભાગ પોતાને મળે તે માટે હતો!

'મળવું' એટલે જે-તે વ્યક્તિના રસ, રુચિ, સ્વભાવ, વગેરેને યથાર્થ રીતે ઓળખવા. પ્રમુખસ્વામી મહારાજમાં આ ગુણનો અનુભવ નજીકમાં રહેનારા સૌને થતો. પ્રમુખસ્વામી મહારાજ ગોંડલમાં બિરાજમાન હતા. ભોજન સમયે તેમની પાસે ગલકાંનાં ભજીયાં આવ્યાં. તરત જ પ્રમુખસ્વામીએ સામે બેઠેલા વૃદ્ધ હરિભક્તને યાદ કર્યા: 'ભાઈકાકાને ગલકાંનાં ભજીયાં ભાવે છે. તેમને આપો.' રોજના સેંકડો માણસોને મળતા પ્રમુખસ્વામી મહારાજ દરેકની રસ-રુચિનો કેટલો ખ્યાલ રાખતા હશે!

પતિ-પત્નીના સંબંધોની વાત કરતાં 'રીડર્સ ડાયજેસ્ટ'માં પ્રશ્ન પૂછાયેલો કે, 'તમારા જીવનસાથીને ક્યો રંગ ગમે છે?' નાની અને સામાન્ય જણાતી આવી બાબતોથી ઘણા અજાણ હોય છે. તેથી તેમણે પ્રેમપૂર્વક આપેલી વસ્તુઓ પણ કદાચ સામેના પાત્રને સંતોષ નથી આપી શકતી. સાથેની વ્યક્તિના રસ-રુચિનો અભ્યાસ કરવો તેનું નામ 'મિલન' છે.

પ્રમુખસ્વામી મહારાજ નૈરોબી પધાર્યા હતા. ત્યાં સંતોએ નોંધ્યું કે હરિભક્તો તેમને પગે લાગવા આવે, ત્યારે સૌ માથું નમાવે અને સૌનાં મસ્તક પર પ્રમુખસ્વામી હાથ મૂકી આશીર્વાદ આપે, પણ એક હરિભક્ત કાયમ તેમાંથી બાકાત રહે છે. તેઓ મસ્તક નમાવે છતાં પ્રમુખસ્વામી મહારાજ તેના ખભા પર હાથ મૂકીને જ તેને આશીર્વાદ આપે છે. એક દિવસ એક સંતે પ્રમુખસ્વામી મહારાજને આમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે જણાવ્યું કે: 'તે હરિભક્ત માથે વીગ પહેરે છે. માથા પર હાથ મૂકીએ અને તેમની વીગ ખસી જાય તો તેમનું સારું ન દેખાય, તેથી ખભા પર હાથ મૂકું છું.' આને 'મિલન' કહેવાય. સામેની વ્યક્તિને અનુકૂળ થઈને વર્તી શકાય તે સાચું 'મિલન' છે.

આપણાં પરિવારજનોને કહીએ: 'આવો ને! આજે આપણે મળીએ...'

સત્ય બોલ્યાનો આનંદ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

ધર્મપરિણત એક યુવાન સપરિવાર ભારતથી અમેરિકા ગયો. અલ્પ સમયમાં વ્યાપાર ઠીક ઠીક જામી ગયો. એક વાર ગાડી લઈને તે જતો હતો અને રસ્તામાં કોઈ બહેન સાથે ગાડીનો અકસ્માત થયો. સૌજન્યથી તે ઊભો રહ્યો. બહેનને હોસ્પિટલમાં જાતે એડમિટ કરાવ્યાં. તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે પગમાં નાનું ફ્રેક્ચર થયું છે. એ બહેને સારા વકીલને રોકી યુવાન ઉપર કેસ કર્યો.

યુવાને પણ પોતાના તરફથી સારો વકીલ રોક્યો. વકીલે યુવાનને સમજાવ્યું, 'આ ભારત નથી, અમેરિકા છે. હું જે કહું, તે જ તમે કોર્ટમાં બોલજો. નહીં તો હારી જશો અને ઘણા રૂપિયા ભરવા પડશે.'

યુવાને વકીલને કહ્યું, 'મેં તમને કેસ જીતવા માટે નથી રોક્યા, મેં તો કેસ લડવા માટે રોક્યા છે. મને મારા ગુરુદેવો અને માતા-પિતાએ સંસ્કાર આપ્યા છે કે, ગમે તેવી પરિસ્થિતિમાં પણ જુઠ્ઠું તો ન જ બોલવું. એટલે કોર્ટમાં હું સત્ય જ બોલીશ.' પત્નીએ પણ પતિના પક્ષે રહી કહ્યું, 'આપણી પાસે પૈસા નહીં રહે, તો આપણે પાછા ભારત જતાં રહીશું, પણ જૂઠ્ઠું તો નહીં જ બોલીએ.'

કોર્ટમાં એ યુવાને પોતાની ભૂલ સહજતાથી કબૂલ કરી. અહીંના રૂપિયા પ્રમાણે પોણા બે કરોડ રૂપિયાનો દંડ થયો. એ યુવાને બધો દંડ સહર્ષ ભર્યો. આટલો દંડ ભર્યા પછી પણ તે યુવાનને અફસોસની વાત જવા દો, પરંતુ સત્યને પકડી રાખવાનો અંતરમાં ખૂબ જ આનંદ હતો.'

ભગવાનની પ્રસન્નતા માટે કાર્ય કરીએ, ત્યારે પ્રગતિ થાય છે

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવ્યાં છે. સ્થિતપ્રજ્ઞ સામાન્ય રીતે કેવો હોય તે વ્યવહારથી ખબર પડે. નહીંતર જ્ઞાની ગમે તેવો મહાન હોય, પણ તેને ઓળખવો મુશ્કેલ. એટલે કર્મ પ્રગટ હોય છે. પેલું જ્ઞાન છે, એ સરસ્વતીની જેમ ગુપ્ત છે. પણ આ ત્રિવેણી જ્યારે હોય અને માણસ એ પ્રયાગમાં જીવતો હોય ત્યારે એનું વિશેષ મહત્ત્વ હોય છે. એટલે ભક્તિ અને જ્ઞાન અને તે અનુસાર કર્મ આ ત્રણેય બાબતને લઈને માણસ ચાલે.

હા, દરેકના જીવનમાં કોઈ એકનું પ્રાધાન્ય હોય. ત્રણેય વગર ચાલવાનું નથી, છતાં કોઈ એકનું પ્રાધાન્ય સ્વીકારીને માણસ ચાલતો હોય છે. ઘણાનાં જીવનમાં કર્મનું પ્રાધાન્ય હોય છે. એટલે એ લોકો કહેતા હોય છે કે 'વર્ક ઈસ વર્શિપ'. અમે બીજા બધામાં ન માનીએ.' કહે છે કે ત્રણ-ચાર કલાક મંદિરમાં બેસીને ઘંટડી વગાડીને આરતી ઉતારવાની અને પૂજાપાઠ કરવાના બદલે અમે અમારાં કર્મને જ પૂજા માનીએ છીએ અને વાત બરાબર છે.

ગીતા પણ એમ જ કહે છે, પણ એમાં પ્રાધાન્ય છે માણસનું. ઘણા લોકોમાં ભક્તિ પ્રાધાન્ય હોય.. ત્યારે આપણે તેને ભક્તિમાર્ગ કહીએ છીએ. કર્મનું પ્રાધાન્ય હોય એને આપણે યોગ પ્રાધાન્ય કહીએ છીએ અને જેમાં વિચારનું પ્રાધાન્ય છે, વિવેકનું પ્રાધાન્ય છે, એને આપણે જ્ઞાનમાર્ગ કહીએ છીએ. વિચાર વગરની સંવેદનશીલતા અને સંવેદનાહીન વિચારશીલતા આ બંને જીવનને એકાંગી બનાવે અને એકાંગી જીવન એ પૂર્ણ જીવન નથી.

જીવનની પૂર્ણતાને પામવા કે જીવનને પૂર્ણતામાં જીવવા માટે આ ત્રણેય વચ્ચે સામંજસ્ય સધાય એ બહુ જરૂરી છે. એનું નામ યોગ. ગીતા યોગ શીખવાડે છે. ભક્તિયોગની અંદર પણ આ જ ચર્ચા છે. દેહાભિમાની સાધારણ જીવો માટે એ માર્ગ બહુ કઠિન છે, કારણ કે તેમાં સંપૂર્ણ વૈરાગ્ય જ્યાં સુધી ન હોય ત્યાં સુધી સિદ્ધિ મળે નહીં.

ભક્તિમાર્ગમાં મજા એ છે કે એમાં ભોગોનો સ્વરૂપથી ત્યાગ અપેક્ષિત નથી કે તમે ઘર છોડો, સારાં કપડાં-લતા પહેરવાનું છોડો, સારું ખાવાનું છોડો. ભોગોનો સ્વરૂપથી ત્યાગ અપેક્ષિત નથી. એને બદલે ભક્તિમાર્ગ એટલે રસમાર્ગ. ભગવાન રસના ભોક્તા છે. શ્રીકૃષ્ણ રસેશ્વર છે. તમારે આ બધું છોડવાનું નથી. તમે આ બધું ઈશ્વરને અર્પણ કરો અને



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ઈશ્વરાર્પણબુદ્ધિથી પછી તમે એને પ્રસાદ માની લો.

હવે આ ભક્તિમાર્ગમાં ભાવની પ્રબળતા છે. સારામાં સારા કપડાં ગોપી પહેરે કે ભક્તિમાર્ગનો કોઈ પણ સાધક. પણ શા માટે? કૃષ્ણને રાજી રાખવા માટે કે હું લઘરવઘર હોઈશ તો ભગવાનને ગમશે નહીં. એટલે હું સુંદર તૈયાર થાઉં, મારાં વસ્ત્રો સુઘડ હોય અને એવી રીતે હું રહું. ગોપી શૃંગાર કરે તો એમાં શ્રીકૃષ્ણને રાજી કરવાની ભાવના છે. આ ભક્તિમાર્ગ છે. છપ્પન ભોગ તૈયાર કરીને ઠાકુરજીને ધરાવવાના હોય છે. આપણી અંદર જે પણ કુશળતા પડી છે એને પ્રગટ કરી અને પ્રભુ માટે એનો વિનિયોગ કરવાનો.

જેટલા પ્રકારની સામગ્રી બનાવતાં આવડે છે એ બનાવી અને ઠાકુરજીને એનો ભોગ લગાવવાનો અને પછી પ્રસાદ આપણે ગ્રહણ કરવાનો. ભગવાનનું છે એ ભાવના રાખવાની.

માત્ર ભાવના બદલો કે આ ભગવાનનું છે અને જે કંઈ કરો તે ભગવદ્ પ્રસન્નતા માટે કરો. આનાથી થાય છે શું? પહેલી વાત, ભક્તિમાર્ગને કારણે માણસમાં દીનતા આવે કે મારું કંઈ નથી. બધું જ ઠાકુરજીનું છે. બીજું, ભગવાનને અર્પણ કરું. એટલે પ્રસાદ પણ બને અને પ્રસાદ બુદ્ધિ જેવી થઈ, પ્રસાદબુદ્ધિ થઈ એટલે બે વસ્તુ આવે. એક તો પ્રસાદમાં આદર થાય, બે, આદર થાય એટલે તમે કોઈ દિવસ પ્રસાદનો દુરુપયોગ નહીં કરો. માથે ચડાવી આપણે એ લઈએ છીએ. એ દ્રવ્યનો દુરુપયોગ નહીં થાય.

પ્રસાદ છે તેથી એકલા ન ખવાય અને નિયમ એવો છે કે વહેંચનારો પહેલા બીજાને આપે અને છેલ્લે જે શેષ રહે તે પોતે લે. એટલે એને મહાપ્રસાદ મળે. આ ભક્તિમાર્ગ છે. ભગવાનને ભોગ લગાવવો એટલે પ્રસાદ થયો અને પછી ભગવાનના ભક્તોને વહેંચ્યો એટલે મહાપ્રસાદ થયો. ભક્તને મહાપ્રસાદ પ્રાપ્ત થાય એને જ ગીતા યજ્ઞ અવશિષ્ઠ કહે છે.

આ રીતે યજ્ઞ કર્યા પછી જે અવશિષ્ટ રહે છે, જે વધે છે એના દ્વારા જીવનયાપન કરનારો બધા જ પાપથી મુક્ત થાય છે. એને તો ગીતાએ સંત કહ્યો. એ ગૃહસ્થાશ્રમમાં રહે છે, ભલે ને સફેદ કપડાં પહેરતો હોય, તો પણ તે સંત છે. ગીતાએ પ્રબોધેલી આ અદભુત ફિલોસોફી છે. એટલે ભક્તિમાર્ગમાં ભાવને બદલવાનો છે. તમારે છોડીને ક્યાંય નથી જવાનું.

ઘણાં પૂછે કે, ઉપાસના એટલે સંસારનો ત્યાગ કરવાનો એવો અર્થ થાય છે. ત્યારે કહેવાનું કે, ઉપાસનાનો શાબ્દિક અર્થ કરીએ તો 'ઉપ' એટલે સમીપ. સમીપ બેસવું એનું નામ ઉપાસના. આપણે ઠાકુરજીની સેવા કરીએ, ધ્યાન કરીએ તે ઉપાસના ગણાય અને ભક્તિ, ભજન તો, તમે રોટલી કરો એ પણ ભજન છે. ઠાકુરજીને ભોગ લગાવવાનો છે એમ મનમાં રાખીને કાર્ય કરો. પછી પ્રત્યેક કર્મ ઈશ્વરાર્થ બુદ્ધિથી થાય, ત્યારે એ ભજન બની જાય છે. એનું નામ સેવા એટલે કે 'ભજ સેવયામ્'

બીજી રીતે કહીએ તો, મારા માટે હું કરું છું, એના બદલે ભગવાન માટે કરું છું. ભોગીમાં અને ભક્તમાં આટલો જ ફેર છે. આખી ભાવના બદલાઈ જાય છે. મંત્ર સંકીર્તન થાય ત્યારે મંત્રમાં ગોપનીયતા રાખવાની વાત છે, પણ નામ સંકીર્તન થાય અને નામ સંકીર્તનથી પાપનો નાશ થાય છે.

આમ, ભગવાનની પ્રસન્નતા માટે કાર્ય કરીએ, ત્યારે પ્રગતિ થાય છે.

આપણા ઘરમાં ટ્રાફિક જામ કે સ્વભાવ જામ?

હા, તમે બરાબર જ વાંચ્યું છે. કોઈ હાઈ-વે પર નહીં, પૂલ પર, શહેર કે ગામડાંની ગલીઓમાં નહીં, પરંતુ આ વાત છે આપણા જ ઘરમાં થતા 'ટ્રાફિક જામ'ની! અમુક ઘરોમાં મહિને એક વાર, તો કોઈને ત્યાં અઠવાડિયે એક વાર; કોઈકને ત્યાં ત્રણ-ચાર દિવસે તો કોઈને ત્યાં અવારનવાર અને અમુક ઘરોમાં તો રોજ આ 'ટ્રાફિક જામ' થતો હશે. ન સમજાયું?

ચાલો, આપણી વચ્ચે બનતી ઘટનાઓમાંથી જ સમજવાનો પ્રયત્ન કરીએ... ભારતના સામાન્ય શહેરની એક પતલી ગલી છે. મધ્યમ વર્ગીય પરિવારો રહેતા હોય એવી આ 'સોસાયટી'માં રોજની જેમ જ સામાન્ય ચહલ-પહલ છે. રવિવાર છે એટલે મોટા ભાગના લોકો ઘરે જ છે અને દરેકનાં વાહનો પણ ત્યાં જ - ઘરની બહાર પડ્યા છે; એટલે આખી ગલી વાહનોથી 'હરી-ભરી' છે. એ સમયે ગલીના એક નાકેથી એક રીક્ષાવાળો પ્રવેશે છે અને બીજા છેડેથી એક 'કાર'વાળો પ્રવેશે છે. બંનેને ગલી પાર કરીને સામે પાર જવું છે. બંને જુએ છે કે સામેથી વાહન આવે છે અને ગલીમાંથી એક વાહન પસાર થઈ શકે એટલી જ જગ્યા છે. છતાં બંને આગળ વધે છે!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ગલીની વચ્ચે બંને સામસામે આવીને ઊભા રહી જાય છે. 'તારી રિક્સા પાછળ લે' 'અહીં જગ્યા નથી! તારી ગાડી પાછળ લે' 'મારી ગાડી પાછળ નહીં જાય... ગલીમાં હું પહેલા ઘૂસ્યો કે તું?' 'મને ખબર હતી કે તું આવે છે?' 'મારી ગાડી મોટી છે, તું રીક્ષા સાઈડમાં લે એટલે ગાડી નીકળે...' આમ બોલાચાલી શરૂ થાય અને ગલીના રહેવાસીઓને વગર પૈસે સવારના પહોરમાં તમાશો જોવા મળી ગયો... આ તમાશાને કારણે ગલીના બંને છેડેથી પ્રવેશ કરતાં અન્ય વાહનોની સંખ્યા પણ વધતી ગઈ અને ગલી આખી વાહનોથી ભરાઈ ગઈ. ગલીમાં થયો 'ટ્રાફિક જામ'!!!

થોડો વિચાર કરીએ તો, આ ખરેખર 'ટ્રાફિક' જામ છે? કે 'મારે પાછા વળવાનું? એ નહીં થાય...' 'મારે બીજાને પહેલા જવા દેવાના? એ નહીં થાય...' એવા જક્કી વલણને કારણે 'ઊભી થયેલી' મુશ્કેલી છે? મહંત સ્વામી મહારાજ ઘણી વાર જણાવે છે કે 'મોટા ભાગના કિસ્સામાં 'ટ્રાફિક જામ' નથી હોતો, પણ 'સ્વભાવ જામ' હોય છે!' તપાસ આપણે કરવાની છે કે આપણાં ઘરમાં આવો 'ટ્રાફિક જામ' ઉર્ફે 'સ્વભાવ જામ' કેટલી વાર અને કેટલી માત્રામાં થાય છે? અને એમાં શું હું જવાબદાર બનું છું?

નડિયાદના એક સુખી-સંપન્ન કુટુંબમાં એક બાપના ત્રણ દીકરા. ઘરમાં કોઈ પ્રકારની અછત નહીં એટલે સૌ સુખ-શાંતિથી રહેતા હતા. ત્યાં અચાનક બાપુજી મૃત્યુ પામ્યા અને પ્રશ્ન થયો કે મિલકતમાં કોનો ભાગ કેટલો? વાત એટલી વણસી ગઈ કે સગા ભાઈઓ એકબીજાનું ખૂન કરવા તૈયાર થયા. 'હું શા માટે બીજાને આપું? બધું મારું જ છે...' એમ બધા વિચારે અને કોઈ કોઈને નમે નહીં એવો ખતરનાક 'સ્વભાવ જામ' ઘરમાં સર્જાયો. પ્રમુખસ્વામી મહારાજને આ વાતની ખબર પડી, ત્યારે તેઓ સ્વયં એ કુટુંબના સભ્યોને મળ્યા, તેમનો એકબીજા સાથે મનમેળ કરાવ્યો, સંપ કરાવ્યો અને વાડકી-ચમચી સુધીની મિલકત-વહેંચણી એક સંતના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થઈ! આજે એ કુટુંબના સભ્યો પ્રમુખસ્વામી મહારાજનો આભાર માનતાં થાકતાં નથી, પરંતુ જોવાનું એ છે કે સંપીલા પરિવારમાં પણ સ્વભાવો ટકરાય, ત્યારે ભયંકર 'ટ્રાફિક જામ' થઈ જાય છે.

શું ઘરમાં આવા 'સ્વભાવ જામ' ન થાય તેનો કોઈ ઉપાય ખરો? હા, છે. પ્રમુખસ્વામી મહારાજે આપ્યો છે 'ઘરસભા' નામનો સુંદર ઉપાય. 'ઘરસભા' વિશેષ કંઈ નહીં પણ ઘરના તમામ સભ્યો દિવસ દરમિયાન એક વાર ભેગાં થાય. સમૂહભોજન કરે અથવા સમૂહપ્રાર્થના કરે અથવા બધા ભેગાં થઈને એકબીજાના ગુણોનું ગાન કરે! પ્રમુખસ્વામી મહારાજ કૌટુંબિક એકતા ન છીનવાય તે માટે કહેતા : '... આપણે ઘરસભાની વાત કરીએ છીએ. પણ હજુ ઘરમાં કેટલાકને બેસતું નથી કે ઘરસભા કરવાથી શું ફાયદો છે? પણ ભેગા બેસો તો એકબીજાની આત્મીયતા વધે. ભેગા ભોજન કરો તો આત્મીયતા વધે. ઘરસભા છે, આપણે બધાએ કરવી અને ધીરજ પણ રાખવી. ઘરની અંદર એ રીતે રહેવું કે બાળકો, યુવકો કે જે કોઈ હોય - બધા દીકરાઓ અને તેમનાં પત્નીઓ હોય, બધાએ સાથે બેસીને એવી રીતે જીવવું કે જેથી ઘરમાં કોઈ જાતનો ક્લેશ રહે નહીં.'

ઘરના બધાં સભ્યો ભેગા થઈને, હળીમળીને રહીએ અને ઘરમાં થતા 'ટ્રાફિક જામ' ઉર્ફે 'સ્વભાવ જામ'ને અટકાવીએ.

ઉદારતાને સલામ

એક ભાઈ માર્ગદર્શન લેવા માટે આવ્યા, 'ગુરુદેવ! અત્યારે વેપારમાં બિલકુલ મંદી ચાલી રહી છે. ઘરનો અને દુકાનનો ખર્ચો પણ પૂરો કરવો અઘરો છે. ગઈ કાલે એક વિચાર આવ્યો કે દુકાનમાં આટલા બધા માણસોની જરૂર નથી, તેથી છુટા કરવાનો નિર્ણય લઈ લીધો હતો, પણ એમ થયું કે તમારું માર્ગદર્શન લઈને પછી નિર્ણય કરું. તમે જણાવો, મારે શું કરવું જોઈએ?'

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

મેં તેને કહ્યું, 'ભાઈ! સાધુ છું, આમ તો મારે તમારા વેપારની વ્યથામાં પડવું ન જોઈએ, છતાં એટલું ચોક્કસ કહું કે તમારા જેવા શેઠીયાઓને પણ આ સમયમાં તકલીફ પડતી હોય, તો બિચારા નાના માણસોનું શું થશે? એને સમાન પગારે બીજે નોકરી મળતી હોય તો ઠીક છે, બાકી મહિને લાખોના ખર્ચા લઈને તમે બેઠા છો, તો દસ-વીસ હજારમાં તમને શું ફરક પડવાનો છે? આવા નાના માણસોને કપરા કાળમાં સાચવવા, એ પણ એક પ્રકારનો ધર્મ જ છે.'

તેમણે પાછું પૂછ્યું, 'ગુરુદેવ! પગાર ઘટાડી દઉં તો ચાલે?' મેં તેમને હસતાં હસતાં કહ્યું : 'મંદીના સમયમાં મંદી છે, એટલે પગાર ઘટાડવાનો વિચાર આવે છે ને! તો જ્યારે તેજી આવે, ત્યારે તેજી પ્રમાણે પગાર વધારવા પણ તમે તૈયાર થઈ જશો ને?'

મેં તો મજાકમાં કહ્યું હતું, પણ વેપારીને વાત ગળે ઊતરી ગઈ. એટલા જ પગારે તેણે મંદીમાં નોકરીએ રાખવાનો નિર્ણય તો કર્યો જ, સાથે સાથે તેજીમાં પણ શક્ય હોય તેટલો પગાર વધારવાનો પણ નિર્ણય કર્યો.

માતૃશક્તિને સમાજમાં આદર આપવો એ સાચી વંદના છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા





મા ની ભક્તિ અદભુત છે. માતૃશક્તિની વંદના તો ભગવાન શ્રીકૃષ્ણના જન્મ સમયે પણ એ જ રીતે થઈ હતી. ભગવાનના જન્મનો પ્રસંગ છે.

ભગવાન શ્રીકૃષ્ણ એ સમયે વિચારતા હતા કે, હું તો સનાથ થવા આવ્યો છું. હું પણ જગતને દેખાડવા માગું છું કે તમારે બધાને એક મા હશે, એક પિતા હશે, અરે! હું તો એવો સનાથ કે મારે બે મા છે, બે બાપ છે. હું પણ અનાથ નથી. હું તો તારો પુત્ર બનીને આવ્યો છું અને હવે જે જાણી ગઈ છે કે હું જગતપિતા છું, શું કરું? હું તો તારી મમતામાં નહાવા માટે આવ્યો છું, મા. એટલે ભગવાને પોતાની માયાને બોલાવી અને પોતાની મા ઉપર માયાનો પ્રયોગ કર્યો.

અલ્યા! માનેય ન છોડી? માયાનો પ્રયોગ મા ઉપર? ભગવાને કહ્યું, બીજો કોઈ છૂટકો જ નથી. અહીં મા ઉપર માયાનો પ્રયોગ કરવો પડે એમ છે. વ્યાસજી બહુ સરસ લખે છે. યશોદામા વિદિતત્ત્વ બની ગયાં, ત્યારે અહીં કૃષ્ણને કહ્યું સઈશ્વર. આ ઈશ્વર છે. પ્રકૃતિથી પર છે. પ્રકૃતિ જેને આધીન છે એવા માયા વિશિષ્ટ ચૈતન્ય તે ઈશ્વર છે. એને માયા આધીન છે. તરત માયાને બોલાવી. માયા ધ્રૂજવા માંડી. હું માને કઈ રીતે વળગું? માયાએ પણ વૈષ્ણવી રૂપ લીધું. આ અદભુત ઘટના છે.

ભગવાન જેમ અનિર્વચન છે, એમ ભગવાનની માયા પણ અનિર્વચનીયા છે. પણ અહીં માયાએ વૈષ્ણવી માયાનું રૂપ લીધું. સ્વજન મોહિની માયા, વિમુખજનની મોહિની માયા અને સ્વમોહિની માયા. આવા ત્રણ ભેદ થઈ ગયા અને સ્વજન મોહિની માયા એટલે કે વૈષ્ણવી માયા. એનો પ્રયોગ મા ઉપર થયો. જ્યાં વૈષ્ણવી માયાનો પ્રયોગ થયો એટલે પુત્રસ્નેહમાં મા ભૂલી ગઈ કે આ બ્રહ્મ છે અને મારે ત્યાં દીકરો બનીને આવ્યો છે. એ ભૂલી ગઈ કે આ જગતપિતા છે ને મારે ત્યાં પુત્ર બનીને આવ્યો છે.

પુનઃ પુત્રભાવ થયો અને હાથમાંથી લાકડી ફેંકી દીધી. પહેલાંની જેમ જ મા યશોદા બની ગયાં. ત્યારે જ કૃષ્ણને જરા શાંતિ થઈ. 'મા'નો આ મહિમા છે. જેની આગળ આવીને ભગવાનને પણ એની ગોદમાં રમીને સનાથ થવાનું મન થાય. જગન્નાથ જેના ખોળામાં બેસીને સનાથ છું એવો અનુભવ કરે એવું એક અદભુત ચરિત્ર – એવું જે ઊંચું ચરિત્ર એનું નામ 'મા'. એવું એકાક્ષરી કાવ્ય એનું નામ 'મા'.

આપણે કહીએ કે મમતા છોડો, અહં છોડો પણ એક રીતે જુઓ તો ભગવાનમાં મમત્વ છે. ગીતામાં ભગવાને બતાવ્યું છે. ભગવાનને કહીએ કે તમારામાં મમત્વ ક્યાં નથી? તમે ગીતામાં સ્પષ્ટ કહ્યું કે આ જીવ મારો અંશ છે અને વળી 'એવ' શબ્દ લગાડ્યો છે. મારો જ બીજા કોઈનો નહીં. આ મમત્વ તો પરમાત્મામાં પણ છે. પ્રત્યેક જીવ પરમાત્માનો અંશ છે. ભગવાનમાં પણ મમત્વ છે અને ભગવાનની એ મમતાને જ્યારે સાકારરૂપ લેવાનું મન થયું, ત્યારે એ પ્રભુની મમતા મા બનીને ઊતરી.

પ્રભુના મમત્વનું સાકાર સ્વરૂપ એનું નામ મા. એક ચિંતકનું બહુ સરસ વાક્ય વાંચેલું. પરમાત્મા બધી જ જગ્યાએ પહોંચી શકતા નથી એટલે એમણે મા બનાવી. પરમાત્માના પ્રેમની પૂતળી છે મા.

મા તો મહાસાગર જેવી છે. મહાસાગરના આપણે ભલે અલગ-અલગ નામ રાખ્યા હશે, પણ સાગરને ખબર નથી. સાગર તો સાગર છે, એમ 'મા' એ મા છે. સાગરને કોઈ સીમા નથી હોતી, એમ મા શબ્દની કોઈ સીમા જ નથી. આ તો યુનિવર્સલ શબ્દ છે, એને કોઈ જ સીમા નથી. મા એ સાર્વભૌમ શબ્દ છે. આપણા ઉપનિષદોમાં ભગવાનને છે. 'માતૃદેવો ભવ'થી આપણા ઉપનિષદોએ શરૂઆત શું કામ કરી હશે? પણ પછી! ગણ્યો મમતાની મૂર્તિ મા.

આ વિશ્વમાં બાળકનો જન્મ થાય અને એના હોઠ પર જે પહેલો શબ્દ આવે છે એ મા હોય છે. એ બોલતાં શીખે છે. છોકરો મોટો થાય, કમાતો થાય અને માતા-પિતાનો ભક્ત હોય, તો એના મનમાં ઉમળકો હોય કે મારા પહેલા પગારમાંથી મારાં મા-બાપને જાત્રા કરાવીશ. બાળક પહેલાં-વહેલાં એની માનું નામ લે છે. એના હોઠ ઉપર રુદન પછીનો શબ્દ આવે છે, એ ઝાઝે ભાગે 'મા' હોય છે.

બાપ અને બેટા વચ્ચે જે સંબંધ છે એ બુદ્ધિપ્રધાન સંબંધ છે. બાપ દીકરાને ભણાવે-ગણાવે, જે કંઈ ખર્ચ કરે એની પાછળ બાપાનું ગણિત હોય છે અને મા-દીકરાનો જે સંબંધ છે, એ હૃદયનો નાતો છે. એમાં હૃદય પ્રધાન હોય છે. પહેલામાં જ્ઞાનપ્રધાન હોય છે. આમાં ભક્તિપ્રધાન હોય છે. સગુણ એ મા છે. તેથી પરમાત્માના જે સગુણરૂપે અવતારો થયા છે, એ બધાને મા કહી શકાય. સગુણ એ આપણી મા છે.

એમાં ભક્તિ કેન્દ્રસ્થાને હોય છે. મા હૃદયથી જીવનારી છે. સ્ત્રી હૃદયથી જીવનારી છે. તેથી તુલસીજીએ વંદના કરી, તો પહેલાં માતૃશક્તિની વંદના કરી. પહેલાં રામને નહીં, સીતાને વંદન કર્યાં.

મુશ્કેલી એ છે કે માણસમાં માનવતા છે, પણ એ માનવતા હિમાલય જેવી છે. હિમાલય જેવી કહીએ, ત્યારે એની ઊંચાઈ તો આપણે બતાવીએ છીએ, પાછી થીજેલી પણ છે. એ માનવતા પીગળવી જોઈએ.


મા એ થીજેલી માનવતાની અંદરથી પ્રગટ થયેલી એક એવી સરિતા છે, એવું ઝરણું છે, જે દરેકની પાસે જઈને સૌને તૃપ્ત કરે છે, સૌની પ્યાસ બુઝાવે છે. જે સંતૃપ્ત છે અને શીતળતા આપનારી છે. જે અતૃપ્ત છે એને પરમ તૃપ્તિ આપનારી છે. સરિતાની પાસે કોઈ સંકીર્ણતા નથી હોતી, એમ મા શબ્દ એવો છે કે એ કોઈ પણ પ્રકારની સંકીર્ણતામાં બંધાતો નથી. મા તો બસ મા જ હોય છે.

માતૃશક્તિને શત શત વંદના કરીએ.

એ મહાપુરુષ જે હંમેશાં સૌને જગાડતા રહ્યા

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આસો સુદ પૂનમ એટલે શરદપૂર્ણિમાનો ઉત્સવ. સનતકુમાર સંહિતામાં કહ્યું છે કે: આસો સુદ પૂનમે વરદાયિની દેવી લક્ષ્મીજી રાત્રિએ 'को जागर्ति?' 'કોણ જાગે છે?' તેમ પ્રશ્ન પૂછતાં, જે જાગતાં હોય તેને ધનનું વરદાન આપે છે. 'કો જાગર્તિ' વિધાન પરથી અપભ્રંશ થઈને જ શરદપૂર્ણિમાને 'કોજાગરી પૂનમ' પણ કહેવાય છે.

ખરેખર, જે જાગે છે તે જ વરદાન પામે છે. આ જ રાત્રિએ ભગવાન શ્રીકૃષ્ણે વૃંદાવનમાં વેણુ વગાડી, ત્યારે જે સદાય જાગૃત હતી, જાગતી હતી તેવી ભક્તિભીની ગોપીઓ દોડી ગઈ. જેઓ વિષયની નિદ્રામાં સૂતા હતા તે શ્રીકૃષ્ણની દિવ્ય રાસલીલાનાં લાભથી વંચિત રહી ગયા. શ્રીકૃષ્ણે શ્રીમદ ભગવદ ગીતામાં પણ 'या निशा सर्वभूतानाम्...' કહી સંયમી જાગૃત યોગીની પ્રશંસા કરી છે.

જગતમાં પોતાના વિચારથી જાગનારા કોઈક વિરલા હોય , પણ ઈતિહાસ કહે છે : દરેક યુગમાં સંતો-ભક્તો દ્વારા જ સમાજ જાગ્યો છે. સંત રોહિદાસના પિતા પહેરેગીર હતા. એક દિવસ તેઓ માંદા હોવાથી તેમના સ્થાને સંત રોહિદાસ પહેરો ભરવા ગયેલા. તે દરમિયાન તેઓ ઊંઘતા લોકોને જોઈ બોલ્યાઃ 'जागो, जागो' 'जागृहि जागृहि'

शयनात् शतधा दुःखं जागृतिः सुखकारिका।
तेनैव संसृतिः प्राप्ता तस्माद् जागृहि जागृहि।

સૂવામાં સેંકડો દુઃખ છે, જાગૃતિ સુખકારી છે. સૂવાથી જ સંસૃતિ (જન્મમરણ) વગેરે દુઃખ પ્રાપ્ત થાય છે. માટે જાગો... જાગો...

અનંતને જગાડ્યાનો અનુભવ પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોના સાંનિધ્યમાં સૌને થયો હતો. સમાજ માટે તેમણે પોતાનો દેહ હોમી દીધો! ગમે ત્યારે, ગમે તે સંજોગોમાં, પ્રસંગે, ગમે તે વ્યક્તિને તેઓ કાયમ જગાડતા રહ્યા. વ્યસન અને વાસનાની જાળમાંથી મુક્ત કરતા રહ્યા અને ભગવાનમાં શ્રદ્ધા પ્રગટાવી જીવનના સાચા માર્ગે ચડાવતા રહ્યા.

એક વાર પ્રમુખસ્વામી મહારાજ બીમાર હતા. તાવની કળ વળતી જ નહોતી. માંડ-માંડ ઊભા રહી શકતા. બોલવામાં પણ હાંફ અનુભવાતો હતો, શબ્દો તૂટતા હતા, છતાં તેમને મળવા આવેલા એક ભાઈને વ્યસન છે તે જાણ્યું. તો કબાટના ટેકે બાવડું ટેકવીને વાતો કરી! વ્યક્તિને વ્યસનમુક્ત કર્યા! અન્યોને અજ્ઞાન-સુષુપ્તિમાંથી જગાડવા તેમણે ક્યારેય દેહની દરકાર કરી નહોતી.

એક વાર પ્રમુખસ્વામી મહારાજ વડોદરામાં એક મહાનુભાવને ઘરે ગયેલા. ઘરનો દરવાજો ખોલતાં વાર થઈ. તેટલા સમયમાં તેના ચોકીદાર રામસિંહને વાતો કરી વ્યસનમુક્ત કર્યો!

અરવિંદભાઈ રોજના બાર પેકેટ સિગારેટ પીતા. તેઓ પોતાના વ્યસનત્યાગની વાત કરતાં કહે છે કે: 'પ્રમુખસ્વામી મહારાજ પાસે હું ગયો ત્યારે સિગારેટ ફેંકીને જ ગયેલો... પણ તેમણે મારા ખભે હાથ મૂકીને મારી આંખોમાં એમની નજર પરોવી. પ્રેમથી વાતો કરી. બસ, તે દિવસથી કોણ જાણે કેમ, મને સિગારેટ પીવાનું મન જ નથી થતું!!!' પ્રમુખસ્વામી મહારાજનો હેતાળ સ્પર્શ, પ્રેમાળ વાણી સામેનાને પળવારમાં જાગૃત કરી દેતા. પછી તે સામાન્ય વ્યક્તિ હોય કે મોટા નેતા હોય. તે દેશી હોય કે પરદેશી હોય.

એક વાર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે કેન્યાના જમીન અને રહેઠાણ ખાતાના પ્રધાન જોસેફ મટુરિયા આવ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્ય અને ઉત્સવના દિવ્ય માહોલમાં તેમને વ્યસનમુક્ત થવાની પ્રેરણા થઈ. હજારોની મેદની વચ્ચે તેમણે 'દારૂ ન પીવા'ની પ્રતિજ્ઞા જાહેર કરી. પરંતુ આ પ્રેરણાથી તેઓ કેન્યામાં જઈને પણ રાજકારણમાં જોડાયેલા અન્ય 75 વ્યક્તિને દારૂ તથા ધૂમ્રપાનથી મુક્ત કર્યા! જેમાં 86 વર્ષના વૃદ્ધ મંત્રીશ્રી અંગાઈન પણ હતા.

પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવેલા ભક્તો પણ તેમનામાંથી પ્રેરણા લઈ, વ્યસનમુક્ત અને સદાચારવૃદ્ધિના નગારાં વગાડે છે. સુરત શહેર પાસેના ગ્રામીણ વિસ્તારમાં એક ભાઈ રોજના બસો ડબ્બા દારૂ ગાળતા! એક હરિભક્તના સંપર્કથી તેઓ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા. પ્રેરણા તથા આશીર્વાદ લઈ તેઓ પોતે તો અનીતિના ધંધાનો ત્યાગ કરી સુખી થયા. ગામને પણ સુખી કર્યું.

અનેકને જગાડતા તથા અન્યને જગાડવા માટે અનેકને પ્રેરતા પ્રમુખસ્વામી મહારાજના ચરણોમાં વંદન કરી. આમ જીવીને શરદપૂર્ણિમાને સાર્થક કરીએ.

પ્રાર્થનાનો પ્રતિભાવ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

થોડા સમય પૂર્વે બનેલી સત્ય ઘટના છે. એક યુવાનના ત્રણ અલગ-અલગ પાર્ટીમાં 12, 10 અને 27 કુલ 49 લાખ રૂપિયા ફસાયા. રકમ સમયસર ન આવી, તો વ્યાપારની ચેનલ અટકી ગઈ. લેણદારો કડક ઉઘરાણી કરતા.

સમય પસાર થયો. પૈસા આવવાનો જરીકે અણસાર ન જણાતા હવે ભીડ વધી. છેવટે આબરૂ બચાવવા તેની પાસે આત્મહત્યા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો.

બજારમાંથી ઝેરની પડીકી લઈ તે ઘરે આવ્યો. ઝેર લેવાની તૈયારી કરતો હતો, ત્યાં પ્રભુનું સ્મરણ થયું. વિચાર્યું, 'મરવું જ છે, તો અંત સમયે પ્રભુની પૂજા-પ્રાર્થના કરી લઉં, પછી મરું.' સ્નાન કરી પૂજાનાં વસ્ત્રો ધારણ કરી જિનાલયમાં ગયો. 2-3 કલાક પ્રભુની ભક્તિ કરી. પશ્ચાતાપનાં ગીતો દ્વારા જીવનમાં કરેલાં સર્વ પાપોની આલોચના પણ કરી.

ઘરે આવ્યો. ઝેરની પડીકી લઈ રૂમમાં ગયો, ત્યાં જ ફોનની રીંગ વાગી. કોલકાતાથી એક મિત્રનો ફોન આવ્યો હતો. તેણે કહ્યું, 'અહીં મારે રેડ પડવાનો ભય છે. કલ્યાણ મિત્ર તરીકે તું યાદ આવ્યો. 50 લાખ રૂપિયા 2-3 વર્ષ માટે તું સાચવ. અત્યારના સમયે વિશ્વાસુ મિત્ર મળવા અઘરા છે. તું મારું આટલું કામ કરી મારા ઉપર મોટો ઉપકાર કર.'

તેણે ઝેરની પડીકી ફેંકી દીધી. રૂપિયા આવ્યા. નાણાંની ભીડમાં રાહત થઈ. તે વિચારવા લાગ્યો, પ્રભુને કરેલી પ્રાર્થનાનો પ્રતિભાવ શીઘ્ર હોય છે...!

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 09 ઓક્ટોબર, 2025 | આસો વદ ત્રીજ | વિક્રમ સંવત 2081

મુશ્કેલીઓથી ડરે નહીં, એ જ સાચો અનાસક્ત ગણાય

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મનુષ્ય સંસારમાં આવીને અનેક સંકટોનો સામનો કરે છે. સંઘર્ષ જીવનના પ્રત્યેક પાસાં સાથે વણાયેલો હોવાથી જ્યારે મનુષ્યના જીવનમાં જાતજાતના સંઘર્ષરૂપી વાવાઝોડા ફૂંકાતાં હોય છે, એવી સ્થિતિમાં ધર્મ જ એને બચાવે છે.

જીવનમાં સંકટના સમયમાં આપણે ઈશ્વરને સાથે રાખીને ચાલીએ એ બહુ જરૂરી છે. કેટલીક વાર એવું બને કે અતિ આઘાતને કારણે મનુષ્ય નિરાશ થઈને વિચારે ખરો કે, 'અમે કોઈનું શું બગાડ્યું હતું? અમારી સાથે આવું કેમ થયું? ભગવાન આટલો ક્રૂર કેમ હશે?' આવી સ્થિતિમાં આપણે સામેની વ્યક્તિની વેદના અને પીડાને સમજવી જોઈએ. યાદ રહે કે ઈશ્વર ગમે તેવી મુશ્કેલીના સમયમાં, સંકટના સમયમાં કોઈ દિવસ કોઈનો હાથ છોડતો નથી.

તમે અંગ્રેજી ભાષામાં લખાયેલી 'ફૂટ પ્રિન્ટ્સ' નામની કવિતા વાંચી હશે. આ કાવ્ય ઘણું પ્રેરણાદાયી છે. ફૂટ પ્રિન્ટ્સ એટલે પદચિહ્ન. બોલચાલની ભાષામાં 'પગલાં' કાવ્યનો ભાવાર્થ આ પ્રમાણે છે. એક વ્યક્તિ રણમાં ચાલી જતી હતી. એના બંને પગલાં રેતીમાં સાથે-સાથે પડતાં હતાં. દૂર સુધી ચાલ્યા જતાં મનુષ્યના પગલાં દેખાતાં હતાં. આશ્ચર્યની વાત એ હતી કે એની સાથે બીજા કોઈને ન દેખાય એ રીતે કોઈ બીજી વ્યક્તિ પણ ચાલી રહી હોય એમ એના પગલા થોડી વાર દેખાય, પાછા ન દેખાય. વળી, થોડો



સમય દેખાય, વળી પાછા ન દેખાય. આ થોડી વાર દેખાય અને થોડી વાર ન દેખાય તેવી વ્યક્તિ બીજી કોઈ નહીં, પણ પરમ પિતા પરમાત્મા હતા.

કાવ્યમાં મનુષ્ય ઈશ્વરને કહે છે, 'હે પ્રભુ! હું તારા ભરોસે, તને સાથે લઈને જીવનના આ માર્ગ પર ચાલ્યો. મને તારામાં ભરોસો, વિશ્વાસ અને મારી પૂર્ણ આસ્થા રહ્યાં છે, પણ જ્યારે હું મારા વીતેલા જીવનને જોઉં છું, તો મને ઊંડો આઘાત લાગ્યો છે કે જીવનની આ યાત્રામાં વચ્ચે વચ્ચે તેં મારો સાથ છોડી દીધો હતો.

તેં એવા સમયે મારો સાથ છોડ્યો હતો, જ્યારે તારી મને અતિશય જરૂર હતી. મારો સંકટનો સમય ચાલતો હતો. મને તારા સહારાની અતિ જરૂર હતી, પણ એ વખતે તેં મારો સાથ છોડ્યો. હું પાછળ ફરીને જોઉં છું, તો વચ્ચે-વચ્ચે તારાં પગલાં દેખાતાં નથી. મને તારા તરફ આટલો બધો પ્રેમ, તારામાં આટલી શ્રદ્ધા અને હે પ્રભુ! તેં મારી સાથે આવું કેમ કર્યું?'

ભગવાન પ્રત્યુત્તર આપે છે, 'માય ડિયર ચાઇલ્ડ!' કેવું આત્મીય સંબોધન છે! 'મારા વહાલા બાળક! મેં કોઈ દિવસ તારો સાથ છોડ્યો નથી, 'આઈ એમ ઓલ્વેઝ વિથ યુ.' જીવનની તારી યાત્રામાં મેં તને કોઈ દિવસ એકલો મૂક્યો નથી.' જીવ કહે છે, 'તો વચ્ચે-વચ્ચે તારાં પગલા કેમ દેખાતાં નથી?'

ઈશ્વર કહે છે, 'તું સમજવામાં ભૂલ કરે છે, બેટા! તને જે સળંગ દેખાય છે, એ પગલાં તારા નહીં, પણ મારા છે અને વચ્ચે-વચ્ચે જે અદૃશ્ય થયેલાં પગલાં તને દેખાય છે, એ તારા છે. ખરી વાત તો એ છે કે તારા સંકટના સમયે હું તને ઊંચકીને ચાલતો હતો અને મેં તને ઊંચકીને ચાલવાનું જ્યાં ચાલુ રાખ્યું હતું તેટલી જગ્યામાં તારાં પગલાં દેખાતાં નથી. જે દેખાય છે, તે મારાં પગલાં છે.'

શાસ્ત્રોમાં કહેવાયું છે કે, કમળ જળમાં રહે છે. જળમાં રહેવા છતાં કમળને જળ ભીંજવી શકતું નથી. આમ, સંસારમાં રહેવા છતાં સંસાર જેને સ્પર્શે નહીં એવી સ્થિતિ જલકમલવત્ સ્થિતિ કહેવાય છે. આપણે સંસારમાં રહીએ એનો વાંધો નથી. સંસારમાં રહીને તરી શકાય અને બીજાને તારી પણ શકાય, પણ સંસાર જેની અંદર આવે એ ડૂબે. સંસારમાં રહીએ તો કઈ રીતે રહીએ? - જ્યોં જલ મેં કમલ કા ફૂલ રહે. – કમળની પાંખડી ઉપર જળનું બિંદુ પડ્યું હોય છતાં એ પાંખડી ભીંજાયેલી ન હોય. જરાક હવા આવે અથવા તમે પાંખડીને હલાવો તો જાણે મોતી નીચે પડતું હોય એવી રીતે પેલું જળનું બિંદુ નીચે ખરી પડે અને પાંખડી બિલકુલ કોરી દેખાય.

કદાચ અર્જિત કરેલી બધી જ સંપત્તિ જતી રહે, તો પણ જરાય અકળાયા વિના કમળની પાંખડી ઉપર સૂતેલાં જળના બિંદુની જેમ સંપૂર્ણ અનાસક્ત રહીને જીવે તે જ સાચો શ્રીમંત, સાચો અનાસક્ત. મુશ્કેલીઓથી ભાંગી ન પડે, તકલીફોથી ડરે નહીંઅને સંકટોના વાદળ વખતે ચહેરા પર કમળના ફૂલની માફક સ્મિત લહેરાવ્યા કરે, તે જ સાચું તેજસ્વી વ્યક્તિત્વ.

સામેવાળાને બદલવાનો આ સચોટ કીમિયો છે

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

'પરિવર્તન સૃષ્ટિનો નિયમ છે.' આ વાતથી આપણે સૌ વાકેફ છીએ અને આપણી આસપાસ થતાં પરિવર્તનોને આપણે જોઈએ છીએ, અનુભવીએ પણ છીએ. છતાં ખૂબી એ છે કે જ્યારે પરસ્પરના સંબંધોની વાત આવે, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના અથવા પરિવારજનો વચ્ચેના સંબંધોની વાત આવે, ત્યારે આપણા બધાની અપેક્ષાઓ કેવી થઈ જાય છે?

માતા-પિતાને લાગે કે, 'છોકરાંઓ બગડી ગયાં છે. અમારું કહ્યું માનતાં નથી. એ લોકોએ બદલાવું જોઈએ...' તો સંતાનોને લાગે કે, 'માતા-પિતા બહુ 'ઓર્થોડોક્સ' થઈ ગયાં છે. એમણે હવે જમાના પ્રમાણે બદલાવું જોઈએ...' દરેકના મનમાં એક જ વાત કે 'સામેવાળાએ બદલાવું જોઈએ!' આ અપેક્ષા ખરી ન ઊતરે એટલે ઘરમાં શરૂ થાય કંકાસ, એકબીજા પ્રત્યેની લાગણીઓથી દૂરી અને જો વાત વધુ વણસે તો એક સાજાં-નરવાં-સુખીસંપન્ન ઘરના ટુકડા થાય અને મનમાં અશાંતિ વસે.

જો પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ જ હોય, તો એ પરિવર્તનની માત્ર બીજા પાસેથી જ અપેક્ષા રાખવી વ્યાજબી છે?

વાત છે મહારાષ્ટ્રના મહાન સંત એકનાથજીની. તેમનો નિત્યક્રમ હતો કે રોજ સવારે ગોદાવરી નદીમાં સ્નાન કરવા જવું. એક દિવસ એમના કોઈક દ્વેષીએ એમને હેરાન કરવાની પેરવી ગોઠવી. સંત એકનાથજી જેવા ગોદાવરીમાંથી સ્નાન કરીને નીકળ્યા કે તરત તે માણસ તેઓ પર થૂંક્યો!

સંત એકનાથજીએ સ્મિત કર્યું અને ફરીથી ગોદાવરીમાં જતા રહ્યા! બીજી વાર સ્નાન કરીને નીકળ્યા, ત્યારે ફરીથી પેલો વ્યક્તિ તેમના પર થૂંક્યો. એકનાથજી ફરી સ્નાન કરવા ગયા! ફરી પેલો થૂંક્યો. એકનાથજીએ ફરીથી સ્નાન કર્યું! આવું બે-ચાર વાર નહીં, સો વાર બન્યું! તે વ્યક્તિના આશ્ચર્ય વચ્ચે સંત એકનાથજીએ તેને એક પણ શબ્દ કહ્યો નહીં! બધું સહન કરી લીધું.

બસ, એ સમયે તે દ્વેષીનું પરિવર્તન થઈ ગયું. તે એકનાથજીના ચરણોમાં પડી પૂછવા લાગ્યો, 'મેં તમને આટલા હેરાન કર્યા, છતાં તમે મને કશું કહ્યું નહીં? બધું સહન કરી લીધું!?' ત્યારે એકનાથજી બોલ્યા: 'ભાઈ! રોજ તો મને એક જ વાર સ્નાન કરવાનું પુણ્ય મળતું હતું. આજે તારે કારણે મને સો વાર ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મળ્યું.'

જો ખરેખર સામેવાળી વ્યક્તિમાં આપણે પરિવર્તનની અપેક્ષા રાખતા હોઈએ, તો પહેલા આપણામાં જ પરિવર્તન લાવવાની જરૂર છે એવું સમજાવતા એક વાર પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા હતા: 'જો તમે સહન કરવાનું શીખશો, તો સામેવાળામાં જરૂર ફેરફાર થશે જ...'

કેટલું નાનું વાક્ય! છતાં જીવન જીવવાની કેટલી મોટી કળા આપણને શીખવી જાય છે! હા, પ્રમુખસ્વામી મહારાજના મુખેથી નીકળેલું આ વાક્ય તેમના જીવનભરના અનુભવોનો નીચોડ છે. બીજાનાં હિત માટે પ્રમુખસ્વામી મહારાજ આપણને સમજણ આપે છે. તેમના જીવનમાં પણ આવું જ દર્શન થાય છે!

પ્રમુખસ્વામી મહારાજ એક વાર એક પ્રસિદ્ધ-પ્રાસાદિક મંદિરમાં દર્શન કરવા ગયા. કોઈ અણસમજથી મંદિરના પૂજારીને સ્વામી પ્રત્યે પૂર્વગ્રહ હતો. તેથી પૂજારીએ પ્રમુખસ્વામી મહારાજનું અપમાન કરી, ત્યાંથી જવા કહ્યું! સાથેના સંતો-ભક્તો તો હેબતાઈ ગયા; સામો જવાબ આપવા તૈયાર થઈ ગયા... ત્યારે પ્રમુખસ્વામી મહારાજ પોતે તો કશું બોલ્યા નહીં, સાથેના સંતો-ભક્તોને પણ વાર્યા! દૂરથી દેવદર્શન કરી, પગે લાગી નીકળી ગયા! પ્રમુખસ્વામીનું આવું વર્તન જોઈ પૂજારીના અંતરમાં રામ વસ્યા અને 15 દિવસ બાદ તેમણે સામેથી જ પ્રમુખસ્વામી મહારાજને મંદિરમાં બોલાવી સન્માન કર્યું અને કાયમ માટે મંદિરના દ્વાર પ્રમુખસ્વામી માટે ખોલી દીધા!

એક ગુજરાતી સાહિત્યકારને પણ સ્વામી પ્રત્યે દ્વેષભાવ હતો. તેથી તેઓ ઘણી વાર તેમનાં પુસ્તકો કે અખબારમાં સ્વામીનું અપમાન કરતા. આ વાતની જાણ સંતો-ભક્તોને થઈ, ત્યારે 'તે સાહિત્યકારને સ્પષ્ટ જવાબ આપવો જ જોઈએ' વિચારી સૌએ તેનો કડક ઉત્તર તૈયાર કર્યો. પ્રમુખસ્વામી મહારાજે કહ્યું: 'કોઈ ગમે તે બોલે, આપણે સહન કરી લેવું.' આ વાત તે સાહિત્યકારે જાણી, ત્યારે તેમણે સામેથી આવી સ્વામીની માફી માંગી!

જો સામેવાળામાં પરિવર્તન ઈચ્છતાં હોઈએ, તો પ્રમુખસ્વામી મહારાજે દર્શાવેલા આ માર્ગ પ્રમાણે પોતે થોડું સહન કરતાં શીખવું પડે. સામેવાળાને બદલવાનો આ સચોટ કીમિયો છે.

પર્વત અને ખેતર

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક ઉત્તુંગ પર્વત અને ફળદ્રુપ ખેતર આજુ-બાજુમાં છે. વર્ષોથી પર્વતનાં મનમાં રહેલી આશંકાને પર્વતે આજે ખેતરને જણાવી કે, 'પાણી તો મારા ઉપર પણ આવે છે, અને તારા ઉપર પણ આવે છે, છતાં તારા ઉપર સારો એવો પાક છે, જ્યારે મારા ઉપર બિલકુલ નથી. આવું કેમ?'

ખેતરે કહ્યું, 'મિત્ર, તારી વાત સાચી છે કે પાણી તો આકાશમાંથી આપણા બંનેની પાસે આવે છે, પણ...'

ખેતર આગળ ન બોલ્યું, તો પર્વતે ઉત્તર આપવા જણાવ્યું. ખેતરે સ્પષ્ટતા કરી કે, 'મારા ઉત્તરથી તને ખોટું ન લાગી જાય, કારણ કે કાચને પારો ચડાવવાથી તે અરીસો બની જાય છે, પણ કેટલાકને અરીસો બતાવવાથી એનો પારો ચડી જાય છે!'

પર્વતે કહ્યું, 'તું ચિંતા ન કર. મને ખોટું નહીં લાગે.' તો ખેતર બોલ્યું, 'પાણી તો આપણા બંનેને મળે છે, પણ પાક માટે પાણીનું 'આવવું' એટલું જરૂરી નથી, જેટલું પાણીનું 'ભીતર ઊતરવું' જરૂરી છે. વર્ષોથી તારા ઉપર પાણી તો આવે છે. તમે નીતરી જાવ છો, પણ પછી તરત પાણી નીચે ઊતરી જાય છે, એટલે મારી જેમ બરાબર પાક જામતો નથી. હા, ક્યાંક ક્યાંક મારા અંશો છે, ત્યાં થોડું પાણી અંદર ઊતરે છે, એટલે એટલી હરિયાળી થાય છે, પણ પાક તો નહીં જ... અર્થાત્ 'નીતરી જવાથી' કોઈ લાભ નહીં થાય, જે લાભ થશે, તે અંદર 'ઊતરી જવાથી' થશે.

સારી વાતો વાંચવામાત્રથી સજ્જન નથી બની શકાતું, ભીતર ઊતરશે, તો જ સજ્જન બની શકાશે.

કોઈકને ટેકો આપવો, મદદ કરવી, પરોપકાર કરવાને લક્ષ્ય બનાવો

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા





માણસથી પડી જવાય તો પાછો ઊભો થઈને ચાલવા માંડે કારણ કે એ માણસ છે. એમાં જ એની માણસાઈ છે.

કોઈ મારું અપમાન કરે તો મને નથી ગમતું, તો મારાથી કોઈનું અપમાન ન થાય. કોઈ મારી આગળ જૂઠ્ઠું બોલે તો મને નથી ગમતું, તો મારે બીજાની આગળ જૂઠું ન બોલાય. આનું નામ ધર્મ. આવી વ્યક્તિ યથાર્થ ધાર્મિક છે. ધાર્મિક સ્વભાવથી થવાય છે, કેવળ કર્મકાંડથી નહીં.

ઘણાં માણસો કહે કે અમે અભક્ષ્ય ન ખાઈએ, પણ લાંચ ખાય તો આ ધાર્મિકતા કહેવાય? લાંચ શું સાત્ત્વિક ભોજન છે? સીધોસાદો ધર્મ વ્યક્તિના જીવનમાં આવવો જોઈએ.

માણસ સ્વભાવથી સારો જ છે. દરેક માણસમા 'માણસાઈ' છે. ભગવાન એટલે પ્રેમસાગર સ્નેહસિંધુ અને એ પ્રેમસાગર, સ્નેહસિંધુ એવા પ્રભુના આપણે અંશ છીએ. એટલે માણસ સ્વભાવથી અને સ્વરૂપથી પ્રેમી છે. આ વાત સમજાય એવી એક સાબિતી આપું.

ક્રોધમાં આવીને ક્યારેક આપણે ભૂલ કરી બેસીએ તો એ ક્ષણિક છે. લોભમાં આવીને માણસ ખોટું કામ કરી બેસે, તો એ ક્ષણિક છે. કામને કારણે માણસ ભૂલ કરી બેસે એ ક્ષણિક છે, પણ એ સ્વભાવ નથી કે એ સ્વરૂપ નથી. સ્વરૂપથી તો આપણે પ્રેમી છીએ, શાંત છીએ. હવે કહો કે ચોવીસ કલાક શાંત રહેવું સંભવ છે, પણ ચોવીસ કલાક ગુસ્સો કરવો શક્ય છે? તમારામાંથી કોઈનામાં હિંમત હોય તો ચોવીસ કલાક ગુસ્સો કરી દેખાડો. શક્ય જ નથી. ભગવાન કેવા છે?

શાંતાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશમ્
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ્॥

એ શાંતાકારં ભગવાનના આપણે અંશ છીએ. આપણે પણ સ્વરૂપથી શાંત છીએ. ગમે તેવો ક્રોધી માણસ ક્યારેક તો શાંત થશે જ અને શાંત ન થાય તો જીવી કેમ શકે? ચોવીસ કલાક શાંત રહેવું શક્ય છે, ચોવીસ કલાક ગુસ્સો કે ક્રોધ કરવો શક્ય જ નથી.

ગમે તેટલી કોશિશ કરશો તો પણ ચોવીસ કલાક ક્રોધ નહીં કરી શકો. ચોવીસ કલાક પ્રેમમાં જીવવું શક્ય છે, ચોવીસ કલાક નફરત અને ઘૃણામાં જીવવું શક્ય જ નથી. ક્રોધ કે ઘૃણા કરનારો માણસ કોઈક જગ્યાએ પ્રેમી છે અને માટે જ એ જીવતો છે. નહીંતર મરી જાત. બીજાની હિંસા કરી માણસ જેવો ઘેર આવે અને છોકરાને ખોળામાં લે એટલે પ્રેમી થઈ જાય.

કોઈ જગ્યાએ માણસ પ્રેમી છે અને આ પ્રેમની અસરમાં ચોવીસેય કલાક પ્રેમ કરવો શક્ય છે, કારણ કે સ્વરૂપથી આપણે પ્રેમી છીએ, શાંત છીએ એટલે જ ક્ષણિક આવેગોમાં ભૂલ થઈ જાય એ ભૂલનું પ્રાયશ્ચિત થાય અને એ પ્રાયશ્ચિતના અશ્રુ જો આંખમાંથી વહે, તો એ ગંગાસ્નાન કરતાં જરાય ઓછી મહત્ત્વની ઘટના નથી. માણસ એમાં પાવન બને છે, માણસ એમાં સ્નાન કરી પુનિત બને છે.

હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

આ વસ્તુ સૌને લાગુ પડે છે. કોઈ પણ કક્ષાની વ્યક્તિ હોય, તે સૌને લાગુ પડે છે, કેમ કે મનુષ્ય છીએ તેથી ભૂલો તો થવાની અને ભૂલ કોનાથી નથી થતી? ભૂલ થાય એટલે કે માણસ પડી જાય, તેના કપડાં ધૂળથી ખરડાઈ પણ પડવા કરતાં પાછા ઊભા થવું એ મહત્ત્વનું છે. પડી ગયેલી વ્યક્તિ ઊભી થઈ જાય, કપડાં પરની ધૂળને ખંખેરી નાખે અને પછી જે ભુલ થઈ ગઈ તેનો પસ્તાવો થવો જોઈએ. તેનું દુઃખ થવું જોઈએ. વ્યક્તિથી ભૂલ થાય તે સ્વાભાવિક છે અને તેનો પશ્ચાતાપ તે વ્યક્તિને મોટો બનાવી શકે છે.

આનું ઉદાહરણ મહાત્મા ગાંધી છે. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચતા બચપણથી માંડીને જીવનના બધા તબકકાઓએ ગાંધીજીએ કરેલી ભૂલો તેમણે આત્મકથામાં કબૂલી છે, પરંતુ તેમની વિશેષતા એ હતી કે જીવનમાં એક વાર જે ભૂલ થઈ, એ ભૂલ પર પશ્ચાતાપ થયો અને પછી ફરી વાર એ ભૂલ તેમણે કદી કરી નથી. તેથી જ મોહનમાંથી તેઓ મહાત્મા બની શક્યા. દંભ બહુ ખતરનાક છે. ભગવાન કહે છે -

કામ આદિ મદદંભ ન જાયોં
તાત નિરંતર બસ મૈં તા॥

સાધનાના, ભક્તિના માર્ગમાં દંભ બહુ ખતરનાક છે. એટલે પડીએ એનો વાંધો નથી. માણસ છીએ, પડી જવાય પણ પછી ત્યાં પડ્યા ન રહીએ. તરત ત્યાંથી ઊભા થઈ જવું જોઈએ. માણસ લપસે અને કાદવ-કીચડમાં પડે એટલે દુર્જન હશે, એટલે દાંત કાઢશે અને સજ્જન કે મિત્ર હશે એ મિત્રભાવે હસશે, પણ પછી હાથ આપશે અને ઊભો કરશે. આવા કોઈક હાથ આપવાવાળા, ટેકો આપવાવાળા મળે અને આપણો હાથ એના હાથમાં દઈએ એનું નામ જ દીક્ષા લેવી.

કોઈ સંત આવી રીતે મળે, કોઈક સદગુરુ મળે અને હાથ લંબાવે, 'આવ! ચાલ, ઊભો થા. હું તને હાથ આપું છું.' અને એના હાથમાં હાથ દઈએ એનું નામ જ દીક્ષા. એનું શિષ્યત્વ સ્વીકાર્યું અને એના હાથમાં હાથ દઈને એ ઊભો કરે પછી ત્યાંથી ચાલતા થઈએ. 'પડયો છું તો હવે અહીં પડ્યો છું' એમ કોઈ નથી કહેતા. ગામના બધા ભેગા થાય, ઘરવાળા બોલાવવા આવે, 'ચાલો, હવે ઘેર વાળુનું ટાણું થયું, રાત પડી.' તો કહે, 'નહીં, અહીં પડ્યો છું.' તો એની કોણ મદદ કરે? એ તો મૂર્ખતા છે. કહેવાનો અર્થ એ છે કે માણસ પડે, માણસથી પડી જવાય તો પાછો ઊભો થઈને ચાલવા માંડે કારણ કે એ માણસ છે. એમાં જ એની માણસાઈ છે. પડીએ એનો વાંધો નથી, પડ્યા રહીએ એનો વાંધો છે.

આપણે પડ્યા નથી રહેવું. જ્યાં ભૂલ થઈ હોય ત્યાં પશ્ચાતાપ કરવો છે. કેમ કે આપણે લડવાવાળા એક અને સામે તો જુઓ! કેટલા છે? કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને એમાં આ જમાનો. આ બધા બળવાન થઈ ગયા છે, એટલે સદગુરુના આશીર્વાદસ કૃપા જોઈશે. તમને ભગવાનના નામરૂપી શસ્ત્રો જોઈએ.

'રોન'ના જીવનની એ યાદગાર દિવાળી બની ગઈ

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



નામ એનું 'રોન પટેલ.' રહેઠાણ - કેલિફોર્નિયા, અમેરિકા. 30-35 વર્ષની ઉંમર થઈ ગયા પછી પણ પટેલ પરિવારનો દીકરો ગુજરાતીનાં કક્કો-બારાખડીથી તદ્દન અજાણ હતો. જોકે આ વાતનો એને કોઈ ખેદ કે પસ્તાવો નહોતો. એ તો સૌને હોંશેહોંશે કહેતો ફરતો કે, 'આઈ એમ બોર્ન એન્ડ બ્રોટ-અપ ઈન અમેરિકા...' પણ જ્યારે કોઈ તેને એના પરિવાર વિશે પૂછે, ત્યારે એની પાસે બોલવા માટે એટલું જ હતું કે, 'મારાં માતા અમેરિકન છે અને મારા પિતા ભારતીય હતા. નાની ઉંમરમાં જ હું મારા પિતાને ગુમાવી ચૂક્યો છું.'

ભારતીય બીજ હોવા છતાં એ સાંસ્કૃતિક પોષણના અભાવે બાળપણથી જ પોતાના મૂળ પરિવાર, સંબંધીઓ અને ભારતીય સંસ્કૃતિથી તદ્દન વિખૂટો પડી ગયેલો! ઉપરાંત, પ્રસિદ્ધ અમેરિકન મેગેઝિન 'ફિલાડેલ્ફિયા ઈન્કવાયરર'ના ખબરપત્રી અને તંત્રી હોવાના નાતે ભારતીય સાધુઓ માટે એમના મનમાં એવી છાપ ઊભી થયેલી કે, 'બાવાઓ બધા લેભાગુઓ જ હોય, બીજાના પૈસા પડાવતા હોય, આપણે કોઈ બાવા-સાધુ પાસે જવું નથી, કોઈનું માનવું નથી.'

આ 'રોનભાઈ'નું ભાગ્ય ત્યારે ઊઘડ્યું, જ્યારે 1991માં અમેરિકાની ધરતી પર 'કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' અર્થાત્ 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ' ઊજવાયો. આ મહોત્સવના મુખ્ય આયોજનકર્તા હતા - પ્રમુખસ્વામી મહારાજ. રોન અહીં આવ્યા, ઉત્સવનો માહોલ, સંસ્કૃતિનો પરિચય, ભક્તોની નમ્રતા અને અમેરિકામાં ખડા થયેલા એ વિશિષ્ટ ભારતીય નગરની દિવ્યતા... બધું તેમને સ્પર્શી ગયું, પરંતુ પૂર્વગ્રહને કારણે પ્રમુખસ્વામીને મળ્યા નહીં. બન્યું એવું કે ઘરે ગયા પછી વિચાર કરતાં રોનને આ સંત પ્રત્યે અંતરથી સદભાવ થયો. તેઓ ફરી વાર એ નગરમાં પધાર્યા અને પ્રમુખસ્વામી મહારાજને મળ્યા!

પહેલી જ મુલાકાતમાં રોનને અપાર કરુણા અને નિઃસ્વાર્થ પ્રેમનો અનુભવ થયો. વાત-વાતમાં પ્રમુખસ્વામી મહારાજને ખ્યાલ આવ્યો કે રોનભાઈ ભારતીય અને એમાં પણ ગુજરાતી છે! પણ તેમને ગુજરાતી આવડતું નથી! પ્રમુખસ્વામી મહારાજે તેમની પૂછપરછ કરાવી, તેમના પિતા અને પરિવાર વિશે ઊંડાણપૂર્વક તપાસ કરાવી અને પછી રોનને ભારત આવવા જણાવ્યું. ગુજરાતમાં ગાંધીનગર સ્વામિનારાયણ અક્ષરધામ ઉદ્ઘાટનનો ઉત્સવ ઊજવાયો, તેમાં રોન આવ્યા. પ્રમુખસ્વામી મહારાજે અહીં તેમના ગામ અને પરિવારજનોને તપાસ કરાવીને બોલાવી રાખ્યા હતા.

દિવાળીના દિવસો હતા. સ્વામીએ રોનને તેના કાકાના દીકરાઓ, ભાઈઓની ઓળખાણ કરાવી! ગામ અને વતનની માહિતી આપી! એટલું જ નહીં, રોનના પિતાએ તેના ઉપર લખેલા પત્રો પણ મંગાવી રાખ્યા હતા, તે આપ્યા! રોન તો આ જોઈને ગળગળા થઈ ગયા! પ્રમુખસ્વામી મહારાજે આટલો દાખડો કર્યો એ વિચારમાત્રથી રોન પ્રેમ-લાગણી-હૂંફ અનુભવી રહ્યા!

એ દિવાળી રોનના જીવનની યાદગાર દિવાળી બની ગઈ! પિતરાઈ ભાઈઓ રોનને ગામમાં લઈ ગયા, ભવ્ય સ્વાગત થયું અને પરિવાર અને સંસ્કૃતિ સાથે રોનના જીવનની નવી શરૂઆત થઈ! એક અજાણી વ્યક્તિનાં જીવનની પુનઃ શરૂઆત માટે પ્રમુખસ્વામી મહારાજે કરેલા પરિશ્રમની ઝાંખી માત્ર છે. પરંતુ તેઓ આ પ્રસંગ દ્વારા આપણને દિશા સૂચવે છે કે ખરી રીતે દિવાળી કઈ રીતે ઊજવવી જોઈએ?

ભારતીય સંસ્કૃતિમાં દિવાળી તહેવાર છે એક નવી શરૂઆતનો. જેમ ભગવાન શ્રીરામનું અયોધ્યામાં પુનરાગમન અયોધ્યાવાસીઓ માટે નવી શરૂઆત હતી - તેમને નવું રાજ્ય મળ્યું, નવા રાજા મળ્યા, સુખ-શાંતિભર્યું જીવન જીવવાની નવી બાંહેધરી મળી અને એટલે જ ભગવાન શ્રીરામના પુનરાગમનના દિનને ભારતના સૌ નાગરિકે 'દિવાળી' નામનો ઉત્સવ બનાવી દીધો!

આપણા જીવનમાં ઘણાબધા પડાવો આવવાની શક્યતાઓ છે, જેમાં આપણે જીવનધ્યેયથી વિચલિત થઈ જઈએ, પરિવારથી, સંસ્કારોથી દૂર થઈ જઈએ. પ્રામાણિકપણે તપાસીએ તો જણાઈશે કે 'હું ક્યાં છું?' એક વાત તો નક્કી છે - આપણે જ્યાં હોઈએ ત્યાં, ક્યારેય મોડું નથી થયું. પ્રમુખસ્વામી મહારાજે એ દિવાળીએ રોનને નવી શરૂઆત કરાવી, પરંતુ આવી રહી છે આ દિવાળી, આવી રહ્યો છે અવસર, જેમાં આપણને પણ તક છે એક નવી શરૂઆત કરવાની.

ચતુર રાજકુમાર

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક રાજાને ત્રણ રાજકુમાર હતા. સમય જતાં વૃદ્ધાવસ્થામાં પોતાનું રાજ્ય કોને સોંપવું, તે દ્વિધા રાજાને થઈ. ઘણા સમય સુધી નિર્ણય ન આવતાં આખરે રાજાએ એક વિચક્ષણ મંત્રીની સલાહ લીધી.

મંત્રીની સલાહ પ્રમાણે બીજા દિવસે ત્રણેય રાજકુમારોને એક મોટા હોલમાં રાજા લઈ ગયા. ત્યાં તેમને ભોજન પીરસવામાં આવ્યું. જેવા ત્રણેય રાજકુમારોએ ભોજન કરવાની શરૂઆત કરી, એટલે રાજા બહાર નીકળી ગયા, પણ ત્રણ-ત્રણ શિકારી કૂતરાઓને એ હોલમાં છોડી દીધા.

ખૂંખાર શિકારી કૂતરાથી પ્રથમ રાજકુમાર બારીમાંથી બહાર ભાગી ગયો. બીજો રાજકુમાર ભાગવા જાય, તે પૂર્વે બીજા કૂતરાએ તેને ઘાયલ કરી દીધો. ત્રીજા-સૌથી નાના રાજકુમાર પાસે એક કૂતરો અને અલ્પ સમય પછી બીજા બંને કૂતરા આવ્યા, તો તેણે હોશિયારીથી પોતાની થાળીનું અને પછી બાજુની બીજી એક થાળીમાંથી ભોજન લઈ ત્રણેય કૂતરાને પીરસવા લાગ્યો. ત્રણેય કૂતરા ભોજન કરવા લાગ્યા, તો તેમની સામે બેસી નાના રાજકુમારે ભોજન કર્યું.

રાજાએ નાના રાજકુમારને વારસદાર તરીકે પસંદ કર્યો, કારણ કે (1) તે ડરપોક બની ભાગી ગયો ન હતો. (2) નિર્બળ બનીને કૂતરાથી ઘાયલ થયો ન હતો. (3) તેણે ભોજન કૂતરાઓને વહેંચીને કર્યું તથા (4) પ્રેમથી કૂતરાઓને પણ પોતાના વશમાં કર્યા અને (5) પોતાનું પેટ પણ ભરી લીધું.

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 30 ઓક્ટોબર, 2025 | કારતક સુદ આઠમ | વિક્રમ સંવત 2082 08

ગુરુ કોઈ પણ બહાને જીવને ભગવદ્ અભિમુખ કરે છે

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા





પૂજ્ય ડોંગરેજી મહારાજ કહેતાં કે મંદિરમાં દર્શન કરવા જઈએ, ત્યારે રાધા-કૃષ્ણ સામે ઊભા રહેલા દૃષ્ટિગોચર થાય છે. સીતા-રામ ઊભા છે, લક્ષ્મીનારાયણ પણ ઊભા છે. આ બધા ભગવાન ક્યાં બેસે છે? કેમ કે એ પ્રતીક્ષા કરી રહ્યા છે કે ક્યારે મારા ભક્ત આવે? ક્યારે હું એને જોઉં, ક્યારે હું તેનાં દર્શન કરું?

જે રીતે મા ઘરે પુત્રની પ્રતીક્ષા કરે છે. દરરોજ સાંજે છ વાગ્યે ઘરે આવી જનારો દીકરો રાતના સાડા નવ થઈ જાય છતાં ન આવે, ત્યારે મા ચિંતા કરે છે કે, 'શું થયું હશે? જ્યારે ઘરે આવતા મોડું થતું તો ફોન કરી દેતો, આજે તો તેનો ફોન પણ નથી આવ્યો!' બસ, આમ જ ભગવાન ભક્તની પ્રતીક્ષા કરે છે. એટલે જ લક્ષ્મી-નારાયણ ઊભાં છે, રાધા-કૃષ્ણ ઊભાં છે અને સીતા-રામ ઊભાં છે.

આવો જ પ્રસંગ કુરુક્ષેત્રના મેદાનમાં બાણશય્યા પર સુતેલા પિતામહ ભીષ્મ શ્રીકૃષ્ણને કહે છે કે, 'હે દેવોના દેવ! મારી પ્રતીક્ષા કરો. જ્યાં સુધી મારા પ્રાણ આ કલેવરને છોડીને ન જાય, ત્યાં સુધી હે યદુવર! તમે અહીં જ ઊભા રહેજો અને પ્રતીક્ષા કરજો!'

આમ જોઈએ તો, જ્યારથી જીવ અજ્ઞાનને કારણે ભગવાનથી અલગ થયો છે અને જીવનયાત્રા પર નીકળી ચૂક્યો છે, ત્યારથી ભગવાન પ્રતીક્ષા કરતાં રહે છે. શ્રીકૃષ્ણને સુદામાની પ્રતીક્ષા તો ઘણા સમયથી હતી અને જ્યારે એક દિવસ સુદામાની પત્ની સુશીલાએ તેમને પ્રેરિત કર્યા અને સુદામા ચાર મુઠ્ઠી તાંદુલ લઈને દ્વારકાધીશ પાસે પહોંચ્યા. શ્રીકૃષ્ણે જેવા સમાચાર સાંભળ્યા કે, 'કોઈ બ્રાહ્મણ આવ્યો છે, પ્રભુ. તમને મળવા ઈચ્છે છે, પોતાને તમારો મિત્ર જણાવે છે, એનું નામ સુદામા છે.' આટલું સાંભળતાં જ શ્રીકૃષ્ણ દોડે છે.

આ સંદર્ભમાં સંત દાદુ દયાલની એક વાત ખૂબ પ્રસિદ્ધ છે. એક વાર ચોમાસામાં અનરાધાર વરસાદ વરસી રહ્યો હતો. દાદુ પોતાની દુકાનમાં બેઠા હતા. કોઈ ગ્રાહક ન હતા, કેમ કે જોરદાર વરસાદ વરસી રહ્યો હતો. દાદુ પૈસાનો હિસાબ કરી રહ્યા હતા. કુછ પૈસોં કા હિસાબ નહીં મિલ રહા થા, ઉસી વક્ત ઉનકે ગુરુ આયે. ગુરુજી આવ્યા તો તેમણે બહાર ઊભા રહી જોયું કે દાદુ તો દુકાનના કામમાં વ્યસ્ત છે. ગુરુ કંઈ બોલ્યા નહીં, વરસાદમાં ભીંજાતાં દુકાનની બહાર જ ઊભા રહ્યા. પંદર–વીસ મિનિટ, અડધો કલાક ઊભા રહ્યા. દાદુ એમના કામમાં મશગૂલ હતા, જ્યારે બધા હિસાબનો તાળો મળી ગયો, તો તેમને શાંતિ થઈ. પૈસા સંભાળીને મૂકી દીધા, હિસાબનો ચોપડો બંધ કર્યો અને બહાર નજર દોડાવી. તેમણે જોયું તો વરસાદ તો હજી વરસી રહ્યો હતો, પણ દુકાનની બહાર ગુરુજી ભીંજાતાં ઊભા હતા.

દાદુને દુઃખ થયું. એ ગુરુજીના પગમાં પડી ગયા. ગુરુજીએ દાદુને ઊભા કરતાં કહ્યું, 'હું અડધી કલાકથી ઊભો ઊભો તારી પ્રતીક્ષા કરતો હતો તેથી તને દુઃખ થયું ને! તો દાદુ પરમાત્મા યુગોથી તારી પ્રતીક્ષા કરી રહ્યા છે. તું કેટલા જન્મ સુધી આમ જ ભટકતો રહીશ? પ્રભુ ઘણાં સમયથી તારી પ્રતીક્ષા કરી રહ્યા છે. તેને ક્યાં સુધી તું ઊભા રાખીશ?' ગુરુજીનું આ વાક્ય સાંભળી દાદુ જાગી ગયા, સંસાર છૂટી ગયો, સંસારની મમતા મટી ગઈ. જુઓ, સદગુરુ કોઈ ને કોઈ બહાને જીવને જગાડી ભગવદ્ અભિમુખ કરે છે તેથી...

પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી
પરમ કૃપાલુ સકલ જીવન પર, હરિ સમ સબ દુઃખ હારી
જગત માંહી સંત પરમ હિતકારી.

પ્રતીક્ષા એટલે ભગવાન ઊભા છે. અહીં ભીષ્મ પિતામહ બાણની શય્યા પર સૂતાં છે અને ભગવાન ઊભા છે. પિતામહ ભીષ્મે કહ્યું, 'પ્રતીક્ષતામ્' છોકરાઓ જે રીતે 'સ્ટેચ્યુ' રમતાં હોય, તેમ જ એ એકદમ સ્થિર થઈ જાય. તેમણે ભગવાનને કહી દીધું કે, "આ જગ્યાને છોડીને ક્યાંય જતા નહીં, અહીં જ ઊભા રહો. મારી પ્રતીક્ષા કરો.' ભગવાનને 'સ્ટેચ્યુ' કહે છે. જેવું હતું તેવું જ સ્મિત ચહેરા પર ફરકાવીને રાખજો, પ્રભુ. આ મધુર મુસ્કાન જવી ન જોઈએ. એ તમારી ઓળખ છે.

મંદ મંદ મુસ્કાતાં, આંખોમાં પ્રેમ, કરુણા વરસાવતાં, હવામાં ઉત્તરીયને લહેરાવતાં પિતામહ ભીષ્મ સામે ઠાકુરજી દ્વારકાનાથ ઊભા છે, એ સમયે યુધિષ્ઠિરે પોતાની પીડા, વ્યથા પિતામહ સમક્ષ પ્રગટ કરી કે, 'જે પિતામહના ખોળામાં રમીને અમે મોટા થયા, જેમનો હાથ અમારા માથા પર ફર્યો, જે પિતામહે અમારું માર્ગદર્શન કર્યું, એ પિતામહની અમે આવી દશા કરી! આ માત્ર ને માત્ર અમારી સત્તાલાલસાને કારણે થયું.'

પિતામહ તો પાંડવોને કહે છે કે, 'તમે ખૂબ દુઃખ ભોગવ્યું છે. શ્રીકૃષ્ણ જેના મામાના ભાઈ હોય, જે પોતાના આત્મીય હોય, શ્રીકૃષ્ણનું જેને સાંનિધ્ય પ્રાપ્ત હોય, એમને પણ આ રીતે એકથી બીજી જગ્યાએ ભટકવું પડે, આટલું કષ્ટ સહન કરવું પડે, આ સ્વયં પ્રભુ શ્રીકૃષ્ણ કેવી લીલા કરે છે ! કંઈ સમજમાં નથી આવતું, પણ હવે સુખનો સૂર્યોદય થયો છે.' વિષાદ દૂર કરવા માટે ધર્મોપદેશ આપ્યો. ધર્મને ધર્મરૂપ બનાવવાવાળા એમનું જે ધર્મત્વ છે, તે આ મહાપુરુષોને કારણે છેસ જે આ ધર્મનું આચરણ કરે છે.

દાન ધર્મ, મોક્ષ ધર્મ, સ્ત્રી ધર્મ, રાજ ધર્મ, ભગવદ્ ધર્મ, વગેરે ધર્મનો ઉપદેશ કર્યો. પછી તેઓ મૌન થઈ ગયા. વાણીને વિરામ આપી દીધો અને વિશુદ્ધ ધારણાથી ભગવાનમાં લીન થઈ ગયા.

આમ, જીવનમાં જ્યારે ગુરુની કૃપા થાય છે, ત્યારે વિવેક પણ જાગૃત થાય છે અને જીવ ભગવદ્ અભિમુખ પણ બને છે.

ચાલો, નવા વર્ષે લાગણીનું માપ કાઢીએ...

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



લાગણી. સૃષ્ટિએ પોતાના ખોળે હસી-ખીલી રહેલા; શ્વસી રહેલા જીવ-પ્રાણીમાત્રને આપેલી એક અનુપમ ભેટ. એ પશુ હોય કે પક્ષી, અરે! જીવજંતુઓમાં પણ લાગણીઓની આપ-લે થતી હોય છે!

એમાં પણ મનુષ્યની વાત આવે, ત્યારે 'ભગવાને આપણને લાગણીઓ વ્યક્ત કરવા માટે કેટલી સ્વતંત્રતા આપી છે!' એ જોઈ આશ્ચર્ય થાય. ક્યારેક આંખોથી વ્યક્ત થાય, તો ક્યારેક શબ્દો દ્વારા. ક્યારેક બોલીને વ્યક્ત થાય, તો ક્યારેક માત્ર ચેષ્ટા દ્વારા. લાગણી એ મનુષ્યમાત્રનાં અસ્તિત્વનો આધાર બનવાની ક્ષમતા ધરાવે છે.

કલ્પના થઈ શકે કે 2-4 વ્યક્તિઓ સિવાય કોઈના સ્વજન ન હોવા છતાં, સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા હોવા છતાં, માત્ર છ ચોપડી જ ભણેલા હોવા છતાં એ વ્યક્તિત્વએ લાખોનાં હૃદયમાં પ્રેમભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હોય! એવા હતા પ્રમુખસ્વામી મહારાજ! ગામેગામ અને ઘરેઘર ફરતા રહેલા પ્રમુખસ્વામી મહારાજ લાખો લોકોના હૃદયમાં કેવી રીતે બેસી શક્યા હશે? રોજના સેંકડો લોકોને મળનાર પ્રમુખસ્વામી મહારાજ દરેકનાં મન કેવી રીતે સાચવી લેતા હશે? લાખોની સંખ્યામાં તેઓ પાસે પરિવારના કે વ્યવહારના પ્રશ્નો લઈને આવનાર મુમુક્ષુને કેવી રીતે પહોંચી વળતા હશે?

સમાજના હિતમાં વ્યસ્ત એ મહાપુરુષ પાસે લોકો સાથે જોડાયેલા રહેવાનું મુખ્ય સાધન હતું - પત્રવ્યવહાર. લોકોની લાગણીઓ પત્રો રૂપે એમના તરફ વહેતી રહી, તો સામે સ્વામી પણ જીવનભર પ્રતિસાદ આપતા રહ્યા! રોજ સરેરાશ 50થી વધુ પત્રોનો તેઓ કમ્પ્યુટર કે ટેબલ-ખુરશીનો પણ ઉપયોગ કર્યા વિના હાથે લખીને જવાબ આપતા. રોજના 3થી 5 ગામોનું વિચરણ, અપાર શ્રમ, અસીમ અસુવિધાઓ કે મસમોટા કાર્યોનો ભાર એમના પત્રપ્રવાહને ખાળી શક્યા નહીં!

એમના ઉપર આવતા જથ્થાબંધ પત્રોમાં શું આવતું અને તેઓ જવાબમાં શું લખતા? ધર્મગુરુ હતા એટલે સ્વાભાવિક રીતે આધ્યાત્મિક માર્ગદર્શન માટે લોકો એમને પત્રો લખતા, પરંતુ સંસારી જીવોને માટે વ્યાવહારિક ગૂંચ શ્વાસ રુંધનારી હોય છે. આથી લોકો એમની પાસે વ્યાવહારિક પ્રશ્નોના ઉકેલ અને સારા-માઠા પ્રસંગોએ આશીર્વાદ માગતા. ત્વરિત પ્રત્યુત્તર લખવા એ એમની ખાસિયત હતી. મહિલાઓના પત્રોના જવાબો આપવામાં તેઓ હરિભક્તોની સેવા લેતા. તેઓ હંમેશાં કોઈ પણ પ્રશ્નને ઉકેલવા માટે આધ્યાત્મિક સમજણનો જ ઈલાજ બતાવતા.

'નિતાંત ધાર્મિક પુરુષ હોવા છતાં લોકોના વ્યાવહારિક જીવનમાં તેઓ શા માટે અને કઈ રીતે સચોટ માર્ગદર્શન આપી શકતા?' અમેરિકાના પ્રો. રેમન્ડ વિલિયમ્સના આ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ આવો આપ્યો હતોઃ 'અમે લોકોના વ્યવહારમાં રસ લઈએ, તો પ્રેમનો સેતુ બંધાય અને તેઓ ભગવાનની વધારે નજીક આવે. તેમને ધંધા વગેરેમાં આગળ વધારવાનો મુખ્ય હેતુ નથી, પરંતુ પ્રેમથી ભગવાનમાં જોડવા, મુક્તિ તરફ લઈ જવા એ હેતુ છે. અમે લોકોના પ્રશ્નોને ભગવાનના ચરણે ધરીએ છીએ અને ભગવાનની પ્રેરણા થાય એ મુજબ જવાબ આપીએ છીએ.'

લાગણીઓ માપી શકાતી નથી. પરંતુ પ્રમુખસ્વામીએ વહાવેલી પત્રોરૂપી લાગણીઓ ભૌતિક સ્વરૂપે હયાત છે, જેને માપી અને જોખી શકાય. કોઈ લેખક 500 પાનાંની એક એવી સો નવલકથા લખે તો 50,000 પાનાં લખાય. જ્યારે પ્રમુખસ્વામીએ લખેલા પત્રોનો આંકડો 7,50,000ને પાર કરી ગયો છે! તેઓ A5 સાઈઝના કાગળ વાપરતાં અને સરેરાશ એક પાનું લખતાં!

ભૂમિતિની દૃષ્ટિએ જોઈએ તો એમણે લખેલા કાગળોને જમીન ઉપર લગોલગ ગોઠવી દેવામાં આવે, તો કેટલા વિસ્તારમાં પથરાય? લગભગ 5.8 એકર! અને એટલા કાગળોનું વજન કેટલું થાય? લગભગ 1767 કિ.ગ્રા.! એમણે લખેલ શબ્દોને સીધી લીટી રૂપે ખેંચવામાં આવે તો અંદાજે દિલ્હીથી ત્રિવેન્દ્રમ્ સુધીની લાંબી લીટી થાય! આ તો કાગળના માપ છે, તેમાં વહેતા સ્વામીના અમાપ અને અગાધ પ્રેમનો પાર કેમ પમાય?

ઉત્તર મેળવનારને કલ્પના પણ ન આવે કે પત્ર લખતી વખતે સ્વામીની પરિસ્થિતિ કેવી હશે? તેમને હૃદયનો દુઃખાવો છે કે તેઓ ટ્રેક્ટર-ગાડાંમાં બેસીને હડદોલાં ખાતાં લખી રહ્યા છે કે મુલાકાતની વચ્ચેથી અડધી મિનિટ લઈને લખી રહ્યા છે!

નૂતન વર્ષનાં પર્વે લાગણીઓનું માપ કાઢીએ. કડવાશ ભૂલીને મીઠી લાગણીનો વિસ્તાર કરીએ.

નિષ્ઠાથી કામ કરો

એક સ્ત્રી ખૂબ ગરીબ હતી. તેને એક દીકરો હતો. માતાની ઈચ્છા દીકરાને વૈજ્ઞાનિક બનાવવાની હતી. શરૂઆતથી જ તેણે આ સપનું દીકરાને બતાવી રાખ્યું હતું. તેની પાસે પૈસા વધારે ન હતા, તો દીકરાને વૈજ્ઞાનિક કેવી રીતે બનાવવો? આ ચિંતા સતત માતાને સતાવતી. કોઈ ઉપાય ન જણાતાં આખરે માતાએ તેને એક પ્રસિદ્ધ વૈજ્ઞાનિક પાસે મૂકી દીધો.

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય


વૈજ્ઞાનિકે પણ તે બાળકની વૈજ્ઞાનિક બનવાની ધગશ જાણી. તેની પરીક્ષા કરવાનું મન થયું, આથી તેને લેબની સાફ-સફાઈનું કામ સોંપ્યું. વૈજ્ઞાનિકને હતું કે બાળક આ કામ કરવાની ના પાડશે, પણ તે તો સાફ-સફાઈનું કામ પણ ખૂબ ચીવટથી કરવા લાગ્યો.

લેબમાં ખૂણે-ખૂણેથી કચરો શોધીને બાળક લેબને એકદમ સ્વચ્છ રાખવા લાગ્યો. આવું સાફ-સફાઈનું કામ પણ તે પ્રેમપૂર્વક અને ખંતથી કરતો. સ્વચ્છતા પ્રત્યેની લાગણી અને સોંપેલા કામને નિષ્ઠાપૂર્વક કરવાની તેની ભાવનાથી વૈજ્ઞાનિક ખૂબ ખુશ થયા અને સમય જતાં વૈજ્ઞાનિક બાળકને વિજ્ઞાન અંગેનું જ્ઞાન આપવા લાગ્યા.

કેટલાક સમય પછી બાળક વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ આગળ વધ્યો. તેણે પોતે પણ ઘણી શોધ કરી અને મહાન વૈજ્ઞાનિક બન્યો. એ બાળક એટલે સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક એડિસન.

શરૂઆતથી જ નાનાં-નાનાં કાર્યોની ચીવટ વ્યક્તિને સમય જતાં મહાન બનાવે છે.

અહીં છે રાધારમણ દેવની મૂંછોવાળી મૂર્તિ!





નવાબકાલીન જુનાગઢમાં ભગવાન સ્વામિનારાયણે સંવત 1884ની સાલમાં ગિરનારની છત્રછાયામાં રાધારમણ દેવ મંદિરની સ્થાપના કરી. મંદિરના ગર્ભગૃહમાં સોનાના આસન પર બિરાજતી વિશ્વની એકમાત્ર મૂંછોવાળી મૂર્તિ એટલે સિદ્ધેશ્વર મહાદેવને સ્થાપિત કર્યા હતા. આ મંદિર સુવર્ણ શિખર ધરાવે છે.

278 ફૂટ મંદિરનો પરિઘ છે અને તેનું સુવર્ણ શિખર છે.

- અહીં પાંચ શિખરો- ઘણાં શિલ્પો પણ જોવા મળે છે.
- જે આધ્યાત્મિક- ઐતિહાસિક મહત્ત્વને સાબિત કરે છે.

જીવન જીવતાં શીખો

જીવન શું છે? દેવાનુપ્રિય! જીવન માત્ર સૂર્યોદય અને સૂર્યાસ્તની રફતારની સાથે-સાથે ચાલ્યા કરવું તે નથી. જીવન માત્ર શ્વાસોચ્છ્વાસનો ખજાનો એટલે કે હર પળ શ્વાસ લેવા અને છોડવા તે જ નથી. માત્ર ખાવું, પીવું, કમાવું, સંપત્તિ. પરિવાર વધારવો, સંગ્રહ કરવો અને એક દિવસ બધું છોડીને ખાલી હાથે ચાલ્યા જવું તે નથી.

'જિંદગી કેવલ ન જીને કા બહાના,
જિંદગી કેવલ ન સાંસો કા ખજાના,
જિંદગી સિંદૂર હૈ પૂર્વ દિશા કા –
જિંદગી કા કામ હૈ સૂરજ ઉગાના.'

જીવન તો એક કલા છે. જે મનુષ્યને જીવતાં શીખવે છે. પેટ તો કીડી-મકોડા, પશુ-પક્ષી અને ક્ષુદ્ર પ્રાણીઓ પણ ભરે છે, પણ મનુષ્ય માત્ર પેટ ભરવા જીવતો નથી. આપણી પાસે આ દેખાતું શરીર, ઇન્દ્રિય કે બુદ્ધિ કે મન એટલું જ નથી. એનાથી પણ આગળ અનંત શક્તિસંપન્ન અતીન્દ્રિય આનંદનો સ્વામી 'આત્મા' પણ છે. મૃત્યુ પછી તમે સ્વર્ગમાં જશો તેમાં જીવનની મહત્તા નથી, પણ તમે જ્યાં જીવો છો ત્યાં સ્વર્ગ ઊભું થાય તે જીવનનો મર્મ છે.

અનંતકાળના અંધારા ઉલેચી આત્મજ્ઞાનનો સૂર્ય આત્માની પૂર્વ ક્ષિતિજે ઉદિત થઈ જાય અને એની સ્વભાવમય લાલાશ ચોમેર પ્રસારિત થઈ જાય. આ જ જિંદગીની સંપૂર્ણ સફળતા અને સાર્થકતા છે. બાકી જીવન જીવવાનો સમય અને સાધન પ્રાયઃ બધાને મળે છે. પરંતુ કોઈ મળેલી તકને સાધનાથી સુવર્ણમય બનાવી દે છે, તો કોઈ માટીમાં મિલાવી દે છે. કોઇ અસારમાંથી પણ સાર ખેંચે છે, તો કોઈ સારને નિસાર બનાવી દે છે. જીવન જીવતાં જીવનકલાને આત્મસાત્ કરીને ધ્યેય સિદ્ધિને હાંસલ કરીએ

- શ્રી ધીરજમુનિ મ. સા.

માત્ર દેવદિવાળી નહીં, દિન દિન દિવાળી

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આનંદો! આનંદો! આનંદો! નૂતન વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે! નૂતન વર્ષનું પ્રથમ પખવાડિયું એટલે દિવાળીથી લઈને દેવદિવાળી સુધીનો ઉત્સાહ અને ઉમંગભર્યો માહોલ. આ દિવસોમાં ઘરમાં કોઈની નાની-મોટી ભૂલ થાય. તો પણ 'આ દિવસોમાં ક્રોધ ન કરાય' તેવા વિચાર સાથે સ્વભાવ પર સંયમની સાંકળ લાગી જાય છે! આ દિવસોમાં વડીલોના ચરણસ્પર્શ કરી આશીર્વાદ માંગતા ઘરે-ઘરમાં મહિમા-પ્રેમનો માહોલ રચાઈ જાય છે! ખરેખર! આવો માહોલ જોતાં ઈચ્છા થઈ જ જાય કે આવું રોજેરોજ રહે તો? જીવન કેટલું શાંતિદાયક, આનંદદાયક બની રહે!

ખૂબી એ છે કે નિત-નિત નવા વર્ષ જેવો આનંદ, દિન-દિન દિવાળી જેવો આનંદ આપણી ભારતીય સંસ્કૃતિના મહાન ઋષિમુનિઓ, સંતો, ભક્તોને કાયમ રહેતો અને ભારતનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે. અપમાનના પ્રસંગોમાં પણ સંત તુકારામ સદા આનંદમય જ રહેતા હતા. આર્થિક ભીંસ કે વારંવાર આવી પડતી કૌટુંબિક વ્યાધિઓમાં પણ ભક્તરાજ નરસિંહ મહેતા સદા સ્થિર અને શાંત રહ્યા હતા. નિત-નિત નવા વર્ષનો અનુભવ થવો તે આવા મહાન સંતો-ભક્તો માટે સાહજિક હતો.

એ બધાને 'દિન-દિન દિવાળી'નો અનુભવ શાથી થાય છે? એ મહાન આત્માઓ પાસે શું છે. જે આપણે પણ રાખવા યોગ્ય છે? તેમની પાસે હોય છે - ભગવાનમાં એકતાર થવાની ભક્તિમય રીત... તેમની પાસે છે - આત્મારૂપે વર્તવાનું જ્ઞાન...

પ્રમુખસ્વામી મહારાજ પાસે પણ એ જ અલૌકિક રીત હતી, એ જ દિવ્ય જ્ઞાન હતું. તેઓ સદાય નવા વર્ષ જેવા આનંદના માહોલમાં જ રાચતા. વાત છે 1994ની, જ્યારે ડલાસમાં બાળકોએ પ્રશ્નોત્તરી દરમિયાન પ્રમુખસ્વામીને પ્રશ્ન પૂછ્યો : 'આપના માટે દિવસની શ્રેષ્ઠ પળો કઈ છે?' પ્રમુખસ્વામીએ કહ્યું : 'બધી જ પળો શ્રેષ્ઠ છે. ચોવીસ કલાકની બધી જ પળો ભગવાન સ્વામિનારાયણ સાથેની જ છે.' જેમને ભગવાનનું સતત સામીપ્ય અનુભવાતું હોય તેમને પ્રત્યેક પળ શ્રેષ્ઠ બની રહે છે.

એટલાન્ટામાં કિશોરોએ પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું : 'તમને અક્ષરધામનો અનુભવ કેટલી વખત રહે છે?' પ્રમુખસ્વામી મહારાજે કહ્યું : 'કાયમ.' પ્રમુખસ્વામી મહારાજ કાયમ આનંદના સાગરને ઝીલતા રહેતા હતા.

ઈંગ્લેન્ડ. સસેક્સ શહેરના ત્રણ અંગ્રેજ યુવાનો ડેવિડ, ડેનિયલ અને રીચાર્ડ; હિન્દુ આધ્યાત્મિકતાથી આકર્ષાયા હતા. તેઓ ભારતમાં આવી, કેટલાક સંત-મહાત્માઓનો મળ્યા હતા, પરંતુ 1994માં તે ત્રિપુટી પ્રમુખસ્વામી મહારાજને મળવા લંડન દોડી આવી. તેનું કારણ એ હતું કે ડેવિડને સ્વપ્નમાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનથી દિવ્ય અનુભૂતિ થઈ હતી. પૂર્વે ક્યારેય તેઓ પ્રમુખસ્વામી મહારાજને મળ્યા નહોતા.

લંડનમાં સ્વામીની પ્રથમ મુલાકાતે જ તેને શાંતિનો શેરડો ફૂટ્યો. તેમણે પોતાને થયેલ દિવ્ય અનુભૂતિની વાત કરતાં કહ્યું : 'ચાર દિવસ પહેલાં મને સ્વપ્નમાં તમારાં દર્શન થયેલાં. તમે મને નિર્વિકલ્પ સમાધિ કેવી હોય તેની સમજણ આપી અને પછી મને નિર્વિકલ્પ સમાધિનો દિવ્ય અનુભવ પણ કરાવ્યો!'

નિર્વિકલ્પ સમાધિનો આ અનુભવ થોડીક ક્ષણો પૂરતો જ હતો, પણ તે સામાન્ય નહોતો. તેથી પ્રમુખસ્વામી મહારાજ સામે મીટ માંડતા તેમનાથી પૂછાઈ ગયું : 'તમને ચોવીસ કલાક નિર્વિકલ્પ સમાધિનો અનુભવ રહે છે?' તે સમયે પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું : 'હા, હરીએ, ફરીએ, બધું કરીએ, પણ ભગવાનને સાથે રાખીને કરીએ એટલે (નિર્વિકલ્પ સમાધિનો અનુભવ) કાયમ રહે.' પ્રમુખસ્વામી મહારાજે કરાવેલ અનુભૂતિથી અને તેમના પ્રતીતિકર ઉત્તર સામે તે યુવાનો ઝુકી ગયા.

સાહિત્યકાર-પત્રકાર હરકિશન મહેતાએ પ્રમુખસ્વામી મહારાજને પૂછેલું: 'એવી કોઈ ઘટના છે જે યાદ આવતાં દુઃખ થાય?' પ્રમુખસ્વામી મહારાજે કહ્યું : 'ના, એવો કોઈ પ્રસંગ નથી. કાયમ આનંદ-આનંદ જ રહ્યા કરે છે.'

આ લોકમાં શારીરિક, માનસિક, વ્યાવહારિક, સાંસારિક અનેક પ્રકારના દુઃખો દરેક વ્યક્તિને આવે છે. તેમ શું પ્રમુખસ્વામી મહારાજને દુઃખો નહીં આવ્યા હોય? દુઃખ તો આવ્યા, પણ સ્વામીએ દરેક દુઃખને સુખમાં પલટી નાંખવાની કળા સિદ્ધ કરેલી હતી. તેથી તેઓ નિત-નિત નવા વર્ષ જેવો આનંદ હંમેશાં અનુભવતા હતા.

આ જ્ઞાનને અનુસરીને દુઃખને સુખમાં, શોકને આનંદમાં પરિવર્તિત કરવાની કળા શીખીએ.

ઉદારતા- પ્રામાણિકતા

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

મુંબઈના એક યુવાને સરસ ઘટના કહી. તે ટેક્સી દ્વારા પોતાના સ્થાનથી અન્ય સ્થાન તરફ જઈ રહ્યો હતો. ઇમર્જન્સી મીટિંગમાં સમયસર પહોંચવાની તેને ઉતાવળ હતી. સામાન્ય મોડું થયું હોવાથી તેણે ટેક્સી ડ્રાઈવરને ઉતાવળે ટેક્સી ચલાવવા કહ્યું. ટેક્સી ડ્રાઈવરે સમયસર તેને ગંતવ્યસ્થાને પહોંચાડી દીધો.

ભાડું 50 રૂપિયાનું થતું હતું. યુવાન પાસે 500ની નોટ હતી અને ટેક્સી ડ્રાઈવર પાસે છુટ્ટા રૂપિયા ન હતા. મોડું થતું હોવાથી 500 રૂપિયા આપી યુવાન આગળ વધ્યો, તો 500ની નોટ જોઈ ટેક્સી ડ્રાઈવરે મોટેથી બૂમ પાડી, 'ભાઈ! 50ના બદલે તમે ભૂલથી 500 આપી છે.'

યુવાને ચાલતાં-ચાલતાં જ જવાબ આપ્યો, 'ભાઈ, તું બોલ્યા વિના પણ જઈ શકતો હતો, છતાં તેં સામેથી કહ્યું, આ તારી પ્રામાણિકતા બતાવે છે. મારે બાકીના રૂપિયા પાછા જોઈતા નથી, પણ ભવિષ્યમાં કોઈ નાના માણસ પાસે પૈસા ન હોય અથવા કોઈ ભૂલી ગયું હોય, તો તેને મફતમાં લઈ જજે.'

યુવાન પાસેથી ઉદારતા શીખવા જેવી છે. શાકવાળા કે રિક્સાવાળા જેવા નાના માણસો સાથે 10-20 રૂપિયા માટે ઘણી વાર સંઘર્ષ થતો હોય છે, આપણે એવું ન કરીએ. તેને સામેથી વધુ આપીએ અને ટેક્સી ડ્રાઈવર પાસેથી પ્રામાણિકતા શીખવા જેવી છે કે, આપણે જેટલા રૂપિયા લેવાના હોય, તેના કરતાં કદાચ કોઈ સામેથી વધારે આપે, તો સામેથી જ પાછા આપવાની તૈયારી પણ રાખીએ.

સૂક્ષ્મ અહંકાર ત્યાગો તો યથાર્થ પ્રગતિ અને પ્રસન્નતા પ્રાપ્ત થશે

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આંતરશુદ્ધિ અને પવિત્રતા અત્યંત જરૂરી છે. જે કંઈ કરો તે પૂર્ણતાથી કરો. કરેલાનો અલ્પ અહંકાર પણ ભગવત્પ્રાપ્તિમાં બાધક બનતો હોય છે. ઘણી વાર કોઈ સત્કર્મ કરે, ત્યારે લોકોને થાય કે, 'વાહ! કેવું સારું કામ કર્યું!' કર્મને પૂજાભાવથી કરીએ અને ગીતા તો ત્યાં સુધી કહે છે કે તમારા માટેનું જે સહજ કર્મ છે, એ ભલે સદોષ હોય તો પણ તમે એને ત્યાગો નહીં.

કારાગૃહ મેં જો જલ્લાદ હોતા હૈ ઔર જિસકો ફાંસી કી સજા હોતી હૈ, તો જલ્લાદ ઉસકો ફાંસી દે દેતા હૈ. તો એણે ખૂન કર્યું કહેવાય? આપણી દૃષ્ટિએ લાગે કે આ કામ સારું નથી. કોઇને ફાંસીએ લટકાવી દેવા એ દોષ છે. પેલાને તો પગાર મળે. એને સરકારે નિયુક્ત કર્યો છે. એનું એ કર્તવ્ય છે. જેને માટેનું જે સહજ કર્મ છે, એ કદાચ સદોષ હોય, તો પણ એ ન ત્યજે. એને પૂજાભાવથી કરે. તો કસાઇને પણ કૃષ્ણ મળે. કેવટ જેવા નાવિકને પણ રામ મળે.

ગીધ અધમ ખગ આમિષ ભોગી।
ગતિ દીન્હી જો જાચત જોગી॥ અર. 32/2 ॥

જટાયુને પણ શ્રીરામ મળે. સ્વયં શ્રીરામે જટાયુના અગ્નિસંસ્કાર કર્યા પોતાના હાથે. જે સૌભાગ્ય શ્રીરામના પિતાને પ્રાપ્ત ન થયું. દશરથની ચિતાને રામે આગ નથી મૂકી. નહીં તો જયેષ્ઠ પુત્ર તરીકે રામનું કર્તવ્ય છે અને દશરથનો અધિકાર છે, પણ દશરથની ચિતામાં આગ શ્રીરામે ન મૂકી. આ સત્કર્મનું સૌભાગ્ય જટાયુને મળ્યું.


જેનું જે કર્મ છે, જે સહજ કર્મ છે. એ પૂજાભાવથી, કર્તવ્ય સમજીને, સૌનાં હિતને નજરમાં રાખીને કરે, પ્રભુની પ્રસન્નતા માટે કરે, લોભથી બચે અને કરે. લોભથી બચવા માટે સંતોષ અને સંતોષ એટલે જેટલું મળે એમાં સંતોષ એ જ નહીં. કર્મ માર્ગવાળાએ સંતોષ રાખવાનો છે. સંતોષનો અનુભવ કરવાનો, ત્યાં જોબ સેટિસ્ફેક્શનની પણ વાત આવે છે.

આપણને આપણાં કાર્યથી સંતોષ હોય ત્યારે એ મોટી ઉપલબ્ધિ. એ એનું મુખ્ય ફળ. પછી જે મળે છે, એ તો બાયપ્રોડક્ટ, પણ આપણને કામનો સંતોષ હોય.

કામનો સંતોષ હોય ત્યારે માણસ થાકતો નથી, પણ કામનો સંતોષ ન હોય ત્યારે થોડી વારમાં માણસ થાકી જાય. કામનો સંતોષ હોય, ત્યાં માણસનો ઉત્સાહ, એ ઉત્સાહને કારણે એક નવી ઊર્જા અને એ નવી ઊર્જા એને પ્રગતિ, વિકાસ તરફ લઇ જાય અને એ રીતે માણસ કર્મ દ્વારા પ્રભુથી યુકત બને.

ક્યારેક સૂક્ષ્મ અહંકાર પણ સન્માર્ગમાં અડચણ બને છે. વૈરાગ્ય વગર જ્ઞાનમાર્ગમાં સિદ્ધિ મળે નહીં. બાણું લાખ માળવાના ધણી રાજા ભર્તૃહરિ બધી ભૌતિકતા ત્યાગીને સ્મશાનમાં રહીને સાધના કરતા. ક્યારેક કોઇકનું મૃત્યુ થાય અને શબના દાહસંસ્કાર માટે સ્મશાનમાં લાવે, તો સાથે જે ખીચડી લાવ્યા હોય, એ ખાય, પાણી પી લે અને ભજન ગાય. એક વખતનો સમ્રાટ અને આ રીતે ભજન કરે. વૈરાગ્ય શતકના રચયિતા, જેણે શૃંગાર શતક લખ્યું, તેણે જ વૈરાગ્ય શતક આપ્યું અને એણે નીતિ શતક પણ આપ્યું.

એક વાર શિવ-ભવાની ત્યાંથી નીકળ્યા અને



ભર્તૃહરિના વૈરાગ્યને જોઇ, માતા ભવાનીએ શંકરને કહ્યું, 'વાહ! શું આ રાજાનો વૈરાગ્ય છે! આટલો મોટો રાજા હોવા છતાં રાજમહેલ, સુખસુવિધાનો ત્યાગ કરી સ્મશાનમાં રહીને ભજન કરે અને શબની પાછળ મૂકાયેલી ખીચડીથી પેટ ભરી લે. ગજબ વૈરાગ્ય!'

શંકરજીએ કહ્યું. 'વૈરાગ્ય હજી કાચો છે.' પાર્વતીજી બોલ્યાં, 'તમને તો બસ આવું સૂઝે.' શંકરજીએ કહ્યું, 'આપણે પરીક્ષા કરીએ.' તો કહે, 'કરીએ.'

અભી એક શબ કા દાહ સંસ્કાર હુઆ થા. ખીચડી ત્યાં પડી હતી. ઘણા દિવસ પછી ભોજન મળ્યું. ભર્તૃહરિ ખીચડીનો જ્યાં ભોગ લગાવવા જાય ત્યાં ભિક્ષુકના રૂપમાં શિવ-પાર્વતી આવીને ઊભાં રહ્યાં. 'ભિક્ષાન્ દેહી.' ભર્તૃહરિએ જોયું કે અતિથિ છે. 'દેવ! ભોજનમાં બસ આ છે.'

બંનેએ કહ્યું કે, 'અત્યારે જ આપો.' ભર્તૃહરિ આટલા દિવસના ભૂખ્યા હોવા છતાં ખીચડી આપી દીધી. પાર્વતીજીએ આંખથી વાત કરી શંકરજી સામે. 'જોયું! એક જ વાર આપણે માગ્યું અને આપી દીધું.'

શંકરજીએ ઈશારો કર્યો, ધીરજ રાખો. ભતૃહરિને થયું કે હું પાણી પી લઉં. જ્યાં પાણીનું પાત્ર મોઢે માંડવા જાય, ત્યાં બંનેએ કહ્યું 'ભૈયા, ભોજન કે અંત મેં થોડા પાની મિલ જાયે તો!' એટલે પાત્ર ભર્તૃહરિએ ભિક્ષુકોને આપ્યું, 'લો! પાણી પીઓ.' બંનેએ પાણી પીધું અને પાણી પીતાં પીતાં પીધું ઓછું અને ઢોળ્યું ઝાઝું, પણ તોયે ચહેરાની રેખા બદલાઇ નહીં. પાર્વતીજીએ વળી ઈશારો કર્યો, જોયું હવે તો પ્રમાણપત્ર આપશો કે નહીં?

મહાદેવજીએ કહ્યું, 'ઊભા રહો.' અને પછી ભર્તૃહરિ સામે જોઇને ભિક્ષુકનાં રૂપમાં બોલવા માંડ્યા. 'વાહ! તુમ્હારા ત્યાગ! ઇતને દિનોં સે તુમ ભૂખે થે ફિર ભી તુમને હમકો ખીચડી ખિલા દી. તુમ પ્યાસે થે, પાની હમકો પીલાયા. તુમ્હારે ત્યાગ કી સરાહના કરતે હૈં.'

ભર્તૃહરિ બોલ્યા કે, 'હવે આ ખીચડી અને પાણી આપી દીધું, એમાં મેં શું ત્યાગ કર્યો? અરે! બાણું લાખ માળવાનો હું ધણી અને એ બધું છોડીને આવ્યો છું, ત્યારે આ ખીચડી અને પાણીનો ત્યાગ તો શું વિસાતમાં?' મહાદેવજીએ પાર્વતીજીને કહ્યું. 'જોયું! હજી શું છોડીને આવ્યો એ યાદ રાખ્યું છે એણે! માટે એ ત્યાગ એટલો શ્રેષ્ઠ નથી.'

આપણે દીધાના દાખલા કઢાવીએ છીએ. દાન એને કહેવાય કે એનો ત્યાગ કર્યા પછી એના પર તમારો કંઇ અધિકાર જ રહેતો નથી. આમ, આપણે કરેલા સત્કર્મનો જો અલ્પ માત્ર અહંકાર હશે, તો ભગવત્પ્રાપ્તિમાં બાધક બને છે. માટે સૂક્ષ્મ અહંકાર પણ ત્યાગી દો તો પ્રગતિ અને પ્રસન્નતાની પ્રાપ્તિ થશે.

દુનિયામાં મારા જેટલું બિઝી કોઇ છે જ નહીં

'આ જે આપણે આ કામ પાર પાડવું જ પડશે...' 'જવા દે ને યાર! સમય જ નથી...' 'ચાલો ને પપ્પા! આજે ફરવા જઈએ...' 'આજે નહીં બેટા! ટાઇમ જ નથી...' 'સાંભળ દોસ્ત! કાલે રાત્રે આપણે બધા સ્કૂલના મિત્રો ભેગા થવાના છીએ. તું આવી જઈશ ને?' 'ના ભાઈ ના! અહીં તો સમય જ કોને મળે છે? તમે બધા ભેગા થઈ જજો ને...' રોજ-રોજ આપણે આવા અથવા આ પ્રકારના વાર્તાલાપ કાં તો કરતાં હોઈશું અથવા સાંભળતાં હોઈશું. બધાને એક જ પ્રશ્ન છે - 'સમય ક્યાં છે?' કારણ કે આપણને હંમેશાં એવું જ લાગતું હોય છે કે 'આ દુનિયામાં મારા જેટલું વ્યસ્ત (બિઝી) કોઈ છે જ નહીં...'

અતિ અચરજકારી વાત છે નહીં? આ કાળ ઉર્ફે સમય! એ ચાલે છે, પણ પકડાતો નથી; મળે છે, પણ દેખાતો નથી અને ભવિષ્યમાં કેવાં રૂપે આવશે, એ કળાતો નથી. આપણે બધાં જ કદાચ એની પાછળ ઢસડાતાં રહીએ છીએ, એની સંગાથે ચાલી શકતાં નથી.

છતાં આશ્ચર્યની વાત એ છે કે ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રીરામ જેવા અવતારી પુરુષો કે મહાકવિ કાલિદાસ જેવા સાહિત્યકારો કે જગદીશચંદ્ર બોઝ, અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિકોને આપણી માફક દિવસના 24 કલાક જ આપવામાં આવેલા, પણ એટલા સમયનો એમણે એવો ઉપયોગ કર્યો કે સમયાવધિ બાદ પણ તેઓ યાદગાર બની રહ્યા! વિશ્વ વંદનીય પ્રમુખસ્વામી મહારાજ પણ સમય કણકણ થઈને વેરાઈ જાય, એ પહેલાં તેને ક્ષણક્ષણમાં વાવરી લેવાની કળા જાણતા હતા.

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

રાજકીય કે આર્થિક સિદ્ધિ પાછળ દોડનારને મિનિટેમિનિટની કિંમત હોય એ સ્વાભાવિક છે. પરંતુ અભ્યાસ કે 'પ્રોફેશનલ સ્કિલ્સ' બેઉથી છેટે રહેલા અને પરમાર્થ સિવાય કોઈ સ્વાર્થ ન ધરાવતા પ્રમુખસ્વામીનું સમયનું આયોજન ભલભલા ભણેલાને કાનની બૂટ પકડાવે એવું હતું. ઘણાબધા પ્રકલ્પો એકસાથે ચાલતા હોય, ત્યારે કોને, ક્યારે, કેવી રીતે સમય આપવો, એ ભારે મુશ્કેલ કામ હોય છે પરંતુ પ્રમુખસ્વામીએ એમાં પોતાની રીતે આગવો રસ્તો કાઢેલો. એક વાર તેઓ હ્યુસ્ટનમાં હતા. સુરતમાં નિર્માણાધીન હોસ્પિટલ અંગે એમને અહીં જ મીટિંગ કરવી હતી કારણ કે વિશ્વ કક્ષાના ડોક્ટર અહીં આવ્યા હતા. સ્વામીએ બધાને તેડાવ્યા હતા, પણ એમને આવવામાં વાર લાગી. તો એમણે તરત કોલકાતામાં બનનારા મંદિરનો નક્શો આવેલો એ ખોલ્યો અને સાથે પુછાવેલ પ્રશ્નનો પત્ર વાંચવા લાગ્યા. એવામાં મુલાકાતીઓ આવ્યા તો એમને મળી લીધું. ફરી નક્શા અને પત્રમાં પરોવાયા. એવામાં ડોક્ટરો આવી ગયા એટલે હોસ્પિટલ માટેની મીટિંગ કરી. એકસાથે અનેક કાર્યો હાથ ધરવાંની તાલીમ આપતું કોઈ પુસ્તક એમણે વાંચ્યું નહોતું.

પૃથ્વી સૂર્યની પરિક્રમા કરતી આશરે 1780 કિ.મી. ફરે એટલે કે એક જ મિનિટમાં સ્વામી ઘણુંબધું કરી લેતા. 78 વર્ષની ઉંમરે એમનું બાયપાસનું ઓપરેશન કરાવ્યા બાદ તેઓ મુંબઈ પધાર્યા. ત્યારે એમના માટે આરામ અનિવાર્ય હતો. પરંતુ મોટી સંખ્યામાં આવેલા ભક્તોને મળી, તેમનાં સુખ-દુઃખના સહભાગી બન્યા વગર તેમને ચેન કેમ પડે? સેંકડોની સરેરાશથી મુલાકાતો ચાલી. પણ એ વખતે પત્રવ્યવહારની સામગ્રી લઈને બાજુમાં સેવક ઊભા જ હોય. એક વાર પ્રમુખસ્વામી મહારાજને બે મુલાકાતની વચ્ચે જ એક ભાઈ, જે થોડા દૂર ઊભા હતા, એમને બોલાવીને કંઈ વાત કરવાની ઈચ્છા થઈ. પેલા ભાઈને બોલાવ્યા એટલે તેઓ લગભગ અડધી મિનિટમાં તો નજીક આવી ગયા. પરંતુ આ સમયમાં સ્વામીએ સેવક પાસે એક પત્ર માંગી, વાંચી અને પ્રત્યુત્તર પણ આપી દીધો હતો! આવું અસંખ્ય વાર બનતું રહેલું.

મુંબઈમાં દાંતના પાંચ એક્સ-રે પાડવાના હતા, ત્યારે વારાફરતી મોંમાં પ્લેટ મુકાય, એની વચ્ચે પણ પ્રમુખસ્વામીને પત્રો વાંચતાં સૌએ જોયા છે. હવાઈ મુસાફરીમાં એમની સીટ તૈયાર થતી હોય એ વખતે એમને ઊભા-ઊભા પત્રો વાંચતાં સૌએ જોયા છે. પથારીમાં પોઢ્યા બાદ ફોન ઉપર ભુજ કે લાતુરના ભૂકંપ પછીના કે ઓરિસ્સાની સુનામી પછીના રાહતકાર્યનું માર્ગદર્શન આપતા પ્રમુખસ્વામીને સૌએ જોયા છે. આ કર્મયોગીએ ક્ષણેક્ષણને લોકસેવામાં સમર્પિત કરવા રૂપી સાધના કરી છે.

આ હતું એવા સંતનું દર્શન, જેમણે સમયનો યથાર્થ ઉપયોગ કરી સમયને યોગ્ય સન્માન આપ્યું! તેમને અનુસરીને આપણે પણ કાળને કળવાનો પ્રયત્ન કરીએ.

મેકઅપ-ચેકઅપ

દસ વર્ષની પ્રિયાનો જન્મદિવસ આવ્યો. તેના મનમાં નાનપણથી અભિનેત્રી બનવાનાં અરમાન હતાં. તેના જન્મદિવસ નિમિત્તે પિતાએ તેને જે માંગે તે ગિફ્ટ આપવાની વાત કહી. તેણે વચન માંગ્યું કે, 'હું જે માંગુ, તે તમારે આપવું પડશે.' અને પિતાએ સહર્ષ હા કહી.

પ્રિયાએ પિતા પાસે મેકઅપ બોક્સ માંગ્યું, જે 5000 રૂપિયામાં સારી કંપનીનું આવતું હતું.

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

'પણ બેટા, તું તો સુંદર છે, છતાં તારે મેકઅપ બોક્સ કેમ જોઈએ છે?'

'પપ્પા, મારે મોટા થઈને મોટી અભિનેત્રી બનવું છે, તે માટે મેકઅપ બોક્સ જોઈએ છે. તમે મને વચન આપ્યું છે, એટલે હવે ના ન કહેતા.'

પિતાએ લાડલી દીકરીનો હાથ હાથમાં લઈને કહ્યું, 'બેટા, હું વચન તો પાળવાનો જ છું, છતાં મારે તને બીજું કહેવું છે. હું તને 5000ના મેકઅપ બોક્સની સાથે બીજા 5000નું ચેકઅપ બોક્સ લાવી આપીશ.'

'ચેકઅપ બોક્સ એટલે?'

'ચેકઅપ બોક્સમાં એવાં મજાનાં પુસ્તકો હશે, જેમાં તું તારા મનનું... તારા વ્યક્તિત્વનું... તારા આત્માનું સતત ચેકઅપ કરી શકીશ. મેકઅપ બોક્સ દર વખતે નવું લાવવું પડે, જ્યારે આ ચેકઅપ બોક્સ તો આખું જીવન ચાલે. હા, ભીતરથી સુંદર દેખાવા માટે મેકઅપ બોક્સ ન હોય તોય ચેકઅપ બોક્સની જરૂર તો પડે જ, પણ જેની પાસે આ ચેકઅપ બોક્સ હોય, તેને બહારના મેકઅપ બોક્સની જીવનમાં ક્યારેય જરૂર ન પડે!'



દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન ગુરુવાર | 20 નવેમ્બર, 2025 | કારતક અમાસ | વિક્રમ સંવત 2082 08

હળીમળીને સુખ વહેંચતાં શીખો, પ્રસન્નતાપૂર્વક પ્રસાદ આપો

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



એક સાધુની પાસે એક યુવક ગયો. બહુ સારા સંત હતા. એમનો નાનકડો આશ્રમ હતો. પેલો યુવક ગયો અને કહ્યું કે, 'મહારાજ, દુનિયામાં કેવી રીતે જીવવું જોઇએ? કેવી રીતે રહેવુ જોઇએ?' સાધુએ જવાબ ન આપ્યો.


એ યુવક રોજ સાધુના આશ્રમમાં આવતો હતો. એક દિવસ એકાદ-બે લોકો સાધુ મહાત્માનાં દર્શને આવ્યા. ફ્રૂટ, ડ્રાયફ્રૂટ અને ફૂલની માળા લઇને આવ્યા અને સાધુની પાસે બધુ રાખ્યું. આપણે ત્યાં પરંપરા છે કે આપણે સાધુની પાસે જઇએ તો ખાલી હાથે ન જઇએ. મંદિરમાં જઇએ તો ખાલી હાથે ન જઇએ. બધું ધર્યું. એ બધું લઇને સાધુ તે માણસ તરફ પીઠ કરીને બેસી ગયા અને બધું ખાધું. કોઇને કંઇ આપ્યું નહીં.

વળી પાછા પેલાની તરફ ફર્યા, પણ તેને 'જય સિયારામ' કે 'કેમ છે?' કે કંઇ ન બોલ્યા. વાત જ ન કરી. થોડી વાર પછી સામેવાળા ઊભા થયા અને બોલ્યા કે, 'મહારાજ, તો હવે અમે જઇએ.' પેલા લોકો પ્રણામ કરીને જતા રહ્યા. ચેલો એમને બહાર મૂકવા ગયો. પેલા લોકો જતા રહ્યા પછી શિષ્ય આવ્યો એટલે સાધુએ પૂછ્યું, 'મૂકી આવ્યો?' ચેલો કહે, 'હા, મૂકી આવ્યો.' સાધુ કહે, 'કંઇ બોલતા હતા?' કહે, 'હા, બોલતા હતા ને!' સાધુ કહે, 'શું બોલતા હતા?' ચેલો કહે, 'એ લોકો કહેતા હતા કે, કેવો સાધુ છે? અમે જે ધર્યું તે બધું લઇ લીધું અને પાછી અમને પીઠ દેખાડી. પેલી બાજુ ફરી ગયા અને બધું ખાઇ ગયા! અમને તો હતું કે થોડુંક લેશે અને બાકીનું અમને આપશે, પણ એ તો બધું સ્વાહા કરી ગયા! એ તો ઠીક પછી એમણે અમારીસાથે વાત જ ન કરી. કોઇ સંવાદ નહીં, અમને બોલાવ્યા પણ નહીં. અમારા સુખ-દુઃખ વિશે કંઇ પૂછ્યું જ નહીં! આ તો સંસારી કરતાં પણ વધારે સ્વાર્થી!

આપણા ઘરે કોઇ આવે તો આપણે તેને પાણીનું પૂછીએ, તેને આવકારીએ, જમવાનું કહીએ. તેને કહીએ કે વ્હાલા! જમીને જાવ. પણ આ સાધુએ તો અમે જે આપ્યું એ બધું લઇ લીધું અને અમારી સાથે વાત પણ ન કરી! કેવા અક્કડ અને અતડા કહેવાય.' સાધુ કહે, 'અચ્છા, એવી વાતો કરતા હતા?' શિષ્ય કહે, 'હા, બાપુ.' સાધુ કહે, 'સારું.'

બે-ત્રણ દિવસ પછી વળી એક ભકતમંડળી આવી. એ લોકો પણ મીઠાઇ અને ફળ ને બધું લઇને આવ્યા. એટલે બાપુએ કહ્યું, 'મારે કંઇ ન જોઇએ.' બધું લઇને બાજુમાં ખીણ હતી, તેમાં ફેંકી દીધું! પણ આ લોકો સાથે વાત પ્રેમથી કરી કે, 'કેમ છે વ્હાલા મજામાં?' પેલા લોકો કહે, 'હા બાપુ. સારુ છે, તમારા આશીર્વાદ છે.' સાધુએ પ્રેમથી વાતો કરી. પછી પેલા લોકોએ રજા માંગી, 'બાપુ, અમે જઇએ.' તો કહે, 'અચ્છા. ઠાકોરજી રાજી રાખે, સાજાં-નરવાં રાખે, આવતા રહેંજો.'

પ્રણામ કરીને એ ગયા. શિષ્યને કહ્યું કે, 'જા વળાવીને આવ'. ચેલો વળાવીને આવ્યો એટલે સાધુએ પૂછ્યું, 'કંઈ બોલ્યા?' તો પેલો કહે, 'હા, બાપુ! કહેતા હતા ને! કીધા વગર રહે સંસારમાં?' 'શું કહેતા હતા મારા વિષે?' ચેલો કહે, 'કહેતા હતા કે મહારાજ આમ વાતો પ્રેમથી કરે બરાબર છે પણ જે કંઇ આપ્યું



તે જે રીતે એમણે ફેંકી દીધું. આમ કરાય? અપમાન લાગે!' સાધુ કહે, 'ભલે, તું નિરીક્ષણ કરતો રહેજે.'

વળી થોડા દિવસો ગયા અને વળી પાછા કેટલાક લોકો આવ્યા. એ પણ ભેટ, પૂજા, ફૂલ મીઠાઇ લઇને આવ્યા સંતને આ બધું ધર્યું અને સંતે કહ્યું, 'આવો આવો વ્હાલા! ઘણા વખત પછી આવ્યા. પધારો! બધા મજામાં? ધંધો-વ્યવસાય બધું બરાબર ચાલે છે?' અને જે લાવ્યા હતા એમાંથી પણ થોડું લીધુ અને આશ્રમમાં બધાંને પ્રસાદ આપ્યો. એમની સાથે પ્રેમથી વાત કરી.

ભકતો કહે, 'બાપુ, હવે અમે રજા લઇએ.' સાધુ કહે, 'ભલે. આવતા રહેજો.' શિષ્ય ગયો અને પેલા લોકોને વળાવીને પાછો આવ્યો. ગુરુજી કહે, 'કંઈ બોલ્યા?' કહે, 'હા.' સાધુ કહે, 'કંઈ કહેતા હતા?' કહે, 'હા કહેતાં હતા ને!' સાધુ કહે, 'શું કહેતાં હતા?' કહે, 'વાહ! સાધુ હોય તો આવા! કેટલી એની વાણીમાં ભીનાશ છે, મીઠાશ છે, પ્રેમ છે. બધાને વહેંચીને ખાધું. અમને પ્રસાદ આપ્યો અને પછી બધાને વહેંચ્યો. બહુ પ્રેમી, શાંત, ત્યાગી-વિરકત સંત છે.' ચેલાને કહ્યું, 'અહીં બેસ, હું એનો એ છું ને? કોઈકે મારા વિશે આમ કહ્યું, કોઇએ આમ કહ્યું, કોઇએ ટીકા કરી અને કોઇએ વખાણ કર્યા. એ મારા વ્યવહારને જોઇને.

બેટા, બસ આ જ રીતે જીવવાનું છે! ભગવાન આપણને કંઈક આપે છે. એ આપણે લઇ તો લઇએ, પરંતુ ભગવાનનો આભાર માનતા નથી. માનવને એમ થાય છે કે અમે અમારા પુરુષાર્થથી જ આ કમાઇએ છીએ. તને જીવતો કોણ રાખે છે? તું સૂઇ જાય છે, ત્યારે તારા હૃદયને કોણ ધબકતું રાખે છે? તું ગાઢ નિંદરમાં હોય છે, ત્યારે તારા શ્વાસ કોણ ચલાવે છે? કોણ તારા પ્રાણને પ્રાણવાયુ પૂરો પાડે છે? ઇશ્વરના અનંત ઉપકાર છે.

આપણે એકલા પેટ ભરીએ. ભગવાનને કંઇ આપતાં નથી અને પ્રસાદ કોઇને વહેંચતા પણ નથી. ભગવાનનું આપેલું અને ભગવાનને ભૂલી જઇએ. ભગવાનને પણ ન આપીએ અને આપણે એકલા પેટ ભરી લઇએ. આ પણ જીવવાની સાચી રીત નથી.

આપણે ભોગવી લઇએ પણ ભગવાન સાથે પ્રેમથી વાત પણ નહી કરવાની, કોઇ દિવસ મંદિરે જવાનું નહીં. આવું જીવન એ સાચું જીવન નથી. ઘણા લોકો ભગવાને જે આપ્યું હોય એ ફેંકી દે એનો દુરુપયોગ કરે. ત્યાગનું અભિમાન અથવા વસ્તુનો દુરુપયોગ એ પણ બરાબર નથી. એ ભગવાનને નહીં ગમે. જે કંઇ છે એ ઇશ્વરનું આપેલું છે, પણ એના માટે આપણે ઇશ્વરનો આભાર માનીએ. જે કંઇ પ્રભુ પાસેથી મળ્યુ છે તે પ્રભુનો પ્રસાદ છે. એ આપણે વહેંચીને ખાઇએ. તો ભગવાન પણ કહે કે, આ સાચું જીવન જીવે છે. ઇશ્વરે તમને જે આપ્યુ છે, તે બદલ ઇશ્વરનો આભાર માનો અને વહેંચીને ખાવ એ જ સાચું જીવન છે.

તમે પાન ચાવો છો કે કોલસા?

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ભગવાને મનુષ્યને એક વિશિષ્ટ ભેટ આપી છે - મન! જેનાથી માણસ વિચાર કરી શકે છે. તમે જાણો છો કે આપણા મનની શક્તિ, ગતિ કેટલી છે? પ્રકાશની ગતિ તો બધા જાણે છે કે પ્રકાશ એક સેકન્ડમાં 3,00,000 કિ.મી.નો પ્રવાસ કરી શકે છે, પરંતુ માનવનું મન તો પ્રકાશની ગતિને ક્યાંય પાછળ પાડી દે એટલી ગતિએ કામ કરી શકે છે. તમે માત્ર યાદ કરો કે દુનિયાના કોઈ પણ સ્થળે પહોંચી જાવ! વિચાર કરો કે અહીંથી તમે ચંદ્ર પર પહોંચી જાવ! આ છે આપણા મનની ગતિ, મનની શક્તિ!

છતાં આટલા શક્તિશાળી, ગતિશીલ મનથી આપણે શું વિચારીએ છીએ? 'હું કેવો/કેવી દેખાઉ છું?' 'લોકો મારા વિશે શું વિચારે છે?' 'હું આમ કરીશ તો બીજા શું કહેશે?'

શું મનના દાંતથી આવા કોલસા ચાવવા એ જ છે આપણા મનનો ખરો ઉપયોગ? ના. એક વિશેષ જગ્યા છે, જ્યાં મન રાખવાથી, જેના વિચારોમાં ખોવાયેલા રહેવાથી પરમ શાંતિનો અનુભવ થાય છે. આપણો ઇતિહાસ શીખવે છે કે આપણે મન ક્યાં રાખવું જોઈએ?

આ લોકની દૃષ્ટિએ ગોપીઓને 'અભણ' કહેનારા તેમના સહચારીઓ ભુલાઈ ગયા અને ગોપીઓએ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને ઓળખી લીધા, તેમનામાં અખંડ દિવ્ય ભાવ રાખ્યો અને મનની બધી જ વૃત્તિ શ્રીકૃષ્ણમાં જોડી દીધી અને પરમ પદને, ભગવાનના ધામને પામ્યાં.

ભગવાનનું સતત સ્મરણ રહે તે મનનો યોગ્ય ઉપયોગ છે, ભક્તિ છે. ભગવાનનો મહિમા યથાર્થ સમજાય ત્યારે જ આવી ભક્તિ થઈ શકે છે!

સુખમાં કે દુઃખમાં, માન કે અપમાનમાં, હાલતાં કે ચાલતાં, રાત્રે કે દિવસે પ્રમુખસ્વામી મહારાજને અખંડ ભક્તિ કરતાં સૌએ જોયા છે. કોઈ પણ કાર્યમાં તેમને પ્રથમ ભગવાનની એટલે કે પોતાની સાથે રાખતા ઠાકોરજીની સ્મૃતિ રહેતી. જેટલી સંભાળ સામાન્ય માનવી દેહની રાખે તેટલી અને ઘણી વાર તો તેથીય અધિક સંભાળ પ્રમુખસ્વામી મહારાજ ઠાકોરજીની લેતા. 1987માં પ્રમુખસ્વામી કેદારનાથની યાત્રાએ પધાર્યા હતા. ભગવાન કેદારનાથનાં દર્શન કરી તેઓ પાછા પધાર્યા, ત્યારે સેવકોએ ગૌરીકુંડમાં ગરમ પાણીમાં સ્નાન કરવા વિનંતી કરી. કેદારનાથની યાત્રા પગે ચાલીને કે ડોલીમાં કરવી પડે છે. તેથી થાક તો અનુભવાય. ગૌરીકુંડમાં આવેલ કુદરતી ગરમ પાણીનો કુંડ ભગવાનની યાત્રિકો ઉપર મોટી કૃપા છે. યાત્રિકો આ ગરમ પાણીમાં સ્નાન કરી થાક ઉતારે છે.

પ્રમુખસ્વામી મહારાજ સાથે પધારેલા સંતો-ભક્તો પણ આ કુંડમાં સ્નાન કરી થાક ઉતારતા હતા. ત્યાં પ્રમુખસ્વામી મહારાજને સૌ દોરી ગયા. સૌની વિનંતીથી પ્રમુખસ્વામી મહારાજ કુંડમાં ઊતર્યા, પણ સ્નાન કરવા બેઠા નહીં, ઊભા જ રહ્યા. તેમણે સેવકોને કહ્યું : 'ઠાકોરજી લઈ આવો.' ઠાકોરજીને લઈને તેઓ કેદારનાથ પધારેલા. તે સમયે ઠાકોરજી તો સિંહાસન પર જ બિરાજેલા હતા. તેઓ ક્યાં ચાલ્યા હતા કે તેમને થાક લાગે? આવો તર્ક સહેજ જ સૌને થાય, પણ પ્રમુખસ્વામી મહારાજ તો દેહ કરતાં પણ વધારે સંભાળ ઠાકોરજીની લેતા!

તેમણે કહ્યું : 'ઠાકોરજીને પણ થાક લાગ્યો હોય. તેમને સ્નાન પહેલા કરાવીએ.' કળશમાં કુંડના ગરમ પાણીમાં થોડું ઠંડું પાણી ઉમેરાવી પ્રમુખસ્વામી મહારાજ ઠાકોરજીને અભિષેક કરવા લાગ્યા. નાની એવી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિના અંગો-અંગ ચોળતાં તેઓ સ્નાન કરાવતાં રહ્યા! તે દરમિયાન પ્રાચીન શાસ્ત્ર 'પુરુષસુક્ત'ના મંત્રો બોલાવતા રહ્યા. સૌને મૂર્તિમાન ભક્તિના દર્શન થયાં હતાં.

ભગવાનની આવી અખંડ સ્મૃતિથી જ તેઓ તમામ વ્યવહારકાર્ય કરતાં હોવા છતાં અત્યંત હળવાશ અનુભવતા હતા! ભરુચ જિલ્લામાં વિચરણ દરમિયાન ધૂળિયા રસ્તે જ મુસાફરી થતી. આ સમયે પણ તેમણે કહેલું : 'ઠાકોરજીને પણ ધૂળ ઊડી હોય, મુસાફરીનો થાક લાગ્યો હોય. તેથી તેમને બપોરે તથા સાંજે થાળ ધરાવતાં પહેલાં સ્નાન કરાવવું.' એક વાર કોઈએ કહ્યું કે : 'આપ ઠાકોરજીનું બહુ ધ્યાન રાખો છો.' ત્યારે પ્રમુખસ્વામી મહારાજનો જવાબ હતો : 'આપણે શું ધ્યાન રાખીએ છીએ? એ આપણું ધ્યાન રાખે છે. જે કંઈ છે તે હરિકૃષ્ણ મહારાજ જ છે. આપણે તેમના દાસ છીએ. ભગવાન સ્થિર છે. તેમનું સ્મરણ કરીએ તો આપણે પણ સ્થિર થઈ શકીએ.'

તેમની સુખ, શાંતિ અને સ્થિરતામય જીવન જીવવાની આ શીખથી સમજાય છે કે ભગવાનમાં પણ મન રાખવું શક્ય છે. આપણે પણ મનના દાંતથી કોલસા ચાવવાનું છોડીને ભગવત્સ્મરણ રૂપી પાન ચાવીએ.

પાણીનો દુરુપયોગ

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

દસ વર્ષનો રાજ સૌને ખૂબ વહાલો હતો. તેને પાણી સાથે ઘણો લગાવ હતો. ઉનાળાના વેકેશનમાં દિવસમાં 4-5 વાર સ્નાન કરતો. આમ પણ પાણીનો દુરુપયોગ તે ઘણો કરતો.

માતા અને દાદા તેને વારંવાર પાણીનો દુરુપયોગ ન કરવા સમજાવતાં કે, કુદરત તરફથી ફ્રીમાં મળેલી આ ગિફ્ટ છે, તો તેનો થાય તેટલો સદુપયોગ કરવો જોઈએ. છતાં તેનાં મનમાં આ વાત બરાબર ઊતરતી નહોતી.

એક વાર પૌત્ર રાજને લઈ દાદાજી ગામ ગયા. આખા ગામમાં નળ વગેરેની કંઈ વ્યવસ્થા ન હતી. ઘરની સ્ત્રીઓ અને બાળકો હાથમાં બાલદી ઉપાડી દૂર રહેલા કૂવાથી પાણી ભરી ઘરે લાવતાં. દાદાજીએ રાજને પણ આ પાણી લાવવાનાં કાર્યમાં જોડ્યો. જીવનમાં ક્યારેય પાણી ઉપાડ્યું ન હોવાથી, રાજ પાણી લઈને આવતાં થાકી જતો. એ જ પાણી ભોજન-સ્નાન વગેરે માટે કામ આવતું. દસ દિવસ સુધી તે રોજ પાણી લાવતો. આવી જાતમહેનત પછી તેને પાણીનું મૂલ્ય સમજાયું.

દસ દિવસ પછી દાદાજી સાથે તે પાછો શહેરમાં પોતાનાં ઘરે આવ્યો. માતાએ આવતાંની સાથે દાદાજી અને પુત્રને ગ્લાસ ભરીને પાણી આપ્યું. રાજને ત્યારે માત્ર અડધો ગ્લાસ જ પાણી પીવાની ઈચ્છા હતી. તેણે સામેથી મમ્મીને કહ્યું, 'મમ્મી, મારે અડધો ગ્લાસ જ પાણી પીવું છે, તો બાકીનું પાણી હું પાછું ઘડામાં રેડી દઉં?'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 27 નવેમ્બર, 2025 | માગશર સુદ સાતમ | વિક્રમ સંવત 2082 08

પ્રભુ-નામરૂપી ઔષધિ ભવરોગ મટાડે છે



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આપણી સૃષ્ટિ આપણા વિચારોથી બનેલી છે. જેના વિચાર નબળા તેનો સંસાર પણ નબળો. પોઝિટિવ વિચાર, એની સૃષ્ટિ પણ પોઝિટિવ. જેના વિચાર પોઝિટિવ હોય, તેની ભાવના પોઝિટિવ હોય, તેના માટે વિશ્વ મિત્ર બને. 'યુ આર વોટ યુ થિંક.' એટલે આ થોટ પ્રોસેસ બહુ મહત્ત્વની છે. આ પિંડ ભાવનાત્મક પિંડ છે. 'વી લીવ ઈન અવર ઈમોશન્સ.'

આપણે આપણી લાગણીઓમાં જીવીએ છીએ. આપણી ભાવનાઓમાં જીવીએ છીએ અને જો ભાવના ન હોય, લાગણી ન હોય તો માણસનું જીવન એ સફેદ કાગળ પર દોરેલા રેખાચિત્ર જેવું હોય. લાગણીઓ છે તેથી જીવન કલરફુલ છે. મન કે હૃદય સાથે જોડાયેલી લાગણીઓ, ભાવનાઓ, બુદ્ધિ સાથે જોડાયેલા વિચારો અને આ પંચભૌતિક શરીરના ત્રણેય પિંડની આપણે પૂજા કરવાની છે.

આ દેહ છે એની પૂજા શું? સવારે ઊઠીએ. પ્રાતઃસ્મરણ કરતાં હોઈએ તો કરીએ. પછી બ્રશ કરી દાંત સાફ કરીએ. ત્યાંથી પહેલા પિંડની પૂજા શરૂ થાય. વ્યવસ્થિત રીતે એક્સરસાઇઝ થાય. જોગિંગ કરતાં હોઈએ તો એ થાય. જોગિંગ કરતાં વોકિંગ બેટર એક્સરસાઇઝ છે. એવું મેં ક્યાંક વાંચ્યું. એમાં જલ્દી થાકી જાવ એટલે બેસી જાવ. વોક કરતાં હો અને જરા ફાસ્ટ કરતાં હો, તો તમે કલાક સુધી કરી શકો.

હું ઘણી વાર વોકિંગ કરતો હોઉં તો સાથે-સાથે ફોનમાં વાત પણ કરતો જાઉં. કલાક ક્યાં નીકળી જાય ખબર ન પડે. એ પણ આ ભૌતિક પિંડની પૂજા છે. પછી સ્નાન કરીએ. સ્વચ્છ વસ્ત્રો પહેરીએ. ભૂખ લાગ ત્યારે શરીરને ફાવે તેવું ભોજન લઈએ. માત્ર રૂચિકર નહીં, હિતકર એવો આહાર લઈએ. વધારે પડતા ઉજાગરા કરવાના બદલે રાત્રે શરીરને આરામની જરૂર હોય, ત્યારે સૂઈ જઈએ. આ બધી જ ભૌતિકપિંડની પૂજા છે.

માંદા પડીએ તો ઔષધિ લઈએ. એ પણ દેવીમાની પૂજા છે. આપણે તો ધન્વન્તરિ પૂજન પણ કરીએ છીએ. ઔષધ એટલે આયુર્વેદ એવું કહેવાય છે. આયુર્વેદ, જેનાથી આયુષ્ય નિરામય રહે. આપણે ત્યાં ધનતેરશને ધન્વન્તરિય ત્રયોદશી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે આપણે આરોગ્યરૂપી ધનની રક્ષા માટે પણ પૂજન કરતાં હોઈએ છીએ. આરોગ્યરૂપી ધન જો સારું રહ્યું, તો જીવનના બધા જ ધન આપોઆપ પ્રાપ્ત કરવા માટેનું બળ પ્રાપ્ત થઈ શકશે, પરંતુ જો આરોગ્ય નબળું હશે, તેમાં ખોટ અથવા કચાશ રહી જશે, તો જે તમારી પાસે પ્રાપ્ત છે, તેમાં સોના-ચાંદી, ઝવેરાત હશે, પરંતુ તમને આનંદ નહીં આવે.

કદાચ તમારી પાસે ઉત્તમ બંગલો, કાર, નોકર-ચાકર પણ હશે, પરંતુ આરોગ્યરૂપી ધનની ખામી હશે, તો આ બધું હોવા છતાં તેનો આનંદ તમે નહીં લઈ શકો. આ માટે જ સંસાર છે, તો અનેક પ્રકારના પદાર્થો પણ છે. એવા જ એક પદાર્થનું નામ ઔષધિ પણ છે.



જોકે આયુર્વેદિક ઔષધિ તમારા ભૌતિક શરીરને સ્વસ્થ કરવા માટે છે. ભૌતિક ધનની સ્વસ્થતા માટે કહી શકાય.

એ જ રીતે ભગવદ્ નામરૂપી રસાયણ એટલે કે ભગવાનના નામરૂપી ઔષધિ જેને પ્રાપ્ત થઈ જાય છે, તે ખરા અર્થમાં ધનવાન થઈ જાય છે. તેને મોક્ષ સુધીના ગંતવ્ય સુધી પહોંચવા માટે અધિકાર પ્રાપ્ત થઈ જાય છે. એટલે કે માત્ર દૈહિક કે સ્થૂળ શરીરની સ્વસ્થતા સાથે આપણે આધ્યાત્મિક પ્રગતિ સુધીની યાત્રા કરવાની છે.

ભારતીય સંસ્કૃતિની એ વિશેષતા છે કે સદગુરુની પ્રાપ્તિ થઈ જાય પછી તે શિષ્યને માત્ર શારીરિક એટલે કે ભૌતિક દૃષ્ટિએ જ સન્માર્ગ ન બતાવે, આધ્યાત્મિક પ્રગતિનો રાજમાર્ગ પણ બતાવે છે. આ માટે જ આપણે ત્યાં ગુરુ સમક્ષ વંદન, અભિનંદન કરવામાં આવે છે.

એટલા માટે જ આપણે ગુરુજનોનો આદર-સત્કાકર કરતાં હોઈએ છીએ. ભારતીય પરંપરા એ પણ કહે છે કે ત્રિવિધ તાપમાંથી મુક્તિ માટે આપણે સતત સદગુરુના આદેશોનું પાલન અને અનુસરણ કરવાનું છે. તેઓ જે કહે, તે મુજબ જીવવાનું છે. જીવનમાં આગળ વધવાનું છે. સતત અગ્રેસર બનવાનું છે. માત્ર ભૌતિક ધન નહીં, પરંતુ આધ્યાત્મિક ખજાનાની પ્રાપ્તિ માટે નિરંતર ગુરુચીંધ્યા માર્ગે આગળ વધતાં રહેવાનું છે. જીવનમાં ક્યારેક મુશ્કેલી આવે. તો પણ ભગવાનનું નામ મૂકવાનું નથી.

એક સંત બીમાર હતા. કેટલાક ભક્તો ગયા. અનુયાયીઓએ દવા આપી, તે મહારાજે લીધી. કોઈ કહે, 'શું થયું બાપુ?' કહે, 'ડોક્ટરે દવા લખી આપી તે દવા લીધી.' તો કહે, 'તમે સાધુ-સંત થઈ દવા લો?' મહારાજ કહે, 'કેમ દવા લેવી પાપ છે?' કહે, 'નહીં પાપ નહીં, પણ તમે તો સંત છો, તમારે ભગવાન સાથે સીધો સંબંધ છે. ભગવાનને કહો તો તાવ મટી જાય, દવા ખાવાની શું જરૂર છે?'

સંતે બહુ સરસ જવાબ આપ્યો કે, 'જે કામ પાંચ રૂપિયાની નાની ટીકડીથી થતું હોય, તેના માટે ભગવાનને હેરાન કરવા ઉચિત નથી.' નાના કામમાં ભગવાનને શું હેરાન કરવા? રાષ્ટ્રપતિને કંઈ છાશકેન્દ્રના ઉદઘાટન કરવા ન બોલાવાય. રાષ્ટ્રપતિને બોલાવવા હોય તો તેના માટેનું સબળ કારણ હોવું જોઈએ. આટલા નાનકડા કામ માટે ભગવાનને શું હેરાન કરવા? માંદા પડીએ તો તેના માટે યોગ્ય ઔષધિ અને યોગ્ય આહાર દ્વારા નિરામય બનીએ.

જીવનમાં દુઃખ આવે, રોગ આવે તો ઔષધિ લઈ લેવાની, પરંતુ પ્રભુ-નામરૂપી ઔષધિ આપણો ભવરોગ મટાડવા માટે છે. જેની પ્રાપ્તિ યોગ્ય સદગુરુની કૃપાથી થાય છે.

'શાંતિ' માટે 'શાંતિલાલ'ને અનુસરીએ



જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

'સ્વ'ને છોડીને 'પર'ને પ્યારા કરે એ જ સાચા પરગજુ ગણાય. પ્રમુખસ્વામી મહારાજ આવું જ એક વ્યક્તિત્વ હતા

આજે વાતની શરૂઆત કરીએ એક સંતથી, જેમને સંસારમાં કોઈ રસ નહોતો. છતાં તેમણે સંસારીઓને સુખી જીવન જીવવાની પ્રેરણા આપી હતી. આ વાત છે એવા મહાપુરુષની, જેમને ભગવાન સિવાય કશામાં રસ નહોતો, આનંદ નહોતો, રુચિ નહોતી. છતાં જ્યારે એવી પળ-પ્રસંગ આવે કે કોઈ ઘટના ઘટે જેમાં આપણે સુખી થતાં હોઈએ, ત્યારે તેમને આનંદ થતો! એ સંત એટલે આવતી કાલે માગશર સુદ આઠમે જેમનો જન્મદિવસ છે એવા પ્રમુખસ્વામી મહારાજ!

એક દિવસ પ્રમુખસ્વામી નિત્યક્રમ પ્રમાણે પોતાના ઓરડામાં પત્ર-વાંચન અને પત્ર-લેખન કરી રહેલા. સામાન્યપણે મુમુક્ષુઓ પોતાના જીવનની, સંસાર-વહેવારની ગૂંચોમાંથી બહાર નીકળવા કે આધ્યાત્મિક માર્ગે આગળ વધવા પત્રો લખીને માર્ગદર્શન મેળવતા. જોકે એમાં પહેલા પ્રકારના પત્રોની સંખ્યા જ વધારે રહેતી... આજે એમાંનો જ એક પત્ર વાંચતાં પ્રમુખસ્વામી મલકાઈ રહ્યા હતા.

એવામાં સંત વિવેકસાગર સ્વામી ત્યાં આવ્યા. એમને જોઈને સ્વામીશ્રી કહે : 'આજે તમને એક ખુશખબર આપું.' આ સાંભળીને મનમાં કલ્પનાના ઘોડા દોડવા માંડ્યા કે, કોઈ ઠેકાણે જમીન મળી હશે? કે સંસ્થાને એવોર્ડ મળ્યો હશે? શું હશે? ત્યારે સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા : 'કુટુંબમાં પતિ-પત્ની વચ્ચે વર્ષોથી ઝઘડો ચાલતો હતો, તેમાં સમાધાન થઈ ગયું છે.' કહો ત્યારે! કોઈક પરિવારમાં સુમેળ સધાયો, એ હતી પ્રમુખસ્વામી મહારાજને મન ખુશખબર! જોકે એમાં બંને પક્ષે સ્વામીશ્રીએ સંપ કરાવવા માટે ખાસ્સી જહેમત ઉઠાવેલી અને પ્રમુખસ્વામી મહારાજની સલાહ માની ત્યારે જ પરિવારમાં મનદુઃખનો અંત આવ્યો હતો.

આ વર્ષે મહાસત્તા ગણાતા એક દેશમાં છૂટાછેડાનો દર 11.31% આંકવામાં આવ્યો છે. એની સામે આવા સંત પોતાના જીવન-આચરણ દ્વારા આપણને ઘણુંબધું કહી જાય છે.

એક ગામમાં બે ઓરમાન ભાઈ સંયુક્ત મિલકત માટે વર્ષોથી લડી રહ્યા હતા. ઘરની વચ્ચોવચ દિવાલ ઊભી કરીને ઘરના બે ભાગલા પાડી દેવામાં આવ્યા હતા. છતાં કંકાસ શમતો નહોતો. પ્રમુખસ્વામીએ આનો નિવેડો લાવવા નિર્ધાર્યું અને તેઓ સવારે નવ વાગ્યે ત્યાં પહોંચી ગયા. ઉપલો માળ જે બંને ભાઈઓ વચ્ચે 'કોમન' હતો, એમાં તેઓ આસન જમાવીને બેઠા. પછી એમણે બંને પક્ષો સાથે મીટિંગ શરૂ કરી. તેઓ માત્ર છ ચોપડી ભણેલા, પણ ગણેલા ઘણુંબધું! આવા પ્રશ્નો હલ કરવામાં એમની કુનેહ ગજબની હતી.

આવા પ્રસંગોએ તેઓ દર વખતે વારાફરતી બંને પક્ષને પહેલાં એકલા મળતા. બંને પક્ષો સામાન્ય રીતે એકબીજાની વિરુદ્ધની વાતો કરતાં હોય, એ સાંભળીને તેઓ એમાંથી સાર તારવી લેતા. પછી રજૂ કરવા યોગ્ય બાબતો એકબીજાને વારાફરતી એકલા બોલાવીને રજૂ કરતા. આ વાતચીતનું ચક્ર ક્યારેક દિવસો સુધી ચાલતું. ત્યાર પછી બંનેને ભેગા કરીને દક્ષતાપૂર્વક સમાધાન આપતા.

આજે પણ આમ જ બન્યું હતું. વિશેષતા એ હતી કે આ વારાફરતી ચાલતી મીટિંગો દરમિયાન બંને પક્ષના માણસો જમી આવેલા, પણ સ્વામીશ્રીને અવિરત બેસવાનું થયેલું, એટલે તેઓ જમ્યા પણ નહોતા અને આરામ પણ કર્યો નહોતો. રાતના 10 વાગવા આવ્યા, ત્યારે બધાંને અંતઃદૃષ્ટિ થઈ કે, 'આ માણસને કોઈ સ્વાર્થ નથી, છતાં આપણા માટે ખાધાપીધા વગર કલાકોથી મહેનત કરી રહ્યા છે તો આપણે થોડું સમજવું જોઈએ.' એમણે સ્વામીશ્રીની વાત માની લીધી. સમાધાન થઈ ગયું. ત્યાર પછી જ સ્વામીશ્રીએ અન્નનો દાણો મોંમાં મૂક્યો! જો કોઈ સમાધાન કરવા તૈયાર હોય, તો સ્વામીશ્રીની તૈયારી આવી રહેતી અને આવું એમણે અનેક વાર કર્યું છે.

લંડનમાં એક બહેને પારાયણ નોંધાવેલી, પરંતુ દીકરા સાથે મનદુઃખ હોવાથી એમણે દીકરાને આમંત્રણ આપ્યું નહોતું. સ્વામીશ્રીને આ વાત ધ્યાનમાં આવતા એમણે બંને પક્ષને સમાધાન કરવા જણાવ્યું અને બધા ભેગા મળીને આવ્યા ત્યારે એમણે પારાયણની સેવા અંગીકાર કરી.

'સ્વ'ને છોડીને 'પર'ને પ્યારું કરનાર પરગજુ જ આમાં માર્ગદર્શન આપી શકે, કારણ કે જેણે અહમનો પડદો ચીરી નાખ્યો હોય, એ બધું સ્પષ્ટ જોઈ શકે. પ્રમુખસ્વામીને સંસાર-વ્યવહારનો અનુભવ ન હોવા છતાં તેઓ અસંખ્ય કુટુંબોમાં શાંતિ સ્થાપી શક્યા. મૂળ 'શાંતિલાલ' નામ ધરાવતા પ્રમુખસ્વામીએ પારિવારિક શાંતિ માટે સમયશક્તિ વાપર્યાં હતાં. આવા નિઃસ્નેહી પુરુષ કુટુંબમાં શાંતિ સ્થાપવા જહેમત ઉઠાવે, ત્યારે એ વાત માનીને વિશ્વશાંતિમાં ફાળો આપ્યો ગણાશે.

પ્રત્યેક જીવ, છે શિવ

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

ઈંગ્લેન્ડનાં રાણી મેરીને મન થયું કે સામાન્ય લોકોના જીવનમાં કેવું સુખ-દુઃખ હોય છે, તે જાણવા મારે ગુપ્ત વેશે નગરચર્યા કરવી જોઈએ. એટલે મેરી બીજા દિવસે સાદાં વસ્ત્રો પરિધાન કરી નગરનું અવલોકન કરવા નીકળ્યાં.

સાંજના સમયે રાજમાર્ગ ઉપર જતાં હતાં, ત્યાં અચાનક વાતાવરણ બદલાયું. ભયંકર વાવાઝોડું... ધોધમાર વરસાદ... ચાલતાં-ચાલતા પણ રાણી પડી ગયાં. કપડાં ગંદાં થઈ ગયાં. વાતાવરણ શાંત થાય તેવું લાગતું ન હતું, તેથી આશ્રય લેવા એક નાની ઝૂંપડીમાં રહેતાં ગરીબ બહેનને તેમણે વિનંતી કરી. ગરીબ બહેને પ્રેમથી આવકાર આપી, પોતાનાં જૂનાં કપડાં આપ્યાં અને સૂકા રોટલાનું ભોજન કરાવ્યું.

થોડા સમય પછી વાતાવરણ શાંત થયું. રાણી રાજમહેલે ગયાં. બીજા દિવસે રાણીનો સેવક આ ઝૂંપડીવાળા બહેનને ઘણીબધી સોનામહોરો આપી ગયો, ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે, મેં જેમની ભક્તિ કરી હતી, તે તો રાજરાણી મેરી હતાં.

હવે એ ઝૂંપડીવાસી બહેનને અફસોસ થયો કે, મેં રાજરાણીને જૂનાંને બદલે નવાં વસ્ત્રો આપ્યાં હોત તો મને આનાથી પણ વધારે મળ્યું હોત અને ભોજન પણ સારું કરાવ્યું હોત, તો કેટલું સારું હતું. સામાન્ય ભક્તિમાં પણ આટલું મળ્યું, તો વિશિષ્ટ ભક્તિમાં કેટલું બધું મળત!!

કોઈ પણ જીવને સામાન્ય ન માનીએ. પ્રથમથી જ જે પ્રત્યેક જીવને શિવ માને છે, તેને ક્યારેય નુકસાન થતું નથી.

ઈષ્ટની પ્રાપ્તિ માટે રસ જાગશે, ત્યારે યથાર્થ પ્રગતિ થશે

ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા




આપણો સનાતન ધર્મ અદભુત છે. મને દુઃખ એ વાતનું થાય છે કે આપણાં છોકરાંઓને આપણા હિંદુ ધર્મ વિશે પૂરી ખબર નથી અને પછી ક્યારેક જવાબ ન આપી શકે, ત્યારે ભોળવાઇ જાય છે. ક્યારેક કન્વર્ટ પણ થઈ જાય છે. સનાતન ધર્મ જેવો શ્રેષ્ઠ ધર્મ વિશ્વમાં બીજો કોઈ નથી, કેમ કે સનાતન ધર્મ બધા ધર્મનો આદર કરતા શીખવાડે છે.

અમારા કરતાં ભિન્ન મત જેનો હોય, તેનો મત ભલે અમે ન સ્વીકારીએ, પણ એની સાથે સંપીને રહેતાં તો અમને અમારો ધર્મ શીખવાડે છે. હું મારી માતાની પૂજા કરું, પણ હું બીજાની માતાને પણ પ્રણામ કરું. નાનપણથી આપણી માતાએ આપણને એ સંસ્કાર શીખવ્યા છે. ખોળામાં બેસવાની વાત આવે તો હું મારી માના ખોળામાં બેસીશ તો જ મને શાંતિ મળશે. એમ હું બધા ધર્મનો આદર કરીશ, પણ મારા સનાતન ધર્મની તો હું પૂજા કરીશ, કારણ કે સનાતન ધર્મ મને આ સંસ્કાર આપે છે. સનાતન ધર્મ જેવું શ્રેષ્ઠ કંઈ નથી. જે સંપૂર્ણ વિશ્વને એક કુટુંબની જેમ જુએ છે. ઉદાર ચરિત લોકો માટે આ પૃથ્વી, સંપૂર્ણ વિશ્વ એક પરિવાર છે.

ઘણા લોકો ગ્લોબલ માર્કેટની વાત કરે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો એટલો વિકાસ થયો છે કે આખી દુનિયા ગ્લોબલ વિલેજ બની ગઈ. તો ગ્લોબલ માર્કેટ, ગ્લોબલ વિલેજ. માર્કેટની અંદર સ્વાર્થના સબંધ હોય. કારણ કે બધાને નફો કમાવાનો હોય અને બીજા પાસેથી લેવાનું હોય. ગ્લોબલ વિલેજ હોય, તો એક વિલેજમાં, ગામમાં ઘણાબધા પરિવારો હોય. જ્યાં સંપૂર્ણ વિશ્વ એક માળો બની જાય છે અને એક માળામાં એક પરિવારના લોકો રહેતાં હોય. ભારતીય પરંપરામાં એકબીજા પ્રત્યે આદર, સન્માન અને પરસ્પર હિતની વાત કરવામાં આવી છે. પરહિત માટે પણ આપણે તત્પર રહેતાં હોઈએ છીએ.

માનવમાત્ર બીજા જીવના દુઃખને સહન કરે છે અને મદદ કરે છે અને તેના દુઃખના નિવારણ માટે સતત પ્રયત્નશીલ બને છે. આપણે ત્યાં માનવ તો ખરા જ, પરંતુ જીવદયાની વાત છે. ગાય એ તો પ્રતીકાત્મક છે. ગાય થકી સમગ્ર જીવસૃષ્ટિની સંભાળ રાખવાનું આપણે ત્યાં કહેવામાં આવ્યું છે. માત્ર માનવ કે પશુ-પક્ષી જ નહીં, આપણે ત્યાં તો વનસ્પતિને અને તેનાથી આપણી સમગ્ર પ્રકૃતિની રક્ષા કરવાનું કહેવાયું છે. એટલે જ આપણે ત્યાં પ્રકૃતિનું શોષણ નહીં, પરંતુ દોહન કરવાની વાત છે. પ્રકૃતિમાંથી થોડું લઈએ, પુનઃ તેના સંરક્ષણ અને પોષણ માટે પરત આપવા માટે પણ પ્રયત્નશીલ રહીએ. આ જ વાત આપણને સનાતન બનાવે છે. આ માત્ર કોઈ એક ગામ, રાજ્ય કે રાષ્ટ્રને લાગુ પડતું નથી, પરંતુ સમગ્ર વિશ્વને લાગુ પડે છે. માટે જ સનાતન એ વૈશ્વિક છે. ચિર-નિરંતર છે.



આ વિશ્વ એક માળો છે અને એમાં રહેનારા બધાં એક પરિવાર છે. આ સનાતન ધર્મની ઉદારતા, સહિષ્ણુતા છે, છતાં એ ઉદારતા બેવકૂફી ન બની જાય અને સહિષ્ણુતા કાયરતા ન બની જાય. તેનું પણ ધ્યાન રાખવાનું છે. સમય આવ્યે શ્રીકૃષ્ણ અર્જુનને યુદ્ધ માટે લલકારે છે. આક્રમણખોરી કરી કોઈના દેશને, કોઈના પ્રદેશને પડાવી લેવો, એ અમારી વૃત્તિ નથી, પણ જ્યારે કોઈ તમારા પ્રદેશને પડાવી લેવા આવે, ત્યારે તમારે એક થઈને લડવું પડે છે.

એ જ રીતે આપણો ઈશ્વર આપણો કર્તા છે. એટલે આપણું અસ્તિત્વ રસમય છે. આકાશમાં જેમ વાદળો વરસે એમ ખૂબ વરસવું, પણ એટલું ડુબવું નહીં કે પછી કપડાં ન સુકાય. આકાશના વસ્ત્રની જેમ અસંગ રહીને આ પ્રભુની લીલા જોવા જેવી છે. જગતની આ બહુ સુંદર રંગત છે.

એક વાત સમજી લો. રસ નહીં હોય તો પ્રસન્નતા પ્રગટ જ નહીં થાય. જીવનમાં રસ હોવો જ જોઈએ. શા માટે નીરસતા? એનો અર્થ હું પણ નથી કહેતો કે ભોગરસ અને આદિ-આદિ રસોમાં માનવી ડૂબી જાય, પણ માણસ આત્માને જે ગમે છે તે પૂરતો તો રસ હોવો જોઈએ. તમે સંગીત ન માણી શકો, તમે નૃત્ય ન માણી શકો, તો જીવન શું? આધ્યાત્મ આવું ન શીખવે. કૃષ્ણ જેવા કોઈ છે આધ્યાત્મ વ્યક્તિ? બ્રહ્મ છે. પૂર્ણ અવતાર છે, એના જીવનની રસિકતા જુઓ! કૃષ્ણ તો એક નામ છે! રાસરસેશ્વર. આપણા બધા જ અવતારો રસસભર છે.

સંસારમાં કોઈ એવો પદાર્થ નથી જેમાં રસ ન હોય. કદાચ પથ્થરમાં પણ રસ છે. પૃથ્વીમાં રસ છે, લોઢાને પીગળાવો તો તેમાં પણ રસ છે. એટલે જ કહ્યું છે કે 'રસો વૈસઃ' સાહિત્યમાં નવ રસ છે. જીભને રસમય કરો, રસ ન હોય તો શું? જેમાં જરા પણ રસ ન હોય, તો તે ગમે તેટલું ખોટું કેમ ન કરે, તેના પાસે બેસવું દુર્ભાગ્યની નિશાની છે. રસહીન પાસે શું બેસવું? માનસ રસનું શાસ્ત્ર છે. રસ જ મનુષ્યને છંદમાં રાખે છે. જ્યાં રસ નથી, ત્યાં છંદ પણ નથી. રસ મંગળ કરે છે. માણસનું કલ્યાણ કરે છે. કોઈને શબ્દમાં રસ છે. કોઈને મૌનમાં રસ છે. કોઈને ભોજનમાં રસ છે. કોઈને ભજનમાં રસ છે. આ રસવૃત્તિની અહીં વાત છે. મોદ, પ્રસન્નતા, આનંદ કોઈ પણ પરિસ્થિતિમાં આનંદમાં રહેવું બહુ અઘરું છે, પરંતુ આપણો રસ જળવાઈ રહે તો અશક્ય પણ નથી. સતત પ્રસન્નતામાં રહેવું હોય તો સૌથી ઊંચા રસને પામવો પડશે.

સૌથી ઊંચો રસ એ છે કે જે નિરંતર તો રહે જ છે, પણ પ્રતિક્ષણ વધે છે. ઈષ્ટની પ્રાપ્તિ માટે જ્યારે રસ જાગશે, ત્યારે વ્યક્તિ યથાર્થ પ્રગતિ કરશે.

આ છે અભિગમની કોઈ જુદી જ ઊંચાઈ

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



જો કંઈ મળે, તો વહેંચીને ખાવાનું અને ન મળે તો ઈશ્વરનો આભાર માનવો કે આજે તપ કરવાનો અવસર મળ્યો

ઊચાઈમાં માણસને રસ પડે છે. તેને જોવામાં, જાણવામાં અને માપવામાં. એ મકાન હોય કે મહેલ. પર્વત હોય કે પૂતળાં, ઝાડવાં હોય કે જળપ્રપાત (ધોધ). ઊંચું દેખ્યું નથી કે માણસ અટક્યો નથી. પૂછે, જાણે, માપે, સરખાવે અને અચરજ પામે.

થોડી જુદી રીતે વિચારીએ તો માણસને ઊંચાઈએ પહોંચવું ગમે છે. વિદ્યાર્થી હોય કે વેપારી, નેતા હોય કે નાટ્યકાર દરેકને પોતાના ક્ષેત્રમાં ઊંચાઈએ પહોંચવું ગમે છે. તેમાં અનોખો આનંદ આવે છે, પરંતુ મહાપુરુષોના જીવનમાંથી એક નક્કર વાસ્તવિકતા એ જાણવા મળે છે કે સંસારી કે લૌકિક ઊંચાઈને આંબવા છતાં જે શાંતિ, સ્થિરતા કે પ્રસન્નતાનો અનુભવ નથી થતો. તે વ્યક્તિ અભિગમની ઊંચાઈથી પ્રાપ્ત કરી શકે છે. અભિગમ એટલે વલણ. પરિસ્થિતિ કે સંજોગોને જોવાનો સૈદ્ધાંતિક સમજણ સાથેનો દૃષ્ટિકોણ.

મહારાષ્ટ્રના સંત એકનાથ ગોદાવરી નદીમાં સ્નાન કરીને પાછા વળતા હતા. ત્યાં એક દ્વેષી તેમના ઉપર થૂંક્યો. એકનાથ કંઈ પણ બોલ્યા વિના ફરીથી સ્નાન કરી આવ્યા. તે વ્યક્તિ ફરીથી થૂંક્યો. આવું 100 વાર બન્યું. આ પરિસ્થિતિમાં એકનાથ જરાય વિચલિત ન થયા. ક્રોધ ન કર્યો. થૂંકનારને પસ્તાવો થયો. એકનાથજી કહે, 'તારે દુઃખી થવાની જરૂર નથી. મારે રોજ એક વખત જ સ્નાન કરવાનો નિયમ હતો. આજે તારી કૃપાથી 100 વખત સ્નાન કરવાનો લાભ મળ્યો.'

કબીરજીને કોઈએ કહેલું કે, 'કબીર તો સાધુ-ફકીરો સાથે રહીને બગડી ગયા છે.' ત્યારે કબીરજી સ્મિત સાથે કહે, 'ખરી વાત છે.' પછી તેમણે કહ્યું :

'साधु के संग मे, कबीरा जो बिगड़ा,
बिगड़ बिगड़ वो तो संत बनायो रे।'

એક વાર રામકૃષ્ણ પરમહંસને કોઈકે પ્રશ્ન પૂછ્યો કે, 'સાધુની વ્યાખ્યા શું?' પરમહંસ દેવ કહે, 'તારા મનમાં શું છે?' તે માણસ કહે, 'રોટલો મળે તો ખાઈ લેવો ને ન મળે તો અફસોસ ન કરવો.' પરમહંસ દેવનો અભિગમ ઊંચી સમજણ સાથેનો હતો. તેઓ કહે, 'સાધુ એટલે રોટલો મળે તો વહેંચીને ખાવ અને ન મળે તો ભગવાનનો આભાર માનવો કે આજે મને તપ કરવાનો અવસર આપ્યો.'

એક ચિંતકે કહ્યું છે કે, 'જ્યારે પરિસ્થિતિ માણસને અનુકૂળ હોય ત્યારે તો તે સુખી હોય છે, પરંતુ જે માણસ પોતાના ઊંચા અભિગમથી પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે સૌથી વધુ સુખી હોય છે.' જેમ સુખનો સંબંધ અભિગમ સાથે છે, તેમ સદગુણોનો આધાર પણ અભિગમ જ બને છે. દરેક શુભ વર્તનના મૂળમાં કોઈ ઉત્કૃષ્ટ અભિગમ રહેલો હોય છે. જેમની પાસે અભિગમની ઊંચાઈ છે, તે જ સાચા અર્થમાં પરોપકાર કરી શકે અને હિતકારી બની શકે છે.

પ્રમુખસ્વામી મહારાજના અંતરમાં પણ જે ઉચ્ચ અભિગમ હતો, તે જ તેમના પ્રેરક સેવાકાર્યમાં પ્રતિબિંબિત થતો હતો. તેમના જનસેવાના અભિયાનમાં એક નોંધપાત્ર કહી શકાય એવું પ્રદાન છે, સમાજમાં પછાત ગણાતા આદિવાસી સમાજના સર્વાંગી ઉત્કર્ષનું. આ માટે તેઓ ગામડે-ગામડે અને ઘરે-ઘરે ઘૂમ્યા છે. આ આદિવાસી વિસ્તારની કેટલીક કઠણાઈ જણાવતાં એક કાર્યકર્તાએ પ્રમુખસ્વામી મહારાજને નિખાલસ ભાવે જણાવેલું કે, 'સ્વામી! આ એવો વિસ્તાર છે કે સંતો ઘરે-ઘરે પગલાં કરે, તો પણ ગાડીના ડીઝલના ખર્ચા જેટલીયે ભેટ ભગવાનને ચરણે નથી આવતી.'

આ અણસમજને સુધારતાં સ્વામીએ કહ્યું, 'આપણે ત્યાં સત્સંગ કરાવવા માટે જવાનું છે. પૈસા માટે નહીં. સૌ વ્યસન-દૂષણ મૂકે તો જીવનમાં આગળ વધે તે માટે જવાનું છે.' સૌનું ભલું કરવાનું તેમનું શુદ્ધ વલણ તેમની નિઃસ્વાર્થ સેવાભાવનાનું મૂળ હતું. આથી જ કોઈ સદાચારના માર્ગે આગળ વધે તેને તેઓ પોતાના માટે મોટી ભેટ સમજતા.

એક આદિવાસી વિસ્તારમાં વિચરણ દરમિયાન એક ભક્તે પધરામણીમાં સવા રૂપિયો ભેટ મૂકી સંકોચાતાં હૈયે કહ્યું, 'સ્વામી! અમારી પાસે જે છે તે આપીએ છીએ.' પ્રમુખસ્વામી મહારાજ પ્રેમથી બોલી ઊઠ્યા, 'તમે વ્યસનો છોડી ભક્તિ કરો છો, તે અમારે મન લાખો રૂપિયાની ભેટ જ છે!'

જેમણે આવા અભિગમ પ્રાપ્ત કર્યો છે, તેઓ સેવા કરી શક્યા છે. આપણે પણ આવો અભિગમ કેળવીને સુખ તથા સદગુણોની સમૃદ્ધિ વધારીએ.

પગ તો છે ને!

કથાબિંદુ
પંન્યાસ રાજપુણ્ય વિજય

રાજ નવમા ધોરણમાં આવ્યો. નાનપણથી તેને નવા નવા બૂટનો ખૂબ જ શોખ. હવે તેને કોઈ મોંઘી કંપનીના બૂટ જોઈતા હતા. તેના મિત્રોને મોંઘા બૂટ પહેરેલા જોઈ તે મમ્મી-પપ્પા આગળ માગણી કરતો. મમ્મીએ દિવાળી પર લાવી આપવાની હા કહી.

દિવાળી આવી, ત્યાં મોટી બહેન બીમાર પડી અને પપ્પાનું બધું બોનસ ટ્રીટમેન્ટમાં વપરાઈ ગયું, પણ રાજને તો પોતાના બ્રાન્ડેડ બૂટથી મતલબ હતો. તે માટે તેણે મમ્મી સાથે ખૂબ ઝઘડો કર્યો. મમ્મીએ છેવટે દસમા ધોરણમાં આવે, ત્યારે લાવી આપવાનું વચન આપ્યું.

વેકેશન શરૂ થતાં જ રાજની ફરી બૂટ માટેની ડિમાન્ડ વધવા લાગી. મમ્મીએ કાળી મજૂરી કરીને વધારે રૂપિયા ભેગા કર્યા. થોડા દિવસો પછી રાજની સાથે મમ્મીએ બૂટ લેવા માટે બજારમાં જવાનો પ્લાન કર્યો.

જે દિવસે દસમા ધોરણમાં પ્રવેશ થયો, એ જ દિવસે સાંજે રાજે મમ્મીને ગંભીરતાથી કહ્યું, 'મમ્મી! મારે હવે બૂટ નથી જોઈતા.'

'કેમ બેટા, તું તો એ માટે કેટલા ટાઈમથી જીદ કરતો હતો.'

'મમ્મી, આજે મારી સ્કૂલમાં એક નવા ધનવાન વિદ્યાર્થીએ એડમિશન લીધું. તે ધનવાન ભલે હતો, પણ તેનો ડાબો પગ જ કપાઈ ગયો હતો. એ જોઈ મને વિચાર આવ્યો કે, મારી પાસે બ્રાન્ડેડ બૂટ ભલે નથી, પણ પગ તો છે ને!'

દિવ્ય ભાસ્કર ધર્મ દર્શન
ગુરુવાર | 11 ડિસેમ્બર, 2025 | માગશર વદ સાતમ | વિક્રમ સંવત 2082 08

જીવનમાં વિવેક અને ભગવાનમાં દૃઢ વિશ્વાસ જરૂરી છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



સત્કર્મના સાતત્યથી મન વિશુદ્ધ થાય અને સત્સંગના સાતત્યથી બુદ્ધિ દેવમયી થાય એટલા માટે સત્કર્મ અને સત્સંગ બંને બહુ મહત્ત્વના છે. આપણું પ્રત્યેક કર્મ આપણા મન પર અમીટ છાપ છોડી જાય છે. કર્મનું ફળ તો છે જ. જેવાં કર્મ કરશો તેવું ફળ પામશો, પણ તે તો સામાન્ય વાત છે અને કર્મ ફળ આપ્યા વગર શાંત થતું નથી. સિવાય કે જ્ઞાની તેને પોતાના જ્ઞાનની અગ્નિમાં જલાવીને રાખ કરી દે, પરંતુ બધા જ્ઞાની હોતા નથી. તેથી કર્મનાં ફળ અવશ્ય ભોગવવા પડે છે.

ત્રણ કર્મ છે. ક્રિયમાણ કર્મ, સંચિત કર્મ અને પ્રારબ્ધ કર્મ. ક્રિયમાણ કર્મ એટલે આપણે જે કરી રહ્યા છીએ તે, સંચિત કર્મ એટલે જે કર્મ કરી ચૂક્યા છીએ પણ હજી જેનું ફળ નથી મળ્યું, જે જમામાં પડ્યા છે તે કર્મ અને પ્રારબ્ધ એટલે જમા થયેલા એ બધાં કર્મોનું એક કલેક્ટિવ આઉટકમ એટલે પ્રારબ્ધ.

કર્મ ત્યારે ફળ આપે જ્યારે તે પાકે. દરેકને પાકતાં અલગ-અલગ સમય થાય. તમે અમુક વસ્તુ વાવો તો એ જલ્દી ઊગી જાય, અમુક વસ્તુને વાર લાગે. એમ કર્મ જ્યારે પાકે ત્યારે ફળ આપે. કેટલાક કર્મ બહુ ઈન્સ્ટન્ટ પાકે, તરત ફળ આપે. અગ્નિમાં હાથ નાખો તો તરત દાઝો. કર્મનું ફળ તરત મળે. તમે જેમ-જેમ જમતાં જાવ, તેમ તેમ પ્રત્યેક ગ્રાસે તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધાનિવૃત્તિ એકસાથે થાય. દરેક ગ્રાસે તુષ્ટિ એટલે સંતોષ, પુષ્ટિ એટલે પોષણ અને ક્ષુધાનિવૃતિ એટલે દરેક ગ્રાસે ભૂખ મટે. એમ કેટલાંક કર્મ તરત ફળ આપી દે. કોઈકને ગાળ દીધી અને થપ્પડ મારી કે તરત ફળ મળે. કેટલાંક કર્મ એવાં હોય છે જેને પાકતાં વાર લાગે, પણ આ જન્મમાં ફળ મળે. તમે આજથી જ અનિયમિત જીવન શરૂ કરી દો અને પછી જંકફૂડ, ફાસ્ટફૂડ ખાવ. એ આજથી ખાવ, તો આવતી કાલે બીમાર ન પડો. એનું થોડા સમય પછી પરિણામ બહાર પડે. એ કર્મ પાકે ત્યારે એનું ફળ મળે. માટે જીવનમાં વિવેક જરૂરી છે.

વિવેક વગરનો વ્યક્તિ પશુ સમાન છે. વ્યવહારમાં વિવેકની સાથે-સાથે વેદાંત અભ્યાસ માટે જે સાધન ચતુષ્યની અપેક્ષા છે, એમાં પણ જે નિત્યાનિત્ય વસ્તુ વિવેક છે, સંપત્તિ અને દૃઢ મુમુક્ષા આ જે ચાર સાધન ચતુષ કહ્યા, એમાં પણ નિત્ય અને અનિત્યનો વિવેક એ પ્રારંભિક આવશ્યકતા છે.



આપણું પ્રત્યેક કર્મ આપણા મન પર અમીટ છાપ છોડી જાય છે. કર્મનું ફળ તો છે જ. જેવાં કર્મ કરશો તેવું ફળ પામશો. કર્મ ફળ આપ્યા વગર શાંત થતું નથી એ કાયમ યાદ રાખવાની જરૂર છે

વ્યવહારની દૃષ્ટિએ પણ આપણે ત્યાં જે વિવેકી લોકો હોય, આપણને ગમે અને આપણે પણ તેમની સાથે વિવેકપૂર્ણ વ્યવહાર કરીએ. વિવેકની સામે અવિવેક કોઈ કરવા જાય, તો એ અવિવેકીનું અપમાન થાય છે, વિવેકીનું નહીં. માણસ પોતે ભૂંડો લાગે. એટલે વ્યાવહારિક જીવનમાં પણ વિવેક અને આધ્યાત્મિક જીવનમાં પણ નિત્યાનિત્ય વસ્તુ વિવેક. બીજી મહત્ત્વની વાત તે ધૈર્ય. આજે દુનિયામાં સમસ્યાઓ વધી છે, એવું નથી, ધીરજ ઘટી છે.

આજથી પચાસ વર્ષ પહેલાં આપણું જે જીવન હતું, તેની તુલનામાં આજે જીવનધોરણ ઘણું ઊંચું ગયું છે. સગવડો વધી. આરોગ્યને લગતી સેવાઓ પણ કેટલી વધી. ટ્રાન્સપોર્ટેશન હોય, કમ્યુનિકેશન હોય, રહેવાની વાત હોય, દરેક રીતે પચાસ વર્ષ પહેલાં સમાજમાં જે સગવડો હતી, તેનાથી અત્યારે અનેકગણી વધારે છે. એટલે જીવનસ્તર નિશ્ચિતપણે ઊંચું ગયું છે, પણ સંતોષની માત્રા ઘટી હોય તેવું નથી લાગતું?

પચાસ વર્ષ પહેલાંના માણસના જીવનમાં જે સંતોષ હતો એવો આજે નથી. અત્યારે ઈન્ટલેક્ટની દૃષ્ટિએ આઈ.ક્યુ. ખૂબ ઊંચો ગયો છે, પણ લાગણીની દૃષ્ટિએ વાત કરીએ તો ધીમે-ધીમે માણસ દરિદ્ર થતો જાય છે. એ વખતે ચૌદ કે પંદર વર્ષની ઉંમરે દરિયો ખેડીને લોકો આફ્રિકા જતાં અને ચૌદ-પંદર વર્ષની ઉંમરે વ્યાવહારિક જે મેચ્યોરિટી આવી જતી હતી, એવી વ્યાવહારિક મેચ્યોરિટી અત્યારે ત્રીસ-ત્રીસ વર્ષની ઉંમર સુધી નથી દેખાતી. બૌદ્ધિક રીતે પચાસ વર્ષ પહેલાંના સમાજ કરતાં અત્યારના છોકરાઓ ખૂબ આગળ છે. તો ધીરજ ઘટી છે.

આચાર્ય મહાપુરુષો આપણને પ્રસાદમાં એ આપે છે. આશીર્વાદ આપે ને ચમત્કાર થાય અને દુઃખ જતું રહે એવા ચમત્કારમાં એ માણસ ફસાય જેનામાં ધીરજ નથી, જેને ભગવાનમાં પૂરો વિશ્વાસ નથી અને અહીં આપણે વિરામ આપીએ છીએ, ઠાકોરજીને શયન કરાવીને. 'દૃઢ ઈન ચરણન કેરો ભરોસો' આ ભરોસો જ્યાં હોય, ત્યાં માણસમાં ધીરજ આવે. ધીરજ ઘટી છે. દુઃખો નથી વધ્યાં. આપણી સહનશીલતા ઘટી છે.

મહાપ્રભુજીનો, શ્રીઠાકોરજીનો આશ્રય હોય એનાથી વધીને બીજું કયું મજબૂત પરિબળ માણસના જીવનમાં હોઈ શકે? આવો દૃઢ જ્યાં વિશ્વાસ હોય કે પ્રભુ સર્વસમર્થ છે. શ્રીમદ્ ભાગવતમાં તો કુંતામાતાએ ચમત્કાર થાય અને મારા જીવનમાંથી બધી સમસ્યાઓ દૂર થઇ જાય એવું ક્યારેય કહ્યું નથી. દુઃખ પ્રત્યે પ્રેમ પણ બરાબર નહીં પ્રાણીમાત્રની એ ઈચ્છા હોય છે કે સુખં મેં યાત દુઃખું મે મા ભૂતા કુંતામાતા દુઃખ માગે છે એટલે દુઃખ માટે એમને પ્રેમ છે એમ નહીં, પ્રેમ તો શ્રીકૃષ્ણ માટે છે. દ્વારકાધીશ માટે છે, પણ મા કુંતા કહે છે કે દુઃખના સમયમાં તમે દોડીને આવો છો અમારી ખબર લેવા, અમારી સંભાળ લેવા અને આ દુઃખ જો તમારાં દર્શન કરાવતું હોય તો એ દર્શન કેવાં? અપૂર્વભવન દર્શનમ્.

વિચાર કરો કે આવા આચાર્ય પુરુષોનો અનુગ્રહ જો આપણાં જીવનમાં ન હોત, તો જીવન કેવું હોત? જેનાથી તમે રહો પ્રભુ તમારું સાન્નિધ્ય સતત અમને અનુભવાય.

શાસ્ત્રોની વાતો નહીં, નક્કર આચરણ

ભારતની ભૂમિ આધ્યાત્મની ભૂમિ છે. શાસ્ત્ર, મંદિર અને સંત આ સંસ્કૃતિના આધાર-સ્તંભો છે. મંદિરો અને શાસ્ત્રો દ્વારા આધ્યાત્મિક રીત-રિવાજો, વિધિ-વિધાનો તથા કર્મકાંડોનું સાતત્ય જળવાઈ રહે છે. પરંતુ મહાન સંતપુરુષો સાચા અર્થમાં આધ્યાત્મજ્ઞાનને જીવતાં શીખવે છે. આધ્યાત્મજ્ઞાન સાથે જીવવું એટલે કોઈ પણ પરિસ્થિતિમાં વિચલિત ન થવું. જે સ્થિતિને શ્રીમદ્ ભગવદગીતાના બીજા અધ્યાયમાં 'સ્થિતપ્રજ્ઞતા' કહેવામાં આવી છે. આવી સ્થિતિ સ્થિતપ્રજ્ઞ પુરુષના સંગે જ પ્રાપ્ત કરી શકાય છે.

રામાયણની રચનાના ઉદભવકાળનો પ્રસંગ છે કે: 'સૂર્યોદયના પવિત્રકાળમાં' મહાકવિ વાલ્મીકિએ એક વેદનાસભર દૃશ્ય જોયું. એક નિર્દય પારધીએ એક ક્રૌંચ પક્ષીનો શિકાર કર્યો. તેને જમીન ઉપર પટકાઈને મૃત્યુ પામેલું જોઈ તેની સહધર્મિણી ક્રૌંચી પણ આક્રંદ કરી મૃત્યુ પામી. વાલ્મીકિ વ્યાકુળ થઈ ગયા. પોતાની આંતરવ્યથાને ઠાલવવા તેમણે નારદજીને પૂછ્યું: 'આ લોકમાં છે કોઈ પુરુષ કે જ્યાં હું મારી વ્યથાને ઠાલવી શકું? છે એવો કોઈ પુરુષ કે જે બળવાન છતાં ગર્વ ન કરે અને ઈન્દ્રિયદમન કરતો હોવા છતા ક્રોધ રહિત હોય?'

ગૌતમ બુદ્ધના પટ્ટશિષ્યોમાંના એક હતા, મહાકાત્યાયન. એક વાર એક જિજ્ઞાસુએ પ્રશ્ન પૂછ્યો, 'સમાજમાં કલહ-કંકાસ, ઈર્ષ્યા-દ્વેષ બધું શાને લીધે ચાલે છે? માણસો પરસ્પર ઝઘડાખોર કેમ બનતા જાય છે?' મહાકાત્યાયને પ્રત્યુત્તર વાળ્યો કે, 'ઇન્દ્રિયોની ગુલામી અને તેના બંધનોને કારણે.' ત્યારે સામે પ્રશ્ન પૂછાયો કે, 'શું સંસારમાં એવો કોઈ પુરુષ છે કે જે ઇન્દ્રિયોની ગુલામી અને બંધનોથી પર થયો હોય?'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



સમય ભગવાન શ્રીરામનો હોય, બુદ્ધનો હોય કે શ્રીકૃષ્ણનો. પ્રત્યેક યુગમાં એક સ્થિતપ્રજ્ઞ પુરુષની ઝંખના રહી છે

કુરુક્ષેત્રના રણસંગ્રામમાં 18 અક્ષૌહિણી સેના વચ્ચે યુદ્ધના મહાયોદ્ધા સમો અર્જુન જ્યારે નાસીપાસ થયો, ત્યારે એક સ્થિર પુરુષનું સાંનિધ્ય તેને સાલે છે.

સમય શ્રીરામનો હોય, બુદ્ધનો કે શ્રીકૃષ્ણનો. પ્રત્યેક યુગમાં એક સ્થિતપ્રજ્ઞ પુરુષની ઝંખના રહી છે અને આપણે ભાગ્યશાળી છીએ કે આ યુગમાં આપણને એવા પુરુષના દર્શન થયાં. એ વિરલ સંત શિરોમણિ એટલે પ્રમુખસ્વામી મહારાજ.

તેમના જીવન, સદગુણો અને આચરણ જોતાં અનેકને શ્રીમદ ભગવદગીતા કથિત સ્થિતપ્રજ્ઞતાના દર્શન થયાં છે. જે દુઃખોમાં ઉદ્વેગરહિત અને સુખમાં નિઃસ્પૃહ હોય, જેમાં રાગ, ભય તથા ક્રોધ ન હોય, જે સર્વથા આસક્તિરહિત હોય, જે શુભ-અશુભ પ્રસંગોમાં હર્ષ-શોક કે ઈર્ષ્યા-દ્વેષથી મુક્ત હોય, જે સુખ-દુઃખ, માન-અપમાન, નિંદા-સ્તુતિ, મિત્ર-શત્રુમાં સમભાવે વર્તે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય.

1974માં પ્રમુખસ્વામી મહારાજ ધર્મગુરુ તરીકે પ્રથમ વાર આફ્રિકાની યાત્રાએ પધારવાના હતા. 25 જાન્યુઆરીએ તેમને મુંબઈના સાંતાક્રુઝ એરપોર્ટ ઉપરથી ભવ્ય વિદાય આપવામાં આવેલી. હજારો ભક્તોએ આપેલી શુભેચ્છાઓ વચ્ચે તેઓ ભારતથી વિદાય થયેલા. આ બાજુ નૈરોબીના 'એમ્બેકાસી' એરપોર્ટ ઉપર પણ ભવ્ય સ્વાગત માટે હજારોની જનમેદની ઉપસ્થિતિ હતી, પરંતુ તે સમયે કોઈ ગેરસમજને કારણે તેમને તે જ વિમાનમાં ભારત પાછા ફરવાની ફરજ પાડવામાં આવી.

મોડી રાત્રે તેઓ મુંબઈ સ્થિત દાદર મંદિરે પહોંચ્યા, ત્યારે સવારે વિદાય સન્માન સમયે તેમના મુખ ઉપર જે પ્રફુલ્લતાનાં દર્શન થયેલાં, તેવી જ પ્રફુલ્લતા ગેરસમજથી થયેલ અપમાનમાં પણ સૌએ જોઈ. મુસાફરીનો થાક, ઉજાગરો અને અણધાર્યા અપમાન વચ્ચે પરત ફરેલા સહપ્રવાસીઓ ખિન્ન હતા જ્યારે પ્રમુખસ્વામી મહારાજની સ્થિરતા-સ્થિતપ્રજ્ઞતાને કોઈ લૂણો લાગ્યો નહોતો.

2002માં ગાંધીનગરના 'અક્ષરધામ' મંદિરમાં આતંકવાદી હુમલો થયો, એ વખતે પ્રમુખસ્વામીએ ભગવાનની મરજીને પ્રાધાન્ય આપી સ્થિરતા ધારણ કરી અને સમગ્ર વિશ્વને શાંતિની અપીલ કરેલી. વળી, આ સમાચાર મળતાં પૂર્વે અને પછી સંસ્થાકીય કાર્યોની મસલતમાં તેમની હળવાશ અને એકાગ્રતામાં ફરક નોંધાયો નહોતો.

પરિસ્થિતિની વક્રતા ભલે વ્યગ્રતા ઉપજાવે તેવી હોય, પરંતુ પ્રમુખસ્વામી અને તેમના અનુયાયી મહંતસ્વામી મહારાજની સ્થિતપ્રજ્ઞતામાં ક્યારેય કંપન આવ્યું નથી. આવા સ્થિતપ્રજ્ઞ પુરુષનું દર્શન જ જીવન માંગલ્ય છે.'

કોઈ પણ રીતે પ્રગતિ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક કંપનીમાં કામ કરવા માટે તત્ત્વ નામનો એક યુવાન આવ્યો. તેને નોકરીની ખૂબ જ જરૂર હતી. કંપનીને માણસની ખાસ જરૂર ન હતી, તોય તેના ફોર્સથી મેનેજરે તેને નોકરીમાં રાખ્યો. જોકે સાથે એક શરત પણ કરી કે મેનેજર જે કામ કહે, તે તેણે કરવું પડશે. ગરજ હોવાથી તત્ત્વએ હા કહી.

તત્ત્વ એટલો ચતુર હતો કે કોઈ પણ કામ સારી રીતે અને તરત પૂર્ણ કરતો.

કામ કરવાની વિશિષ્ટતાથી કંપનીમાં તેની ખૂબ વાહ-વાહ થવા લાગી, તો મેનેજરને તેની ઈર્ષ્યા આવવા લાગી. ઈર્ષ્યાનાં કારણે હવે મેનેજર તેને કાઢવાના દાવ રમવા લાગ્યો. રોજ તેને શરત પ્રમાણે નવું-નવું કામ સોંપે. ક્યારેક હિસાબનું, તો ક્યારેક ખરીદીનું, ક્યારેક વેચાણનું, તો વળી ક્યારેક સાફ-સફાઈનું.

તત્ત્વ મેનેજરના ભાવને સારી રીતે સમજતો, પણ હતાશ થયા વિના આને પણ પોતાની પ્રગતિની તક માની આનંદથી બધા કામ કરતો. પ્રત્યેક કામમાં તે માસ્ટરી મેળવતો. આખરે મેનેજરને જ્યારે નિવૃત્ત થવાનો દિવસ આવ્યો, ત્યારે કંપનીના માલિકે તેને જ નવો મેનેજર નિયુક્ત કરવાનો અધિકાર આપ્યો. સંપૂર્ણ સ્ટાફમાં નજર કરતાં મેનેજરને તત્ત્વ જ સક્ષમ લાગ્યો અને તેને જ મેનેજર બનાવી દીધો.

કોઈ આપણને પથ્થર મારે, ત્યારે એ પથ્થરને પણ પગથિયું બનાવવાની કળા જાણનાર જીવનમાં ક્યારેય પરાજિત થઈ શકતો નથી.

જીવનમાં ત્રણ ગુણો હશે, તો આધ્યાત્મમાર્ગે પ્રગતિ થશે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ઓ મનુષ્યની અશાંતિના મૂળમાં માણસ પોતે જ છે. તમને જ્યાં-જ્યાં અશાંતિ દેખાય, ત્યાં કોઈક ને કોઈક પ્રકારની હિંસા છુપાયેલી જણાશે. અશાંતિના પડદા પાછળ ઈચ્છા, આગ્રહ અને પૂર્વગ્રહ સંતાયાં છે. આપણને શાંતિ જોઈતી હોય, તો તેને આવતા કોણ રોકે છે? શાંત થવું એનો અર્થ આપણા સ્વરૂપમાં સ્થિત થવું. ચોવીસ કલાક એકધારા શાંત રહી શકાશે, પણ ચોવીસ કલાક નફરત કરવી સંભવ નથી. પ્રેમનો પ્રવાહ જીવનના સામા કાંઠા વચ્ચે વહી રહ્યો છે. જીવન પ્રેમ વિના વેરાન થઈ જશે, સુકાઈ જશે. માટે પ્રેમનો મહિમા સમજીને જીવજો.

મનને શુદ્ધ કરવા માટે ભગવદ્ કથા સમાન બીજું કોઈ સાધન સંસારમાં નથી. મનની શુદ્ધિ વગર શાંતિનો અનુભવ સંભવ નથી. જ્યાં સુધી જીવનમાં શાંતિ નથી, ત્યાં સુધી જીવનમાં સુખ નથી. જીવનમાં શાંતિ હશે તો તમે ઝૂંપડામાં રહેતાં હશો, તો પણ સુખી હશો, નહીં તો મોટા મહેલમાં પણ સુખ નહીં હોય. સુખ મહેલોનું મોહતાજ નથી. જ્યાં શાંતિ છે, ત્યાં સુખ છે અને જ્યાં શુદ્ધિ છે, ત્યાં શાંતિ છે. શુદ્ધિ માટે ભાગવત કથા છે. માણસ નિત્ય સ્નાન કરે છે. તનને શુદ્ધ કરે છે. એ જ રીતે ભગવાનનું ધ્યાન, ભજન, ભગવાનની કથા, ભગવાનનું નામ મનને શુદ્ધ કરનારાં છે. ભગવદ્ કથા જેવું મનને શુદ્ધ કરનારું બીજું કોઈ સાધન આ સંસારમાં નથી.

યોગ, યજ્ઞ, જપ, તપ એ બધું તમારે કરવું પડે છે, પણ કથામાં આપણે કંઈ નથી કરવું પડતું. આપણે તો માત્ર આવીને બેસી જવાનું. જે કંઇ કરે છે તે ભગવાનની કથા કરે છે. આમાં માણસનું કર્તૃત્વ ક્યાંય નથી. માણસ કરતો હોય તો એના પ્રયાસ ગમે તેટલા નિષ્ઠાપૂર્વકના હોય, છતાં ક્યારેક અસાવધાની રહી જાય. કંઈક ન્યૂનતા, ઊણપ રહી જાય અને પરિણામે મનના કોઈક ખૂણે ગંદકીનો કોઈક અંશ રહી જાય છે. ભગવાનની કથામાં આપણે કંઈ નથી કરતાં. જે કંઈ કરે છે તે ભગવાનની કથા કરે છે. સ્વયં ભગવાન આપણા મનને સાફ કરે છે. ભગવાન પૂર્ણ છે. એ જે કંઇ કરશે તેમાં પૂર્ણતા હશે. આપણે તો માત્ર આવીએ છીએ, સાંભળીએ છીએ.

મન દઈને સાંભળવાની જરૂર નથી, મન તો કથા લઈ લેશે. તમે શું દેવાના? કનૈયો માખણ ચોરી લે છે. ગોપીઓનું મન એ જ માખણ છે. લાલાને માખણ ભાવે, લાલાને મિસરી ભાવે. એનો અર્થ એ થાય કે કનૈયાને મન ગમે છે, એને પ્રેમ ગમે છે. જ્યાં પ્રેમ છે ત્યાં ભગવાન વશ થાય. આ પ્રેમ જ મિસરી છે અને મન માખણ છે. વૈષ્ણવનું મન માખણ જેવું કોમળ હોય તે જરૂરી છે. સાધન, ભજન, પૂજન જે કંઇ કરો, તેનાથી મનની કઠોરતા જતી રહે છે. જડ સંસાર પ્રત્યે મનમાં આસક્તિ રહે છે ત્યારે મન કઠોર થઈ જાય છે. આ કઠોરતામાં જ કટુ વચનો, હિંસા બધું જન્મે છે. માખણનું એક નામ નવનીત છે. નિતનવું તાજું માખણ. રોજ મંથન કરવાનું. યશોદા રોજ તાજું માખણ કનૈયા માટે બનાવે છે. એક ભાવ એવો પણ છે કે જે વકતાઓ હોય કથાના, એમણે રોજ મંથન કરવાનું. શેનું? શાસ્ત્રોનું, વેદોનું, ઉપનિષદોનું, સ્વાધ્યાય કરવાનું, સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવાનું. વેદોનું અધ્યયન નિત્ય થવું જોઈએ. બ્રહ્મયજ્ઞ નિત્ય કરવાનો. શાસ્ત્રોમાં આને બ્રહ્મયજ્ઞ કહે છે.



મનને શુદ્ધ કરવા માટે ભગવદ્ કથા સમાન બીજું કોઈ સાધન સંસારમાં નથી. મનની શુદ્ધિ વગર શાંતિનો અનુભવ સંભવ નથી.

વિદ્યાર્થી જ્યારે ભણીને ગુરુકુળમાંથી જાય ત્યારે ગુરુ એને આશીર્વાદ આપે. તારા વેદ વાસી ન થાય. અધ્યયન ન કરીએ, તો ભુલાઈ જાય, વાસી થઈ જાય. એમાં વિકૃતિ આવી જાય. અધ્યયન ન થાય, સ્વાધ્યાય ન થાય તો વિદ્યા ન ટકે. વકતાએ પણ શ્રીમદ્ ભાગવતનું યશોદાના ભાવથી નિત્ય મંથન કરવું અને એ મંથનથી, સ્વાધ્યાયથી જે નવો ભાવ જાગે, નવા અર્થ મળે તે નવનીત છે.

વક્તા કથા કરે એનો અર્થ? એ નવા ચિંતનનો શ્રીકૃષ્ણને ભોગ ધરાવે છે. આ જ માખણ-મિસરી છે. શ્રોતાઓના હૃદયમાં બેસી શ્રીકૃષ્ણ એ માખણ-મિસરીનો ભોગ આરોગે છે. બધાનો આત્મા શ્રીકૃષ્ણ છે. પરમાત્મા બધાના હૃદયમાં બેઠા છે. બાલકૃષ્ણ જેવી નિર્દોષતાથી શ્રોતાએ બેસવાનું છે. ભક્તમાં ત્રણ વસ્તુ હોય. ભોળાનાથ પરમ વૈષ્ણવ છે. વૈષ્ણવ જે હોય તેમાં ત્રણ વસ્તુ હોવી જોઈએ. પહેલુ ભોળપણ. વૈષ્ણવમાં ભોળપણ હોય. કપટ જેનામાં હોય એ વૈષ્ણવ ન કહેવાય. કપટ ભગવાનને ગમે જ નહીં.

નિર્મલ મન જન સો મોહિ પાવા।
મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા॥

ભકત એટલે ભોળો, નિષ્કપટ, ભક્ત એટલે ભોળપણ. બીજું, ભક્ત ભીનો હોય. તમે જોજો, ભોળાનાથ જેવો બીજો કોઈ નહીં. ભોળાનાથને પાણીનો અભિષેક નિરંતર થતો રહે. એ ભીના ભીના દેવ છે. તમે ગમે ત્યારે પાણીનો લોટો લઈને જાવ. એ રાજી થઈ જાય. ભક્ત ભીનો હોવો જોઈએ. એની આંખ સદા ભીની રહે. ભક્ત ભાવથી ભીંજાયેલો હોય. ભક્ત એટલે ભોળપણ, ભક્ત એટલે ભરોસો, દૃઢ ભરોસો. ભોળિયોનાથ ભરોસાનું સાક્ષાત સ્વરૂપ છે. શંકરજી વિશ્વાસનું ઘનીભૂત રૂપ છે. ભોળાનાથ પાસેથી આ ત્રણ વસ્તુ લેવાની છે. ભરોસો, ભોળપણ અને ભીનાશ. ભક્તમાં વિશ્વાસ હોવો જોઈએ. વિશ્વાસ વગર ભક્તિ શક્ય જ નથી. આમ, આ ત્રણ ગુણો, ભરોસો, ભોળપણ અને ભીનાશ હશે, તો આધ્યાત્મ માર્ગે પ્રગતિ નિશ્ચિત છે.

કારણ કે તેઓ ભગવાનનું નિવાસસ્થાન હતા

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



સામાન્ય રીતે જોઈએ તો આપણામાંથી કોઈક ઝૂંપડીમાં રહે છે, તો કોઈક મહેલોમાં રહે છે; કોઈક રો-હાઉસ કે ટેનામેન્ટમાં રહે છે, તો કોઈ મલ્ટિ-સ્ટોરી બિલ્ડિંગમાં રહે છે. કોઈ ગામમાં, કોઈ શહેરમાં, કોઈ દેશમાં રહે છે, પણ એક મહાપુરુષ એવા છે કે - કોઈ દેશ, ગામ કે ઘરમાં નહીં, પરંતુ સમગ્ર વિશ્વના હૃદયમાં રહ્યા હતા અને આજે પણ રહ્યા છે! જેમનો પ્રમુખવર્ણી અમૃત મહોત્સવ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ઊજવાઈ ગયો એ સંત વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ.

કોઈ ચોક્કસ કારણ હતું કે તેઓ વિશ્વના હૃદયમાં રહી શક્યા? એનો જવાબ રામાયણ આપે છે.

તુલસીકૃત રામાયણ કહે છે કે વનવાસમાં અયોધ્યાવાસી વારંવાર પોતાને મળવા ન આવે, તે હેતુથી ભગવાન શ્રીરામ ચિત્રકૂટ પર્વત પર પહોંચ્યા, જ્યાં તેમને મુનિવર્ય વાલ્મીકિ મળ્યા. તે સમયે ભગવાન શ્રીરામે પૂછ્યું : 'હે મુનિવર! એવું સ્થાન બતાવો કે જેમાં હું કુટિર રચીને સીતા તથા લક્ષ્મણ સાથે સુખેથી રહું.' ભગવાનનું આ મનુષ્યચરિત્ર જોતાં જ મુનિ વાલ્મીકિ બોલ્યાઃ 'ભગવાન! તમે મનુષ્ય જેવો વ્યવહાર કરો છો, પણ તમે ક્યાં નથી? છતાં તમે પૂછો છો તેથી કહું છું કે તમારે ક્યાં નિવાસ કરવો?' આ વાત કર્યા પછી કોના, કેવા હૃદયમાં? કેવી વ્યક્તિમાં ભગવાન કાયમ નિવાસ કરે છે તે જણાવ્યું. પહેલું લક્ષણ મુનિ વાલ્મીકિ જણાવે છે :

सुनहु राम अब कहउँ निकेता। जहां बसहु सिय लखन समेता।
जिन्ह के श्रवण समुद्र समाना, कथा तुम्हारि सुभग सरि नाना।।

'હે રામજી! હવે હું એ સ્થાન બતાવું છું, જ્યાં તમે સીતાજી તથા લક્ષ્મણજી સહિત નિવાસ કરો. જેમના કાન સમુદ્રની જેમ તમારી સુંદર કથારૂપી નદીઓથી નિરંતર ભરાતા રહે છે. (તેવા વ્યક્તિ તમારું ઘર બની રહે છે.)' પ્રમુખસ્વામી મહારાજનું જીવન જોતાં આ શબ્દો સાકાર થાય છે.

અમેરિકાના સાનફ્રાન્સિસ્કો શહેરમાં પ્રમોદભાઈ પટેલ નામના હરિભક્તને ત્યાં પ્રમુખસ્વામી મહારાજનું રોકાણ હતું. એ દિવસે નિયમ મુજબ તેમણે અલ્પાહાર બાદ પ્રાતઃકથાનો સવારે 9.00 વાગ્યાથી આરંભ તો કર્યો, પરંતુ વચનામૃત ગ્રંથ ઉપરના નિરૂપણની અવધિ છેક બપોરે 12.30 વાગ્યે આવી! સતત સાડા ત્રણ કલાક કથા કરી. ત્યાર બાદ સૌ મધ્યાહન ભોજન લેવા પધાર્યા. ભોજન પછી પ્રમુખસ્વામી મહારાજે ફરી કથા વાંચવાની આજ્ઞા કરી! સેવક સંતે કહ્યું : 'હમણાં જ તો કથા પૂરી કરી ને!' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું : 'એ અમારી કથા હતી. હવે તમારી કથા. કથા તો આપણું જીવન છે. આત્માનો ખોરાક લઈ લેવો પડે.'

પ્રમુખસ્વામી મહારાજને ભગવત્કથાની એવી લગની હતી કે તેમને પોતાના ભ્રમણ, ભોજન અને માંદગી જેવા સમયમાં પણ હંમેશાં કથાશ્રવણમાં તલ્લીન રહેતાં અનેક લોકોએ જોયાં છે!

વાલ્મીકિ શ્રીરામના નિવાસનું બીજું સ્થાન બતાવતાં કહે છે : लोचन चातक जिन्ह करि राखे। रहहिं दरस जलधर अभिलाषे॥ અર્થાત્ 'જેમનાં નેત્રો તમારા દર્શન માટે ચાતકની જેમ લલચાયેલા હોય છે. (તેવા વ્યક્તિ તમારું ઘર બની રહે છે.)'

એક વાર પ્રમુખસ્વામી મહારાજ નડિયાદ ખાતે વિચરણમાં હતા. તેમનું સ્વાસ્થ્ય થોડું નાદુરસ્ત હતું. તેમણે મંદિરે ઠાકોરજીનાં દર્શને જવાની રઢ લીધેલી. સેવક સંતો કહે : 'બીમાર છો તેથી આજે ન જાવ તો સારું.' પ્રમુખસ્વામીએ આ પ્રસ્તાવ કાને ન ધર્યો. તેઓ દર્શને પહોંચ્યા જ. પાછા વળતાં કહ્યું : 'સભામાં જઈ આવીએ.' સેવક સંતો કહે : 'આજે નહીં આવો તો ચાલશે.' ત્યારે તેઓ થોડા આકળા થઈ બોલ્યા : 'તમે મને હરિભક્તોને મળવાની ના પાડો, ઠાકોરજીના દર્શનની ના પાડે તો મારે જીવવું કેમ?'

અમદાવાદમાં વરસતા વરસાદ વચ્ચે પણ નાદુરસ્ત સ્વાસ્થ્ય સાથે તેઓ ઠાકોરજીના દર્શને પધારેલા!

વાલ્મીકિ રામનું નિવાસ-સ્થાન જણાવતાં આગળ કહે છે : जिन्ह कें कपट दंभ नहि माया, तिन्ह कें हृदय बसहु रघुराया। 'જેનામાં કપટ, દંભ અને માયા નથી, તેના હૃદયમાં તમે (રામ) નિવાસ કરો છો.'

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ક્યારેય કોઈ દંભ જોવા મળ્યો નથી. કોઈ અંધ વ્યક્તિ પણ તેમના વ્યક્તિત્વની પારદર્શકતાને જોઈ-જાણી શકે તેવું નિર્દંભપણું પ્રમુખસ્વામી મહારાજની સ્વાભાવિક ઓળખાણ હતી.

એક વાર તેમની સમક્ષ એક પુસ્તક વંચાઈ રહેલું, જેમાં તેમની સમત્વભાવનાનો એક પ્રસંગ વંચાયો કે દિલ્હી ખાતે સંસ્થાનું પ્રથમ મંદિર બન્યું, તે ઉત્સવમાં સ્વામીએ સંતોને પૂછ્યું : 'ધનજી કેમ દેખાયો નથી?' આ પ્રસંગ વર્ણવીને અંતે લેખકે પ્રસંગની ગુણગરિમા જણાવતાં લખેલું : 'એક તરફ ઉત્સવમાં દિલ્હીના મોટા માંધાતાઓ પ્રમુખસ્વામી મહારાજને મળી રહ્યા હતા, ત્યારે બીજી તરફ તેઓ સુરેન્દ્રનગરના એક દેવીપૂજક ધનજીને યાદ કરી રહ્યા હતા.' આ સાંભળતા જ પ્રમુખસ્વામી મહારાજે સ્પષ્ટતા કરી કે : 'એ તો આપણે સુરેન્દ્રનગરનું એનું મકાન લેવાનું હતું. તેથી બોલાવ્યો હતો!' અંતર અત્યંત નિર્મળ અને નિર્દંભ હૃદય હોય, ત્યારે જ આવો ઘટસ્ફોટ થઈ શકે.

રામાયણમાં બતાવેલા સાચા સંતના લક્ષણોનું પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં દર્શન થાય, ત્યારે ખ્યાલ આવે કે સમગ્ર વિશ્વનું, જન-જનનું હૃદય પ્રમુખસ્વામી મહારાજનું નિવાસ્થાન બન્યું, કારણ કે તેઓ પોતે જ ભગવાનનું નિવાસસ્થાન હતા.

સકારાત્મક વિચારીને સફળતા પ્રાપ્ત કરીએ

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



આપણા શરીરનો પણ એક લય હોય છે. સૂવાનો સમય થાય એટલે આપણને બગાસાં આવવા માંડે અને શરીર સૂચના આપે કે હવે આરામની જરૂર છે. સવારે આપણી બોડી ક્લોક પ્રમાણે સમયસર ઊંઘ ઊડી જાય, સમય થાય અને ભૂખ લાગે, સમય થાય અને ઊંઘ આવે. શરીરનો એક લય છે અને એ લયને જાળવીને જો જીવો તો સ્વસ્થ રહો, નિરોગી રહો.

રોગ એટલે શું? શરીરનો લય ખોરવાવાને કારણે સર્જાતી સમસ્યાનું નામ રોગ. એ લય ન ખોરવાય એટલે ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે,

યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ।
યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા॥

આવો જે યોગ છે તે સમસ્યાનું હરણ કરનારો છે. કેવો યોગ? જે આહાર અને વિહારયુક્ત છે. જાગવું અને સૂવું યુતસ્વપ્નાવબોધસ્ય' સૂવું અને જાગવું એ યુક્ત છે, બેલેન્સ્ડ છે, યોગ્ય માત્રામાં છે. વધારે પડતું જાગરણ થાય, નોરતાં પૂરતું એ બરાબર છે. જાગરણ અને ઉજાગરામાં ફેર છે.

જાગરણ એટલે કંઈ ને કંઈ ભગવચ્ચર્ચા કરતા, ભગવદ્ ચિંતન કરતાં કરતાં જાગીએ એનું નામ જાગરણ, નહીં તો ઉજાગરો થયો એવું કહેવાય. પણ એ ક્યારેક થાય એ બરાબર છે. બારેય મહિના જયા-પાર્વતીનું જાગરણ હોય તો? તો એક લય જાગવામાં, સૂવામાં સંતુલન જળવાય. આહારમાં ક્યારે, કેટલો અને કયો આહાર લેવો? અતિશય ભૂખ્યા રહેવું પણ બરાબર નહીં, અતિશય ખાવું એ પણ બરાબર નહીં. આહાર યુક્ત હોવો જોઈએ.

આ બધું જ જો યુક્ત હોય, સમ્યક્ માત્રામાં હોય, તેને યોગી કહેવાય. એવો જે યોગ છે તે બધા જ પ્રકારના દુઃખોનું હરણ કરનારો છે. એ કોઈ પણ ગ્રહણ હોય, ચંદ્રગ્રહણ હોય કે સૂર્યગ્રહણ, લગાતાર ન રહી શકે. ચંદ્રયાન-3માં આપણા દેશે કેવી સિદ્ધિ પ્રાપ્ત કરી અને સાઉથ પોલ ઉપર આપણે પહેલી વાર લેન્ડ થયાં. વિશ્વનો પહેલો દેશ છે, જેણે સાઉથ પોલ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે. હવે ત્યાં રિસર્ચ ચાલતું હશે. ચંદ્રમા આધ્યાત્મિક રીતે જોઈએ, તો મનના દેવ છે. એટલે જેમ ચંદ્રગ્રહણ થાય. ચંદ્ર મનના દેવ છે એટલે મન ઉપર પણ ગ્રહણ લાગે, નિરાશાનું, હતાશાનું, ક્યારેક કોઈક વાતમાં નિષ્ફળતા મળે તેથી બેસી ન રહેવાય.

હૌસલે યદિ બુલંદ હૈ તો ફિર સે નયે પ્રયાસ, નયે પુરુષાર્થ કે લિએ આદમી તૈયાર હો જાતા હૈ ઔર એક ન એક દિન સફલતા ઉસ કે હાથ લગતી હી હૈ. તો કોઈ પણ ગ્રહણ હંમેશાં માટે ન રહે. એટલે ક્યારેક આપણને સારા માર્ક્સ ન આવ્યા, તો થોડીક નિરાશા એ આપણા મન ઉપર ગ્રહણ છે. એ નિરાશાની છાયા પછી પ્રિન્સિપાલ અને શિક્ષકો સમજાવે કે તમે અહીં ભૂલ કરી. એના બદલે આમ કરશો તો તમને સફળતા મળશે.

એ જ રીતે સ્પોર્ટ્સમાં હારેલી ટીમ પણ હારમાંથી શીખે છે કે અમે ક્યાં-ક્યાં ભૂલ કરી હતી? અને ક્યાં-ક્યાં સુધારો કરવાની જરૂર છે? તમારા કોચ તમને શીખવાડે ત્યારે શું થાય? આપણા માટે એ ભૂલ પણ ગુરુ બની જાય, જો આપણે એ ભૂલમાંથી કંઈક શીખીએ. પછી એ નિરાશાનું ગ્રહણ દૂર થઈ જાય.

નિરાશા વધારે સમય રહે તો હતાશામાં ફેરવાય કે હવે કંઈ નહીં થઈ શકે. બધું ખતમ! અને એ હતાશા પાછી ઘર કરી જાય તો એ અવસાદનું રૂપ લઈ લે. એટલે ડિપ્રેશન. એટલે માણસનું મન અત્યંત મહત્ત્વનું છે, ભગવાને એટલે જ ભગવદ્ ગીતામાં કહ્યું કે, 'ઇન્દ્રિયાણાં મનસ્ચાસ્મિ' ઇન્દ્રિયોમાં મન હું છું.' એના દ્વારા મનની કેટલી મહત્તા છે તે ભગવાને સ્પષ્ટ કર્યું.

સ્પોર્ટ્સમાં પણ ડિસ્ટ્રિક્ટ અને સ્ટેટ લેવલે રમવા જઈ રહી છે, દીકરીઓ. હમારા ધ્યેય હોના ચાહિએ



કિ હમ નેશનલ લેવલ તક પહુઁચે. આપણી પાસે બેસ્ટ સ્પોર્ટ્સ માટેની ફેસેલિટિઝ છે. આપણી પાસે તમામ પ્રકારની સ્પોર્ટ્સ ફેસેલિટી ઉપલબ્ધ છે. કુશળ કોચ પણ કોચિંગ માટે ઉપલબ્ધ છે અને વહેલી સવારે સાડા પાંચ વાગ્યે ઊઠીને મહેનત કરવાની તૈયારી, પ્રેક્ટિસ કરવાની તૈયારી. ભણવામાં પણ એટલો જ ઉત્સાહ અને સ્પોર્ટ્સમાં પણ એ જ લગન સાથે લાગી જઈએ.

થોડીક નિષ્ફળતા મળે તો એ ગ્રહણ જેવી હોય છે. એક તરફ વિજ્ઞાન માટે તો આ ગ્રહણો ખગોળીય ઘટના છે, તે સંદર્ભના સંશોધનો પણ થતા હોય છે. બીજી તરફ જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતાઓ એ ગ્રહણના આધારે કઈ રાશિ માટે લાભપ્રદ છે? કઈ રાશિ માટે મધ્યમ ફળ દેનારું છે? કઈ રાશિને અશુભ ફળ દેનારું છે, એ બધું જ્યોતિષીઓ કહે. એ એમનું ક્ષેત્ર છે, પણ જે સાધકો છે એમના માટે ગ્રહણનો સમય સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેનો હોય છે. બેસ્ટ ટાઈમ હોય છે. એ સમયે એના નિયમ મુજબ જો તમે તમારી સાધના કરો. ઇષ્ટદેવના મંત્રના જાપ કરો તો એનાથી રોજ એક માળા કરો અને જે ફળ મળે, તેના કરતાં ગ્રહણ સમયમાં એ માળા કરો, તો એનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય. એટલે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેનો સમય હોય છે.


જ્યારે આવું કંઈક થાય આપણા મનમાં થોડી નિષ્ફળતાના કારણે પણ એ જે ક્ષણ હોય છે એ દરમિયાન જ ચિંતન કરો. એનું અનેકગણું ફળ મળશે. જેમ અમે માળા કરીએ ગ્રહણના સમયમાં એનું અનેકગણું ફળ મળે, તેમ તમારે પોઝિટિવ ચિંતન કરવાનું એ તમારો મંત્ર છે.

તમે પોઝિટિવ ચિંતન કરો કે મેં આ ભૂલ કરી હતી. હવે પછી આ વખતે ખૂબ સારું પ્રદર્શન હશે મારું, દુનિયા જોતી રહી જશે. આવું પોઝિટિવ ચિંતન થાય, એ જ આપણો મંત્ર છે અને એ મંત્ર દ્વારા નિશ્ચિતપણે સિદ્ધિ પ્રાપ્ત થાય. જીવનમાં સતત નવું સકારાત્મક વિચારીએ અને સફળતા હાંસલ થઈ શકે.

તો ખોટો દંભ શા માટે?

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



માંડૂક્ય ઉપનિષદ કહે છે, 'सत्यमेव जयते।' અર્થાત્ 'સત્યનો જ જય થાય છે.' મહાભારત કહે છે, 'सत्यं हि परमं बलम्।' અર્થાત્ 'સત્ય જ સૌથી મોટું બળ છે.'

'સત્ય' વિશેની આવી કેટલીય વિભાવનાઓ આપણાં શાસ્ત્રોએ કરી છે. મહાપુરુષોનાં જીવનમાં મન-કર્મ-વચને સત્યનું અખંડિત સાતત્ય જોવા મળે છે. સચ્ચાઈનું નૂર જેવું તેમના હૈયામાં હોય છે, જેવો સચ્ચાઈનો સૂર તેમની વાણીથી વહે છે, તેવી જ સચ્ચાઈ તેમના જીવનમાં પડઘાય છે. મનુષ્યના જીવનમાંથી 'સચ્ચાઈ' વિશેના સ્પષ્ટ અને સત્ત્વશીલ વિચારોનું ધોવાણ થાય છે, ત્યારે 'અસત્ય'ની સાહજિક વર્તણુક તેમના જીવનનો પર્યાય બની જાય છે.

એક ભાઈ નોકરી શોધવા નીકળ્યા. એક શેઠને અરજ કરી. શેઠે પૂછપરછ આદરી. 'દારૂ પીઓ છો?' - 'ના' - 'ચોરીની ટેવ છે?' - 'ના' - 'ધૂમ્રપાન કરો છો?' - 'ના' - 'કપટ કે બહાનાંબાજી કરો છો?' - 'ના, બિલકુલ નહીં!' શેઠ અચંબામાં પડી ગયા, એક પણ કુટેવ નહીં! શેઠે વિચારીને પૂછ્યું, 'તમારામાં એક પણ કુટેવ નથી?' -પેલા ભાઈ શાંતિથી કહે 'એક જ કુટેવ છે. મને જૂઠું બોલવાની ટેવ છે. એ વિના કંઈ નહીં.'

'સત્ય' વિશે વાંચવું, વિચારવું અને વ્યાખ્યાનો આપવા એ સારી બાબત છે, જ્યારે 'સત્ય'ને વર્તનમાં સહજ બનાવવું તે શ્રેષ્ઠ બાબત છે. એટલે જ કહેવાયું છે કે, **'કહેણી મીસરી ખાંડ હે, રહેણી તાતા લોહ; કહેણી કહે અને રહેણી રહે એસા વિરલા કો'ક.'**

શ્રીમદ ભાગવતમાં વેદ વ્યાસે એકાદશ સ્કંધમાં પરમ ભાગવત્ સંતના ત્રીસ લક્ષણો લખ્યા છે. જેમાંનું એક એટલે 'સત્યમ્.' પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં સત્યનિષ્ઠા એ કક્ષાની હતી, જેમાં દ્વિમુખી વાતનું અસ્તિત્વ જ નહોતું. તેમની સચ્ચાઈ સો ટચની હતી. 'સત્ય' વિશે ક્યારેય સમાધાન ન કરવું તે તેમની લાક્ષણિકતા હતી. કોઈ અંધ પણ તેમના વ્યક્તિત્વની પારદર્શિતાને જોઈ-જાણી શકે તેવું નિર્દંભપણું તેમની સ્વાભાવિક ઓળખ હતી. તેઓ ઘણી વાર કહેતા, 'મને દંભ ગમે નહીં.'

એક વાર તેમની સમક્ષ એક પુસ્તકનું વાંચન થઈ રહેલું. જેમાં તેમની જ 'સમત્વ' ભાવનાનો એક પ્રસંગ વંચાયો કે, દિલ્હીમાં ગુજરાત-વિહાર ખાતે સંસ્થાનું પ્રથમ મંદિર બન્યું. તે ઉત્સવમાં પ્રમુખસ્વામી મહારાજે સુરેન્દ્રનગરના ધનજીભાઈને યાદ કરતા પૂછ્યું, 'હજી સુધી ધનજી કેમ દેખાયો નથી?' કોઈને તેની ભાળ નહોતી. ધનજીનું સરનામું શોધાવી તેને બોલાવવા એક કાર્યકર્તાને મોકલ્યા.

આ પ્રસંગ વર્ણવતાં લેખનકર્તાએ લખેલું કે, 'એક તરફ દિલ્હીના માંધાતાઓ પ્રમુખસ્વામી મહારાજના દર્શને આવી રહ્યા હતા તો બીજી તરફ તેઓ એક સમાન્ય વ્યક્તિને પણ સામેથી યાદ કરીને બોલાવી રહ્યા હતા.' આ સાંભળતા જ પ્રમુખસ્વામી મહારાજે સ્પષ્ટતા કરી કે, 'આપણે તો સુરેન્દ્રનગરનું એનું મકાન લેવાનું હતું તેથી બોલાવ્યો હતો.'.

પ્રમુખસ્વામી મહારાજ અન્ય સંતો સાથે યાત્રામાં હતા. એક જગ્યાએ દર્શનીય સ્થળે એક ફોટોગ્રાફરને ઈચ્છા થઈ કે 'અહીં પ્રમુખસ્વામી મહારાજનું 'ફોટો શૂટ' કરીએ.' એટલે ફોટોગ્રાફરે નૈસર્ગિક સૌંદર્યના અંકમાં, એક સારી જગ્યા શોધીને પ્રમુખસ્વામી મહારાજને ઊભા રાખ્યા. એક-બે ફોટા પડ્યા હશે, ત્યાં એક સંત આવ્યા અને પ્રમુખસ્વામીને કહ્યું 'બાપા! મારી ચાખડી પહેરી લો. સરસ ફોટો આવશે.' પ્રમુખસ્વામી મહારાજે પહેલાં તો ના જ કહી, કારણ કે તેઓ ચાખડી નહોતા પહેરતા. છતાં પેલા સંતે આગ્રહ કર્યો. પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા : 'ક્યારેય ચાખડી પહેરતાં ન હોઈએ, તો દંભ શા સારું કરવો?'

પ્રમુખસ્વામી મહારાજની સત્યનિષ્ઠાને ક્યારેય, ક્યાંય પણ લૂણો લાગ્યો નથી. આ જ હતું તેમના જીવનનું રહસ્ય! જેમનાં પગલે-પગલે ચાલનાર હરેકને પરમ શાંતિની, જીવન સાફલ્યની અને જીવન સાર્થક્યની અનુભૂતિ થઈ છે.

સફળતાનું આકાશ

કથાબિંદુ

પંન્યાસ રાજપુણ્ય વિજય

એક રાજાને બાજ પક્ષી ખૂબ પ્રિય હતા, તેથી મિત્ર રાજાએ કોઈ પ્રસંગ નિમિત્તે તેને બાજ પક્ષીના બે નવજાત બચ્ચાં ભેટમાં આપ્યાં. આવી ભેટ જોઈ રાજા ખૂબ ખુશ થયો. તેણે બાજના વિશેષ પ્રશિક્ષકને નિયુક્ત કરી બંને બાજને બરાબર તૈયાર કરવાનો આદેશ આપ્યો.

સમયાંતરે રાજા બંને બાજનું અવલોકન કરવા આવ્યો, તો એક બાજ બરાબર ઊડી રહ્યો હતો, જ્યારે બીજો વૃક્ષની એક ડાળ પકડીને બેસી જ રહેતો હતો. પ્રશિક્ષકે રાજાને કહ્યું, 'હું તો બંનેને બરાબર તાલીમ આપું છું, પણ આ બાજ ઊડવાનો પ્રયાસ નથી કરતો.'

રાજાએ જાહેરાત કરી કે, જે આ બાજને ઊડતો કરશે, તેને ઈનામ મળશે. ઘણા પક્ષીવિદો આવ્યા, પણ કોઈ બાજને સહેજ પણ ઊડતો ન કરી શક્યા. એ પછી ગામડાંનો એક અભણ ખેડૂત આવ્યો. તેણે રાજાને કહ્યું, 'મહારાજ! મારી પાસે વધારે જ્ઞાન નથી, પણ તમે જો આદેશ કરો, તો હું આ બાજને ઉડાડવાનો પ્રયાસ કરું.'

ખેડૂતના અલ્પ પ્રયાસથી ખરેખર જ બાજ ઊડવા લાગ્યો. તેણે એક જ કાર્ય કર્યું, બાજ જે ડાળી ઉપર બેસી રહેતો હતો, તે ડાળીને જ કાપી નાખી. બાજ માટે બેસવાનું નિયમિત સ્થાન હવે ન રહ્યું, તેથી તે આકાશ તરફ ઊડવા લાગ્યો.

આપણી સામે સફળતાનું અનંત આકાશ છે, પણ આપણે ડાળી પકડીને બેસી રહીએ છીએ કે, મારાથી નહીં થાય! જો એક વાર છોડી દઈશું, તો સફળતાના અનંત આકાશમાં ઉડ્ડયન કરવું મુશ્કેલ નથી.